હરિરસ તબહી તો જાય પૈયે

: વિવેચક :

શ્રી વલ્લભપાદપદ્મ મિલિન્દ

: શ્રીગુસાંઈજી કૃત :

દ્વાદશનિકુંજકી વાર્તા

– શ્રીવલ્લભપ્રાણપ્રિય શ્રીદામોદરદાસજી કથિત –

: શ્રીગોકુલેશ કૃત :

ખટઋતુની વાર્તા

– અષ્ટછાપકવિ શ્રીચત્રભુજદાસજી કથિત –

: પ્રકાશક :

પુષ્ટિ પરાગ વૈષ્ણવ વિહાર

કંસારા બજાર, શિહોર–૩૬૪ ૨૪૦ (ગુજરાત).

હરિરસ તબહી તોજાય પૈયે

: વિવેચક :

શ્રી વલ્લભપાદપદ્મ મિલિન્દ

: શ્રીગુસાંઈજી કૃત :

દ્વાદશનિકુંજકી વાર્તા

– શ્રીવલ્લભપ્રાણપ્રિય શ્રીદામોદરદાસજી કથિત –

: શ્રીગોકુલેશ કૃત :

ખટઋતુની વાર્તા

– અષ્ટછાપકવિ શ્રીચત્રભુજદાસજી કથિત –

: પ્રકાશક :

પુષ્ટિ પરાગ વૈષ્ણવ વિહાર
કંસારા બજાર, શિહોર–૩૬૪ ૨૪૦ (ગુજરાત).

: પ્રાપ્તિ સ્થાન :
પુષ્ટિ પરાગ વૈષ્ણવ વિહાર
કંસારા બજાર, શિહોર – ૩૬૪ ૨૪૦

આવૃત્તિ ત્રીજી

પ્રત – ૧૦૦૦

સપ્ટેમ્બર – ૧૯૯૯

ન્યોછાવર
રૂા. ૩૦–૦૦

ટાઈપ સેટીગ
"અલ્કાવલી"
પ્રીતિ ધાબલીયા
રાજકોટ.
ફોન : ૨૨૨૬૭૭

અનુક્રમણિકા

: હરિરસ તબહી તો જાય પૈયે :

ક્રમ વિષય પૃષ્ઠ
પ્રાકકથન ૧–૩
૧. હરિરસ–વિવેચન ૧
૨. દિવ્યપ્રેમનું મહત્વ ૧૦૮
૩. પ્રેમની સ્થિતિ ૧૧૦
૪. પ્રેમીજનનાં લક્ષણ ૧૧૧
૫. સાખીઓ ૧૧૩
૬. પ્રિયમિલનકી તડપન ૧૧૫
૭. પુષ્ટિમાર્ગની સર્વોત્કૃષ્ટતા ૧૧૫
૮. શ્રીવાગ્ધીશચરણની નિગૂઢવાણી ૧૧૯
૯. પદ–નિકુંજવૈભવ ૧૨૧

: દ્વાદશ કુંજકી વાર્તા :

૧. પ્રાકકથન ૧૨૩
૨. પુષ્પકુંજ (૧) ૧૪૮
૩. ફલકુંજ (૨) ૧૫૨
૪. રસકુંજ (૩) ૧૫૭
૫. મધુકુંજ (૪) ૧૫૯
૬. ગૌકુંજ (૫) ૧૬૧
૭. દ્વારકુંજ (૬) ૧૬૪
૮. નવકુંજ (૭) ૧૬૬
૯. શશીકુંજ (૮) ૧૬૮
૧ . પ્રેમકુંજ (૯) ૧૭૦
૧૧. સિંધુકુંજ (૧) ૧૭૨
૧૨. લક્ષ્મીકુંજ (૧૧) ૧૭૪
૧૩. તુલસીકુંજ (૧૨) ૧૭૬
૧૪. યમુના આગમન ૧૮૧
૧૫. લીલાદર્શન ૧૮૨
૧૬. જીવનકી ગતિ ૧૮૩
૧૭. સેવકકા મુખ્યધર્મ ૧૮૫
૧૮. અન્યાશ્રયસૂ દુર્ગતિ ૧૮૬
૧૯. વચનામૃતપાન ૧૮૭

: ખટઋતુની વાર્તા :

૧. પ્રાકકથન ૧૮૮
૨. નિકુંજરચના ૧૯૨
૩. છ ઋતુઓના માસ ૧૯૫
૪. છત્રીસ રાગ–રાગિણી ૧૯૫
૫. છત્રીસ વાજિંત્ર ૧૯૫
૬. શિશિર નિકુંજ (૧) ૧૯૬
૭. વસન્ત નિકુંજ (૨) ૧૯૭
૮. ગ્રીષ્મ નિકુંજ (૩) ૨૦૧
૯. વર્ષા નિકુંજ (૪) ૨૦૩
૧ . શરદ નિકુંજ (૫) ૨૦૫
૧૧. હેમન્ત નિકુંજ (૬) ૨૧૦
૧૨. શિશિર નિકુંજ (૭) ૨૧૩

પ્રાક્કથન

રસ તો અનેક પ્રકારના છે પરંતુ એમાં સર્વશ્રેષ્ઠ રસ કેવળ હરિરસ છે. આ હરિરસ ભકત અને ભગવાન ઉભયને આનંદ આપનારો છે. રાસાદિ અનેક દિવ્યલીલાઓના આનંદનો ધોધ એકધારો એમાં વહ્યા કરે છે. મન–વાણીથી અગમ્ય એવા, દિવ્યાતિદિવ્ય આસ્વાદવાળા, આ હરિરસની પ્રાપ્તિ, શ્રીમહાપ્રભુજીની કૃપાથી સૂરદાસ આદિ અષ્ટછાપ કવિઓએ કરી અને પ્રભુએ જેમ સારસ્વતકલ્પમાં, વેણુના સ્વરોમાં સુધાનું સ્થાપન કરી, એ સુધાનો પ્રવેશ વ્રજભકતોના શ્રોત્ર દ્વારા હૃદયમાં કરી, સ્વરૂપાનંદનો અનુભવ કરાવ્યો; તેમ સૂરદાસાદિ અષ્ટછાપકવિઓએ હરિરસસુધાનું સ્થાપન કીર્તનોના સ્વરોમાં કરી, પુષ્ટિભકતોના હૃદય સુધી એને પહોંચાડવા અને એ દ્વારા સ્વરૂપાનંદની ઉપલબ્ધિ એમને કરાવવા જે દિવ્યાતિદિવ્ય પુરુષાર્થ કર્યો એનું મૂલ્યાંકન વાણી દ્વારા કરવું અશકય છે. એમણે રચેલાં પદોનું મનન–ચિંતન–ગાન કરી, એ પદોના સ્વરોમાં વહી રહેલી સુધાને હૃદયમાં સ્થાપિત કરી, સ્વરૂપાનંદનો અનુભવ માણીએ ત્યારે જ એનું મૂલ્યાંકન અંતરંગમાં થઈ શકે.

હરિરસસુધામાં પ્રભુની રાસાદિ દિવ્યલીલાઓના આનંદનો અસ્ખલિત પ્રવાહ વહ્યા જ કરે છે. એનો અતિ દિવ્ય આસ્વાદ, આસ્વાદકને, સદા રસભર, રસથી પરિપૂર્ણ રાખે છે. આ હરિરસના આસ્વાદનમાં ભકતો તો નિમગ્ન રહે છે જ પરંતુ ભગવાન પણ એમાં નિમજ્જિત રહે છે.

દિવ્યપ્રેમની ચરમસીમાએ પ્રાપ્ત થતો આ હરિરસ કઈ રીતે પ્રાપ્ત થાય એનું ખૂબ સુંદર ગર્ભિત આલેખન અષ્ટછાપ શિરોમણિ મહાકવિ શ્રીસૂરદાસજીએ– ''હરિરસ તબહી તો જાય પૈયે'' – પદમાં કર્યું છે, જેના પર આ ગ્રંથમાં વિસ્તૃત વિવેચન કરવામાં આવ્યું છે. આ પદ દ્વારા સૂરદાસજીએ વૈષ્ણવો પર અનહદ કૃપા વરસાવી છે. એટલે આ ગ્રંથ અષ્ટછાપ–શિરોમણિ સૂરદાસજીને અર્પણ કરતાં અતિશય આનંદ થાય છે.

દિવ્યપ્રેમનું સ્વરૂપ, તેમજ પ્રેમ–આસકિત–વ્યસન–ફલ દશા, દિવ્યપ્રેમ– રસપાનથી મળતું અલૌકિક સામર્થ્ય, વગેરેની વિસ્તૃત સમજ આપી. દિવ્યપ્રેમની પાત્રતા કયારે આવે તેના વિવિધ પ્રકારો ખૂબ સુંદરતાથી પ.ભ. શ્રીવલ્લભપાદપદ્મ મિલિન્દજીએ તેમના વિવેચનમાં સ્પષ્ટ કર્યા છે. સાથે સર્વોતમજીના અચિન્ત્ય મહિમાનો સુંદર ફોડ પાડયો છે. આ દિવ્યપ્રેમરસની પ્રાપ્તિમાં, અસાધારણ સાધન, '' હરેર્ગાનંપ્રિયં ''–એ કથને, હરિને રસભર્યું તાપાત્મક ગાન પ્રિય છે અને તેથી પ્રભુરસની પ્રાપ્તિમાં તાપાત્મક ગુણગાન

ઉત્તમ મનાયું છે, જે હરિના અતિ અનુગ્રહે, નિષ્કામ મનથી સિદ્ધ થાય. એટલે ભકતે પ્રથમ તો જે બાધક તત્ત્વો સ્વાદ—વિવાદ—હર્ષ—આતુરતા વગેરેનું નિવારણ, તેમનો વિનિયોગ પ્રભુમાં કરી કરવાનું છે. એ સાથે જે સાધક તત્ત્વો છે—કોમલવચન, દીનતા અને પ્રફુલ્લિતતા તેનો વિકાસ સાધવાનો છે. કોમલતા અને દીનતાના વિકાસથી પ્રસન્ન થયેલા પ્રભુ, ભકતને આધિદૈવિક સેવોપયોગી દેહનું દાન કરી. ભાવાત્મક સ્વરૂપે ભકતના હૃદયમાં પ્રવેશી, સ્વરૂપાનંદનો અનુભવ કરાવે છે. દીનતા માધુર્યરસની જનની છે. મધુરભાવની ચરમસીમાએ આ રસ નિષ્પન્ન થાય છે. આ મધુરભાવરાજ્યમાં પ્રવેશ કરવાની સાધનામાં વિરહાનુભવ જ સાધન છે. આ મધુરભાવ યા દિવ્યપ્રેમભાવ કામગંધશૂન્ય થયા વિના મળવો સંભવિત નથી. આવા આ દિવ્યપ્રેમની મંજિલે આગળ વધવામાં ઉપર કહેલા સાધક તત્ત્વો ખૂબ સહાયક બને છે. છેવટે એક એવી પ્રફુલ્લિતતા પ્રાપ્ત થાય છે કે જયાં બ્રહ્માનંદની અવસ્થા પણ હીન લાગે છે.

આવું દિવ્યપ્રેમસ્વરૂપ જીવન શ્રીગોપીજનોની ચરણરજમાંથી શ્રીઉધ્ધવજીએ પ્રાપ્ત કર્યું. આધુનિક ભકતો શ્રીમહાપ્રભુજીની ચરણરજમાંથી સિદ્ધ કરી શકે. આવું દિવ્યપ્રેમરૂપ જીવન પ્રાપ્ત થતાં પ્રિયતમને માધુર્ય રસથી પરિપૂર્ણ અસીમ સુખસાગરમાં વિહાર કરાવી ભકત પ્રફુલ્લિત રહે છે હરિના અસુખનું હરણ કરી, હરિને સુખ—પ્રસન્નતા આપી, આવા ભકતો હરિના પણ હરિ બને છે.

દૈવી માનવદેહમાં જે આત્મતત્ત્વ છે તેમાં દિવ્યપ્રેમનો અખૂટ ખજાનો ભરેલો છે. બધી બાજુએથી મનની વૃત્તિઓને સમેટી, પ્રિયપ્રભુની પ્રાપ્તિ માટે જેના હૃદયમાં પ્રચુર વિયોગાગ્નિ ઉત્પન્ન થાય છે તેને દિવ્યપ્રેમશકિતઓ. દિવ્યપ્રેમરાજ્યમાં પહોંચાડી, દિવ્યપ્રેમના અખૂટ ખજાનાને પ્રાપ્ત કરાવે છે. શ્રીવલ્લભભાનુનો હૃદયમાં ઉદય થાય ત્યારે જ પ્રચુર તાપકલેશ થાય અને એ પછી એમની જ કૃપાથી દિવ્યપ્રેમરાજયમાં પ્રવેશ મળે. આવા પ્રેમીજનના ભાગ્યની અને તેમને પ્રાપ્ત થતી સિદ્ધિઓની ખૂબ સુંદર વિવેચના કરવામાં વિવેચકશ્રીએ કમાલ કરી છે.

વિપ્રયોગ ભાવાત્મક સ્વરૂપનો અનુભવ તે પ્રભુપ્રેમની સર્વોત્કૃષ્ટ અવસ્થા છે અને ચરમ પુરુષાર્થરૂપ છે. ભગવાન અને ભગવાનનાં પરમપ્રિય ભકતોના સુખમાં જ પોતાનું સુખ છે. આ પુષ્ટિમાર્ગનો શિખરસિદ્ધાંત છે. આવો દાસભાવ શ્રીવલ્લભની કૃપાથી પ્રાપ્ત થાય છે અને એ જ પરમ પુરુષાર્થરૂપ છે.

દેવો અને દાનવોએ સમુદ્રમંથનથી અમૃત મેળવ્યું તેમ વિરહાનુભવથી હૃદયનું મંથન કરી અતિ ગૂઢ આત્માના અંતસ્તલમાં રહેલું દિવ્યપ્રેમરૂપી અમૃત આપણે પ્રાપ્ત

કરવાનું છે. એની પ્રાપ્તિ ત્યારે જ થાય જયારે અન્ય સર્વસાધનો છોડી, નિરંતર પ્રિય પ્રભુના સ્વરૂપધ્યાનને, જીવનનું અવલંબન બનાવીએ. પ્રિયતમનું સ્વરૂપ એ જ શ્રીગોપીજનોનું જીવન હતું, પ્રિયતમનું સુખ એ જ એમનું સુખ હતું. પ્રત્યક્ષમાં તેમજ પરોક્ષમાં સતત એ સ્વરૂપનો સંબંધ એમને નિત્ય રહેતો.

આવું જીવન જીવવા માટે લીલાનુસંધાન સતત થતું રહે એ અતિ આવશ્યક છે. આ લીલાનુસંધાન જ દિવ્યપ્રેમભાવ દ્વારા હરિરસની પ્રાપ્તિમાં સહાયક થઈ શકે. એટલે સૂરદાસજીના ''હરિરસ'' પદના અતિ સુન્દર વિવેચન સાથે આ પુસ્તકમાં દ્વાદશ નિકુંજવાર્તા અને ખટઋતુ વાર્તાનો સમાવેશ કરાયો છે.

આ બંને લીલાઓના અનુસંધાનપૂર્વકના પદ પર કરાયેલ સુંદર વિવેચનને સમજી, જેઓ હૃદયમાં ઉતારશે તેમને માટે આધુનિક કાળમાં પણ સૂરદાસજીની અંતિમ પંક્તિઓ સાર્થક થશે એમાં કોઈ શંકાને સ્થાન નથી.

ઐસે જો બની આવે જિયમાંહિ તાકે ભાગ્યકી કહા કહિયે,
સૂરદાસ અષ્ટસિદ્ધિ પઈયે જો ચહિયે સો લહિયે.

સૂરદાસજીના 'હરિરસ'–પદના અતિગૂઢ, અતિસૂક્ષ્મ ભાવો પર વિવિધ દષ્ટાંતો દ્વારા પ્રકાશ પાથરી, પદનો ભાવ હૃદયમાં સોંસરો ઊતરે એ માટે અતિ વિસ્તૃત વિવેચના કરી, દિવ્યપ્રેમરાજયનું રહસ્ય પ્રગટ કરી, દિવ્યપ્રેમપ્રાપ્તિ આધુનિકોને કરાવવા આ વિવેચન દ્વારા પ. ભ. શ્રીવલ્લભપાદપદ્મ મિલિન્દજીએ જે શ્રમ ઉઠાવ્યો એ ખરેખર સરાહનીય અને ધન્યવાદને પાત્ર છે.

દ્વાદશનિકુંજની વાર્તાની હસ્તલિખિત પ્રત જે સંખેડાના પ.ભ. ધીરજબેન પાસે હતી તે સંખેડાના પ.ભ. શ્રી મણિલાલ દલસુખભાઈ શાહે સં. ૨ ૧૧ માં ઉતારેલી તે પ્રત વિના સંકોચે એમણે આપી એ માટે ઉપરોક્ત બંને ભગવદીયો તેમજ ખટઋતુની વાર્તાના અનુવાદક પ.ભ. જાદવજીભાઈ ખેરાજભાઈના ઋણી છીએ.

બીપીનબિહારી દાસ
સંપાદક – વૈષ્ણવવાણી
સૂરત.

હરિરસ તબહી તો જાય પૈયે

પદ

હરિ–રસ તબહી તો જાય પૈયે ।
સ્વાદ વિવાદ હર્ષ આતુરતા ઇતને દંડ જો સહિયે ॥૧॥
કોમલ વચન દીનતા સબસું સદા પ્રફુલ્લિત રહિયે ।
ગયે નહિ સોચ આયે નહિ આનંદ ઐસે મારગ વહિયે ॥૨॥
ઐસે જો બની આવે જિયમાંહિ તાકે ભાગ્યકી કહા કહિયે ।
'સૂરદાસ' અષ્ટ સિદ્ધિ પૈયે જો ચહિયે સો લહિયે ॥૩॥

પુષ્ટિમાર્ગના જહાજ મહાનુભાવ શ્રીસૂરદાસજી આ પદમાં પ્રભુ–પ્રેમ–પ્રાપ્તિના ઉપાયો જણાવે છે. ભગવાન અને ભકતોનો અરસ–પરસ નિત્ય સંબંધ સુદઢ બને તેવા કાર્યમાં અષ્ટસખાદિ મહાનુભાવોનું દૂતીત્વ રહેલું છે. તેવું દૂતીત્વ આ પદમાં જાણવામાં આવે છે.

પુષ્ટિ–પ્રભુની પ્રાપ્તિ ધરમ–કરમ–જ્ઞાનથી કે અન્ય કોઈ પણ સત્કર્મોથી થતી નથી. પરંતુ પ્રભુ સદા જેની સાથે ક્રીડા કરે છે તેવા પોતાના દિવ્યધર્મીરૂપ–આત્મારૂપ–દિવ્યપ્રેમથી જ થાય છે. તે દિવ્યપ્રેમ કેવી રીતે પ્રાપ્ત થાય? તેની પ્રાપ્તિમાં શું બાધક છે, શું સાધક છે, અને આ દિવ્ય પ્રેમનો કેવો અનિર્વચનીય મહિમા છે, તેનું વર્ણન આ પદમાં કરેલું છે.

જેમ વેણુનાદથી 'દિવ્યપ્રેમ–સુધાએ' શ્રીગોપીજનોમાં પ્રવેશ કર્યો, અને આ સુધાના પ્રવેશથી શ્રીગોપીજનોએ, વેણુગીત–યુગલગીતમાં ગાન કર્યું, તેમ અષ્ટસખાદિ મહાનુભાવોમાં સુધાસ્વરૂપે પ્રવેશ કરી, ગાન કરાવ્યું છે. આ દિવ્ય–પ્રેમ–સુધા 'હરિરસ' આધુનિક ભકતોને કેવી રીતે પ્રાપ્ત થાય તેની સાધન– સંપદાનું મહાનુભાવ શ્રી સૂરદાસજીએ આ પદમાં વર્ણન કરેલું છે. અંતિમ અષ્ટસિદ્ધિનું દાતૃત્વ હોવાથી, આ પદ ગાગરમાં સાગર જેવું કહી

શકાય. કારણ કે અષ્ટસિદ્ધિ પ્રાપ્ત થતાં, પ્રભુની અનંત લીલા–આનંદનો અનુભવ થાય છે.

'હરિ–રસ તબહી તો જાય પૈયે' ઈતિ.

'હરિ' શબ્દનો ભાવાર્થ :–ભૌતિક, આધ્યાત્મિક અને આધિદૈવિક આ ત્રણે પ્રકારના દુ:ખોનું હરણ કરે, મૂળમાંથી નાશ કરે, તેને હરિ કહેવાય છે.

(પૂર્ણ પુરુષોત્તમનું હરિ નામ, ભકતોના ત્રણે પ્રકારના દુ:ખોને હરવા, એવા અર્થમાં પ્રયુકત થાય છે. પરંતુ આથી યે હરિ નામનું વિશેષ મહત્વ; હરિના દુ:ખનું હરણ કરે તેવી સર્વોત્કૃષ્ટ કક્ષાએ, પ્રેમી ભકતને પહોંચાડે, તેમાં રહેલું છે. આ હરિના હરિનું વિવેચન, આગળ 'દીનતાના' સાધકતત્વમાં રહસ્યયુકત કરેલું છે, ત્યાં જોવું.)

ત્રણ પ્રકારનાં દુ:ખ

હવે આ ત્રણ પ્રકારનાં દુ:ખોમાં 'ભૌતિક' દુ:ખ દેહનું છે. તે જન્મ–મરણ, ઠંડી–ગરમી અને રોગાદિકથી થાય છે.

બીજું આધ્યાત્મિક દુ:ખ ઈન્દ્રિયો અને અંત:કરણનું છે. તે એવી રીતે કે ઈન્દ્રિયો અને અંત:કરણમાં રહેલા આસુર–ભાવોના આવેશથી ઈન્દ્રિયો અને અંત:કરણ પ્રભુ સન્મુખ રહેતા નથી. તેનું દૈવી જીવને જે દુ:ખ થાય છે તે આધ્યાત્મિક દુ:ખ કહેવાય છે.

ત્રીજું દુ:ખ આધિદૈવિક છે. તે દૈવી જીવને પોતાના આત્માના પતિ–પ્રાણનાથ–નિત્ય સખા પ્રિય પ્રભુના વિયોગનું છે. આ ત્રણે પ્રકારના દુ:ખોને હરે–દૂર કરે તેને હરિ કહેવાય છે. હરિ, પોતાના સાક્ષાત સ્વરૂપમાં રહેલો જે અગણિત દિવ્ય–પ્રેમાનંદ, તે પ્રેમાનંદ સિવાયના અન્ય કર્મ, જ્ઞાન અને શાસ્ત્રોકત મર્યાદા નવધા ભકિતથી મળતા આનંદોનું પણ હરણ કરે છે. તે વિષયને જાણવાની આપણને આવશ્યકતા છે. કારણ કે આ ત્રણે પ્રકારના આનંદોને ન છોડીએ તો દિવ્ય પ્રભુપ્રેમ કે જેનો આનંદ અનિર્વચનીય અને અગણિત છે તેવા પ્રેમને મેળવી શકાતો નથી. તેથી ત્રણે પ્રકારના આનંદોનું

હરિ જે હરણ કરે છે તેને સ્પષ્ટતાથી સમજવા પ્રયાસ કરીએ.

ત્રણ પ્રકારના સુખ

પ્રથમ 'કર્મથી' મળતું સુખ. ભૌતિક જગતમાં સંસારી જીવો માટે નિષ્કામ–પરમાર્થકર્મ કરનારને સ્વર્ગનું સુખ મળે છે. આ સ્વર્ગનું સુખ જયાં સુધી નિષ્કામ કર્મનું પુણ્ય ટકે ત્યાં સુધી સ્વર્ગમાં ભોગવાય છે. સુખ દ્વારા પુણ્ય પણ ભોગવાઈ જતાં સુખ અને પુણ્યનો નાશ થઈ જાય છે ત્યારે પાછું મૃત્યુલોકમાં આવવું પડે છે. તેથી સ્વર્ગનું સુખ નાશવંત હોવાથી શ્રીહરિ સ્વર્ગના સુખનું હરણ કરી લે છે. એટલે કે ભૌતિક જગત માટેના નિષ્કામ કર્મોમાંથી છોડાવી પોતાના સેવા–સ્મરણ, ગુણગાન વિગેરે પુષ્ટિમાર્ગ–સંબંધી અથવા પોતાના સંબંધી અલૌકિક કર્મમાં જોડી દે છે. જે કર્મોનો વિનિયોગ સાક્ષાત પ્રિય પ્રભુમાં થતો નથી તેવા પુણ્ય કર્મો પણ બંધન કરનારાં, સોનાની બેડી જેવાં છે. તેથી કર્મમાં કુશળ એવા શ્રીગોપીજનોએ શ્રીમાન ઉદ્ધવજી પ્રતિ કહ્યું છે કે–

કર્મ પાપ અરુ પુન્ય લોહ સોનેકી બેરી ।
પાયન–બંધન દોઉ કરે માનો બહુતેરી ।।
ઊંચ કર્મતેં સ્વર્ગ હૈ નીચ કર્મતેં ભોગ ।
પ્રેમ વિના સબ પચિ મરે વિષય–વાસના રોગ–
સખા સુન શ્યામકે ।।

શ્રીગોપીજનોના ઉપરોકત કથન મુજબ પાપ અને પુણ્ય બન્ને કર્મો, દિવ્ય – પ્રેમપ્રાપ્તિના રાહગીરો માટે બંધન કરનારા છે. 'પ્રેમ વિના સબ પચિ મરે' શ્રીગોપીજનોનું આ કથન દિવ્ય પ્રેમપથિકો માટે ચેતવણી અથવા દીવાદાંડી જેવું છે. તે એમ સૂચવે છે કે પાપ અને પુણ્યનાં કર્મોને છોડીને દિવ્યપ્રેમપ્રાપ્તિની સાધનામાં જ સંલગ્ન રહેજો. ભગવાન પોતાનું ભજન કરનારને ચાર પ્રકારની મુકિતનું સુખ આપી દે છે. પરન્તુ ભકિતનું દાન કરતા નથી, અથવા પોતાના સ્વરૂપમાં પ્રેમનું દાન કરતા નથી.

અહીં પ્રશ્ન થાય કે તો પ્રભુ પ્રેમનું દાન કોને કરે છે? સર્વનો ત્યાગ કરીને

અથવા સર્વની આશાઓનો ત્યાગ કરીને અનન્યભાવથી માત્ર એક પ્રેમસ્વરૂપ પ્રભુની જ જે ચાહના કરે છે તેને જ દિવ્યપ્રેમનું દાન કરે છે. કારણ કે દિવ્યપ્રેમ એ પ્રભુના પણ આત્મારૂપ છે, તેથી અનન્ય આશ્રય વિના અને પ્રભુના અતિશય અનુગ્રહ વિના દિવ્યપ્રેમ પ્રાપ્ત થતો નથી. પ્રભુના આત્મારૂપ ધર્મી દિવ્યપ્રેમ પ્રભુના શ્રીઅંગમાં નખશિખાંત વ્યાપ્ત રહે છે. તેનું પ્રમાણ નિમ્ન પંક્તિમાં–

'અસ્મિન માર્ગે શ્રીમદ વ્રજેન્દ્રકુમાર નિખિલ શિખાગ્રે સુષમા
સાદ્રત્વેન વસતિ શ્રીમદ વલ્લભાગ્નિ' । (શ્રીગોકુલેશ પ્રભુ)

હવે બીજું 'જ્ઞાન' થી મળતું સુખ છે. તેમાં જન્મ–મરણનું દુઃખ નિવૃત્ત થઈ જાય છે. જેમ જયોતિમાં જયોતિ મળી જાય તેમ આત્મારૂપ પ્રભુમાં જ્ઞાની જીવાત્માનો લય થઈ જાય છે. જન્મ–મરણના દુઃખની નિવૃત્તિ એ જ આ જ્ઞાનથી મળતું જ્ઞાનીનું સુખ છે. જ્ઞાનથી મળતા આવા સુખોનું હરિ હરણ કરીને પોતાની સ્વરૂપાત્મક રસાત્મક પ્રેમભકિતમાં જોડી દે છે.

સર્વત્ર આત્મારૂપે ભગવાનને જોવા તે મર્યાદામાર્ગીય જ્ઞાન છે. પોતાના પ્રિયતમ પ્રભુના સાકાર સ્વરૂપમાંજ સમસ્ત વિશ્વને જોઈને, માંહાત્મ્યપૂર્વક સુદઢ સ્નેહ પ્રિય પ્રભુના સ્વરૂપમાં જ રાખીને, નિરંતર પ્રિયતમના સૌન્દર્ય–માધુર્ય–સ્વરૂપનું પાન સર્વત્ર કરતા રહેવું તે પુષ્ટિમાર્ગીય પ્રેમીજનોનું જ્ઞાન છે. જેમ 'પીત્વા મુકુન્દ મુખ સાર–ઘમક્ષિભૃંગૈ' ગોપીજનો શ્રીપ્રભુના શ્રીમુખ–લાવણ્ય–મધુનું પાન સર્વ સ્થળે કરતા હતા. આ પુષ્ટિમાર્ગીય પ્રેમીજનોનું જ્ઞાન છે.

માતૃચરણ શ્રીયશોદાજીને પ્રભુએ પોતાના શ્રીમુખમાં જ સમસ્ત બ્રહ્માંડને બતાવ્યું. તેનું એ તાત્પર્ય છે કે પ્રેમી ભકતો પોતાના પ્રિય પ્રભુના સ્વરૂપમાં જ સમસ્ત બ્રહ્માંડ (લીલાધામ) રહેલું છે તેવું જાણવાથી માહાત્મ્યભાવપૂર્વક તેનો અનન્યભાવ પ્રિય પ્રભુમાં જ કરે છે. અન્ય તૃષ્ણાઓ કે અન્યની આશા રહેતી નથી. અનન્યભાવ પ્રભુમાં જ થવાથી દિવ્યસ્નેહ પ્રગટ થાય છે. સુદઢ સ્નેહ તેનો પ્રિય પ્રભુમાં જ થવાથી ક્રમે ક્રમે પ્રેમ–આસકિત–વ્યસન અને અંતે પ્રિય

પ્રભુથી તદાત્મક બનીને લીલાધામથી વિછુરેલો આ પ્રેમી ભકત લીલાધામમાં પહોંચી જાય છે. પ્રભુપ્રેમમાર્ગમાં અનન્યતા અતિ અનિવાર્ય છે. અનન્યતા જ દિવ્યપ્રેમની શિખર–કક્ષાએ પહોંચાડે છે. શ્રીગોપીજનોએ આવી જ અનન્ય સાધના કરેલી હોવાથી દિવ્યપ્રેમ–માર્ગની ધ્વજારૂપ બની ગયાં.

વેણુગીતના ૯ મા શ્લોકના સ્વતંત્ર લેખમાં શ્રીમત્પ્રભુચરણ આજ્ઞા કરે છે કે પ્રિય પ્રભુ વેણુનાદમાં જે સુધાનો પ્રવેશ કરાવે છે તે વેણુને સ્પર્શ કર્યા વિના સીધી શ્રીગોપીજનોના કર્ણ દ્વારા તેમના હૃદયમાં જ પ્રવેશ કરે છે. જો વેણુને સુધા સ્પર્શ કરે તો સુધાનો ભોગ વેણુએ કરેલો હોવાથી તે સુધા વેણુની ઉચ્છિષ્ટ થઇ ગઇ કહેવાય. શ્રીગોપીજનો સાક્ષાત પ્રિયતમના ઉચ્છિષ્ટ સિવાય કોઇનું પણ ઉચ્છિષ્ટ ગ્રહણ કરતા નથી, તેથી શ્રીગોપીજનોનો સર્વોત્તમ ઉત્કર્ષ ભાગ્યવાનોએ વિચારવો. એટલે શ્રીગોપીજનોનો અનન્ય પતિવ્રતભાવ સર્વોત્કૃષ્ટ છે. આવી અનન્યતાથી અજીત પ્રિયતમને વશ કર્યા છે.

હવે ત્રીજું સુખ શાસ્ત્રોકત મર્યાદા નવધાભકિતથી મળતું ચાર પ્રકારની મુકિતનું છે. આ મુકિતનું સુખ, મર્યાદા – પુરુષોત્તમના ધામ વૈકુંઠમાં અનુભવાય છે. આ સુખનું પણ હરિ હરણ કરી લે છે. તેનું કારણ ચાર પ્રકારની મુકિતનું સુખ ગણત્રીનું છે. તેથી તેમાં સ્થિત નહી થવા દેતાં પોતાના અગણિત આનંદવાળા સ્વરૂપના ભજનમાં જોડી દે છે.

(શ્રી મહાપ્રભુજી પૃથ્વી–પરિક્રમા કરી રહ્યા હતા ત્યારે એક સમય, માર્ગમાં મોટો પર્વત આવ્યો. તેને જોઇને શ્રીકૃષ્ણદાસ મેઘનજીએ આપશ્રીને વિનંતી કરી કે મહારાજ ! આ પર્વત ચમકી રહ્યો છે તે શું છે તે કાંઈ જાણવામાં આવતું નથી. ત્યારે આપશ્રીએ આજ્ઞા કરી કે અહી ઘણા કાળથી–અસંખ્ય જન્મોથી, બે તપસ્વીઓ તપસ્યા કરી રહ્યા છે. તેમના જયારે દેહો પડી જાય છે ત્યારે તેમના અસ્થિ (હાડકાં)નો આ પર્વત બન્યો છે. આ બંને તપસ્પીઓને તપસ્યાની સાધનાના ફળમાં મુકિત આપવા માટે વિષ્ણુ ભગવાને ઘણી વખત લલચાવ્યા. પરંતુ આ તપસ્વીઓ તો લીલાધામથી વિછુરેલા દૈવી જીવો છે.

અહીં શ્રીમહાપ્રભુજી કૃષ્ણદાસ મેઘનજીને આજ્ઞા કરે છે કે આ બંને તપસ્વીઓ પુષ્ટિ પ્રભુની લીલામાં રાસ સમયે ગાન કરનારા ભ્રમરાઓ છે. તેથી તેઓ પુષ્ટિપ્રભુના દિવ્યલીલાસુખની જ ચાહના કરે છે. તેઓ મુકિતસુખની ઇચ્છા કરતા નથી. દયાળુ પ્રભુ પોતાની અંગીસૃષ્ટિના દૈવીજીવોને મુકિતસુખની ઇચ્છા થવા દેતા નથી. કૃષ્ણદાસજીને આપ આજ્ઞા કરે છે કે આ બંને તપસ્વીઓના ઉદ્ધાર માટે આ માર્ગે અમારું પધારવું થયું છે. તેઓ ભગવદ–આશ્રય છોડીને સાધનમાં પડેલા હોવાથી તેમને આટલો વિલંબ થયો છે. પછી આ બંને તપસ્વીઓને આપશ્રીએ દર્શન આપી તેમનો ઉદ્ધાર કર્યો છે. એટલે કે લીલાધામમાં પહોંચાડયા છે... 'શ્રીમહાપ્રભુપ્રાગટય–વાર્તા' શ્રીહરિરાયચરણોકતનો ઉપરનો પ્રસંગ છે. આ પ્રસંગમાં શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે શ્રીમહાપ્રભુજીની કૃપા વિના દૈવી–જીવોનો લીલાધામમાં પ્રવેશ થઇ શકતો જ નથી. માટે દૈવીજીવોએ મન–વાણી–કર્મથી શ્રીમહાપ્રભુજીનો જ આશ્રય રાખવો.) કરુણાત્મન શ્રીહરિરાયચરણ અહીં મન–વચન–કર્મથી શ્રીમહાપ્રભુજીનો આશ્રય રાખવાની જે આજ્ઞા કરી રહ્યા છે, તેનું તાત્પર્ય શ્રીમહાપ્રભુજી અગ્નિ–સ્વરૂપ છે, તેથી પ્રભુપ્રાપ્તિમાં પ્રતિબંધસમૂહનો વિનાશ કરી, સત્વરે પ્રભુપ્રાપ્તિ કરાવે છે. દૈવીજીવનો આધિદૈવિક પ્રકારે સંસ્કાર તાપાત્મક સ્વરૂપ શ્રીમહાપ્રભુજીથી સત્વરે થાય છે, અને તેથી લીલાધામમાં પ્રવેશ પણ સત્વરે થાય છે. બંને તપસ્વીઓને આપશ્રીએ પોતાના સાન્નિધ્ય–માત્રથી જ આધિદૈવિક દેહ પ્રાપ્ત કરાવી લીલામાં પ્રવેશ કરાવી દીધો છે.

શ્રીદયારામભાઈ 'પુષ્ટિપથરહસ્ય' નામના ગ્રંથમાં કહે છે કે :–

શ્રીવલ્લભઆશ્રય વિના સાધન ધર્મ અશેષ ।
સાધે હરિ કેવલ ભજે લીલામાં ન પ્રવેશ ।।

શ્રીવલ્લભના આશ્રય વિના કેવળ શ્રીઠાકુરજીનું સેવન – ભજન કરનારને પ્રભુ મુકિતસુખ આપી દેશે; પરંતુ લીલાધામમાં તેનો પ્રવેશ નહીં

થાય. પુષ્ટિમાર્ગ નિઃસાધનના ઉદ્ધારનો માર્ગ છે. એટલે સેવા–સ્મરણ–ગુણગાન –ધ્યાન વિગેરે સાધનો રૂપ પ્રભુ પોતે જ થયેલા છે. સાધન અને ફળની આ માર્ગમાં અભેદતા છે. પ્રભુ પોતે જ સાધનરૂપ થયેલા હોવાથી, પુષ્ટિદૈવીજીવો માટે પ્રભુનો મોટો પક્ષપાત મનાય છે. મૂળમાં નિઃસાધનતા જ ઉદ્ધારનો માર્ગ હોવાથી અષ્ટાક્ષરના સ્મરણરૂપ અલ્પ સાધનથી પણ પોતાના પૂર્ણાનંદ સ્વરૂપનું દાન કરી, દૈવીજીવનો ઉદ્ધાર કરે છે; તેવું પુષ્ટિપ્રભુનું અચિન્ત્ય ઐશ્વર્ય છે. માત્ર નામ– સ્મરણથી પણ પ્રભુ પોતાના પૂર્ણાનંદ સ્વરૂપનું દાન કરે છે. તે વિષયને આપશ્રી મહાપ્રભુજીએ શા. નિ. ૧૫ માં જણાવેલ છે. 'કલિકાલ સ્વભાવતઃ સર્વ ઉત્કૃષ્ટઃ સ્વલ્પઃ સાધનેન અપિ મહાફલ–પ્રદઃ' । પુષ્ટિપ્રભુ અચિન્ત્ય અનંત–શકિત–યુકત મહિમાવાળા હોવાથી પોતાના નામસ્મરણરૂપ અલ્પ સાધનથી પણ 'મહાફલપ્રદઃ' પોતાના પૂર્ણાનંદ સ્વરૂપનું દાન કરે છે. એટલે નામના સ્મરણમાં પૂર્ણાનંદ સ્વરૂપ સાધનરૂપ થઈને પૂર્ણાનંદ સ્વરૂપનો અનુભવ કરાવે છે. આ પ્રભુનું મહાન અલૌકિક સામર્થ્ય છે. આ પ્રકારે ત્રણે સુખનું હરિ હરણ કરનારા છે.

અનુગ્રહાત્મક હરિ

હવે જેમાં અતિ અનુગ્રહ રહેલો છે તેવા 'હરિ' શબ્દનો ભાવાર્થ વિચારીએ કે આ હરિ આત્મરૂપથી સદૈવ નિકટ રહી પોતાના અનન્યપ્રેમી ભકતોના યોગ–ક્ષેમનું વહન કરે છે. 'યોગ' એટલે પોતાના મહાન દિવ્યપ્રેમસ્વરૂપને પ્રાપ્ત કરાવે તેવા પ્રેમભકિતવાળા સેવા–સ્મરણ–ગુણગાન વિગેરે અલૌકિક સાધનો મેળવી આપનાર. 'ક્ષેમ' એટલે મેળવી આપેલા અલૌકિક સાધનોનું સ્વયં પોતે જ રક્ષણ કરનારા. આ અલૌકિક સાધનો રૂપ આપ પોતે જ બનેલા હોવાથી તેનું આપ જ રક્ષણ કરે છે. દૈવીજીવ સાક્ષાત સેવા–ઉપયોગી અલૌકિક દેહને પ્રાપ્ત કરી, આપની સાક્ષાત સેવામાં લીલાધામમાં જોડાઈ ન જાય ત્યાં સુધી, અલૌકિક સાધનોનું રક્ષણ અને પોષણ આપ કરતાં જ હોય છે. (વ્રજભકતોનું, પ્રિય પ્રભુએ આ જ રીતે રક્ષણ–પોષણ કર્યુ છે.) આવા અને

બીજા અનેક પ્રકારે પોતાના અંગીકૃત પ્રેમીજનના જ હિતનું નિરંતર ચિંતન કરનાર પ્રભુને 'હરિ' નામે ઓળખવાના છે. તેથી 'હિતકૃત સતામ' શ્રીસર્વોત્તમજીમાં આપનું નામ બિરાજી રહેલ છે.

અદેય દાન

અહી એક અતુલ્યાતિશય અનુગ્રહ શ્રીવાકપતિની કૃપાથી સ્ફૂરિત થયો તેને નિવેદન કરું છું. આ હરિ સંયોગસુખનું પણ હરણ કરી લે છે. તેનું કારણ સંયોગસુખ 'પરિચ્છિન્ન' છે. પરિચ્છિન્ન એટલે પ્રભુનો સંયોગ હોય ત્યારે જ સુખ મળે, વિયોગ હોય ત્યારે વળી દુઃખનો અનુભવ કરવો પડે છે. જો કે આ વિયોગ–દુઃખ લૌકિક જેવું નથી. લૌકિક દુઃખની ગંધ પણ નથી; કારણ કે પ્રભુના સંબંધવાળું આ વિયોગદુઃખ છે. તેથી જયારે પાછો પ્રભુનો સંગમ થાય છે ત્યારે નૂતન આનંદનો અનુભવ થાય છે અને તેથી વિયોગદુઃખ ભૂલી જવાય છે. આમ હોવા છતાં અખંડ ધારાવાહી સુખ સંયોગમાં નહી હોવાથી સંયોગસુખ હરણ કરીને વિપ્રયોગના અનુભવમાં પ્રેમીભકતને સ્થિત કરે છે. આ વિપ્રયોગ–ભાવાત્મક સ્વરૂપથી મળતું સુખ અપરિચ્છિન્ન છે. એટલે કે સમુદ્રમાં જેમ અખંડ ધારા–પ્રવાહ ચાલે છે તેવો અખંડ આનંદ અનુભવાય છે. આવા અગણિત આનંદનું દાન કરવા શ્રીગોપીજનોને લઘુ રાસમાં સંયોગસુખનો અનુભવ કરાવીને માન–મદના મિષથી પ્રિય પ્રભુએ વિપ્રયોગનું દાન કર્યુ , એટલે કે પોતે તિરોહિત થઇ ગયા. આ વિપ્રયોગ–ભાવાત્મક–સ્વરૂપથી જ અગણિત આનંદનો અખંડ અનુભવ થાય છે. આ વિપ્રયોગના દાનમાં મહાકારુણિક શ્રીવલ્લભપ્રભુનું મહા ઉદાર ચરિત્ર જ રહેલું છે. જેમાં અગણિત આનંદ રહેલો છે તેવા વિપ્રયોગ–ભાવાત્મક–સ્વરૂપનું દાન કરવું તેનું નામ જ 'અદેય દાન' છે.

'રસ' શબ્દનો ભાવાર્થ

હવે 'રસ' શબ્દના ભાવાર્થને વિચારીએ.

રસ – આ હરિરસમાં રાસાદિ અનેક પ્રકારની દિવ્યલીલાના આનંદો રહેલા છે. જેને કોઈ ઉપમા આપી ન શકાય, જેના પાનમાં કોઈ સમયે તૃપ્તિ જ

ન થાય, જેમાં દિવ્યમધુર આસ્વાદ રહેલો હોય, સદા જે નૂતનતાને જ ધારણ કરતો હોય, સદા જેની વૃદ્ધિ જ થતી રહેતી હોય, જે મન–વાણીથી અગમ્ય હોય, મહાસાગરના જળની જેમ સદા દિવ્યપ્રેમજળથી પૂર્ણ જ રહેતો હોય, આવા અનંત જેના દિવ્ય ગુણો છે તેને 'હરિરસ' –(પ્રેમરસ) કહેવાય છે.

'હરિરસ' હરિ સ્વયં જે રસના આસ્વાદનમાં નિમગ્ન રહે છે, છતાં તૃપ્તિનો અભાવ રહે છે; આ મધુર રસનું નિરંતર આસ્વાદન કરવા છતાં તૃપ્તિ થતી નથી. કારણ કે મધુરતા પ્રતિક્ષણ નૂતનતા જ પ્રગટ કરે છે અને તે પણ પ્રચુરતાથી પ્રગટ થાય છે. તેથી તૃપ્તિનો અભાવ રહે છે. તેવો, હરિને પણ આસ્વાદન કરાવનારો આ હરિરસ છે.

' વલ્લવી વદનામ્ભોજ મધુમત્ત મધુવ્રતઃ ' ।। ૨૭ ।।

(પ્રેમામૃત – રસાયાન)

આ વલ્લવીઓ (શ્રીસ્વામિનીજીઓ) હરિના પણ હરિ છે. પોતાના **નિરતિશય** સૌન્દર્ય–માધુર્યનું હરિને આસ્વાદન કરાવે છે.

પ્રેમ હૃદયકી વસ્તુ હૈ, પરમ ગુહ્ય અનમોલ ।
કથનીમેં આવે નહીં કરિ ન સકે કોઉ તોલ ।।
રસમય આનંદમય વિમલ દુર્લભ યહ ઉન્માદ ।
અકથનીય પૈ અતિમધુર ગૂંગે કેરો સ્વાદ ।।
પ્રેમ અગમ અનુપમ અમિત સાગર સરિસ બખાન ।
જો આવત ઇહી ઢિંગ બહુરી જાત નહી રસખાન ।।
રસમય સ્વાભાવિક વિના–સ્વારથ અચલ મહાન ।
સદા એક રસ શુદ્ધ સોઈ–પ્રેમ અહે રસખાન ।।

(પ્રેમવાટિકા–રસખાન)

દિવ્યપ્રેમનું સ્વરૂપ :

દિવ્ય– 'પ્રેમ' માંથી જ અનંત બ્રહ્માંડોની રચના થઈ છે અને થાય પણ તેવો અચિન્ત્ય તેનો મહિમા છે. રસમત્ત રસખાનજી આ પ્રેમને 'અગમ્ય' કહે છે. જેમાં બુદ્ધિનો પ્રવેશ થઈ શકે નહી. ચિડિયા જેવી માનવબુદ્ધિ દિવ્યપ્રેમના

અગમ્ય પ્રદેશમાં પહોંચી શકે નહી. કવિઓની પણ આ જ ગતિ. વળી 'અનુપમ' કહે છે એટલે જેની ઉપમા આપી શકાય નહી; કારણ કે દિવ્યપ્રેમસ્વરૂપની સુંદરતા મહાસાગર જેવી અસીમ છે. તેથી પ્રતિક્ષણ તેમાં નૂતનતા જ પ્રગટ થતી હોય છે. રસિક કવિઓ તેની ઉપમાનો નિર્ણય કરી શકતા નથી. દિવ્યપ્રેમ આવો જ છે તેથી કોઈપણ પરિભાષાઓનો અંત કવિઓ પામી શકતા નથી.

સ્યામસોં કાહે કી પહચાનિ ।
નિમિષ નિમિષ વહ રૂપ ન વહ છબિ રતિ કીજૈ જિય જાની ॥૧॥
ઈક ટક રહત નિરંતર નિસિ–દિન મન બુદ્ધિસોં ચિત્ત સાની ।
એકો પલ સોભાકી સીવાં સકતિ ન ઉરમેં આની ॥૨॥
સમજી ન પરે પ્રગટહી નિરખત આનંદકી નિધિ ખાની ।
સખી વહ વિરહ સંયોગકી સમરસ સુખ દુઃખ લાભ કિ હાનિ ॥૩॥
મિટતી ન ઘૃતતેં હોમ અગ્નિ રુચિ સૂર સુલોચન બાની ।
ઈત લોભી ઉત રૂપ પરમ નિધિ કોઉ ન રહત મિતિ માની ॥૪॥

(સૂરદાસજી)

પ્રેમને 'અમિત' કહ્યો. એટલે જેની સીમા પ્રાપ્ત થતી નથી, અથવા અનંત છે; તેનો અંત પામી શકાતો નથી. આ પ્રેમ સાધકને ઉન્માદી–દીવાનો બનાવે છે. ખરે જ રસખાનજીએ આ પ્રેમમાં દીવાના બનીને જ પ્રેમદેવ પ્રાપ્ત કર્યા છે. તેથી પોતાના અનુભવે જ કહે છે કે પ્રેમમાં દીવાના બનવું કોઈ વિરલાના જ ભાગ્યમાં હોય છે. આ દિવ્ય ઉન્માદ જ્ઞાનીઓને પ્રાપ્ત થતો નથી. આ દિવ્ય ઉન્માદ કેવો છે?

કોઉ યાહી ફાંસી કહત, કોઉ કહત તલવાર ।
નેની ભાલા તીર કોઉ, કહત અનોખી ઢાર ॥
પૈ મિઠાસ યા મારકી, રોમ રોમ ભરપૂર ।
મરત જિયે ઝુકતો ફિરે, બને સો ચકનાચૂર ॥

(રસખાનજી)

આઇ કહાતેં દિલકો કાંટો, કાઢન અરિ હઠીલી !।
લગ્યો રહન દે લાગતિ વાકી, મીઠી કસક ચુભીલી ॥ (એક રસિક)

રાગ બિલાવલ

સિર મટકી મુખ મૌન ગહી ।
ભ્રમિ ભ્રમિ વિવસ ભઈ નવ ગ્વારિન, નવલ કાન્હકેં રસ ઉમહી ।। ૧ ।।

તનકી સુધિ આવતિ જબ મનહીં, તબહી કહતિ કોઉ લેહુ દહી ।
દ્વારેં આઈ નંદકેં બોલતિ, કાન્હ લેહુ કિન્હ સરસ મહી ।। ૨ ।।

ઈત ઉત ફિરિ આવતિ યાહી મગ, મહરિ તહાં લગિ દ્વાર રહી ।
ઔર બુલાવતિ તાહી ન હેરતિ, બોલતી આનિ નંદ દરહી ।। ૩ ।।

અંગ અંગ જસુમતિ તેહિ ચરચી, કહા કરતિ યહ ગ્વારિ વહી ।
સુનો 'સૂર' યહ ગ્વારિ દીવાની, કબકી યાહી ઢંગ રહી ।। ૪ ।।

બાધકતત્વો

હવે આ હરિરસ–પ્રેમરસની પ્રાપ્તિમાં જે બાધકતત્વો રહેલા છે તેને બીજી પંકિતમાં કહે છે. મહાનુભાવ શ્રીસૂરદાસજી પ્રભુપ્રાપ્તિમાં સાધકતત્વોનું પહેલાં વર્ણન નહિ કરતાં બાધકતત્વોને જે પહેલા જણાવી રહ્યા છે, તેનું કારણ દૈવી જીવની ભૌતિક સ્થિતિમાં, અથવા સાધનદશામાં અવિદ્યાજનિત (જેનું આગળ વર્ણન કરવામાં આવશે) તે બાધકતત્વો રહેલાં જ હોય છે. તેનો જો પ્રેમીભકત પહેલાં વિચાર કરીને તેનાથી સાવધાનતા ન રાખે તો આગળ જે પ્રભુપ્રેમપ્રાપ્તિનાં સાધકતત્વો સાધવા છે તે સાધી શકાતા નથી. જેમ ઘણાં સમયનો જીર્ણજવર મનુષ્યની શકિતને હણી નાંખે છે, તેમ બાધકતત્વો આત્માની શકિતને હણી નાંખનારા છે. તેથી બાધકતત્વોનો પ્રભુપ્રેમપથિકોએ પહેલાં જ વિચાર કરવો આવશ્યક સમજી શ્રીસૂરદાસજી તેનું પહેલાં વર્ણન કરે છે.

'સ્વાદ વિવાદ હર્ષ આતુરતા ઈતને દંડ જો સહિયે'

સ્વાદ–આ સ્વાદ ઈન્દ્રિયોથી લેવાય છે. આ ઈન્દ્રિયો બે પ્રકારની છે. એક આસુર ધર્મના આવેશવાળી, બીજી દૈવી ધર્મવાળી. સાધન–દશામાં

આસુર ધર્મવાળી ઈન્દ્રિયોનું બળ વધારે હોય છે. તેને લૌકિક વિષય પ્રિય હોવાથી લૌકિક વિષયમાં વિચરણ કરી લૌકિક વિષયોમાંથી સ્વાદ ગ્રહણ કરે છે. આ લૌકિક વિષયના સ્વાદનો જ્યાં સુધી ત્યાગ કરવામાં ન આવે ત્યાં સુધી 'હરિરસ' મેળવી શકાતો નથી. કારણ કે ઈન્દ્રિયો પાત્રરૂપ છે તેમાં જો લૌકિક વિષયરસ ભરેલો રહે તો તેમાં હરિરસ કેવી રીતે ભરી શકાય ? કદાચ વિષયરસ અને પ્રેમરસ બંને સાથે રાખીએ તો ઝેર અને અમૃત એકઠા થવાથી અમૃતનો સ્વાદ લઈ ન શકાય. માટે પ્રભુપ્રેમમાર્ગના સાધકોએ ઈન્દ્રિયોમાંથી લૌકિક–વિષયરસ દૂર કરવો અતિ આવશ્યક છે. પ્રભુપ્રેમમાર્ગે ચાલવાનું આ પ્રથમ સોપાન છે.

શ્રીહરિરાયચરણ એક ગ્રંથમાં આજ્ઞા કરે છે કે પ્રભુપ્રેમ મુશ્કેલ નથી. પરંતુ દુનિયાવી પદાર્થોનું સ્મરણ જ ભારે બાધ કરનારું છે. લૌકિક વિષયના સ્વાદ માટે વિચરણ કરતી ઈન્દ્રિયોમાં દુનિયાવી પદાર્થોનું સ્મરણ રહેલું છે.

'પ્રભુપ્રેમ મુશ્કેલ નથી' તેમ કહેવામાં એ સ્વારસ્ય રહેલું છે કે દિવ્યપ્રેમસ્વરૂપ પ્રભુ તો દૈવીજીવના આત્મારૂપે તેના હૃદયમાં જ બિરાજી રહ્યા છે. પરંતુ ઈન્દ્રિયોની વિમુખતાના કારણે તેનો અનુભવ થતો નથી. આ જ વિષયની સંગતિ નંદદાસજી કૃત રાસપંચાધ્યાયીમાં જોવા મળે છે.

અતિ નિપટ નિકટ ઘટ ઘટ અંતરજામી આહી ।
વિષય–વિદૂષિત ઈન્દ્રિય પકર સકત નહી તાહી ।।

ભૌતિક વિષયમાં વિચરણ કરતી ઈન્દ્રિયો બહિર્મુખ થતી હોવાથી હૃદયમાં રહેલા અત્યંત નિકટ પ્રિય પ્રભુનો અનુભવ કરી શકતી નથી. શ્રીમદાચાર્યવર્ય સુ. ૩–૫–૪૩ માં આજ્ઞા કરે છે કે– 'જગત રચનાર ભગવાન બધું રચીને બધે પ્રવેશ કરીને, સર્વના હૃદયમાં પ્રકાશે છે; છતાં પણ દોષોને લીધે તે દેખાતા નથી.' આ દોષો બહિર્મુખ થતી ઈન્દ્રિયોના છે. જેમ સૂર્યના કિરણો જલાશયોમાંથી જલને ખેંચીને વાદળોમાં ભરે છે. આ વાદળો સૂર્યના આડા આવવાથી સૂર્ય દેખાતો બંધ થાય છે. તેમ પ્રાકૃત પ્રપંચમાં વિચરતી ઈન્દ્રિયો પ્રાકૃત પ્રપંચના ભાવોને હૃદયમાં એકઠા કરે છે અને તેથી હૃદયમાં રહેલા પ્રભુને

છુપાવી દે છે. દિવ્યપ્રેમ કંઈ બહારથી પ્રાપ્ત થતો નથી. હૃદયમાં રહેલા દિવ્યપ્રેમના મહાસાગરરૂપ—આત્મસ્વરૂપ પ્રિય પ્રભુથી જ પ્રાપ્ત થાય છે. તેથી ઇન્દ્રિયોને લૌકિક વિષયોમાંથી નિવૃત કરી તેને અંતરમુખ કરવાની અતિ આવશ્યકતા છે. પ્રેમાપિ હરિણા કૃતમ હરિથી પ્રાપ્ત થયેલો પ્રેમ જ દિવ્ય છે. તેની અવિરત ધારા આત્મામાંથી જ પ્રગટ થાય છે. તેથી ઇન્દ્રિયોને પ્રાકૃત વિષયોમાંથી નિવૃત્ત કરી તેને અંતરમુખ કરવાની અતિ આવશ્યકતા છે. પુરંજન આખ્યાનમાં બહિર્મુખ ઇન્દ્રિયોને લૂંટારાની ઉપમા આપેલ છે. દૈવીજીવોનું પ્રભુસમર્પિત જીવન અનમોલ છે. તેને આ ઇન્દ્રિયોરૂપી લૂંટારા વિષયોમાં વિચરી લુંટાવી દે છે. પ્રેમીજનોએ બહિર્મુખ ઇન્દ્રિયોને આ રીતે પિછાણવી.

કાલિનાગનું રહસ્ય :

કાલિયનાગ શ્રીયમુનાજીના ધરામાં રહેતો હતો. આ કાલિયનાગની ફેણો ઉપર પ્રભુએ નૃત્ય કરી તેનું દમન કર્યું છે. આ કાલિયનાગ એટલે શું ? તેની ફેણો એટલે શું ? શ્રી યમુનાજીનો ધરો એટલે શું ? તેનું રહસ્ય રતિપથના ગુરુ શ્રીવલ્લભપ્રભુએ શ્રીસુબોધિનીજીમાં જણાવેલું છે.

દૈવીજીવો માટે પ્રભુના સંબંધ સિવાયના જેટલા વિષયો છે તે સર્વ 'વિષ' સમાન છે. દૈવીજીવની પાંચ જ્ઞાન—ઇન્દ્રિયો નેત્ર—રસના—કર્ણ—નાસિકા અને ત્વચા; આ પાંચે જ્ઞાન—ઇન્દ્રિયો કાલિયનાગની પાંચ ફેણો છે. કાલિયનાગ વિષનો દેવતા છે. શ્રીયમુનાજી ભકિતનું સ્વરૂપ છે. શ્રીયમુનાજીનો ધરો એ ભકિતને રહેવાનું સ્થાન, દૈવીજીવનું હૃદય છે. હવે ઇન્દ્રિયોથી પ્રાકૃત વિષયો જે ગ્રહણ થાય છે તે વિષસમાન છે. આ વિષ દૈવીજીવના હૃદયમાં એકઠું થાય છે. ભકિતરસ પણ દૈવીજીવના હૃદયમાં જ રહે છે. આ ભકિતરસરૂપી અમૃતમાં ઇન્દ્રિયોના પ્રાકૃત વિષયોરૂપી વિષ ભળવાથી ભકિતરસનો અનુભવ થતો નથી, અથવા ભકિતની પ્રભુમાં વૃદ્ધિ થતી નથી. આ પાંચે જ્ઞાન—ઇન્દ્રિયોના વિષયો જે પ્રાકૃત છે તે જયારે નિવૃત્ત થાય, અથવા પાંચે વિષયો પ્રભુ સાથે જોડાઈ જાય ત્યારે વિષ નિવૃત્ત થાય, અને હૃદયમાં રહેલી ભકિત શુદ્ધ થાય,

ત્યારે ભકિતની વૃદ્ધિ થાય. અહી 'ભકિત' શબ્દનો અર્થ પ્રભુ પ્રત્યેનો પ્રેમ જાણવો.

ઇન્દ્રિયોના વિષયો :

'નેત્ર' ઇન્દ્રિય પ્રભુ સિવાય બીજું જોઈ ને સ્વાદને ગ્રહણ કરે છે. પ્રભુપ્રેમમાર્ગમાં નેત્રઇન્દ્રિયની વિમુખતાનો મહાન દોષ છે. એક રસિક કહે છે:

નેના તોહિ ન લાજ જગત–વિષય દેખ્યો કરે ।
ટૂટે પ્રેમકી પાજ યાહી તે કહેનો પરે ।।

પ્રિય સૌન્દર્યામૃતના પ્યાસા રસિકોને પોતાની નેત્રઇન્દ્રિયની વિમુખતા બહુ જ વ્યથા ઉત્પન્ન કરે છે. નેત્રમાં પ્રિયતમનું સ્વરૂપ જ વસી જવું જોઈએ. ત્યાં અન્યની સૂરત જોવાથી પ્રેમનો નિયમ–પાજ તૂટી જાય છે.

સુ. ૧૦–૩૨–૧૧ માં '**મીલિત દ્રશો ધૃત મૌનાઃ**' વાકય છે. તેનો અર્થ જે ભકતોની નેત્રઇન્દ્રિય પ્રિયતમના સ્વરૂપ સિવાય બીજું જોતી નથી, અને રસના–જીભ ઇન્દ્રિય પ્રિયતમના ગુણગાન સિવાય બીજું બોલતી નથી. તેવા પ્રેમીભકતો પ્રિયપ્રભુના ભજનમાં મુખ્ય–ઉત્તમ ગણાય છે.

'બાવરી વે અખિયાં જરિ જાઓ જો,
સાંવરો છાંડિ નિહારત ગોરો'

'કર્ણ' ઇન્દ્રિય પ્રભુના યશ સિવાય બીજું સાંભળીને સ્વાદ લે છે. 'રસના' ઇન્દ્રિય બીજું બોલીને અને છ પ્રકારના રસવાળા ભોજનનો તથા પારકાની નીદા કરવાનો સ્વાદ લે છે. 'નાસિકા' ઇન્દ્રિય બીજી સુગંધને ગ્રહણ કરીને સ્વાદ લે છે અને 'ત્વચા' ઇન્દ્રિય બીજા સ્પર્શનો સ્વાદ ગ્રહણ કરે છે. આ બધાય પ્રાકૃત સ્વાદો પ્રભુપ્રેમની ચાહના કરનારને વિષ જેવા લાગવા જોઈએ.

વિષયનું સ્થાનાંતર :

'નેત્રોથી' પોતાના પ્રિય પ્રભુના સ્વરૂપસૌન્દર્યને જ સર્વત્ર નિહાળવું જોઈએ. 'કર્ણ' ઇન્દ્રિયથી પોતાના પ્રિયતમની પ્રણયલીલાઓનું જ શ્રવણ કરવું જોઈએ. 'રસના' ઇન્દ્રિયથી પ્રિયતમના જ ગુણગાનથી સુધાનું અને આપને

ભોગ ધરેલા અધરામૃતનું જ સેવન કરવું જોઈએ. 'નાસિકા' થી પ્રભુને ધરેલી પ્રસાદીમાળાની સૌરભ લેવી જોઈએ, અથવા પ્રિય પ્રભુના સ્વરૂપમાં દિવ્ય સૌરભ રહેલી છે. આ સૌરભનો નાસિકા દ્વારા હૃદયમાં પ્રવેશ થતાં જ રસસ્વરૂપનો આવેશ થઈ જાય છે, અથવા આંતરરમણનો અનુભવ થાય છે. (આ કથનના પ્રમાણમાં જુઓ વિજ્ઞપ્તિ–૯–૧૦ માં) 'ત્વચા' ઈન્દ્રિય સ્પર્શ–ઈન્દ્રિય કહેવાય છે. તે સ્પર્શ–ઈન્દ્રિય સાથે પ્રિય પ્રભુના શ્રીઅંગની સૌરભતાભર્યા વાયુનો સ્પર્શ થતાં પ્રિયસંગમના ભાવોનો ઉદ્દબોધ થાય છે. મહાકષ્ટે જેને વશ કરી શકાય છે તેવા દુર્જય 'મનને' પોતાના પ્રેષ્ઠની અનેક દિવ્યલીલાઓની ભાવનામાં જોડી રાખવું જોઈએ. આ પ્રકારે આસુરધર્મ–વાળી ઈન્દ્રિયોને પ્રભુના સંબંધમાં જોડી રાખવાથી તેમાંથી પ્રાકૃત–લૌકિક વિષયરસ દૂર થઈને ઈન્દ્રિયો અલૌકિક બને છે ત્યારે ઈન્દ્રિયોરૂપી પાત્રમાં (હૃદયસ્થ આત્મારૂપી પ્રેમના સાગરમાંથી) દિવ્યપ્રેમ ભરાવા લાગે છે. ઈન્દ્રિયો, મન અને ચિત્તની વૃત્તિઓ એક સરિતા જેવી છે. આ વૃત્તિઓરૂપી સરિતાઓનું જોડાણ પ્રિયતમપ્રભુરૂપી દિવ્યપ્રેમના સાગર સાથે થવાથી, તે વૃત્તિઓરૂપી સરિતામાં પ્રેમનો પ્રવાહ નિરંતર વહન થઈને પ્રેમપથિકના જીવનને દિવ્યપ્રેમમય બનાવી દે છે.

'પરમાનંદ પ્રેમસાગરમેં પર્યો સો લીન ભયો'

લઘુરાસ પછી માન–મદના મિષથી પ્રિય પ્રભુ અંતર્હિત થઈ ગયા ત્યારે પ્રિયવિયોગમાં શ્રીગોપીજનોએ શ્રીયમુનાજીના પુલિનમાં આવીને રસભર્યું તાપાત્મક ગુણગાન કર્યું. આ સમયે તેમની ઈન્દ્રિયો સહિત મનચિત્તની સમસ્ત વૃત્તિઓ પ્રિયતમના સ્વરૂપ સાથે જોડાઈ ગઈ, તેથી પોતાનું અહં ભૂલી ગયા. પ્રિય પ્રભુ સાથે તદાત્મક થઈ ગયા. તે સમયે દિવ્યપ્રેમના સાગરરૂપ પ્રિય પ્રભુ પ્રગટ થઈ ગયા અને પોતાની અપરિચ્છિન્ન (વ્યાપક) સત્તા તથા પોતાના સદાનંદ–અગણિત–આનંદ–સ્વરૂપનું શ્રીગોપીજનોમાં સ્થાપન કર્યું. પશ્ચાદ મહારાસમાં તેમણે આ સ્વરૂપનો બહાર પ્રગટ અનુભવ કર્યો. તેથી પરમાનંદદાસજી કહે છે કે– **'પરમાનંદ પ્રેમસાગરમેં પર્યો સો લીન ભયો'**

દિવ્ય પ્રેમીઓનું જીવન :

દિવ્ય–પ્રેમ–પથિકને જીવન–મરણની પરવા હોતી નથી.

પૂરા પ્રેમ અનલ કૂદે, જે મન બેપરવાહ ।
જીવન મરન રુચે નહિ, નહિ સ્વર્ગકી ચાહ ॥

વ્રજરત્ના વ્રજનાથસું, કીનો સહજ સનેહ ।
ક્ષણુ મરનો ક્ષણુ જીવનો યેહી પ્રીતકો વેશ ॥

પ્રભુને સુખરૂપ બનવાની સ્થિતિ :

અહીં જીવનનો અર્થ ઇન્દ્રિયોથી જે લૌકિક વિષયરસ ભોગવાય છે, તેનાથી ભૌતિક પ્રાણોનું પોષણ થાય છે. આવા ભૌતિક જીવનની પ્રેમીજન પરવા કરતો નથી. વ્રજભકતોની ઇન્દ્રિયોના ભૌતિક વિષયો કાલિયાનાગના દમનથી દૂર કર્યા પછી પ્રાણાધ્યાસને દૂર કરવા પ્રભુએ દાવાનલનું પાન કર્યુ, એટલે કે ઇન્દ્રિયો અને પ્રાણના ભૌતિક વિષયોરૂપી અધ્યાસો દૂર કરીને, પ્રભુએ ભકતોની ઇન્દ્રિયોના વિષયો અલૌકિક–પોતાના સંબંધવાળા બનાવ્યા, તેથી અલૌકિક ભગવત–સંબંધી વિષયોથીજ ભકતોનું જીવન નભતું હોય છે. તેથી કહ્યું, પ્રેમીજનને જીવનની પરવા નથી. ભોજન–પાન તો દેહ રહે ત્યાં સુધી ચાલે જ છે. પરંતુ તેનો વિનિયોગ પ્રભુસેવા–ગુણગાન વિગેરેમાં થતો હોવાથી બાધક નથી.

અથવા સંસારી જીવો ખાવા–પીવામાં જ જીવન પૂરું કરે છે. તેઓ ખાવા–પીવા માટે જ જીવતા હોય છે.

''સુખિયો સબ સંસાર ખાવે અરુ સોવે ।
દુખિયો દાસ કબીર ગાવે અરુ રોવે ॥''
''તૂ સુખ સૂતી નીદ ભર જાગે તેરા પીવ ।
કયોં કર મિલના હોયગા જાગે નાંહી જીવ ॥''
''જાગી ચરનમેં લાગ સોહાગન સોવે તૂ મતિ ।''

તેવું પ્રેમીજનનું જીવન હોતું નથી. જેમ પતંગિયાની પ્રીતિ દીપકમાં

હોવાથી દીપકને જોતાં જ પોતાના જીવનની આહૂતિ આપી દે છે. પતંગિયું પોતાના પ્રિયમિલનમાં જીવનની પરવા કરતું નથી. તેમ દિવ્યપ્રેમને જાણી ચૂકેલા તત્સુખી પ્રેમીજન પ્રિય પ્રભુને સુખરૂપ બનવાની સ્થિતિને પ્રાપ્ત કરવા વિરહનો અનુભવ કરતા હોય છે. કારણ કે પ્રિયપ્રભુને સુખરૂપ સ્થિતિ તો આધિદૈવિક દેહની છે. આ આધિદૈવિક દેહ, સર્વ સુખોનો ત્યાગ કરી, વિરહના અનુભવ વિના પ્રાપ્ત થતો નથી, તેથી વિરહાગ્નિમાં પોતાના જીવનની આહુતિ આપતો હોય છે. પ્રિયપ્રભુને સુખરૂપ થવા પોતાના જીવનની પરવા કરતો નથી.

‘‘જીવન–મરણ’’ નું તથ્ય, ભૌતિક–આધ્યાત્મિક–આધિદૈવિક ત્રણે અવસ્થામાં સંગત થાય છે.

તત્સુખી પ્રેમીજનનું વલણ ચાતકની અનન્ય ટેકને જ અનુસરનારું હોય છે.

આ દોહામાં ચાતકની સાધનાનું મંગલાચરણ છે–

સબતેં મનજુ નિકાસિકે લિયો અનન્ય વ્રત એક ।
પ્રાણ જાઓ પ્રણ ન જાઓ, યહ ચાતકકી ટેક ।।

ઘન વરસનકી આશમેં, દીની દેહ ગિરાય ।
ચાતક ચિત્ત કૈસે ભરે અનત ન મન ઠહેરાય ।।
સુનો સખી ચાતક–કથા શ્રીવલ્લભ–પદ પાય ।
તન મન ધન સબ વારિકે ફિર દર્શનકી ચાય ।।
ઝુરિ ઝુરિકે પિંજર ભયે ગિરન લગી તન પાંખ ।
ચાતક નવઘન બૂંદકી નહિ છાંડત અભિલાખ ।।

(પંચામૃત)

રસિક કવિઓએ પ્રણયની સાધનામાં કમલ, કુરંગ, પતંગ, મીન, ચકોર, અને ચાતકના ઉદાહરણો આપ્યાં છે. આ સર્વ સાધકોમાં ચાતકની સાધના સર્વશ્રેષ્ઠ છે. ‘કમલની’ સૂર્યમાં પ્રીતિ છે પરંતુ સૂર્યનો સાક્ષાત સંબંધ તેને પ્રાપ્ત થઈ શકતો નથી. ‘હરણ’(કુરંગ) ને નાદમાં પ્રીતિ છે, પરંતુ પારધીના બાણથી પ્રાણ તજે છે. નાદનો નિરંતર અનુભવ થતો નથી. ‘પતંગ’ ને દીપકમાં પ્રીતિ

છે તેથી દીપકને જોતાં જ પોતાના દેહની આહુતિ આપી દે છે. દીપકનો બહાર સંયોગ પ્રાપ્ત થતો નથી. અથવા દીપકમાં સાયુજય પ્રાપ્ત કરે છે. ''મીન'' ની જલમાં પ્રીતિ છે, જલ વિના પ્રાણ તજે છે. જલનો તેને સદા સંયોગ પ્રાપ્ત થતો નથી. ''ચકોર'' ની ચન્દ્રમાં પ્રીતિ છે. જયારે ચન્દ્ર અસ્ત થાય છે ત્યારે વિયોગ–દુઃખ સહન નહિ થવાથી અંગારા ખાઈને દેહ તજે છે, પરંતુ ચાતકની આ સર્વથી નિરાળી સાધના વીરતા ભરેલી છે, તે નીચેના દોહાથી જાણી શકાય છે–

ઝુરિ ઝુરિ કે પિંજર ભયે ગિરન લગી તન પાંખ ।
ચાતક નવઘન બૂંદકી નહિં છાંડત અભિલાખ ।।

(પંચામૃત)

પ્રિય–મિલનની વિરહાગ્નિમાં ઝૂરિ ઝૂરિને તેનો દેહ હાડપિંજરવત બની ગયો છે. વિયોગની અસહ્ય વેદનાને સહન કરીને પ્રિયમિલનની આશામાં દેહને ટકાવી રહ્યો છે. તેથી ચાતકની સાધના વીરતાભરેલી, સર્વ પ્રણયસાધકોથી શિખરની માની શકાય છે.

ગોપીગીતના પહેલા શ્લોકમાં ત્વયિ ધૃતાસવઃ વાકયથી શ્રીગોપીજનો કહે છે કે હે પ્રિય ! અમે આપને માટે જ (આપની રસરૂપ તત્સુખાત્મક સેવા માટે જ) પ્રાણને ધારણ કરી રાખ્યા છે. જયારે અમને એમ જણાશે કે અમારા પ્રાણ આપના ઉપયોગના નથી, ત્યારે અમારા પ્રાણ અમારા માટે ધારણ કરેલા નહી હોવાથી, દેહમાં તેની સ્થિતિ રહી નહી શકે. વિરહની દુઃસહ દશામાં પણ પ્રાણને ધારણ કરી રાખનાર આશા, અમરવેલી જેવી બનીને વિરહીજનોના પ્રાણને ટકાવી રાખે છે. ચાતકની સાધના પણ પ્રિયને સુખદ બનવાની આશાભરી હોવાથી ''નહિં છાંડત અભિલાખ'' દુઃસહ વિરહને સહન કરીને પણ સુખદ બનવાની અભિલાષા તે છોડતો નથી.

ચાતકનું અનુસરણ :

પ્રિયપ્રભુ વ્રજ છોડીને મથુરા પધાર્યા ત્યારે શ્રીગોપીજનો વિરહનો જે અસહ્ય વ્યથાભર્યો અનુભવ કરી રહ્યાં છે તે ચાતકની સાધનાને જ અનુસરતો

છે તે નીચેના પદથી જણાય છે–

ઉધો યહ હિતુ લાગે કાહે ।
નિસિ–દિન નયન તપત દર્શનકો, તુમ જો કહત હૃદે માંહે ।। ૧ ।।

નીંદ ન પરત ચહુંદિશિ ચિતવત, વિરહ–અનલકે દાહે ।
ઉરતેં નિકસિ કરત ક્યોં ન શીતલ, જો પૈ કાન્હ યહાં હૈં ।। ૨ ।।

પા લાગોં ઐસેહિ રહન દે, અવધ આશ જલ થાહે ।
મતિ લે ડારિ નિર્ગુણ સિંધુમેં, ફિરિ ન પાઈ વો ચાહે ।। ૩ ।।

જાકો મન જાહિસોં લાગ્યો, તાસોં બને નિવાહે ।
“સૂર” કહાં લોં કરે પપીહા યેતે સર સરિતા હૈં ।। ૪ ।।

ભૌતિક મૃત્યુ :

હવે પ્રેમીજનને મરણની પરવા નથી તેમ પૂર્વમાં કહ્યું તેનો અર્થ ઇન્દ્રિયોના ભૌતિક વિષયોના ભોગમાં જે “અહં” રહી આવતું તે ઇન્દ્રિયો અને પ્રાણના ભૌતિક અધ્યાસોની નિવૃત્તિ, સાથે જ દૂર થઈ જાય છે. આ અહંને ભૂલી જવું તેનું નામ ભૌતિક મૃત્યુ છે. જેમ રાત્રિનો અંધકાર કોઈ પદાર્થ નથી કે કોઈ વ્યકિત નથી. દૈવીજીવને પોતાના અજર–અમર આત્માનુ જે અજ્ઞાન છે તેનું નામ જ મૃત્યુ છે. સૂર્યનો ઉદય થતાં અંધકાર ચાલ્યો જાય છે, તેમ દૈવીજીવને પોતાના અજર–અમર આત્મસ્વરૂપનું જ્ઞાન થતાં મૃત્યુ પણ ચાલ્યું જાય છે. આ આત્માનું અજ્ઞાન પ્રેમદેવ શ્રીવલ્લભભાનુનો હૃદયમાં ઉદય થવાથી જ દૂર થાય છે.

ભિદ્યતે હૃદયગ્રન્થિશ્છિદ્યન્તે સર્વ સંશયાઃ ।
ક્ષીયન્તે ચાસ્ય કર્માણિ મયિ દષ્ટે ખિલાત્મનિ ।। ૩ ।।
(ભા. ૧૧–૨ –૩)

પ્રેમીજન, પ્રભુપ્રેમની પ્રાપ્તિ માટે ભૌતિક જગતના વ્યવહારોને પણ છોડતો જ જાય છે. જગત–વ્યવહારમાં મારે આમ કરવું જ જોઈએ તેવા લોક–બંધનના ‘અહં’ ને પણ ભૂલતો જ જાય છે. કહેવાનો ભાવાર્થ એ છે કે પ્રભુસંબંધ

સિવાય અન્ય કાર્યોમાં અહંનું વિસ્મરણ તેનું નામ જ ભૌતિક મૃત્યુ.

પ્રેમ અને ત્યાગ :

પ્રેમપથિકને ત્યાગ–રૂપી અગ્નિના માર્ગે ચાલવાનું હોય છે. દિવ્યપ્રેમ અને ત્યાગ જુદી વસ્તુ નથી. જેમ મનુષ્યની છાયા મનુષ્ય સાથે જ ચાલતી હોય છે, તેમ દિવ્યપ્રેમમાં ત્યાગ વ્યાપ્ત રહે છે. આ દિવ્યપ્રેમનો એ સહજ સ્વભાવ છે કે પ્રિયતમના સ્વરૂપ સિવાય અન્ય સંબંધની ગંધને પણ રહેવા દેતો નથી.

રહન નાહિં દેત ઔર રસ યેહી પ્રેમકી ટેક ।
યાકો સહજ સ્વભાવ યહ કરત દોઉ તેં એક ।।

ઉપરોકત કથન મુજબ ત્યાગ તો પ્રેમીજનને વળગેલો જ રહે છે. પ્રેમીજનોએ પોતાનું સર્વસ્વ પ્રિયતમને સમર્પણ કરી પ્રિયપ્રભુના સૌન્દર્યામૃત–સુધાપાનથી જીવન નભાવવાનું હોય છે એટલે કે જગતના કામનો આ પ્રેમ–પથિક નહી, અને પ્રેમીજનના કામનું જગત નહી.

(૧) પ્રેમ–ગલી અતિ સાંકરી તામેં દો ન સમાહિં
(૨) મેં મેરો મન હરિસોં જોર્યો હરિસોં જોર સબનસોં તોર્યો
(૩) શ્રી મહાપ્રભુજી સુબોધિનીજી માં આજ્ઞા કરે છે કે
"સદાનંદનો ગ્રાહક આત્મા કયારેય સદાનંદને છોડી શકતો નથી"

(સુ. ૨–૮–૫×૬)

આમ પ્રેમીજનને નિરાળા માર્ગે ચાલવાનું હોય છે. આ દ્રશ્ય–જગતમાં, મુસાફર જેવું તેનું વલણ હોય છે. જગત અને પ્રભુ બંને સાથે ન રહી શકે. તેનું જવલંત ઉદાહરણ દિવ્ય–પ્રેમ–સાધનાની વિજયવંત શ્રીવ્રજલલનાઓ છે. તેથી કહ્યુંછે કે–"સંત્યજય સર્વ વિષયાન તવ પાદ–મૂલં–પ્રાપ્તા" । હે પ્રિય ! એકાદશ ઇન્દ્રિયોના વિષયોનો મૂળમાંથી ત્યાગ કરીને જ આપના ચરણ–મૂલમાં પહોંચ્યા છીએ. એમ શ્રીગોપીજનોએ પોતાના પ્રિયતમને નિવેદન કર્યુ છે. એકાદશ ઇન્દ્રિયોનો વિષય પ્રિયપ્રભુને બનાવ્યા પછી જ દિવ્યપ્રેમ–રાજય (વૃન્દાવન)માં

તેમનો પ્રવેશ થયો છે. હે પથિક ! આ પ્રેમ–દેવ પ્રભુ તો વૃન્દાવનના જ પુરંદર છે તે તો વૃન્દાવનમાં જ મળી શકે. વૃન્દાવનને છોડીને તેની અન્યત્ર ગતિ જ થતી નથી. (જુઓ વેણુગીતનો દશમો શ્લોક) કહેવાનો ભાવાર્થ એ છે કે પ્રભુ–પ્રેમની પ્રાપ્તિ લોક–વેદના ત્યાગ વગર થઈ શકતી નથી. કારણ કે પ્રિયપ્રભુ તો મહાન અલૌકિક છે, તે લૌકિક સંસાર–વિષયમાં રચ્યા પચ્યા રહેનારાને કેવી રીતે મળી શકે ?

અનન્યતાનું ચરમ શિખર :

પ્રેમી પરિચય ના કરે એક શ્યામ વિન અન્ય ।
જગમાં સૂતા–જાગતા પ્રભુમાં પ્રેમ અનન્ય ।।

દિવ્યપ્રેમ–પથિકોને પોતાના પ્રિય પ્રભુ વિના અન્યનો પરિચય અને સંબંધ પ્રભુ–પ્રેમ–પ્રાપ્તિમાં ઘાતક છે. જાગતા કે સૂતા સર્વત્ર સ્વરૂપ–લાવણ્યામૃત–સુધાની વર્ષા કરતો નીલમેઘ શ્યામ, પોતાનો પ્રિયતમ જ, દ્રષ્ટિગોચર રહે છે. આ રીતે સર્વત્ર પોતાના પ્રિયપ્રભુના સાકાર–સ્વરૂપને જ જોનારો પ્રેમીભકત પોતાનું વિશ્વ નિરાળું, પ્રિય–પ્રભુમય અને દિવ્ય વિશ્વના રૂપમાં પલટાવી દે છે. પ્રભુ–પ્રેમીજનોની અનન્યતાનું આ ચરમ શિખર છે. આવા પ્રકારની શ્રીગોપીજનોની સાધનાનું પદ મહાનુભવ શ્રીસૂરદાસજીનું નીચે મુજબ છે–

નાહીન રહ્યો મનમેં ઠોર ।
નંદનંદન બિન કાસુ કર આનિયે ચિત્ત ઔર ।। ૧ ।।

ચલત ચિતવત દ્યોસ જાગત, સ્વપ્ન સોવત રાત ।
હૃદયતેં યહ મદન–મૂરતિ, છિન ન ઇત ઉત જાત ।। ૨ ।।

કહત કથા અનેક ઉધો, લોભ લાખ દિખાય ।
કહા કરે ઘટ પ્રેમ–પૂરન, સિન્ધુ નાહિ સમાય ।। ૩ ।।

શ્યામ–ગાત સરોજ–આનન, લલિત–ગતિ મૃદુ–હાસ ।
'સૂર' ઐસે દરસકો યહ, મરત લોચન પ્યાસ ।। ૪ ।।

જાગતા–સૂતા અને સ્વપ્નમાં એમ ત્રણે અવસ્થામાં પ્રિયતમનું સ્વરૂપ ક્ષણ

એક ન્યારું થતું નથી. અખંડ પ્રિયતમના સૌન્દર્ય—લાવણ્ય—માધુર્ય—સુધાનું પાન શ્રીગોપીજનોના નેત્રો કરતાં જ રહે છે. છતાં સુધા—માધુર્ય—પાનની પ્યાસ બુઝાતી જ નથી. તેથી આ દિવ્યપ્રેમ અનંત સૌન્દર્ય, અને અનંત—સીમારહિત મધુર પ્યાસથી ભરેલો છે.

ચાર પ્રકારનાં વરણ :

પુષ્ટિ—ભકતોના ચાર પ્રકારનાં વરણ—અધિકાર છે. (૧) શુદ્ધ પુષ્ટિ, (૨) પુષ્ટિ—પુષ્ટિ, (૩) પુષ્ટિમર્યાદા અને (૪) પુષ્ટિપ્રવાહ. આ ચાર પૈકી શુદ્ધપુષ્ટિ ભકતો જ પ્રિયતમમય નિરાળું વિશ્વ બનાવવાને સમર્થ છે. તેના વિશ્વમાં પ્રિયતમના સ્વરૂપ-સિવાય બીજું કંઈ જ નથી. આ ભકતોને તો સમાનશીલના સંગની પણ અપેક્ષા હોતી નથી. જો સમાનશીલના સંગની અપેક્ષા રહે તો તેને 'શુદ્ધપુષ્ટિ' કહી શકાય નહી, તેથી જ આ વરણના ભકતોને 'દુર્લભ' કહ્યા છે. વિરહની કાષ્ઠાપન્ન દશા ભોગવી લીધા પછી આ દુર્લભ અધિકાર પ્રાપ્ત થાય છે. શુદ્ધપુષ્ટિ—પ્રેમીભકતના વિશ્વમાં માત્ર પ્રિયતમનું જ સ્વરૂપ રહેલું છે. તેનું પ્રમાણ ગાયત્રી ભાષ્યમાં—**'અત્ર કૃષ્ણસ્વરૂપમાત્રકં વિજ્ઞેયં'** (શ્રીગોકુલેશ પ્રભુ)

પ્રભુપ્રેમની બે અવસ્થા :

પ્રભુપ્રેમની બે અવસ્થા છે. એક સાધનરૂપ, બીજી ફલરૂપ, સાધન દશામાં દેહ—ઇન્દ્રિયો—અંતઃકરણમાં ભૌતિક અધ્યાસો રહેલા હોવાથી ભૌતિક જગત સાથે સંબંધ રહે છે. આ દશામાં પ્રભુપ્રેમના સાધકે સેવા—સ્મરણ ગુણગાન—ધ્યાન વિગેરે અલૌકિક સાધનો દ્વારા પોતાના હૃદયમાં રહેલી, અનેક જન્મોની એકઠી થયેલી ભૌતિક પ્રપંચરૂપ ભાવ—સૃષ્ટિને દગ્ધ કરતા રહેવાનુ હોય છે. તેમજ ભૌતિક—દેહ—સંબંધી, આધ્યાત્મિક—ઇન્દ્રિયો—પ્રાણ અને અંતઃકરણ સંબંધી, તેમજ આધિદૈવિક—પ્રિયપ્રભુના વિયોગ સંબંધી, આમ ત્રણે પ્રકારના દુઃખોને સહન કરીને પ્રભુની સન્મુખતા સાધવાની હોય છે. આ પ્રકારે સન્મુખ રહેવાથી હૃદયમાં જે ભૌતિક—આધ્યાત્મિક અવિદ્યાજનિત પ્રપંચ રહેલો છે તેની નિવૃત્તિ થઈ જાય છે. પછી હૃદય શુદ્ધ થતાં પ્રેમદેવ પ્રભુનો હૃદયમાં આવિર્ભાવ થાય છે.

હ્રદયમાં પ્રભુ માટેનો દિવ્યપ્રેમ પ્રગટ થઈ જાય છે. આ અંકુરિત થયેલો પ્રેમ દિવ્ય હોવાથી ઇન્દ્રિયો સહિત દુર્જય મનને પોતાનામાં પરવશ બનાવી દે છે. તેથી કહ્યું છે કે–

મન પંખી તબ લગ ઉડે વિષય–વાસના માંહી ।
પ્રેમ બાજકી ઝપટમેં જબ લગ આયો નાહીં ।।

દિવ્યપ્રેમ ઉત્પન્ન થતાં જ, વાયુથી પણ અધિક ગતિ કરનારા મનને, પોતાની ઝપટમાં–મધુર સ્વાદમાં પરવશ બનાવી દે છે. મનની સૂક્ષ્મ ગતિ કેવી પ્રબળ છે તે એક દ્રષ્ટાંતથી વિચારીએ. અમેરિકા કે અન્ય વિદેશમાં ગયેલો ભારતીય ત્યાંનો વૈભવ જોઈ ને ભારતમાં આવ્યા પછી પોતાના ઘરમાં બેસી વિદેશના જોયેલા વૈભવને યાદ કરશે તો તે જ સમયે તેનું મન જોયેલા વૈભવના સ્થાને પહોંચી જશે. મનને ત્યાં પહોંચવામાં ક્ષણની વાર ન લાગી. આવા પ્રબળ વેગવાળા મનને દિવ્યપ્રેમ પોતાનામાં બાંધી લે છે. તેવો દિવ્યપ્રેમનો પ્રભાવ છે. હિલગના પદોમાં આ દિવ્યપ્રેમના પ્રભાવનું અષ્ટસખાદિ મહાનુભાવોએ વર્ણન કરેલું છે તે પદો અવલોકવા. મનને જો પ્રભુનાં લીલાચરિત્રમાં જોડી દેવાય તો તેની સૂક્ષ્મ ગતિથી લીલાસ્થાનોમાં પણ પ્રવેશ કરી પ્રભુની લીલાનો સાક્ષાત અનુભવ પણ કરી શકે છે. આવો અનુભવ મન જયારે પ્રાકૃત પ્રપંચથી નિરાવરણ થયું હોય છે ત્યારે જ થઈ શકે છે. જેમ નિર્મળ જળાશયોમાં આકાશ–મંડળનું તારાગણો અને ચંદ્રમાં સહિત પ્રતિબિમ્બ દેખાય છે, તેમ પ્રાકૃત પ્રપંચથી નિરાવરણ બનેલા અંતઃકરણ (હ્રદય)માં લીલાસ્થાન સહિત પ્રભુની લીલાઓનું ચિંતન કરવાથી અનુભવ થાય છે.

દિવ્યપ્રેમની પ્રાપ્તિ :

અહીં એક બાબત દિવ્યપ્રેમના ચાહકોએ ધ્યાનમાં રાખવા જેવી છે કે દિવ્યપ્રેમ પ્રાણનું કર્ષણ કરનારો છે. અથવા પ્રાણની ન્યોછાવરી પ્રિયપ્રભુમાં કરી દેવાથી જ દિવ્યપ્રેમ પ્રાપ્ત થાય છે.

(૧) ચલ સખી ચલ અહો વ્રજ પેંઠ લગી જહાં બિકાત હરિ પ્રેમ ।
સુંઠ સોંઘો પ્રાણનકે પલટે ઉલટ ઘરો યહ નેમ ।।
(શ્રીરામદાસજી)

(૨) હિલગ પેંઠમેં સબૈ બિકાની તબ ત્રિભંગી વર પાયો ।।

(શ્રીપદ્મનાભદાસજી)

ઇન્દ્રિયો મનને આધીન છે, અને મન પ્રાણને આધીન છે. આ પ્રાણનું સમર્પણ પ્રિયપ્રભુમાં થઈ જાય છે ત્યારે પ્રાણરૂપ પ્રભુ અથવા જીવનરૂપ આ દિવ્યપ્રેમ જ બને છે. જે પ્રેમ આ રીતે પ્રાણનું હરણ ન કરે તેને દિવ્ય માનવાની ભૂલ ન કરવી, કારણ કે દુર્જય મનને વશ કરવાનું સામર્થ્ય દિવ્યપ્રેમમાં જ રહેલું છે, નહિ કે માનવીપ્રેમમાં. માનુષી પ્રેમ મોહકતા ભરેલો છે. તેથી જ શ્રીદયારામભાઈ એ ચેતવણી આપી છે–

''જીવ જાણી લે પ્રીત જગદીશ વિના નહી સારી''

દિવ્યપ્રેમ તે પ્રેમદેવ પ્રભુનો અસાધારણ દિવ્ય ગુણ છે. તે પૂર્ણપણે પ્રભુમાં જ રહેલો હોય છે. તેથી પ્રભુ જ પ્રેમના સંબંધમાં પ્રેમીજનનો નિભાવ કરી શકે છે. પ્રાકૃત માનવીપ્રેમીઓમાં પ્રેમનો માત્ર આભાસ જ રહેલો હોય છે, અને તે પણ નિરાનંદ જીવોના સંબંધવાળો હોય છે. પ્રાકૃત પ્રેમીઓમાં લયલા–મજનૂનું સ્થાન ઊંચું છે, પરંતુ તેઓનો પ્રેમ નિરાનંદ જીવના સંબંધવાળો હોવાથી તેને દિવ્યપ્રેમની ઉપમા આપી ન શકાય. જો કે લયલા–મજનૂનો પ્રેમ શુદ્ધ છે. એકબીજાના દિલ એકબીજામાં વેચાઈ ગયા છે, લયલા–મજનૂ સિવાય બીજું કંઈ જાણતી નથી તેમ મજનૂ લયલા વિના બીજું કંઈ જાણતો નથી. આટલી ઊંચી કક્ષાએ પહોંચેલા હોવા છતાં તેઓનો પ્રેમ નિરાનંદ જીવના સંબંધવાળો હોવાથી તેને દિવ્યપ્રભુના સંબંધવાળો પ્રેમ કહી શકાતો નથી અથવા તેને દિવ્યપ્રેમ ની ઉપમા આપી ન શકાય. લીલાધામથી વિછુરેલા દૈવી જીવાત્માઓ તો પ્રભુને જ પોતાના પ્રેમનું પાત્ર બનાવે છે. નિરાનંદ જીવો સાથે તેનો પ્રેમ થતો નથી. તેમ જ દિવ્યપ્રેમ પુષ્ટિદૈવીજીવોમાં જ પ્રગટ થાય છે. આ પ્રેમના અધિકારી લીલાધામથી વિછુરેલા દૈવીજીવો જ છે. અન્ય નહી, તેમ નિશ્ચય સમજવું. ચોર્યાસી બસોબાવન ભગવદીયો અને શ્રીગોપીજનો આના દ્રષ્ટાંતરૂપ છે. પ્રેમદીવાના રસખાનજીનો પ્રેમ એક વણિકના પુત્રમાં હતો. ભગવદઇચ્છાથી તેમને વૈષ્ણવોનો મિલાપ થયો. વૈષ્ણવોએ શ્રીજીનું સ્વરૂપ રસખાનજીને બતાવ્યું.

શ્રીજીના સ્વરૂપની મનોહરતાનાં દર્શન કરતાં જ વણિકના પુત્રમાંથી પ્રેમ નીકળી ગયો, અને શ્રીજીમાં લાગી ગયો. શ્રીજીનાં દર્શન કરતાં જ રસખાનજી પરવશ બની ગયા તેનું કારણ રસિકો સૌન્દર્યના ચાહક, સૌન્દર્યામૃતના જ પ્યાસા હોય છે. રસિકોની આ જ પહેચાન.

પ્રેમ–આસકિત–વ્યસન–ફલ :

દિવ્ય પ્રભુસંબંધી પ્રેમ જ, અનેક જન્મોના એકઠા થયેલા પ્રાકૃત પ્રપંચને દગ્ધ કરીને, અથવા પ્રાકૃતપ્રપંચને ભુલાવીને પોતાનામાં દુર્જય મનનો નિરોધ કરે છે. વળી આ દિવ્યપ્રેમમાં અલૌકિક અગ્નિ વ્યાપ્ત રહેતો હોય છે તેથી પ્રેમીજનને અન્યત્ર સ્વસ્થ થવા દેતો નથી. તેથી સેવા–સ્મરણ વિગેરે અલૌકિક સાધનો કર્યા વગર પોતાના જીવનને ટકાવી શકતો નથી. ઉપરોકત સાધનોમાં પ્રભુના રસાત્મક ધર્મો રહેલા હોવાથી તેના જીવનને ટકાવી રાખે છે. એટલે કે અલૌકિક પ્રભુસંબંધી જીવનનો નિર્વાહ અલૌકિક સાધનો દ્વારા જ થાય છે.

અલૌકિક બધા સાધનોમાં પણ રસિકનું સાધન પ્રિયતમના સ્વરૂપનું ધ્યાન છે. કારણ કે રસિકો રૂપના પ્યાસા હોય છે. પ્રિયપ્રભુનું વ્રજમાં પ્રાગટય થયા પહેલાં, શ્રીગોપીજનોએ સાધનામાં પ્રિયતમના સ્વરૂપનું સતત ધ્યાન જ કર્યુ છે. આ ગોપીજનો શ્રુતિઓ છે. રસાત્મક સ્વરૂપને જાણનારી અને રસાત્મક સ્વરૂપનું ગાન કરનારી છે, તેથી તેનામાં રસિકતા સહજ જ હોવાથી પ્રિયપ્રાપ્તિની સાધનામાં તેમણે પ્રિયપ્રભુના સ્વરૂપનું સતત એક કલ્પ પર્યંત ધ્યાન જ કર્યુ છે.

આવા અલૌકિક રસયુકત–પ્રેમયુકત સાધનોથી અંકુરિત થયેલા પ્રેમનું નિરંતર પોષણ થતું હોવાથી, આ પ્રેમ, આસકિતનું સ્વરૂપ ધારણ કરે છે, ત્યારે જગત–પ્રપંચ ભુલાતો જાય છે, અને અલૌકિક લીલાપ્રપંચમાં તેની સ્થિતિ થાય છે. આ સ્થિતિએ પહોચેલા પ્રેમીભકતને પોતાના પ્રિયપ્રભુ વિનાના દેહના સંબંધમાં, આ મારા આત્માના સંબંધી નથી, તેવો વૈરાગ્યભાવ પ્રગટ થઈ જાય છે, અને નિરંતર પ્રિયપ્રભુમાં મન લાગેલું રહે છે. આ સમયે ઘણા કાળથી જેનો

વિયોગ થયો છે તેવા પોતાના પ્રિયતમ પ્રભુને ભેટવા માટે, અથવા સાક્ષાત સંબંધ માટેની તીવ્ર વેદના જાગૃત થઈ જાય છે. આવી સ્થિતિથી પ્રભુપ્રેમની ત્રીજી શ્રેણી વ્યસનભાવમાં પ્રવેશ થાય છે. આ સ્થિતિમાં નિરંતર પ્રિયપ્રભુના માનસી–ભાવાત્મક સ્વરૂપનું ધ્યાન થતું હોય છે–ભાવાત્મક સ્વરૂપ તેને દ્રષ્ટિગોચર થતું રહે છે.

ચલત ચિતવત ઘોસ જાગત સ્વપ્ન સોવત રાત ।
હૃદયતેં યહ મદન–મૂરતિ છિન ન ઇત ઉત જાત ।।

ઉપરોકત કથન મુજબ માનસી–સ્વરૂપના ધ્યાનથી–અથવા માનસી–ભાવાત્મક સ્વરૂપના અવલંબનથી તેનું દિવ્યજીવન ટકતું હોય છે. તેમ છતાં પ્રિયના સાક્ષાત સંબંધ માટેનો પ્રચુર તાપ–કલેશ તેને વિકલ અને અસ્વસ્થ બનાવતો હોય છે. દિવ્યપ્રેમના શિખરે લઈ જનારી આ વિકલતા અને અસ્વસ્થતા પ્રિયતમની મહાન ભુજારૂપ બનીને સર્વત્ર દુઃસંગથી રક્ષણ કરતી હોય છે. (વિશુદ્ધ દિવ્યપ્રેમમાં પ્રિયતમના સાક્ષાત સ્વરૂપ સિવાય લૌકિક–અલૌકિક સર્વ દુઃસંગરૂપ અથવા પાપરૂપ જ મનાય છે. આ કથનની પુષ્ટિમાં જુઓ શ્રીમત્પ્રભુ ચરણકૃત ન્યાસાદેશ શ્લોક ઉપરની ટીકા) આસકિત પછી વ્યસન અવસ્થાનો પ્રારંભ થતાં જ, વિકલતા અને અસ્વસ્થતાનો ઉદય થઈ જાય છે. આ ઉભય અવસ્થાએ જ 'શુદ્ધાપ્રેમ્ણાતિ દુર્લભા' નો અધિકાર પ્રાપ્ત કરી શકે છે; અથવા આ દુર્લભ અધિકારને પ્રાપ્ત કરવાનું સાધન વ્યસનભાવ જ છે. વ્યસનભાવમાં તેની એક એક ક્ષણ, વિપ્ર–વિયોગે સતયુગ જેવી જતી હોય છે ત્યારે પ્રિયપ્રભુને સર્વત્ર નિહાળતો આ પ્રેમીભકત પ્રિયસ્વરૂપના સતત માનસી–ભાવાત્મક સ્વરૂપના ધ્યાનથી તદાત્મક થઈ જાય છે. જેમ કીડો ભ્રમરીના ધ્યાનથી ભ્રમરીરૂપ બની જાય છે તેમ પ્રિયપ્રભુની પ્રાપ્તિમાં, પ્રિયસ્વરૂપના ધ્યાન સમાન બીજું કોઈ પ્રબળ સર્વોત્કૃષ્ટ સાધન નથી. ભા. ૧૧–૧૪ માં ઉદ્ધવજીએ પ્રભુને પ્રશ્ન કર્યો છે, હે મેરે સ્વામી ! બ્રહ્મવાદી મહાત્માઓએ આપની પ્રાપ્તિના અનેક સાધનો બતાવ્યાં છે. આપના મનમાં ઉત્તમ સાધન શું છે? પ્રભુ જવાબ આપે છે ..... 'મારા સ્વરૂપનું ધ્યાન જ ઉત્તમ

સાધન છે' । નિરોધલક્ષણમાં શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે, 'હરિમૂર્તિ સદા ધ્યેયા સંકલ્પાદપિતત્રહિ' ધ્યાન દ્વારા પ્રભુની પ્રાપ્તિમાં પ્રભુનું સ્વરૂપ જ સાધનરૂપ થાય છે અને પ્રમેય–બલ સ્વરૂપમાં જ રહેલું છે. તેથી ધ્યાન જેવું પ્રેમ–પંથમાં બીજું પ્રબળ સાધન નથી. આ છે પ્રભુપ્રેમની સર્વોત્કૃષ્ટ ફલદશા.

(૧) ઘનહી જીવનપ્રાન ઘનસોં પ્રીત ઘન પતિવર ।
ઘનકો સુમિરન ધ્યાન ઘન ઘન રટતે ઘન ભયે ॥
(પંચામૃત)

(૨) સ્યામ સ્યામ રટત સ્યામા સ્યામ ભઈ ।
સ્યામ પૂછત અપની સખીસોં સ્યામા કહાં ગઈ ॥
(પંચમંજરી)

અલૌકિક સામર્થ્ય :

આ તદાત્મક અવસ્થાએ પ્રેમીજનનું વિશ્વ પ્રભુમય બની ગયું હોય છે, અથવા આ સાધકે દિવ્યપ્રેમરાજયપર વિજય મેળવી લીધો છે. પોતે જ પ્રિયમય વિશ્વની રચના કરતો આ વિશ્વનો પોતે જ શાસક થઈ ગયો છે. આ કથન પ્રમેય–જગતમાં જે ભાગ્યવાનો વિચરે છે તેને અસંભાવના ઉત્પન્ન નહી કરે. પ્રમાણવાદીઓને અસંભાવના થવા સંભવ છે. તેના સમાધાન માટે કહેવામાં આવે છે કે આ સાધકે આવું સામર્થ્ય પ્રિયપ્રભુ સાથે તદાત્મક થવાથી પ્રાપ્ત કરેલ છે. પ્રિયપ્રભુના અચિન્ત્ય ઐશ્વર્યને, તદાત્મક બનવાથી પ્રાપ્ત કર્યુ છે તેથી નિરાળા પ્રિયમય વિશ્વની રચના કરી શકે છે. આનું નામ જ 'સેવાફલ' માં કહેલું અલૌકિક સામર્થ્ય, અથવા સ્વતંત્ર–સ્વાધીન ભકિત.

અક્ષરાત્મક ભગવાનના અંશરૂપ બ્રહ્માજી જો ભૌતિક બ્રહ્મમય સૃષ્ટિનું સર્જન કરવા સમર્થ છે, તો પછી અક્ષરથી શ્રેષ્ઠ પુષ્ટિપૂર્ણ પુરુષોત્તમના સ્વરૂપ સાથે તદાત્મકતા પ્રાપ્ત કરીને જેણે પુષ્ટિપ્રભુના સંપૂર્ણ ઐશ્વર્યને પોતાનામાં ધારણ કરેલું છે તેવા પ્રેમીભકતો આધિદૈવિક વિશ્વનું અથવા પ્રિયપ્રભુમય વિશ્વનું સર્જન કરી શકે તેમાં શું આશ્ચર્ય? આ કથનના પ્રમાણમાં સુ. ૩–૯–૪૩

માં આપશ્રી વલ્લભ આજ્ઞા કરે છે કે– 'જેમ બ્રહ્માજી સૃષ્ટિ–સર્જન કરે છે તેમ ભગવદીયોએ પણ કરવું.'

સ્વકીયોના હિતકૃતસ્વામી સુ. ૨–૯–૧૯ માં આજ્ઞા કરે છે કે– 'આ જ આ ભક્તિશાસ્ત્રનો મુખ્ય સિદ્ધાંત છે કે જે મોટા પ્રયત્નથી ભગવાનનું કર્તવ્ય કરે તે મુખ્ય ગણાય. જે ભગવાનની સેવા કરે તે મધ્યમ ગણાય. અને જે સ્વાર્થ માટે સેવા કરે તે અધમ ગણાય.' અહીં 'મોટો પ્રયત્ન' એટલે વિપ્રયોગરૂપી તપમાં અસહ્ય કષ્ટને સહન કરી સૃષ્ટિ–સર્જનનું અલૌકિક સામર્થ્ય પ્રાપ્ત કરવું તે છે અને 'ભગવાનનું કર્તવ્ય' એટલે ભગવાન જેમ પોતાની ક્રીડા માટે સૃષ્ટિનું સર્જન કરે છે, તેમ ભગવાનના સામર્થ્યને મેળવી સૃષ્ટિનું સર્જન કરવું. બ્રહ્માજીએ કઠીન તપસ્યાથી આ સામર્થ્ય પ્રાપ્ત કર્યું છે.

શ્રીહરિરાયપ્રભુ સુ. ૧૦–૪૩–૪માં આજ્ઞા કરે છે કે પ્રભુના પણ આત્મારૂપ શ્રીસ્વામિનીજીઓની જ આ પ્રમેયમાર્ગમાં મુખ્યતા–વિશેષતા રહેલી છે, અથવા પ્રમેયબલ શ્રીસ્વામિનીજીઓમાં જ રહેલું છે. આ પ્રમેયબલમાં સર્વભવન–સામર્થ્ય, અથવા સૃષ્ટિસર્જનનું સામર્થ્ય અને કર્તુ–અકર્તુ–અન્યથાકર્તુમ ઐશ્વર્ય રહેલું હોય છે. આ કથનને વિશેષ પુષ્ટ કરવા માટે ગાયત્રીભાષ્ય ઉપરની શ્રીગોકુલેશપ્રભુકૃત સ્વતંત્ર ટીકા અવલોકવી.

પુષ્ટિ–રતિ–પથના દૈવી જીવોને આવો મહાન પુરુષાર્થ કે જે અચિન્ત્ય ઐશ્વર્યવાળા પ્રભુને સ્વાધીન કરી રાખે, તે પુષ્ટિમાર્ગના અધિષ્ઠાતા શ્રીવલ્લભાગ્નિની અતિશય કૃપાથી જ પ્રાપ્ત થાય છે. અન્ય ભક્તિમાર્ગના કોઈપણ આચાર્યો પોતાના સેવકોને આવો 'પુરુષાર્થ' પ્રાપ્ત કરાવવા સમર્થ નથી. તેથી જ શ્રીમત્પ્રભુચરણ સપ્તશ્લોકીમાં આજ્ઞા કરે છે કે–શ્રીવલ્લભાધીશ સમાન કોઈ આચાર્ય થયેલ નથી. વર્તમાનમાં છે નહીં અને ભવિષ્યમાં થશે નહીં.' પોતાના અંગીકૃત પ્રેમીજનોના આવા પરમ સર્વોત્કૃષ્ટ પુરુષાર્થને સિદ્ધ કરાવનારા રમણીય વિશેષણથી ભરેલા શ્રીસર્વોત્તમજીમાં આપશ્રીનાં નામો–અંગીકૃત્યૈવગોપીશ વલ્લભીકૃત માનવઃ । મહાકારુણિકઃ । વિભુઃ । અદેયદાન

દક્ષશ્ચ । મહોદારચરિત્રવાન । સર્વશકિતધૃક । અને 'ઉગ્રપ્રતાપઃ' આદિ બિરાજી રહ્યાં છે.

પુષ્ટિપ્રભુના રસાત્મક લીલાજગતમાં વેદોની પણ ગમ્ય નથી. તેથી 'નેતિ નેતિ' કહીને વિરામને પ્રાપ્ત થઈ ગયા છે. આપશ્રીનું 'વેદપારગઃ' નામ ઉકત કથનને પુષ્ટ કરે છે. પુષ્ટિમાર્ગીય પ્રેમીઓની સ્વતંત્ર દુનિયામાં બ્રહ્માજી જેવા પ્રવીણ કવિઓની કલ્પનાનાં કિરણો પ્રવેશી શકતાં નથી. તેનું પ્રમાણ સુ. યુગલગીતના શ્લોક ૧૪–૧૫માં પ્રાપ્ત થાય છે. આવી અદ્દભુત–અગોચર આ દુનિયાનો અનુભવ પ્રેમીજન પોતે જ કરી શકે છે.

પ્રસંગવશાત પ્રભુપ્રેમની સાધના અને ફલદશાને કહીને હવે ચાલુ વિષય, જે પ્રેમપ્રાપ્તિમાં બાધક તત્વ છે તેને કહેવામાં આવે છે. પહેલાં ઈન્દ્રિયોના લેવાતા 'સ્વાદ' રૂપી બાધક તત્વનું વર્ણન કર્યું. હવે બીજું બાધક તત્વ 'વિવાદ' છે તેને કહેવામાં આવે છે.

કાચું જ્ઞાન અને વિવાદ :

વિવાદ–અનેક પ્રકારના આ વિવાદો થતાં હોય છે. લૌકિક ગૃહસ્થી જીવનમાં નહિ ગમતી બાબતમાં વાદ–વિવાદ થયા કરે છે અને આધ્યાત્મિક ધાર્મિક જીવનમાં પણ સંપ્રદાયનું કાચું જ્ઞાન મેળવવાથી વાદ–વિવાદ થતાં હોય છે. કાચું જ્ઞાન એટલે અખંડ બ્રહ્મવાદની ભાવના ન રહે, તે કાચું જ્ઞાન કહેવાય, અથવા આ જગત પ્રભુએ પોતાની ક્રીડા માટે બનાવ્યું છે, રૂપ–નામના ભેદથી, અને ઊંચ–નીચ ભાવથી સર્વત્ર પ્રભુની જ લીલા થઈ રહી છે, આવી દ્રષ્ટિ ન રહે તેનું નામ કાચું જ્ઞાન, અથવા મારી સમજ સાચી બીજાની ખોટી, આવા પ્રકારના જ્ઞાનથી ખંડન–મંડન થયા જ કરે છે. ખરી રીતે આવી સમજને માયાવાદ જ કહેવાય છે. અધૂરા જ્ઞાનીઓ આવા માયાવાદના ભ્રમમાંથી નિવૃત્ત થઈ શકતા જ નથી. વાચિક અને માનસિક અનેક પ્રકારના વાદ–વિવાદ અધૂરા જ્ઞાનીઓમાં થતા જ રહે છે. તેથી મનને નિવૃત્તિ મળતી નથી. અધવચલું કાચું જ્ઞાન ફાટેલા દૂધ સમાન છે, તેનું મહાનુભાવોએ આ રીતે વર્ણન કરેલું છે–

કે સમજયો પૂરો ભલો કે સમજયો નહીં જાન।
અધવચલો સમજયો બૂરો ફાટે દૂધ સમાન॥
(પંચામૃત)

પૂરી સમજ શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદરૂપ છે. આ અખંડ જગત શ્રીકૃષ્ણરૂપ છે. તેની જ સર્વત્ર લીલા છે. આમ સર્વત્ર ઊંચનીચમાં પ્રભુની જ લીલાને જોનારો અને સમજનારો પૂરો જ્ઞાની કહેવાય છે. હવે 'કે સમજયો નહીં જાન' આવો જન મુગ્ધ હોય છે. તે દૈવી જીવ હોવાથી પ્રભુએ તેનો પુષ્ટિ–ભકિત–મારગમાં અંગીકાર કરેલો છે, તેથી તેનામાં ભકિતભાવ પ્રગટ થયેલો હોય છે. વળી તે મુગ્ધ હોવાથી ખંડન–મંડનનું જ્ઞાન તેનામાં હોતું નથી. તેથી જગતમાં નિર્દોષ દ્રષ્ટિ રહે છે. તેથી આવો મુગ્ધજન ભલો–ઉત્તમ છે. કારણ કે જેની જગતમાં નિર્દોષ દ્રષ્ટિ હોય છે તેની ઉપર જ પ્રભુની પ્રસન્નતા રહે છે. પરંતુ માર્ગનું જ્ઞાન મેળવી ખંડન–મંડન કરવા લાગી જાય તો છિદ્રવૃત્તિના કારણે પ્રભુમય જગતમાં દોષ–દ્રષ્ટિ દૂર થતી નથી.... તેથી આવી સમજવાળાઓને ફાટેલા દૂધની ઉપમા આપેલી છે.

કાચું જ્ઞાન દુઃસંગરૂપ :

ફાટેલા દૂધનો જેમ ઉપયોગ થતો નથી તેમ કાચું જ્ઞાન પ્રેમદેવ પ્રભુને પ્રાપ્ત કરાવી શકતું નથી. કારણ કે દોષદ્રષ્ટિવાળું જ્ઞાન હૃદયને કઠોર બનાવે છે. તેવા હૃદયમાં અતિ–મૃદુલ–પ્રેમસ્વરૂપ પ્રભુ કેમ રહી શકે ? ભાવ અને અભાવ સાથે ન રહી શકે. ખંડન–મંડનવાળું જ્ઞાન ભલે સાગર જેવું મેળવેલું હોય પરંતુ તેમાં ક્ષાર–જલનો પ્રવાહ વહેતો હોવાથી પ્રભુ પ્રેમદિવાનાની પ્યાસ બુઝાવી ન શકે. માયાવાદી શંકરાચાર્યે માયાવાદી જ્ઞાનથી જગતને મિથ્યા માનીને જ્ઞાનસ્વરૂપ પરબ્રહ્મની સત્યતાના ઉપદેશથી જગતગુરુની ખ્યાતિ મેળવી.

અહીં આ રહસ્ય વિચારવા જેવું છે કે માયાવાદીઓ જ્ઞાનરૂપ પરબ્રહ્મને મુખ્ય માને છે. આનંદરૂપ પરબ્રહ્મને સ્વીકારતા નથી. પરંતુ જ્ઞાનરૂપ પરબ્રહ્મનું

જ્ઞાન ઉત્સાહ વિના ધારણ કરી શકાતું નથી અને ઉત્સાહ એ આનંદરૂપ પરબ્રહ્મનો જ ધર્મ છે. એટલે જ્ઞાનમાં પણ આનંદ–પ્રેમરૂપ પરબ્રહ્મની સત્તા વ્યાપ્ત રહેલી છે જ. આનંદરૂપ બ્રહ્મની સત્તાથી જ સ્થાવર–જંગમ પ્રાણીઓ જીવન નભાવી રહ્યા છે. જ્ઞાનરૂપ બ્રહ્મની સત્તા જો માનીએ તો પશુ–પક્ષી જલચર પ્રાણીઓમાં જ્ઞાન ન હોવાથી જીવી જ ન શકે. આનંદરૂપ પરબ્રહ્મની ચૈતન્યશકિતથી, જ્ઞાન રહિત પ્રાણીઓ જીવન નભાવી રહ્યા છે. આથી આનંદરૂપ પરબ્રહ્મની જ સર્વત્ર સત્તા વ્યાપ્ત છે. આથી એ સિદ્ધ થાય છે કે–પ્રેમ–આનંદરૂપ પરબ્રહ્મનો ઉપદેશ આપનાર શ્રીવલ્લભાચાર્યજીને જ 'જગતગુરુ' નું બિરદ વાસ્તવિક રીતે શોભનીય છે. દુરાગ્રહી માયાવાદીઓ આ 'યુકિત' નો ભલે સ્વીકાર ન કરે, પરંતુ વિવેક કુશળ તટસ્થ વિદ્વાનને ગ્રાહ્ય બને જ.

પરંતુ આવું જ્ઞાન પ્રેમસ્વરૂપ પ્રભુથી વિમુખ કરનારું હોવાથી પુષ્ટિમાર્ગમાં તેનો રંચ ઉપયોગ, અથવા તેની ગંધમાત્ર પણ શ્રીવલ્લભપ્રભુએ રહેવા દીધી નહી. બસો બાવનમાં એક બ્રાહ્મણ ખંડન–મંડનવાળાની વાર્તા છે. મૂળમાં આ પુષ્ટિદૈવીજીવ હોવાથી વૈષ્ણવના સંગથી ખંડન–મંડન છોડીને વૈષ્ણવ થયેલ છે. કહેવાનું તાત્પર્ય એ છે કે પ્રભુપ્રેમની ચાહનાવાળાઓને આવું જ્ઞાન અને તેવા જ્ઞાનીઓ દુઃસંગરૂપ છે. તેથી કહ્યું છે કે–

ઔર સબૈ જન ભેટિયો વિધના વિનવું તોય ।
અરસિકનકો મિલવો, મહામરણ સમ હોય ।।

(પંચામૃત)

અહી 'ઔર સબૈ' કથનથી પુષ્ટિમાર્ગીય મુગ્ધ સમજવા અને 'અરસિક' કથનથી જેને દિવ્યપ્રેમતત્વ સ્પર્શ કરી શકતું નથી તેવા કઠોર કલેજાવાળા અધૂરા જ્ઞાનીઓ સમજવા, અથવા મોક્ષફલનો સ્વાર્થ રાખનારા કેવલજ્ઞાનીઓ પણ 'અરસિક' જ જાણવા. આવા જ્ઞાનીઓનો મિલાપ રસિકજનો માટે 'મહામરણ' સમાન છે. દેહાત્મવાદીઓનું મરણ એ તો સૃષ્ટિના ક્રમથી થતું હોવાથી સાધારણ કહેવાય છે, પરંતુ પ્રેમીજનનું જીવન પ્રેમદેવ પ્રભુને અર્પિત

થયેલું હોવાથી તેના જીવનની પ્રત્યેક પળ અનમોલ હોય છે. આવા દિવ્ય–જીવનની પળો અરસિકના મિલાપમાં વેડફાઈ જતી હોવાથી પ્રેમીજનો માટે મહામરણ સમાન છે. તેથી જ વિજ્ઞપ્તિમાં શ્રીમત્પ્રભુચરણ આજ્ઞા કરે છે કે–

વરં નેત્રે મુદ્રા ન પુનરિતરાલોકનમપિ
વરં શૂન્યારણ્યં સ્થિતિરિહ વરં નાન્યમિલનમ ।
વરં મૂકીભાવો ન પુનરપરા કાચનકથા
વરં પ્રાણત્યાગઃ ક્ષણમપિ ન તત્સંગવિગમઃ ॥

(વિ–૭–૧૧)

અર્થ– ''નેત્રો બંધ કરીને રહેવું સારું પણ પ્રિયપ્રભુના સ્વરૂપ સિવાય બીજાની સૂરત જોવી સારી નથી. નિર્જન અરણ્યમાં રહેવું સારું, પરંતુ પ્રિયપ્રભુ વિના બીજાનો મિલાપ સારો નથી. મૌન રાખીને રહેવું સારું, પણ પ્રિય સિવાય અન્યથી સંભાષણ સારું નથી. પ્રાણનો ત્યાગ કરવો સારો, પણ પ્રિયતમ વિના જીવવું સારું નથી.'' પ્રભુપ્રેમ–પથિકોની આવી સ્થિતિ હોય છે. કહેવાનું તાત્પર્ય એ છે કે આવા અધૂરા જ્ઞાનીઓથી અથવા અરસિકોથી પ્રેમીજનોએ દૂર જ રહેવાનું હોય છે અથવા વાદ–વિવાદમાંથી મનને મુકત જ કરતાં રહેવાનું હોય છે. કારણ કે પ્રિયપ્રભુને તો પ્રેમીજનના મનની જ અપેક્ષા છે. આ મન જયારે બધેયથી મુકત થાય છે અને એક પ્રિયપ્રભુની જ ચાહના કરે છે, ત્યારે જ દિવ્યપ્રેમ પ્રાપ્ત થાય છે. તેથી સારું કે નરસું જે જે દેખાય કે થાય તેમાં પોતાના પ્રિયપ્રભુની લીલા જ જોવી. આવા પ્રકારની ભાવનાથી મન બધેયથી મુકત થતું જાય છે અને મુકત થયેલું મન આત્મગામી બની દિવ્યપ્રેમની પ્રાપ્તિને યોગ્ય બને છે. તેથી મહાનુભવ શ્રીનંદદાસજીએ કહ્યું છે કે–

પ્રેમ એક એક ચિત્તસોં એકહી સંગ સમાય ।
ગાંધીકો સોદા નહીં જન જન હાથ બિકાય ॥

(પંચમંજરી)

દિવ્યપ્રેમના પ્રકાર :

વિશુદ્ધ દિવ્યપ્રેમમાં એક પ્રિયસ્વરૂપ સિવાય અન્ય કોઈનો પણ પ્રવેશ જ થઈ શકતો નથી. દિવ્યપ્રેમ બે પ્રકારનો છે. (૧) શુદ્ધ (૨) મિશ્રિત. મિશ્રિતપ્રેમ સુવર્ણ જેવો છે, અને શુદ્ધપ્રેમ હીરા જેવો છે. સુવર્ણ કસોટીમાં કસાય છે. હીરાને ભૂલથી પણ કસોટી ઉપર કસાય તો કસોટીને કાપી નાંખે છે. સુવર્ણ નરમ હોવાથી તેમાં બીજી ધાતુનું મિશ્રણ થાય છે. હીરો સખત–ઘન હોવાથી તેમાં અન્ય ધાતુનો પ્રવેશ થઈ શકતો જ નથી. આવા હીરા જેવા પ્રેમીઓને 'શુદ્ધાપ્રેમ્ણાતિ–દુર્લભા' કહ્યા છે, જેમાં પ્રિયતમના સ્વરૂપ સિવાય અન્ય કોઈનોયે પ્રવેશ જ થઈ શકતો નથી. આવા હીરા જેવા પ્રેમીઓ માટે પ્રિય પ્રભુ કહે છે કે : હું આ મારા પ્રેમીભકત સિવાય બીજું કંઇ જ જાણતો નથી. તેમ ભકત મારા સિવાય બીજું કંઈજ જાણતો નથી. અમારા બંનેની દુનિયા નિરાલી જ રચાય છે. ગજજન ધાવન અને શ્રીનવનીતપ્રિયાજીના સ્નેહનો પ્રસંગ અહી વિચારવો.

ઐસે નહી હમ ચાહનહારે, જો આજ તુમ્હેં કલ ઔરકું ચાહે ।
ફૈંક દે આંખ નિકાલે દોઉ જો દૂસરી ઓર મિલાવે નિગાહે ॥
લાખ મિલે તુમસે બઢકે, તુમહીકો ચહેંગે તુમહીકો સરાહે ।
પ્રાણ રહે જયોં લોં ત્યોં લોં હમ નેહકો નાતો સદાહી નિબાહે ॥

શ્રીમાન ઉદ્ધવજીએ પ્રભુને પ્રશ્ન કર્યો, હે ભગવાન ! આપને કેવો ભકત પ્રિય છે ? પ્રભુ તેનો ઉત્તર આપે છે તે ભાવનું શ્રીસૂરદાસજીનું પદ–

ઉધો ઐસો ભકત મોહિ ભાવે ।
સબ તજ આશ નિરંતર મેરી મેરે મેં ચિત્ત લાવે ॥ ૧ ॥

કથની કથત નિરંતર મેરી જન્મ કર્મ ગુણ ગાવે ।
ગદ ગદ ગિરા નૈન જલ–ધારા પુલકિત પ્રેમ બઢાવે ॥ ૨ ॥

જહાં જહાં ભકત નિજ ચરન ધરત હૈ તહાં તીરથ ચલિ આવે ।
વે રજ લૈ મૈં અંગ લગાઉં કોટિ બ્રહ્માંડ સુખ પાવે ॥ ૩ ॥

મેરી મૂરત ઉનકે હૃદયમેં વે મેરે ઉર આવે ।
બલિ બલિ જાઉં શ્રીમુખકી બાની 'સૂરદાસ' જસ ગાવે ॥ ૪ ॥

''જહાં જહાં ભકત નિજ ચરણ ધરત હૈ તહાં તીરથ ચલિ આવે''

ઉદ્ધવજી પ્રભુને વિનંતી કરે છે મહારાજ ! આપના પ્રેમીભકત માટે આપ આવું ગૌરવ ધરાવો છો તેમાં હેતુ શો છે ? પ્રભુ ઉત્તર આપે છે કે સાંભળો ઉદ્ધવજી ! તીર્થોમાં પાપીઓના પાપનો સંગ્રહ થતો હોય છે. આ પાપોને ધોવા માટે મારા પ્રેમીભકતની નિકટ તીર્થો આવે છે. તીર્થોની વાત તો ઠીક પણ મારા પ્રેમીભકતનું બીજું ગૌરવ સાંભળો. મારા પ્રેમીભકતના ચરણની રજને મારા અંગમાં લગાવું છું તે એટલા માટે કે મારામાં રહેલા કોટિ બ્રહ્માંડના જીવોને સુખ થાય. આ કોટિ બ્રહ્માંડોના જીવોના સુખની વાત તો ઠીક પણ આવા પ્રેમીભકતથી મારા જીવનનો નિભાવ થતો હોવાથી હું તેનું નિરંતર ધ્યાન કરું છું અને પ્રેમીભકત મારું ધ્યાન કરે છે. પ્રભુ શ્રીગોપીજનોને કહે છે કે મારી માયાશકિત જ્ઞાનીઓને પણ મોહ કરે છે. આવો શકિતવાળો જે હું તેને તમારી પ્રેમમય માયા મોહિત કરે છે. આ કંઇ અતિશયોકિતભરેલું કથન નથી પરંતુ વાસ્તવિક છે. પ્રભુ ઉપર સત્તા દિવ્યપ્રેમની છે. આ પ્રેમ અનેક વિલક્ષણતાઓથી સાગર સમાન ભરેલો રહે છે. 'જાનન લાગેરી લાલન મિલ બિછુરનકી વેદન'। આ પદમાં પ્રભુનું ભકતોના પ્રેમમાં મોહિત થવાનું વર્ણન કરેલું છે. દિવ્યપ્રેમરાજય માં ભગવાનનું ઐશ્વર્ય કામનું નથી. અહી સમાનતાનો વ્યવહાર છે. પ્રેમીભકતના ગુણ ગાવામાં પ્રભુને સંતોષ થતો નથી, પ્રેમાધીન પ્રભુના આવા સ્વરૂપ ઉપર શ્રીસૂર બલિહારી જાય છે. આ પદમાં પણ ભગવાન અને ભકતની નિરાલી દુનિયાનું કથન કર્યુ છે.

દિવ્યપ્રેમની–પાત્રતા :

દિવ્યપ્રેમ બીજા રસોને સહન કરી શકતો નથી. દિવ્યપ્રેમની મહાનતાનું, પા૬૭૦ 'રસ' શબ્દના ભાવાર્થમાં વર્ણન કરેલું છે. દિવ્યપ્રેમ ભગવાન અને ભકત ઉભયમાં મધ્યપાતી છે. એટલે કે ભગવાન અને ભકતનો વિલાસ, મધ્યપાતી દિવ્યપ્રેમથી જ સિદ્ધ થાય છે. આ મધ્યપાતી દિવ્યપ્રેમનું જ લીલાલોક માં સામ્રાજય વ્યાપેલુ છે. તે અનેક વિલક્ષણતાઓથી ભરેલો, સાગર સમાન

છે. વિલક્ષણતાના નૂતન નૂતન ભાવતરંગો પ્રગટ ગાય છે. પ્રભુની ઉપર પ્રભુતા આ દિવ્યપ્રેમની છે.

હરિ કે સબ આધીન પૈ હરિ પ્રેમ–આધીન ।
યાહીતેં હરિ આપુહી તાહી બડપ્પન દીન ॥ ૧ ॥

આવા મહાન દિવ્યપ્રેમને ધારણ કરવાની પાત્રતા કેવી રીતે સિદ્ધ થાય છે તે રસિકભકત નંદદાસજીની વાણીમાં જોઈએ–

જા ઘટ વિરહ અવા અનલ પરિપક ભયો સુભાય ।
તાહિ ઘટ મધિ નંદ હો પ્રેમ–અમી ઠહેરાય ॥

(પંચમંજરી)

મહાન દિવ્યપ્રેમને ધારણ કરવાની પાત્રતા પ્રથમ વિરહના અનુભવથી જ સિદ્ધ થાય છે. વિરહાગ્નિથી વિજાતીય ભાવસૃષ્ટિ જયારે દગ્ધ થઈ જાય છે, ત્યારે આ દિવ્યપ્રેમ તેવા પાત્રમાં ટકી શકે છે. પ્રભુપ્રેમની એક બિન્દુનો કેવો વિલક્ષણ પ્રભાવ છે તે ચાચા શ્રીગોપેશ્વરજી સર્વોત્તમ સ્તોત્રની ટીકાના મંગલાચરણ–શ્લોકમાં જણાવે છે.

પ્રવૃદ્ધ યત્કૃપામ્ભોધિ બિન્દુરેકોડપિ સંસ્પૃશેત ।
મજજન રસાબ્ધૌ તપતે સ તં વન્દેડનલ પ્રભુમ ॥ ૧ ॥

દિવ્યપ્રેમના એક બિન્દુને પ્રાપ્ત કરીને રસાબ્ધિમાં ડૂબ્યો રહે અને તે પ્રેમ–સુધા સ્વાદમાં તૃપ્તિ નહી થવાથી સદા તપતો જ રહે તેવો વિલક્ષણ એક બિન્દુનો પ્રભાવ છે.

‘રસાબ્ધૌ’ શબ્દથી એક બિન્દુમાં સાગર ભરેલો છે, એવું સૂચન પ્રાપ્ત થાય છે. હવે જયારે બિન્દુમાં પણ સાગર ભરેલો છે, તો સ્વયં પ્રેમસ્વરૂપ પ્રભુમાં આ દિવ્યપ્રેમની અનંતતા કેવી હશે તેનો નિર્ણય કરવા કોણ સમર્થ છે ?

પ્રભુ હૃદયમાં કયારે પ્રગટે ?

સ્નેહ તણાં એક જ બિન્દુમાં સિન્ધુ લાખ સમાયે ।
સ્નેહ વિનાના આ જીવનમાં કીમત ઓછી લાગે ॥

આવા દિવ્યપ્રેમની એક બિન્દુને ધારણ કરવાની પાત્રતા વિરહના અનુભવથી જ સિદ્ધ થાય છે.

દિવ્યપ્રેમના એક બિન્દુમાં લાખો સિન્ધુ સમાયેલા છે. આ કથન અતિશયોકિતભરેલું નથી, વાસ્તવિક છે. કારણ કે પરબ્રહ્મનો મહિમા વિરુદ્ધધર્માશ્રય ઐશ્વર્યવાળો છે. શાસ્ત્રાર્થનિબંધકારિકા ૫૮ માં શ્રીમદાચાર્યવર્ય આજ્ઞા કરે છે અણુ અપિ બ્રહ્મ વ્યાપકમ્ । પ્રાણીમાત્રમાં અણુરૂપે રહેલ બ્રહ્મ અનંત બ્રહ્માંડોમાં વ્યાપક છે અને આ અનંત બ્રહ્માંડો અણુબ્રહ્મમાં પણ રહેલા છે તેવું તેનું વિરુદ્ધધર્માશ્રય ઐશ્વર્ય—મહિમા છે. આ વિષયને સમજવા આપ દ્રષ્ટાંત આપે છે કે— માતૃચરણ શ્રીયશોદાજીને બાલકસ્વરૂપ પ્રભુએ શ્રીમુખમાં જ સમસ્ત બ્રહ્માંડને બતાવ્યું. શ્રીયશોદાજીને તો એક જ બ્રહ્માંડ બતાવ્યું પણ પ્રભુના શ્રીઅંગના પ્રત્યેક રોમમાં કોટાનકોટિ બ્રહ્માંડો રહેલા છે. તેથી પ્રભુના મહિમામાં અસંભાવના નહી કરવી.

નંદાલયમાં પ્રભુ પ્રગટ થયા ત્યારે શ્રીગોપીજનો આત્માના શૃંગાર કરીને પ્રિયપ્રભુનાં દર્શન કરવા ગયાં છે. નહી કે દેહના શૃંગાર કરીને. પ્રભુના પ્રાગટય પહેલાં, શ્રીગોપીજનોએ વિરહનો અનુભવ કરી પોતાના હૃદયને શુદ્ધ કર્યુ ત્યારે પ્રેમસ્વરૂપ પ્રભુનો તેમના હૃયદમાં આવિર્ભાવ થવાથી અવિદ્યાજનિત દેહ સાથેની અહંતા—મમતાની ગ્રંથી ભેદાઈ ગઈ, અને શ્રીગોપીજનો પોતાના આત્મસ્વરૂપ માં સ્થિત થયાં. તેથી શ્રીશુકમુનિ કહે છે કે શ્રીગોપીજનોએ આત્માના શૃંગાર કર્યા. આ કથનથી દિવ્યપ્રેમને ધારણ કરવાની પાત્રતા આત્મા છે. દેહના અધ્યાસમાં દિવ્યપ્રેમની એક બિન્દુ પણ ધારણ ન થઈ શકે. તેથી વિરહના અનુભવથી જયારે શ્રીગોપીજનો પોતાના આત્મસ્વરૂપમાં સ્થિત થયા ત્યારે જ દિવ્યપ્રેમસ્વરૂપ પ્રભુ તેમના હૃદયમાં પ્રગટ થયા.

શ્રુતિરૂપા શ્રીગોપીજનોને અને અગ્નિકુમારિકાઓને દિવ્યપ્રેમસ્વરૂપનો અનુભવ પ્રથમ વિરહનો અનુભવ કરી લીધા પછી જ થયો છે. તે પ્રણાલીને જાણવી આવશ્યક છે.

શ્રુતિરૂપા ગોપીજનોને શ્રુતિઅવસ્થામાં વ્યાપીવૈકુંઠસ્થ પૂર્ણ પુરુષોત્તમના લીલા–પરિકર–સહિત દર્શન થયાં. પશ્ચાદ્ વર માગવાની પ્રભુએ આજ્ઞા કરી ત્યારે શ્રુતિઓએ માગ્યું કે આપના કોટિ–કન્દર્પ–સૌન્દર્ય–સ્વરૂપથી લીલાસ્થ ભકતો, જેવું સુખ લઈ રહ્યાં છે; તેવું અમને દાન કરો. ત્યારે પ્રભુએ આજ્ઞા કરી કે તમારો આ મનોરથ સિદ્ધ થવો દુર્લભ છે. પરન્તુ વરદાન આપવાની મેં ઇચ્છા કરેલી હોવાથી અને હું સત્યપ્રતિજ્ઞ હોવાથી, તમારો આ મનોરથ સારસ્વતકલ્પ માં પ્રગટ થઈ ને પૂર્ણ કરીશ. આ રીતે વરદાન પ્રાપ્ત કર્યા પછી શ્રુતિઓ વ્રજમાં ગોપી–રૂપથી પ્રગટ થયાં, અને શ્રુતિઅવસ્થામાં જે સ્વરૂપનાં વ્યાપીવૈકુંઠમાં દર્શન થયાં તેનું નિરંતર ધ્યાન કરી વિરહનોઅનુભવ કરવા લાગ્યાં. આવા પ્રકારના વિરહના અનુભવથી જયારે તેમનું હૃદય શુદ્ધ થયું ત્યારે દિવ્યપ્રેમસ્વરૂપ પ્રભુનો તેમના હૃદયમાં આવિર્ભાવ થયો. આ દિવ્યપ્રેમસ્વરૂપ પ્રભુના આવિર્ભાવ –પ્રાગટયનો પ્રકાર શ્રી હરિરાય પ્રભુએ ‘પ્રભુપ્રાગટય હેતુનિ.’ અને ‘સ્વમાગીર્ય ભાવના સ્વરૂપનિ.’ નામના ગ્રંથોમાં જણાવેલો છે. જીજ્ઞાસુઓએ તે ગ્રંથ અવલોકવા.

દિવ્યપ્રેમની–પાત્રતા :

હવે અગ્નિકુમારિકાઓના વિષયમાં આ અગ્નિકુમારિકાઓ પૂર્વ જન્મમાં અગ્નિકુમારૠષિ હતા. અનેક જન્મોથી તપસ્યા કરતા હતા. આ તપસ્યાથી જયારે તેમનું હૃદય શુદ્ધ થયું ત્યારે શ્રીરામચંદ્રજી તેમની પાસે પધાર્યા. તે સમયે શ્રીરામચંદ્રજીના સ્વરૂપમાં કોટિ–કન્દર્પ–લાવણ્ય–સ્વરૂપના આવેશથી પુષ્ટિ–પુરુષોત્તમે દર્શન આપ્યાં, અને અગ્નિકુમારૠષિઓમાં પુષ્ટિ–પ્રભુની પ્રસાદરૂપા–કૃપાશકિતએ પ્રવેશ કરી ‘સ્ત્રી’ ભાવ ઉત્પન્ને કર્યો. આ ‘સ્ત્રી’ ભાવમાં જ દિવ્યપ્રેમ રહેલો છે. કહેવાનું તાત્પર્ય એ છે કે દિવ્યપ્રેમ મહાન અલૌકિક હોવાથી વિરહના અનુભવ વિના પ્રાપ્ત થતો નથી, અથવા ધારણ કરી શકાતો નથી. દિવ્યપ્રેમ તત્સુખી હોય છે. પ્રિયતમના સુખે સુખી, અને દુઃખે દુઃખી એવો જ પ્રભુમાં ભાવ તેને દિવ્યપ્રેમ કહેવાય છે. પ્રિયપ્રભુથી પોતાના સુખની

ઇચ્છા કરવી તે પ્રેમ નહી પણ 'કામ' છે. શ્રુતિરૂપાઓએ વરદાનમાં પોતાનું સુખ માગ્યું તેમાં કામભાવ હોવાથી તેમને એક કલ્પપર્યંતના વિરહનો અનુભવ કરાવી તેમના હૃદયને કામભાવની ગંધરહિત, શુદ્ધ કર્યું. પશ્ચાદ દિવ્યપ્રેમને ધારણ કરવાની પાત્રતા સિદ્ધ થઈ, અથવા શ્રુતિરૂપા શ્રીગોપીજનો જેમ જેમ વિરહનો અનુભવ કરતા ગયા તેમ તેમ તેમનો સકામી સ્નેહભાવ શુદ્ધ થતો ગયો, અને તેમને દિવ્યસ્નેહનું સ્વરૂપ સમજાયું કે દિવ્યસ્નેહ એને જ કહેવાય છે કે જેમાં પ્રિયતમના સુખનો જ વિચાર–ભાવ હોય છે. દિવ્ય તત–સુખી સ્નેહની મહાનતાનું તેમને જ્ઞાન થવાથી હવે તેમનામાં સહજ સ્નેહ પ્રગટ થયો, અને પ્રિયતમના સુખના અનેક તાપભર્યા મનોરથો કરવા લાગ્યા. પહેલાં હૃદય શુદ્ધ નહી હતું ત્યારે પ્રિયથી પોતાના સુખની ઇચ્છાથી વિરહનો અનુભવ કરતા હતા, પણ વિરહના વધતા જતા અનુભવથી હૃદય શુદ્ધ થતાં દિવ્યપ્રેમને જાણી લેવાથી, હવે તો પ્રિયનું પ્રાગટય કયારે થાય જેથી અમારું સર્વસ્વ પ્રિયપ્રભુને નિવેદન કરી આપને સુખરૂપ બનીએ; આવા તેમના તત્સુખી મનોરથો પ્રિયના પ્રાગટય પહેલાં જ થવા લાગ્યા, અને તત્સુખના વધતા જતા તાપથી પ્રિયપ્રભુનું પ્રાગટય પણ સત્વરે જ થયું. આ કથનની સંગતિનું વધાઈમાં પદ–

વિધાતા યહ દિન વેગ દિખાયો ।
જા દિનકો સબ કોઉ લોચત હૈં નંદરાની સુત જાયો ।। ૧ ।।

જસુમતિ યા ઢોટાકે કારન કૌન દેવ તુમ ધાર્યો ।
બેગહી ભઈ કૂખ તુમ સન્મુખ મનકો ચિત્યો પાયો ।। ૨ ।।

ફિર ફિર રહસિ વ્રજ–સુંદરી કરત આપ મન ભાયો ।
શ્રીવિઠ્ઠલ ગિરિધરનલાલને ઉર સુખ બહુત જનાયો ।। ૩ ।।

શ્રુતિરૂપા અને અગ્નિકુમારિકા શ્રીગોપીજનોને તત્સુખી મહાન દિવ્યપ્રેમની જે પ્રાપ્તિ થઈ છે તે વિરહાગ્નિરૂપ શ્રીવલ્લભની કૃપાથી જ જાણવા યોગ્ય છે. વિરહાગ્નિસ્વરૂપે તેમના સકામી ભાવને નિવૃત્ત કરી, નિર્મળ–તત્સુખી નિર્ગુણભાવવાળો પ્રેમ પ્રાપ્ત કરાવ્યો. આથી અહી એ જાણી લેવું યોગ્ય છે કે

મહાન તત્સુખી દિવ્યપ્રેમની પ્રાપ્તિ શ્રીવલ્લભાગ્નિસ્વરૂપની કૃપાથી જ શકય છે. તેથી જ 'સાન્નિધ્યમાત્રદત્તશ્રીકૃષ્ણપ્રેમા' આપશ્રીનું નામ છે. આ પ્રકારે બંને યૂથના શ્રીગોપીજનોની સાધનાનો વિચાર કરતાં, મહાન દિવ્યપ્રેમ વિરહના અનુભવ વિના પ્રાપ્ત થતો નથી. શ્રુતિરૂપા અને અગ્નિકુમારિકાઓના વિરહ અનુભવની સંગતિથી નંદદાસજીએ ઉકત દોહો કહ્યો છે.

દિવ્યપ્રેમપ્રાપ્તિનો પ્રથમ પ્રકાર :

હવે આધુનિક ભકતોને આ દિવ્યપ્રેમ કેવી રીતે પ્રાપ્ત થાય તે વિચારીએ–

દુર્લભ એવા આ દિવ્યપ્રેમને પ્રાપ્ત કરાવવા માટે મહાકારુણિક શ્રીવલ્લભ પ્રભુએ સેવામાર્ગ પ્રગટ કર્યો છે.

"સેવા રીત પ્રીત વ્રજજનકી જન–હિત જગ પ્રકટાઈ"

વ્રજભકતોના પ્રેમભાવની રીતનો જ સેવામાર્ગ પ્રગટ કર્યો છે. જેમ અવતારલીલા સમયે પ્રભુએ નંદાલયમાં સાક્ષાત પ્રગટ થઈ બાલલીલાથી વ્રજસ્થ ભકતોને પ્રેમનું દાન કર્યું, તેમ સેવામાં શ્રીવલ્લભે સેવ્યસ્વરૂપને પધરાવી આપ્યું છે. આ સેવ્યસ્વરૂપનું સાક્ષાત ભાવથી સેવન કરવું. શ્રીવલ્લભપ્રભુએ પ્રભુને ભોગ ધરીને અધરામૃતથી દેહના નિર્વાહની પ્રણાલી પ્રગટ કરી છે. પ્રભુના અધરામૃતથી દિવ્યપ્રેમસ્વરૂપનો સાક્ષાત અનુભવ થવામાં આવરણરૂપ થયેલી અવિદ્યાની સહજ જ નિવૃત્તિ થઈ જાય છે. જેમ વ્રજસ્થ ભકતોમાં રહેલી અવિદ્યારૂપ પૂતનાનો પ્રભુએ નાશ કર્યો ત્યારે તેમનો પ્રભુમાં પ્રેમભાવ પ્રગટ થઈ ગયો. તેમ પ્રભુને ભોગ ધરીને આપના અધરામૃતના સેવનથી પૂતનારૂપ અવિદ્યાની નિવૃત્તિ થતાં, સેવ્યસ્વરૂપમાં પ્રેમ પ્રગટ થઈ જાય છે. તનુજા વિત્તજા સેવાપ્રણાલીમાં પ્રભુને ભોગ ધરીને અધરામૃતથી નિર્વાહ કરવામાં ઉપરોકત અવિદ્યાની નિવૃત્તિનું મુખ્ય પ્રયોજન રહેલું છે. અવિદ્યાની નિવૃત્તિ થયા પછી પ્રભુમાં પ્રેમ પ્રગટ થાય છે. આ પ્રેમથી મનનો નિરોધ સેવ્યસ્વરૂપમાં સહજ થાય છે. પ્રેમ પ્રગટ થયા પછી ઉત્તરોત્તર આસકિત–વ્યસન–તન્મયતાથી પૂર્ણ નિરોધ સેવ્યસ્વરૂપમાં થાય છે, અને જેમ વ્રજસ્થ ભકતોને બાલલીલા, કિશોર

લીલાથી પ્રભુએ પોતાના સ્વરૂપાનંદનો અનુભવ કરાવ્યો છે તેમ સેવાનિષ્ઠ ભકતોને પણ પ્રભુ પોતાના સ્વરૂપાનંદનો અનુભવ કરાવે છે. ચોર્યાસી બસોબાવન ભગવદીયોના જીવનચરિત્રથી આ જાણી શકાય છે.

સેવાની રીત વ્રજભકતોના પ્રેમની પ્રગટ કરી છે. એટલે કે સેવ્યસ્વરૂપમાં પ્રેમ પ્રગટ કરવા માટે તનુજા વિત્તજા સેવા કરવાની છે. પ્રેમથી જ જગત–પ્રપંચનું વિસ્મરણ થઈ, સેવ્યસ્વરૂપમાં ઉત્તરોત્તર આસકિત–વ્યસન–તન્મયતાથી નિરોધ સિદ્ધ થાય છે. આથી સેવા–રસિકોએ સેવાસમયે સ્વરૂપને ભૂલીને સેવાકૃતિ ન કરવી જોઈએ. સ્વરૂપના અનુસંધાનપૂર્વક સેવાકૃતિ કરવી. એક સમય માતૃચરણ શ્રીયશોદાજી પ્રભુને ગોદમાં પધરાવી શ્રીમુખનું લાલન કરતા હતા અને પ્રભુના શ્રીમુખલાવણ્યનું પાન કરતા હતા; તે સમયે ઉભરાતા દૂધને ઉતારવા માટે પ્રભુને ગોદમાંથી નીચે પધરાવી માતાજી ગયાં. તે પ્રભુને ન ગમ્યું. આ પ્રસંગથી સેવાકૃતિ–સામગ્રી આદિમાં સ્વરૂપને ભૂલવું નહી જોઇએ.

સેવામાર્ગની વિલક્ષણતા :

દૈવીજીવોના હિતના જ ચાતુર્યથી પ્રગટ કરેલો શ્રીમહાપ્રભુજીનો સેવામાર્ગ છે. તે અદ્દભુત અનેક પ્રકારની વિલક્ષણતાથી ભરેલો છે. આ અનેક પ્રકારની વિલક્ષણતાનું અહી વર્ણન કરવામાં ગ્રંથનો વિસ્તાર થઈ જાય. આ ભયના કારણે જ વિલક્ષણતાના થોડાક પ્રસંગો અહી નિવેદન કરું છું–

(૧) જેમ દૂધમાં જામન પડતાં દૂધનું રૂપાન્તર થઈને દહી બની જાય છે, તેમ પ્રભુના અધરામૃતનું સેવન અંતઃકરણમાં રહેલી અવિદ્યાનું રૂપાન્તર કરી વિદ્યારૂપ બનાવે છે. જેવું અન્ન લેવાય છે તેવું મન બને છે. અસમર્પિત અન્ન લેવાથી અવિદ્યાજનિત આસુરી ભાવોના સંકલ્પ–વિકલ્પો મનમાં ઉત્પન્ન થાય છે, અને પ્રભુને ભોગ ધરીને અધરામૃતના સેવનથી મનમાં અલૌકિક ભાવોના સંકલ્પો વિચારો પ્રગટ થાય છે. આ અલૌકિક ભાવો પ્રગટ થવા તેનું નામ જ અવિદ્યાનું રૂપાન્તર કરી વિદ્યારૂપ બનવું કહેવાય છે. આ વિદ્યા, પ્રભુસ્વરૂપમાં પ્રેમને પ્રગટ કરનારી છે.

ભગવતી ગીતાજીમાં પ્રભુ પાર્થને કહે છે કે મારી દૈવી ગુણમયીમાયાને તરવી બહુ જ કઠીન છે. આ દુસ્તર માયાનું તરણ અધરામૃતથી સહજ જ થઈ જાય છે. અધરામૃતનું સેવન કરનાર ભકતને માયા તરવી નથી પડતી, પરંતુ માયા સ્વયં તરી જાય છે. એટલે કે અધરામૃતના પ્રતાપે અવિદ્યારૂપ માયા વિદ્યારૂપ બનીને પ્રભુની સેવામાં સાર્થકતાનો અનુભવ કરે છે તેનું નામ સ્વયં માયાનું તરવું છે.

(૨) ચોર્યાસી વૈષ્ણવમાં ગોરજા–સમરાઈની વાર્તા છે. તેમાં સમરાઈ એ એક જ દિવસની સેવામાં પોતાના સેવ્યસ્વરૂપ શ્રીદામોદરજીને પ્રસન્ન કરી કૃપા મેળવી લીધી છે, એટલું જ નહી વ્રજભકતો જેવા સુખનો અનુભવ સમરાઈ ને પ્રભુ આપવા લાગ્યા છે.

(૩) બસો બાવનમાં ભોળી વહુની વાર્તા છે. આ ભોળી વહુએ પણ એક જ દિવસની સેવાથી સેવ્યસ્વરૂપને બોલતા કરી દીધા છે, એટલું જ નહી સેવ્ય સાથે મીઠો ઝગડો કર્યો છે, અને આ મીઠા ઝગડાથી, અજીત પ્રભુ, ભોળી વહુને વશ થઈ ગયા છે. કેવી છે આ શ્રીવલ્લભ–પ્રકટિત સેવામાર્ગની વિલક્ષણતા? મર્યાદામાર્ગમાં બ્રહ્મા, મહાદેવ, લક્ષ્મીજી, પ્રસિદ્ધ પુરુષોત્તમના મોટા ભકતો કહેવાય છે. આ ભકતો મર્યાદાપુરુષોત્તમ સન્મુખ વિનયપૂર્વક આદરભાવથી જ રહેતા હોય છે. આદરભાવને તેઓ છોડી શકતા નથી. આ મર્યાદામાર્ગથી વિપરીત પુષ્ટિ–પ્રમય–માર્ગમાં, અથવા સ્નેહમાર્ગમાં પુષ્ટિપ્રભુ કે જે મર્યાદા–પુરુષોત્તમનું પણ નિયમન કરનારા છે, તેની સાથે મીઠો ઝગડો કરે છે, અને પ્રભુ વશ થઈ જાય છે. બસોબાવનમાં એક ડોકરી વૈષ્ણવે કાળને આઠ વખત પાછો ઠેલ્યો. ચૌદલોકની સૃષ્ટિનું સર્જન કરનારા બ્રહ્માજી કાળથી ડરે છે. આવા કાળને નોકરની જેમ હુકમ કરી આઠ વખત પાછો ધકેલ્યો. આ અધરામૃતનો જ મહિમા છે. આવી વિલક્ષણતાના અનેક પ્રસંગો ચોર્યાસી બસોબાવનમાં જોવા મળે છે.

અહી એ જાણવું આવશ્યક છે કે સેવાની પ્રણાલી શ્રીમહાપ્રભુજીએ જેવી

પ્રગટ કરી છે, અને પ્રાચીનો કરતા આવ્યા છે; તેવા પ્રકારની પ્રણાલીથી સેવાનું નિર્વહન થવું ઉચિત છે. સેવામાં આધિદૈવિકતાનો અનુભવ શ્રીમહાપ્રભુજીએ પ્રગટ કરેલી પ્રણાલીથી જ થઈ શકે.

બીજો પ્રકાર :

હવે દિવ્યપ્રેમને પ્રાપ્ત કરવાનો બીજો પ્રકાર વિચારીએ. દિવ્યપ્રેમની પ્રાપ્તિ વિરહના અનુભવ વિના થઈ શકતી નથી. તનુજા વિત્તજા સેવામાં પણ પરોક્ષમાં પ્રભુની લીલાઓનું તાપાત્મક ગુણગાન કરવું આવશ્યક છે. આ વિષયની સૂચના શ્રીહરિરાય પ્રભુએ પ્રથમ શિક્ષાપત્રમાં કરેલી છે કે સેવા–અનોસરમાં ગુણગાન કરવું. જેમ વ્રજભકતો પ્રભુની પરોક્ષતામાં કરતા હતા તેમ કરવું. શ્રીહરિરાયચરણ તો સેવા પણ તાપભાવપૂર્વક કરવાની આજ્ઞા કરે છે તેનું કારણ તાપભાવ વિના આધિદૈવિકતા સિદ્ધ થતી નથી. વાસ્તવિક તો તાપાત્મકસ્વરૂપ શ્રીમહાપ્રભુજીની કૃપા વિના–તાપભાવની સંભાવના જ થઈ શકતી નથી. પ્રભુને જગાવતા પહેલાં પદ દ્વારા શ્રીવલ્લભનું ગુણગાન થાય છે તેનું એ જ રહસ્ય છે કે આપ તાપભાવનું દાન કરે. આ ગુણગાન માટે નિત્યલીલાસ્થ પુષ્ટિપ્રભુના સ્વરૂપનું જ્ઞાન સંપ્રદાયના સાહિત્યથી પ્રાપ્ત કરવું, અથવા અષ્ટસખાદિ મહાનુભાવોએ પ્રભુની દિવ્યલીલાઓનો સાક્ષાત અનુભવ કરી પદોમાં જે ગાન કરેલું છે તે પદોથી અથવા ગ્રંથોથી રસાત્મક સ્વરૂપનું જ્ઞાન પ્રાપ્ત કરી પ્રિયપ્રભુની લીલાનું તાપભાવપૂર્વકગાન કરવું. જેમ શ્રીગોપીજનો પરોક્ષકાળમાં વેણુગીત, યુગલગીતના ગાનથી નિર્વાહ કરતા તેમ તાપાત્મક ગુણગાન કરવું. લીલાધામથી વિછુરેલા દૈવીજીવોને પોતાના નિત્ય સખા–પ્રિય–પ્રભુનો સાક્ષાત સંબંધ અને અનુભવ નહીં હોવાથી લીલા–ગુણગાન થી પ્રિયતમની સ્મૃતિ અને સાક્ષાત મિલન માટે તાપકલેશની વૃદ્ધિ થતી જાય છે. આવા તાપકલેશપૂર્વકના ગુણગાનથી–વિજાતીય ભાવસૃષ્ટિ દગ્ધ થઈ જાય છે ત્યારે, દિવ્યપ્રેમસ્વરૂપ પ્રભુ હૃદયમાંથી જ પ્રગટ થઈ જાય છે. આ કથનની સંગતિમાં નિ. લ. ગ્રંથનો શ્લોક નીચે મુજબ–

ક્લિશ્યમાનન જનાન દષ્ટવા કૃપાયુકતો યદા ભવેત ।
તદા સર્વ સદાનંદ હૃદિસ્થં નિર્ગતં બહિઃ ।। ૭ ।।

પોતાની પ્રાપ્તિમાં નિજજનોને કલેશયુકત જોઈને નિરવધિ આનંદનો અનુભવ કરાવવા પોતે સદાનંદ સ્વરૂપથી નિજજનોના હૃદયમાંથી બહાર પ્રગટ થઈ જાય છે.

ત્રીજો પ્રકાર :

હવે પ્રભુપ્રેમપ્રાપ્તિનો ત્રીજો પ્રકાર વિચારીએ–

અષ્ટસખાદિ મહાનુભાવોનાં પદસાહિત્યમાં કે શ્રીમહાપ્રભુજી શ્રીગુસાંઈજી આદિ મહત સ્વરૂપોએ પ્રકટ કરેલાં રસાત્મક ગ્રંથ–સાહિત્યમાં જેને સમજ ન પડે તેવા ભકતોએ શ્રીસર્વોત્તમ સ્તોત્રનું અહર્નિશ–પઠન–સ્તવન–ગાન કરવું. શ્રીસર્વોત્તમજીમાં વિપ્રયોગ–રસાત્મક–ભાવાત્મક વેણુગીત–ગોપીગીત–યુગલગીત–ભ્રમરગીતનાં, ગુણ–ગાનનો સમાવેશ છે. એટલું જ નહીં પરંતુ લીલાધામમાં નિત્યસિદ્ધા શ્રીસ્વામિનીજીઓ રાસ સમયે જે મધુર ગાન કરે છે તેનો પણ સમાવેશ શ્રીસર્વોત્તમસ્તોત્રમાં થયેલો છે. તેનું કારણ ૧૦૮ નામ લીલાધામમાં અનેક પ્રકારની થતી રહસ્યલીલાનાં સંબંધવાળાં છે.

સર્વોત્તમનો અચિન્ત્ય મહિમા :

શ્રીમહાપ્રભુજીના અચિન્ત્ય, અનંત શકિતયુકત, રસાત્મક ઐશ્વર્ય સ્વરૂપનો જે શ્રીઅગ્નિકુમારે અનુભવ કર્યો તે શ્રીસર્વોત્તમજીમાં પ્રગટ કરેલ છે. વેણુનાદમાંથી સર્વાભોગ્યા, ભગવદભોગ્યા, દેવભોગ્યા, એમ ત્રિવિધ સુધા પ્રગટ થાય છે. તેને વેણુજી સ્વરૂપ શ્રીગુસાંઈજીએ ધારણ કરી છે. આ ત્રિવિધ પ્રકારની સુધાથી શ્રીસર્વોત્તમજી પરિપૂર્ણ છે અને ત્રિવિધ પ્રકારની સુધાસંયુકત શ્રીસર્વોત્તમજીને પ્રગટ કર્યા છે. તેથી 'સર્વોત્તમ' નામ છે. પ્રત્યેક નામનો એક અક્ષર અધરામૃત સુધાથી ભરેલો છે. જેનું ભાગ્ય ફળ્યું છે તેને શ્રીસર્વોત્તમજીના ગુણગાનમાં પ્રીતિ થાય છે.

'રસિક સદા બડભાગી તે જે શ્રીવલ્લભ ગુણ ગાયે'।

શ્રીસર્વોત્તમજીનું આવું મહત્વ સમજ્યા પછી કોણ મંદભાગી હોય કે શ્રીવલ્લભ–યશોગાનથી વિમુખ રહે. નામનું સ્વરૂપ ધર્મી છે. ધર્મી સ્વરૂપ ભાવાત્મક પ્રકારે ભકતોના હૃદયમાં બિરાજે છે. જેમકે 'રાસસ્ત્રીભાવપૂરિત વિગ્રહઃ' નામ છે. આ નામનું ધર્મી–ભાવાત્મક સ્વરૂપ, રાસસ્ત્રી–સ્વામિનીજીઓ માં બિરાજતું હોવાથી રાસલીલામાં રસાત્મક અનેકવિધ ભાવોને પ્રકટ કરી રાસલીલાનો અનુભવ કરાવે છે. આમ પ્રત્યેક નામનું ધર્મી–ભાવાત્મક સ્વરૂપ લીલા ધામના પરિકરમાં બિરાજી અનંત–રસાત્મક લીલાઓનું સર્જન કરે છે. તેથી શ્રીહરિરાય પ્રભુ એક પદમાં કહે છે કે 'જાકી મહિમા કહાલોં બરનોં શ્રીમુખ કરત બખાન'। પૂર્ણ પુરુષોત્તમ સ્વરૂપ શ્રીગુસાંઈજીએ સ્વયં શ્રીસર્વોત્તમજીના અચિન્ત્ય મહિમાને પ્રકટ કર્યો છે; તો હું તેનું વર્ણન કયાં સુધી કરી શકું?

આ નામો અલૌકિક અગ્નિરૂપ હોવાથી સાક્ષાત શ્રીપૂર્ણપુરુષોત્તમની પ્રાપ્તિમાં દષ્ટ કે અદષ્ટ જેટલા પ્રતિબંધો છે તેનો શીઘ્ર વિનાશ કરે છે. આવો આશય છઠ્ઠા શ્લોકનો છે–

વિનિયોગો ભકિતયોગપ્રતિબંધવિનાશને ।
કૃષ્ણાધરામૃતાસ્વાદ સિદ્ધિ રત્ર ન સંશયઃ ॥ ૬ ॥

'ભકિતયોગો બહુવિધઃ' આ શ્રીમદ્ભાગવતના વાકય પ્રમાણે ભકિત ૮૧ પ્રકારની છે. તેમાં ઉપરોકત શ્લોકમાં 'ભકિતયોગ' નો અર્થ શ્રીગોકુલેશ પ્રભુએ એવો કર્યો છે કે–અગણિત આનંદસ્વરૂપ નિત્યલીલાસ્થ વિપ્રયોગભાવાત્મક સદાનંદ પ્રભુની પ્રાપ્તિમાં જેટલા પ્રતિબંધ–સમૂહ છે, તેનો મૂળમાંથી નાશ કરે છે, અને કૃષ્ણાધરામૃતાસ્વાદ સિદ્ધિને પ્રાપ્ત કરાવે છે. આ અધરામૃત સુધા, પાન કરનાર દૈવીજીવને નિત્યસિદ્ધ આધિદૈવિક દેહને પ્રાપ્ત કરાવે છે અને ત્યારે નિત્યલીલાસ્થ મહાઅલૌકિક અગણિતાનંદરૂપ પ્રભુના સ્વરૂપનો સાક્ષાત અનુભવ થાય છે; અથવા અધરામૃત–સુધાને સિદ્ધિ કહી છે. આ સિદ્ધિ શ્રીયમુનાષ્ટકમાં કહેલ અષ્ટ પ્રકારની છે. જે સિદ્ધિ પ્રાપ્ત થતાં

'સેવાફલ' માં કહેલા અલૌકિક સામર્થ્યને અને સ્વતંત્ર–સ્વાધીના ભકિતને, પાઠ કરનાર ભકત પ્રાપ્ત કરે છે. આવા પ્રકારનો મહાન પુરુષાર્થ માત્ર શ્રીસર્વોત્તમજીના યશોગાનથી જ પ્રાપ્ત થઈ જતો હોવાથી શ્રીસર્વોત્તમજીનું અચિન્ત્ય માહાત્મ્ય છે. અથવા આવા પ્રકારના અદેયદાનમાં શ્રીમહાપ્રભુજીનું મહાઉદારચરિત્ર શ્રીવલ્લભપદ– કમલમાં અનુરકત વલ્લભીઓએ વિચારવા યોગ્ય છે. ભાગ્યવાનોએ શ્રીમહાપ્રભુના ચરણકમલનો એકાંગી–અનન્ય આશ્રય રાખી નિરંતર શ્રીસર્વોત્તમજીથી આપશ્રીના યશનું ગાન કરવું.

અસાધારણ સાધન :

સામવેદની ઋચાઓ 'રસો વૈ સઃ' સ્વરૂપનું મધુર ગાન કરે છે. રસાત્મક પ્રભુને આ ગાન બહુ જ પ્રિય છે. તેથી જ સુ. ૧૦–૨૭ ની કારિકા ૨ માં શ્રીમદાચાર્યવર્ય આજ્ઞા કરે છે–'હરેર્ગાનપ્રિયં' હરિને રસભર્યું તાપાત્મક ગાન પ્રિય છે. આ જ વિષયની સંગતિ શ્રીહરિરાય ચરણોકત 'નિજાચાર્યષ્ટક' સ્તોત્રના શ્લોકથી થાય છે.

મચ્ચિત્ત ધામ વિલસન્નિજનામ સામાગાનપ્રિયઃ પ્રિયજનં કરુણાં કરોતુ ।। ૭ ।।

સામવેદના મધુરનાદ–સ્વરવાળું ગાન શ્રીસર્વોત્તમજીના ૧૦૮ નામમાં રહેલું છે, તેથી શ્રીહરિરાયચરણ પ્રાર્થના કરે છે કે મારાચિત્તરૂપી ધામમાં આપના ૧૦૮ નામો સદા વિલાસ કરો.

સંગીતસાગર શ્રીગુસાંઈજીએ આ સર્વોત્તમસ્તોત્ર પ્રકટ કર્યું છે. તે સામવેદના મધુરનાદથી ભરેલું હોવાથી શ્રીમહાપ્રભુજીની સત્વરે પ્રસન્નતા પ્રાપ્ત કરાવે છે; તેથી શ્લોકમાં કહ્યું 'સામગાનપ્રિય' શ્રીમહાપ્રભુજીની પ્રસન્નતા થતાં પુષ્ટિ– પરમ–પુરુષાર્થ પ્રાપ્ત થવામાં શું બાકી રહે? શ્રીહરિરાયચરણનો 'ઇષ્ટ–ભાવ' શ્રીસર્વોત્તમજીમાં હતો. શ્રીસર્વોત્તમજીના ગાનથી શ્રીમહાપ્રભુજીની પ્રસન્નતા પ્રાપ્ત કરીને, આપશ્રીના નિજાનંદ સ્વરૂપમાં શ્રીહરિરાયચરણ તદાત્મક થઈ ગયા. શ્રીસર્વોત્તમજીનો આવો અચિન્ત્ય મહિમા હોવાથી શ્રીઅગ્નિ કુમારે 'સર્વોત્તમ' નામ રાખ્યું છે. અને નિત્યલીલાસ્થ

સ્વરૂપની પ્રાપ્તિ કરાવવામાં શ્રીગોકુલેશ સર્વોત્તમજીના ગાનને અસાધારણ સાધનરૂપ કહે છે.

દૈવીજીવ અનેક કાળથી લીલાધામથી વિછુરેલો છે. તેથી પ્રિયપ્રભુનો તેને વિરહ થતો નથી, તેનું કારણ મહામાયાના મોહથી તેના હૃદયમાં અજ્ઞાનરૂપી અંધકાર છવાયેલો છે. આ અંધકારને આધિદૈવિક જગતના ભાનુ શ્રીવલ્લભ વિના કોણ દૂર કરી શકે ? તેથી વલ્લભીઓએ તો સર્વ પ્રથમ શ્રીવલ્લભ– પદામ્બુજનો જ અનન્ય આશ્રય સિદ્ધ કરવો અત્યંત હિતકાર છે–

પ્રથમ વસિયે શ્રીવલ્લભપદ–પંકજ–નગરહી માઈ ।
જહાં પરાગ પદ્મનાભાદિક નિધિ વૃન્દાવન પાઈ ।।

(શ્રીપદ્મનાભદાસજી)

કોટિમાં વિરલ શ્રીપદ્મનાભદાસજીએ શ્રીવલ્લભપદ–પંકજની ‘પરાગ’ ને વૃન્દાવનની ‘નિધિ’ કહી છે. તેમાં ખૂબ ગૂઢ ભાવો રહેલા છે. આ ‘પરાગ’ ને જેણે પ્રાપ્ત કરી છે તેના હૃદયમાં વૃન્દાવનની નિધિ રૂપ–રાસાદિલીલાઓથી આખ્ય એવું શૃંગાર–કલ્પવૃક્ષ પ્રગટ થઈ જાય છે. અહીં વિશેષ વર્ણન કરતાં તેનો વિસ્તાર થઈ જાય.

હરિના અતિઅનુગ્રહનું લક્ષણ :

હવે જેને દિવ્યપ્રેમરાજયમાં પ્રવેશ કરાવવો છે, તેવા પ્રેમીભક્ત માટે પ્રિયપ્રભુ કેવા ઉપાયો રચે છે, તે સંબંધમાં હરિના હાર્દને જાણનારા રતિપથના ગુરુ શ્રીવલ્લભ ‘નવરત્ન’ માં આજ્ઞા કરે છે–

લોકે સ્વાસ્થ્યં તથા વેદે હરિસ્તુ ન કરિષ્યતિ ।
પુષ્ટિ–માર્ગ–સ્થિતો યસ્માત સાક્ષિણો ભવતાઽખિલા ।। ૬ ।।

આ શ્લોકમાં ‘હરિ’ શબ્દ છે તેનો પાછળ ભાવાર્થ કહેલ છે, તેવા હરિ પોતાના પ્રેમીભક્તોને ‘લોકમાં’ એટલે દેહ અને દેહ સંબંધી સંસાર –જગતમાં અને ‘વેદ’ એટલે ધર્મમાર્ગમાં સ્વસ્થ થવા દેતા નથી. અથવા લોકમાં કે સાક્ષાત ધર્મીસ્વરૂપનો જેમાં સંબંધ નથી તેવા ધર્મમાર્ગમાં જે–જે પ્રકારે સ્વસ્થતા થતી હોય તેવા કાર્યમાં અરુચિ ઉત્પન્ન કરી મનને નિવૃત્ત કરે છે. આવી અરુચિ

કરવી તે હરિના અતિ અનુગ્રહનું લક્ષણ છે.

પ્રીત બંધી શ્રીવલ્લભ–પદસોં ઔર ન મનમેં આવે હો ।
જબતેં અંગીકાર કિયો હૈ મેરો તબતેં અન્ય ન સુહાવે હો ।।
(શ્રીહરિરાયપ્રભુ)

શ્રીમુખ બોલ્યા શ્રીહરિ હોય જેને અતિશય અનુગ્રહ મારો રે ।
તેને અહીં સ્વપ્ને સુખ નહીં, એ છે મૂલથી મારો ધારો રે ।।
(શ્રીદયારામભાઈ)

આવા અતિઅનુગ્રહવાળા પ્રેમીજનોએ લોકમાં કે ધર્મમાર્ગમાં જે–જે બને તેમાં લીલાભાવના રાખી તટસ્થ રહેવું તેનું નામ 'સાક્ષિવત' કહેવાય છે. આવા પ્રકારે સાક્ષિવત રહેવાથી મનને ખટપટ કરવાનો સમય નહી મળે, તેથી નવરું પડેલું મન પ્રિય પ્રભુને જ ગ્રહણ કરશે. આનું નામ પુષ્ટિપ્રેમમાર્ગ–સ્થિત થવું કહેવાય છે.

'આત્મ–નિવેદન કરનાર, પ્રભુ માટે સર્વસ્વનો ત્યાગ કરનાર, અને પ્રભુના પ્રેમને જ ઝંખનાર ઉપર જ પ્રભુની કૃપા વર્ષે છે. તેવા જીવો જ (પુષ્ટિ) પ્રેમમાર્ગના અધિકારી છે (અથવા પુષ્ટિના જીવોની આ જ પહેચાન છે કે પ્રભુપ્રેમ માટે જ ઝંખતા હોય.) સંસારના વિષયસુખોનો ત્યાગ કરીને ભગવાનના પ્રેમને જ જીવનનું ધ્યેય બનાવનાર (પુષ્ટિમાર્ગમાં) બહુ થોડા છે.' (શ્રીદયારામભાઈના જીવનચરિત્રમાંથી ઉધૃત)

મન નિષ્કામ કયારે થાય ? :

ભૌતિક અને આધ્યાત્મિક જીવનમાં, સાક્ષાત પ્રિયપ્રભુના સંબંધ વિનાના અનેક સંકલ્પ–વિકલ્પ ઊઠતા હોય છે. તેવા વિચારો જયારે સંપૂર્ણ નિવૃત્ત થાય ત્યારે મન નિષ્કામ બનેલું કહેવાય છે. આવું મન તરત જ આત્મગામી થાય છે. એટલે પ્રેમસ્વરૂપ પ્રભુમાં પ્રવેશ કરે છે. કારણ કે મનને પ્રભુએ ક્રિયાપ્રધાન બનાવ્યું છે. તેથી નવરું રહી શકતું નથી. અથવા વિચાર કર્યા વિનાનું રહી શકતું નથી. તેથી બધેયથી નિવૃત્ત થયેલું મન પ્રિય પ્રભુના સ્વરૂપનું અવલંબન

લે છે. જેમ સાગરમાં ચાલતા જહાજ ઉપર પક્ષી બેઠેલું હોય છે તે જહાજને છોડીને ચારે દિશામાં ઘૂમે છે, પરંતુ બેસવાનું સ્થાન નહી મળવાથી પાછું જહાજનું અવલંબન લે છે; તેમ પ્રભુ સિવાય બીજા વિચારોનું અવલંબન મનને નહી મળવાથી પ્રિયપ્રભુને જ ગ્રહણ કરે છે. નવરત્નમાં 'લોકે સ્વાસ્થ્યં તથા વેદે હરિસ્તુ ન કરિષ્યતિ' – એમ જે આપશ્રીએ આજ્ઞા કરી છે તેનું ગૂઢ તાત્પર્ય દયાળુ હરિ પોતાના પ્રેમીભક્તને બલાત્કારે લોકમાં અને ધર્મમાર્ગમાં સ્વસ્થ થવા દેતા નથી. આ કથનની સંગતિમાં શિ. ૬–૮ માં શ્રીહરિરાયપ્રભુ આજ્ઞા કરે છે–

અનિષ્ટમેવ સર્વજ્ઞો બલાદ દૂરીકરોતિ હિ ।
ઇષ્ટાનિષ્ટ વિવેકો હિ જીવબુદ્ધ્યા ન જાયતે ॥

'આ ઇષ્ટ છે, આ અનિષ્ટ છે, એવો વિવેક જીવબુદ્ધિથી થતો નથી. તેથી જીવની ઇચ્છા ન હોય તો પણ સર્વજ્ઞ પ્રભુ નિજપ્રમેય–બલથી–બલાત્કારે અનિષ્ટનું નિવારણ કરે છે જ.'।

આ હરિનો અતિ કરુણા ધર્મ છે. પ્રિય પ્રભુની આવી કરુણાનો ઉપકાર સ્મરણમાં લાવી, લોક અને ધર્મમાર્ગમાંથી મનને નિવૃત્ત કરી સેવા–સ્મરણ–ગુણગાન–ધ્યાન વિગેરે અલૌકિક સાધનોમાં મનને જોડી રાખવું.

અહી એમ પ્રશ્ન થાય કે મનના સંકલ્પ–વિકલ્પ તો ઊઠતા જ રહે છે તેમાંથી નિવૃત્ત કેવી રીતે થવાય? જવાબમાં–લૌકિક અને વૈદિક–ધર્મમાર્ગના સંકલ્પ–વિકલ્પોનો મૂળમાંથી નાશ કરવા માટે જ સેવા–સ્મરણાદિ અલૌકિક સાધનોમાં મનને જોડવાનું છે. અનેક જન્મોની એકઠી થયેલી વાસનાથી સંકલ્પ–વિકલ્પ ઊઠે છે. તેનો નાશ અલૌકિક સાધનારૂપી અલૌકિક અગ્નિ જ કરી શકે. જુઓ શ્રીસર્વોત્તમજીમાં અગ્નિકુમાર શ્રીગુસાંઇજી આજ્ઞા કરે છે–

'તન્નામાષ્ટોતરશતં પ્રવક્ષ્યામ્યખિલાઘહૃત'।

અગ્નિસ્વરૂપ શ્રીવલ્લભ પ્રભુના નામો અલૌકિક–અગ્નિરૂપ હોવાથી દેખાતાં કે નહી દેખાતાં અનેક જન્મોનાં એકઠાં થયેલાં કાયિક–વાચિક–માનસિક

પાપોના સમૂહનો મૂળમાંથી નાશ કરે છે. જેમ સારસ્વત કલ્પમાં પ્રભુએ પ્રગટ થઈને બાલલીલાથી પ્રારંભ કરીને શ્રીગિરિરાજધારણ સુધીની લીલા કરી, પોતાના પ્રેમીભકતોના ભૌતિક–આધ્યાત્મિક–આધિદૈવિક પ્રતિબંધોને દૂર કરી, પોતાના સાક્ષાત સ્વરૂપાનંદમાં સ્થિત કર્યા; તેમજ ત્રણે પ્રકારના પ્રતિબંધોને દૂર કરીને પ્રિયપ્રભુનો સાક્ષાત સંબંધ કરાવવા માટે જ શ્રીજીસ્વરૂપ શ્રીગુસાંઈજીએ, અતિશય કરુણા કરી અલૌકિક અગ્નિરૂપ શ્રીમહાપ્રભુજીનાં ૧૦૮ નામો પ્રગટ કર્યાં છે. ત્રણે પ્રકારના પ્રતિબંધોને દૂર કરીને પ્રભુનો સાક્ષાત સંબંધ કરાવી આપે તેવો ગૂઢાશય–'વિનિયોગો ભકિતયોગ–પ્રતિબંધ–વિનાશને' આ શ્લોકમાં રહેલો છે. તેથી સંકલ્પ–વિકલ્પરૂપ મિથ્યા વિચારસૃષ્ટિની નિવૃત્તિ માટે કોઈપણ પ્રકારનાં અલૌકિક સાધનો સેવા–સ્મરણાદિ દ્વારા પ્રભુ સન્મુખ રહેવું જોઈ એ. મિથ્યા વિચારસૃષ્ટિ ઉત્પન્ન થવાનું એક કારણ અસમર્પિત અન્નનું ભક્ષણ છે. આપશ્રી મહાપ્રભુજીએ, સેવાફલ ગ્રંથમાં 'ઉદવેગ– ભોગ–પ્રતિબંધ' આ ત્રણ પ્રકારના બાધકોને પ્રેમસ્વરૂપ પ્રભુના અનુભવમાં કહ્યા છે. આ ત્રણમાં 'ભોગ' મુખ્ય રીતે બાધક છે. 'ભોગ'–અસમર્પિત અન્ન લેવાથી જ ઉદવેગ–અને તેથી પ્રતિબંધ ઉત્પન્ન થાય છે. તેથી પ્રેમીભકતોએ પ્રભુને ભોગ ધરી અધરામૃતથી નિર્વાહ કરવો જોઈ એ. આ પ્રતિબંધોનું વર્ણન શ્રીહરિરાય પ્રભુએ શિ. ૯ના છેલ્લા ચાર શ્લોકમાં પણ કહેલું છે તેને અવલોકવું.

તાપાત્મક ગુણગાન:

પ્રભુપ્રાપ્તિમાં તાપાત્મક ગુણગાનને ઉત્તમ માન્યું છે તેથી જ શ્રીમદાચાર્ય ચરણે 'નિ.લ.' ગ્રંથમાં આજ્ઞા કરી છે–

તસ્માત સર્વ પરિત્યજય નિરુધ્ધૈઃ સર્વદાગુણાઃ ।
સદાનન્દ પરૈર્ગેયા સચ્ચિદાનન્દતા તતઃ ।૯।।

સૌભાગ્યમદથી પ્રિયપ્રભુ અંતર્હિત થયા પછી પ્રભુની ખોજ કરી તો પણ પ્રાપ્ત ન થયા. ત્યારે શ્રીગોપીજનોએ વિચાર કર્યો કે પ્રિયની પ્રસન્નતા ગુણગાનથી થાય છે. માટે આપણે સર્વ મળી ગુણગાન કરો. શ્રીગોપીજનોના

આ ગુણગાનની સંગતિમાં આપશ્રીએ 'નિ. લ.' માં ગુણગાનની આજ્ઞા કરી છે. ગુણગાનમાં પ્રભુના રસાત્મક—ગુણો 'ઐશ્વર્ય—વીર્ય—યશ—શ્રી—જ્ઞાન—વૈરાગ્ય' રહેલા હોવાથી તે, સમસ્ત દોષોની નિવૃત્તિ કરી પ્રભુનો સાક્ષાત સંગમ કરાવે છે. 'નિ. લ.' માં 'સચ્ચિદાનંદતા' એમ જે આજ્ઞા કરી છે તેનો ભાવાર્થ આધિદૈવિક સચ્ચિદાનંદ દેહની, ગુણગાન કરનાર ભકતને, પ્રાપ્તિ થાય છે. આ આધિદૈવિક દેહ પ્રાપ્ત થતાં લીલાધામમાં પ્રવેશ કરી અગણિતાનંદ પ્રભુની તત્સુખ સેવાનો અનુભવ તે કરે છે. તાપાત્મક ગુણગાનનો આવો મહિમા હોવાથી સર્વ પરિત્યાગપૂર્વક આપશ્રીએ ગુણગાનની આજ્ઞા કરી છે. આપશ્રીની આ નિગૂઢ વાણીને કૃપાપાત્રજનોએ જાણીને ગુણગાનમાં તત્પર થવું. ગુણગાનમાં અષ્ટસખાનાં પદોથી ગુણગાન થાય છે. તેમાં જેને સમજ ન પડે તેણે શ્રીસર્વોત્તમજીના પાઠરૂપી યશોગાન કરવું. સર્વોત્તમજી તો 'સર્વોત્તમ' છે જ. શ્રીજી સ્વરૂપ શ્રીગુસાંઈજીએ પ્રગટ કરી તેનું નામ 'સર્વોત્તમ' રાખ્યું છે. તેની સર્વોત્તમતામાં શું કહેવું? વળી શ્રીગોકુલેશ પ્રભુ આજ્ઞા કરે છે કે પ્રભુપ્રાપ્તિમાં શ્રીસર્વોત્તમજીનું ગુણગાન 'અસાધારણ' સાધન છે. અસાધારણ એટલે જેની સમાન બીજાનું સામર્થ્ય ન હોય; અથવા જીવની કલ્પનામાં આવી ન શકે, તેવું કર્તુમ અકર્તુમ અન્યથાકર્તુમ સામર્થ્ય છે. આવું સામર્થ્ય હોવાથી અનાયાસે ત્રિવિધ પ્રતિબંધોનો નાશ કરી પ્રભુનો સાક્ષાત સંબંધ કરાવે છે. તેથી શ્રીદયારામભાઈ પણ કહે છે કે—

શ્રીમદાચાર્ય જુકો દયા તૂ તો હોય રહે।
અનાયાસે અભયદાતા યે પ્રભુ અનલ હૈ ।।

નિત્યલીલાસ્થ સ્વરૂપની સાક્ષાત સેવાનો યોગ્ય, અલૌકિક દેહ પ્રાપ્ત કરાવીને, લીલાધામમાં અનાયાસે જ પ્રવેશ કરાવી દેવો તેનું નામ 'અભયતા' છે. શ્રીહરિરાયચરણ અન્તિમ શિક્ષાપાત્રમાં આજ્ઞા કરે છે—'સ્વામિની ભગવદભાવયુતં ચાપિવિલક્ષણં' । યુગલના અસંખ્ય ભાવાત્મક સ્વરૂપો આપશ્રીની ભીતર હોવા છતાં આપશ્રીનું સ્વરૂપ વિલક્ષણ છે. આ વિલક્ષણતા

કેવા પ્રકારની છે તે નિજજનોએ વિચારણીય છે.

શ્રીસર્વોત્તમજીનો મહિમા આટલો જ છે તેમ નથી. પરંતુ લીલાધામની સમસ્ત લીલાના આનંદનો પણ અનુભવ કરાવે છે. આ કથનના પ્રમાણમાં શ્રીહરિરાયપ્રભુકૃત 'વૈશ્વાનરાષ્ટક' સ્તોત્રનો શ્લોક નીચે મુજબ છે.

હરિ ભાવાત્માનં તદખિલ વિહારાનપિ તથા–
સમસ્તાં સામગ્રી મનુજ પશુ પક્ષ્યાદિ સહિતામ ।
કૃપામાત્રેણાત્ર પ્રકટયતિ દ્રકપાર કરુણઃ
સમે મૂર્ધન્યાસ્તાં હરિવદન વૈશ્વાનર વિભુઃ ।। ૭ ।।

અર્થ–'ભાવાત્મક શ્રીહરિના સ્વરૂપને, લીલાધામના સમસ્ત વિહારોને, તેમજ લીલાધામના દિવ્ય પરિકરને, અને પશુ–પક્ષી આદિ લીલા ઉદ્દીપક સામગ્રીને પણ જે કૃપા–કરુણાભરી દષ્ટિમાત્રથી અહી (ભૂતલમાં નિજજનોના હૃદયમાં) પ્રગટ કરે છે; એવા કરુણામય શ્રીભગવન્મુખાવતાર વૈશ્વાનર પ્રભુ મારા મસ્તક પર બિરાજો'।

હરિવદન–વૈશ્વાનર–વિભુઃ

ઉપરોકત શ્લોકમાં શ્રીવલ્લભસ્વરૂપના 'હરિવદન–વૈશ્વાનર–વિભુ' એમ ત્રણ નામો આપ્યાં છે તેનો ભાવાર્થ યથામતિ નીચે મુજબ છે.

'હરિવદન'–પુષ્ટિપ્રભુના મુખારવિંદરૂપ–સુધાસ્વરૂપને કહેલ છે. આ સુધાસ્વરૂપ એ આપશ્રીનું મૂળ સ્વરૂપ છે. આ મૂળ સુધાસ્વરૂપના સંબંધથી જ પુષ્ટિપ્રભુમાં અને લીલાસ્થ પરિકરમાં રસાત્મકતા પ્રગટ થાય છે; અને આ સુધાની મુખ્યતાએ જ પુષ્ટિપ્રભુની અનંત રાસાદિલીલાઓનું સર્જન, અને ક્રીડન થાય છે. તેથી સુધાસ્વરૂપનું નામ પહેલાં આપ્યું. સુધાસ્વરૂપે મારા મસ્તકે અને હૃદયમાં આપ બિરાજો તો અનંતલીલા–આનંદનો હું અનુભવ કરી શકું એવો તેનો ગૂઢાશય છે.

'વૈશ્વાનર'–વૈશ્વાનર અલૌકિક આનંદમય અગ્નિરૂપ છે અથવા તાપાત્મક છે. આ તાપાત્મક સ્વરૂપના આશ્રયથી જ પુષ્ટિપ્રભુની અનંતલીલાઓ

ના—અગણિતાનંદનો અનુભવ થઈ શકે છે. પુષ્ટિપ્રભુની પ્રત્યેક લીલા આનંદના સમુદ્રરૂપ છે. આ લીલા—આનંદનો અનુભવ થવા છતાં તૃપ્તિ ન થાય તો, બીજા લીલા—આનંદ—સમુદ્રનો અનુભવ થઈ શકે. આવો અતૃપ્ત ભાવ શ્રીવલ્લભના તાપાત્મક સ્વરૂપના દાનથી રહી આવે છે. તેથી મર્મજ્ઞશિરોમણિ શ્રીહરિરાય પ્રભુએ વૈશ્વાનર નામ આપ્યું છે, તેનું ગૂઢ તાત્પર્ય એ છે કે આપશ્રીનું આ તાપાત્મક સ્વરૂપ મારા મસ્તકે અને હૃદયે બિરાજે તો અનંતલીલા આનંદનો અતૃપ્તતાએ અનુભવ કરી શકું.

'વિભુઃ' કર્તુમ, અકર્તુમ, અન્યથાકર્તુમ અને વ્યાપકસત્તાવાળા થાય છે. આપશ્રીનું 'અકર્તુમ' સામર્થ્ય વિપરીત કૃતિવાળાને પણ અદેયદાન કરી શકે છે. જેમ પૂતના સર્વ પ્રકારે દુષ્ટા વિપરીત સ્વભાવવાળી હતી તેને પણ મુકિત આપીને, પુષ્ટિલીલામાં તેનો અંગીકાર કર્યો. અથવા 'વિભુ' એટલે વ્યાપક ધર્મવાળા થાય છે. આ આપનો વ્યાપક ધર્મ—સત્તા અનંત બ્રહ્માંડોમાં રહેલ છે જેમકે શ્રીકૃષ્ણદાસજીના પદમાં—

''કોટિ કોટિ બ્રહ્માંડ રોમહી રોમ પ્રતિ—
જગત આધાર ધર ધીર ધામી''

આપશ્રીના સ્વરૂપના પ્રત્યેક રોમમાં કોટિ કોટિ બ્રહ્માંડો રહેલાં છે. તેમ બહાર પણ અનંત બ્રહ્માંડોમાં આપશ્રીની વ્યાપક સત્તા રહેલી છે. આવા વ્યાપક ધર્મથી, લીલાધામની સમસ્ત લીલા સહિત, ભૂતલમાં નિજજનોના હૃદયમાં પુષ્ટિપ્રભુને પ્રગટ કરે છે.

પરબ્રહ્મ 'સત્ય—જ્ઞાન—અનંત' છે. આ શ્રુતિના કથન મુજબ પોતાના સ્વરૂપથી અનંત, લીલાપરિકરથી અનંત, રસથી અનંત, રસાત્મકલીલાઓથી અનંત, લીલા સામગ્રીઓથી અનંત, અને રસાત્મક બ્રહ્માંડોથી પણ અનંત છે. આવા મહિમાનું જ્ઞાપક નામ 'વિભુ' છે.

ત્રીજું બાધક તત્વ :

હવે પ્રભુપ્રાપ્તિમાં ત્રીજું બાધક તત્વ 'હર્ષ' છે. તેને કહેવામાં આવે છે—

હર્ષ-સાક્ષાત પ્રિયપ્રભુના સ્વરૂપથી મળતા સુખ સિવાય બીજા સર્વ પ્રકારના સુખોથી જે હર્ષ થાય છે તેનો પ્રેમીજનોએ ત્યાગ કરવો જોઈએ; કારણ કે આવા પ્રકારના હર્ષથી સ્વસ્થતા—સંતોષ થઈ જાય તો આગળ ગતિ કરીને દિવ્યપ્રેમરાજય—ગોલોકધામમાં પ્રવેશ કરવો છે તેમાં વિલંબ થાય છે; અથવા પ્રિયપ્રભુનો સાક્ષાત સંબંધ નહી હોવાથી જે તાપકલેશ થવો જોઈએ, તેને બીજા સુખોથી થતો હર્ષ પ્રગટ થવા દેતો નથી; અથવા જલથી જેમ અગ્નિ બુઝાઈ જાય તેમ હર્ષથી તાપકલેશ બુઝાઈ જાય છે. તેથી જ પુષ્ટિમાર્ગના સ્થંભરૂપ શ્રીમદદામોદરદાસજીએ શ્રીગુસાંઈજીને વિનંતી કરી છે– 'રાજ યહ મારગ હાંસી ખેલકો નાંહી હૈ તાપકલેશકો હૈ' આ વિનંતી ભાવિ વલ્લભીસૃષ્ટિને સાવધાન કરવા માટેની છે. શ્રીગુસાંઈજી તો પૂર્ણ પુરુષોત્તમ છે. તેથી સર્વ જાણે છે. પરંતુ પુષ્ટિમાર્ગના સ્થંભરૂપ અને વલ્લભીસૃષ્ટિના પિતામહ દ્વારા પ્રેમમાર્ગનો રહસ્યમય સિદ્ધાંત પ્રગટ કરાવવો હતો તેથી આ ચરિત્ર પ્રગટ કર્યું.

છૈયાં હઁસના દૂર કર રોનેસે કર ચિત્ત ।
બિન રોયે નહી પાઈએ પ્રાણ પિયરો મીત ।।
પ્યારે ઈન ગલિયનમેં આવ ।
નેનની મગસોં ધોય સઁવારી—અસન અસન ધરી પાવ ।।
સમઝ—બુઝ દિલ ખોલ પિયારે આશિક હોકે સોના કયા ।
જા નેનોંસે નીદ ગમાઇ તકિયા ઔર બિછૌના કયા ।।
રૂખે સૂખે રામરસ ટુકડા ચિકના ઔર સલોના કયા ।
''નાગરીદાસ'' પ્રેમકે મારગ સીસ દિયા ફિર રોના કયા ।।

હે પ્યારે પથિક ! તારા દિલને ખોલીને વિચારી જો કે પ્યારાને ચાહીને, પ્યારાના વિયોગમાં બીજા સુખોની લાલચ કરવી અને પ્રિયતમના વિયોગમાં બેફિકર રહેવું તે તારા માટે શરમજનક નથી શું ? પ્રિયના વિયોગકાલમાં પ્રેમીજનો પોતાના જીવનને ધિકકારતા જ રહેતા હોય છે. તેનું દષ્ટાંત શ્રીગુસાંઈજીકૃત વિજ્ઞપ્તિના અનેક શ્લોકોમાં જોવા મળે છે—

પ્રિય–સંગમ–રાહિત્યાદ વ્યર્થાઃ સર્વે મનોરથાઃ ।
નિરપત્રપતા સિદધ્યે જીવામિ સખિ ! સાંપ્રતમ ।।
(વિ. ૩–૮)

'હે સખી ! પ્રિય સંગમ વિનાના સર્વ મનોરથો વ્યર્થ જ છે. મારી નિર્લજજતા બતાવવા અધુના જીવી રહી છું ' આમ પ્રિયતમના સાક્ષાત સંબંધ વિના પોતાના જીવનને પ્રેમીજનો ધિકકારતા જ રહેતા હોય છે. દિવ્યપ્રેમમાર્ગનો સાધક પ્રિયવિયોગમાં મુસાફરખાના જેવા આ દશ્ય જગતમાં સ્વસ્થ કેમ રહી શકે ? દિવ્યપ્રેમરાજય પર વિજયધ્વજ ફરકાવનારા શ્રીગોપીજનોની પ્રિયના વિયોગમાં કેવી સ્થિતિ છે તેનું વર્ણન શ્રીપરમાનંદદાસજીએ પદમાં કહ્યું છે–

મેરો મન ગોવિંદસોં માન્યો તાતેં ઔર ન જીય ભાવે ।
જાગત સોવત યહ ઉત્કંઠા કોઉ વ્રજનાથ મિલાવે ।। ૧ ।।
બાઢી પ્રીત આન ઉર અંતર ચરનકમલ ચિત્ત દીનો ।
કૃષ્ણ–વિરહ ગોકુલકી ગોપી ઘરહીમેં વન કીનો ।। ૨ ।।
છાઁડ આહાર વિહાર સબૈ સુખ ઔર ન ચાહત કાઉ ।
''પરમાનંદ'' બસત હૈ ઘરમેં જૈસે રહત બટાઉ ।। ૩ ।।

આ પદ ભ્રમરગીતવાળા શ્રીગોપીજનોની વિરહાવસ્થાની સંગતિમાં પરમાનંદદાસજીએ ગાયું છે. પ્રિયપ્રભુના સાક્ષાત સંબંધ વિના પ્રેમીજનની આ દશ્ય જગતમાં સ્વસ્થતા રહી શકતી નથી.

ઘન–વરસનકી આશમેં દીની દેહ ગિરાય ।
ચાતક ચિત્ત કૈસે ભરે અનત ન મન ઠહેરાય ।।
(પંચામૃત)

ઉપરોકત પદ અને દોહાના ભાવાર્થને વિચારીને પ્રિયપ્રભુથી મળતા સુખ સિવાય, બીજા કોઈપણ સુખોથી હર્ષિત નહી થવું જોઈએ. સાક્ષાત પ્રિયસ્વરૂપના અનુભવનો માર્ગ પ્રચુર તાપકલેશથી જ ભરેલો છે તેમ નિશ્ચય સમજવું. તેનું કારણ એ છે કે તાપકલેશથી જ જયારે વિજાતીય ભાવ–પ્રપંચ

દગ્ધ થઈને અલૌકિક દેહ પ્રાપ્ત થાય છે ત્યારે જ દિવ્યપ્રેમ–રાજયમાં પ્રવેશ કરી પ્રિયપ્રભુની સાક્ષાત તત્સુખાત્મક સેવાનું સૌભાગ્ય પ્રાપ્ત થાય છે. દિવ્યપ્રેમ અનંતતૃષાથી ભરેલો છે.

પીવત પીવત રૂપરસ બઢત રહત હિત આશ ।
દઈ દઈ નેહી દગન અજબ અનોખી પ્યાસ ।। ૧ ।।
પ્રેમ તૃષાકી તાપ ધ્રુવ કૈસે હૂ કહી ન જાય ।
રૂપ નીર છિરકત રહે તઉ ન નૈન અઘાય ।। ૨ ।।

(ધ્રુવદાસજી)

વિલક્ષણ તૃષાથી ભરેલો આ દિવ્યપ્રેમ હોવાથી સાધનદશામાં અને ફલદશામાં પણ તાપભાવ સંયુકત જ છે. સાધનદશામાં પ્રિયતમના મિલનનો અને ફલદશામાં પ્રિયતમના સુખના અનેક મનોરથો સિદ્ધ કરવાનો તાપ–કલેશ રહી જ આવે છે. આ ફલદશાનો માધુર્ય–સુધા–સ્વાદ ભરેલો તાપકલેશ કેવા પ્રકારનો વિલક્ષણ છે તેનું આગળ 'દીનતા'ના સાધક તત્વમાં વર્ણન કરેલું છે.

ચોથું બાધક તત્વ :

હવે ચોથું બાધક તત્વ ''આતુરતા'' છે, તેને કહે છે.

આતુરતા–પ્રિયતમ પ્રભુના દઢાશ્રય વિના, આ આતુરતા થતી હોય છે. પ્રભુપ્રેમીજનોને સાધનદશામાં અનેક સંકટોનો સામનો કરવો પડે છે. દિવ્યપ્રેમમાર્ગની સાધના અતિ કઠીન છે. સાચો વીર પુરુષ સંગ્રામમાંથી કાયર બનીને પાછો ભાગતો નથી તો તેને 'શૂરવીર'ની ઉપમા અપાય છે. પ્રાકૃત જગતના શૂરવીરો એક જ વેળા પોતાનું શિર આપી દઈને પ્રાકૃત જગતમાં શૂરવીરની ખ્યાતિ મેળવે છે. પરંતુ પ્રણયસંગ્રામમાં ખેલતા પ્રેમવીરો તો ક્ષણે ક્ષણે પ્રાણની આહુતિ દેતા રહેતા હોય છે. આવા વીરો જ પ્રેમરાજય પર વિજય મેળવી શકે છે. સાચા વીર પુરુષોને જેમ જેમ સંગ્રામમાં શત્રુોના પ્રહારો થાય છે, તેમ તેમ તેમનામાં વિજય માટેનો ઉત્સાહ વધતો જાય છે, અથવા તેની શૂરવીરતા તેજ બને છે. તેમ પ્રેમપથિકો જેમ જેમ સંકટો આવે તેમ તેમ

પોતાની સાધનાને સફલ બનાવવા ઉત્સાહિત બનતા જાય છે.

શિર કાટો, છેદો હિયો ટૂક ટૂક કરી દેહુ ।
પૈ યાકે બદલે વિહઁસી વાહ વાહ હી લેઉ ।। (રસખાનજી)

ઘન ચોટેં સૌ સૌ સહે ઉપર લગાવે આંચ ।
ત્યોં ત્યોં રંગ દૂનો ચઢે સો સોનો હોય સાંચ ।। (પંચામૃત)

કાયરતા સ્વાર્થમાં હોય છે. પ્રિયતમથી જેને સુખ લેવું છે એવો સાધક સંકટો વેળા કાયર બની જાય છે. પરંતુ પ્રિયપ્રભુ માટે જ પ્રિયમાં પ્રેમ કરનાર સાધક કાયર બનતો નથી. તેનું કારણ નિષ્કામ પ્રેમીજનનું મન આત્મામાં પ્રવેશ કરે છે. આ આત્મામાં દિવ્યપ્રેમની અનંત શકિતઓનો નિવાસ છે. તે શકિતઓને પ્રાપ્ત કરી નિષ્કામ પ્રેમીજન પોતાની સાધનાને સફલ બનાવે છે. નિષ્કામ પ્રેમીવીરોમાં કેવો ઉત્સાહ રહેલો છે, કેવી તેની સ્વાર્પણની ભાવના છે તે નીચેના પદમાં જાણવા મળે છે.

તારે કયોં ન તજો નેન નેન કયોં ન તજો સીસ
સીસ કયોં ન ઢરી જાઓ અબહિ યા તનતેં ।
તન કયોં ન જરી જાઓ જરી કયોં ન છાર વ્હૈહો
છાર કયોં ન ઉડી જાઓ વિરહ–પવનતેં ।। ૧ ।।
સેની યહ મિલની નંદલાલ ગોપાલજુકી
ગોધન કે લિયે લિયે આવત બને વનતેં ।
કહેની હોય સો કહો રસ–રીતપે રહોં રી આલિ !
'માધો' જુકી પ્રીતિ જીન જાઓ મેરે મનતેં ।। ૨ ।।

અનેક જન્મોથી દૈવીજીવ પ્રભુથી વિખૂટો પડેલો છે, અને આ જગતમાં આવી, આસુરી–સંસારીજીવો સાથે મળેલો રહેતો આવ્યો છે, અને દેહાદિ અધ્યાસરૂપી અજ્ઞાને તેના ખરા–સત્ય–આત્મ–સ્વરૂપને ઢાંકી દીધું છે, તેથી પોતાના દેહને જ આત્મા માની રહ્યો છે; તેમ જ દેહના સંબંધમાં આ મારા છે એવી મમતાની વજ્રગાંઠ બંધાઇ ગઈ છે. આવા નાશવંત દુઃખ–દાવાનલ જેવા સંબંધને છોડાવીને, પ્રિયપ્રભુ જયારે તેને પોતાની નિકટ લઈ ને સ્વરૂપા–

નંદનું દાન કરવા ચાહે છે ત્યારે તેની નાશવંત અહંતા–મમતાને દૂર કરવા અનેક પ્રકારના દુઃખોને પ્રભુ ઉત્પન્ન કરે છે. આવા દુઃખોમાં પ્રેમીજનોએ અધીર નહી થવું જોઈ એ. માથાના બાલના અગ્રભાગ જેટલો અણુજીવ પોતાના હિત–અહિત ને સમજી શકતો નથી. આવા દૈવીજીવને પોતાનો માન્યા પછી પ્રિયપ્રભુ તેના હૃદયમાં જાગરુક રહીને નિરંતર તેના હિતના વિચારમાં જ તત્પર રહે છે, અને જે પ્રકારે તેનું હિત થાય તેમ જ કરતા હોય છે પરંતુ જીવની અજ્ઞાનતાને કારણે પ્રભુની આવી કૃપાને સમજી શકાતી નથી. તેથી દુઃખોમાં આતુર બની જાય છે. જીવ પોતાનું હિત–અહિત સમજી શકતો નથી છતાં તેવાનું પણ કરુણાળુ પ્રભુ હિત વિચારી રહ્યા છે. તેનું વર્ણન શ્રીહરિરાય પ્રભુએ શિ. ૬ માં કરેલું છે.

પ્રેમીજનના આ હિતનો વિચાર ભૌતિક–આધ્યાત્મિક–આધિદૈવિક ત્રણે અવસ્થામાં પ્રભુ સ્વયં કરતા હોય છે. ભૌતિક સ્થિતિમાં ભૌતિક અહંતા–મમતાત્મક મોહમાંથી નિવૃત્ત કરે છે. આધ્યાત્મિક સ્થિતિમાં મોક્ષપર્યંત ની અપેક્ષામાંથી નિવૃત્ત કરે છે, અને આધિદૈવીક સ્થિતિમાં બાહ્ય સંયોગના પરિચ્છિન્ન સુખોમાંથી નિવૃત્ત કરી વિપ્રયોગાત્મક વિલાસના અગણિતાનંદ સ્વરૂપમાં સ્થિત કરે છે. આધિદૈવિક સ્થિતિમાં પોતાના પ્રેમીજનનું મહાકારુણિક પ્રભુ કેવું હિત વિચારે છે તે શ્રીગોપીજનોના પ્રસંગથી વિચારીએ–

લઘુરાસમાં શ્રીગોપીજનોને સંયોગસુખનો પ્રભુએ અનુભવ કરાવ્યો ત્યારે આ સુખમાં તેઓ નિમગ્ન થઈ ગયા; અથવા પોતાને પૂર્ણ માનવા લાગ્યા પણ પ્રભુને પૂર્ણ ન માન્યા. જેમ સાગરમાં પડેલું નાનું–મોટું પાત્ર જલથી પૂર્ણ ભરાઈ જાય છે પછી બીજું ભરાતું નથી અને સાગર સમાન બની શકતું નથી. પ્રિયપ્રભુને તો શ્રીગોપીજનોને પોતાની સમાન–સાગર સમાન દિવ્યપ્રેમાનંદથી ભરેલા બનાવવા છે તેથી સૌભાગમદના મિષથી અંતર્હિત થઈ વિપ્રયોગનું દાન કર્યું. પોતાની સમાન બનાવવા પ્રિયતમે વિપ્રયોગનું દાન કર્યું છે તેમ શ્રીગોપીજનો જાણતા નહી હતાં, છતાં પરમહિતકારી પ્રિયપ્રભુએ વિપ્રયોગનું દાન કરી, અગણિતાનંદ ને ધારણ કરી શકે તેવા પાત્ર બનાવવા માટે, વિપ્રયોગ–

—અનુભવમાં સ્થિત કર્યા (આ કથનના પ્રમાણની અપેક્ષામાં 'પુ. પ્ર. મ.' ગ્રંથના શ્લોક ૧૩ થી ૧૩॥ સુધીમાં શ્રીગોકુલેશપ્રભુકૃત ટીકા વિજ્ઞવૃન્દે અવલોકનીય છે.) આ પ્રકારે પ્રિયપ્રભુ પોતાના અંગીકૃતજનોનું ત્રણે અવસ્થામાં હિત વિચારતા હોય છે. આવા મહાકારુણિક પ્રભુને છોડી જીવ અજ્ઞાનતાને કારણે મૃગજળ તરફ દોડતો હોય છે, અને અંતે નિરાશ થઈ પ્રભુ તરફ ગતિ કરે છે.

દૈવી–આસુરી સંગ્રામ :

દૈવીજીવની ભૌતિક દશામાં અનેક જન્મોથી વળગેલી અવિદ્યા આસુરભાવોને ઉત્પન્ન કરતી રહે છે. આ આસુરીભાવો એટલે પ્રિયપ્રભુ સિવાયના જેટલા વિચારો–ભાવો ઉત્પન્ન થાય તે સર્વ આસુરીભાવો જ કહેવાય છે. આવા આસુરીભાવો અને હૃદયમાં પ્રગટ થતા દૈવી ભાવો, આ બંનેનો સાધનદશામાં સંગ્રામ ચાલતો હોય છે. જેમ કૌરવ–પાંડવનું મહાભારત યુદ્ધ. આવા ભીષણ સંગ્રામમાં પણ આતુર થયા વગર આસુરભાવો ઉપર વિજય મેળવવાનો હોય છે. અનેક જન્મોથી પ્રભુથી વિખૂટા પડવાથી દૈવીજીવના હૃદયમાં અવિદ્યાજનિત મિથ્યા ભાવસૃષ્ટિએ પોતાની સત્તા જમાવી છે. આ પ્રાકૃત સત્તા ઉખેડીને અપ્રાકૃત–આત્મસત્તાનું સ્થાપન કરવા માટે ઘોર સંગ્રામ કરવો પડે છે. આવા સંગ્રામને કૌરવ–પાંડવના યુદ્ધનું રૂપક આપી શકાય.

પ્રેમીજનની બુદ્ધિમાં દૈવીભાવોની પ્રેરણા કરવી તે પ્રિયપ્રભુનું સારથીપણું છે. હૃદય કુરુક્ષેત્ર છે. કારણ કે તેમાં જ દૈવી–આસુરીભાવો સાધનદશામાં રહેલા છે. ઈન્દ્રિયોરૂપી અશ્વની લગામ શ્રીહસ્તમાં રાખેલ છે. એટલે કે પ્રેમીજનની ઈન્દ્રિયોને સેવા–સ્મરણાદિ સાધનોમાં લગાડે છે. વિવેક–ધૈર્યાશ્રયમાં આ વિષયનો સંકેત પ્રાપ્ત થાય છે.

''ત્રિદુઃખં સહનં ધૈર્યમામૃતેઃ સર્વતઃ સદા।''

ભૌતિક–આધ્યાત્મિક–આધિદૈવિક ત્રણે પ્રકારના દુઃખોને મરણ–પર્યત સહન કરવાની આપશ્રીએ આજ્ઞા કરી છે. કદાચ ઉપર કહેલા સંગ્રામમાં વિજય ન મળે તો પણ આસુરભાવોને દૂર કરવાનું સાહસ ઓછું થવા ન દેવું તેવો

સંકેત નીચેની પંકિતમાં પ્રાપ્ત થાય છે.

''અશૂરેણાપિ કર્તવ્યં સ્વસ્યાસામર્થ્યભાવનાત''

દશ હજાર સૈનિકને એકલા જ પૂરા પડે તેવા ભીષ્મપિતામહ જેવા મહારથી ઓ આસુરી (દુશ્મનના) પક્ષમાં રહેલા છે. હું આ સંગ્રામમાં વિજય કેવી રીતે મેળવીશ ? આમ હિમ્મત હારેલા દૈવીજીવાત્મારૂપી અર્જુનને બલ આપતાં પ્રભુ કહે છે કે તારા દૈવીજીવનનો હું સારથી બન્યો છું. આવું જ્ઞાન પૃથાપુત્રને નહી હોવાથી હિમ્મત હારેલાને બલ આપતાં લડવાનું જ કહી રહ્યા છે. તેમ પ્રેમીજનના જીવનસારથી પ્રેમદેવ શ્રીવલ્લભ આ શ્લોકમાં ઉપર મુજબની આજ્ઞા કરે છે કે તું અશૂર (શૂરવીર નહી) હોવા છતાં લડે જ રાખ. આવા પ્રકારનો આશય 'કર્તવ્ય' શબ્દથી પ્રાપ્ત થાય છે. પ્રેમીજનોનો બળવાન શત્રુ 'કામ' છે. તેને જીતવો કઠીન છે; તેમ ગીતાજીમાં પ્રભુ પ્રત્યે અર્જુને કહેલું છે. આ કામને જીતવાનો પ્રકાર વૈરાગ્ય અને અભ્યાસ છે. 'બિન વૈરાગ્ય નહી પાઈયે ગિરધરકો અનુરાગ.' વૈરાગ્યથી જ કામ દગ્ધ થતો જાય છે, અને 'અભ્યાસ' માં સેવા–સ્મરણાદિ સાધનો કરવાના હોય છે. સેવા–સ્મરણાદિમાં અલૌકિક અગ્નિ રહેલ હોવાથી કામને દગ્ધ કરે છે. અહી 'કામ' એટલે ગુહ્ય ઈન્દ્રિયથી ભોગવાતા કામને જ કામ નહી માનવો, પરંતુ એકાદશ ઈન્દ્રિયોથી જે ભૌતિક વિષયો ભોગવાય છે તેનું નામ કામ છે. આ કામને દગ્ધ કરવામાં ધૈર્ય અને વીરતા રાખવાની જરૂર છે. તેથી પ્રેમપથમાં ચાલનારા રસિકો વીરરસને પ્રગટ કરવા કહી રહ્યા છે–

''ભકિતનો મારગ છે શૂરાનો નહી કાયરનું કામ જોને,
પ્રથમ પહેલાં મસ્તક મૂકી વળતા લેજે નામ જોને.''

પ્રભુપ્રેમીજનોએ ગમે તેવા દુઃખોમાં સાહસ ઓછું થવા નહી દેવું જોઈએ. પોતાના ધ્યેયથી વિચલિત નહી થવું. આસુરીભાવોથી વિજય મેળવી દિવ્યપ્રેમરાજ્યમાં પ્રવેશ કરવો એ જ તેનું ધ્યેય હોવું જોઈએ.

''વીર – શિરોમણિ જે હશે તે થાશે રણધીર ।
નટ પણ વેશ પહોંચાડતા શત ખંડ કરે શરીર ।।

કૂદી પડે કોઈ શૂરમા પ્રેમ સિન્ધુ કે માંહી ।
હરિ હીરા નિશ્ચે પાવહી યામેં સંશય નાહી ।।
અમર બન્યા જે નર સુઘડ પ્રેમ સુધા કરી પાન ।
તેનું હૃદય ન તપી શકે ભલે કામ બળવાન ।।
પ્રેમ– રસાયન– પાનથી પ્રગટી શકિત અપાર ।
કામ ક્રોધ મદ લોભ અરિ ભાગ્યા સરહદ પાર ।।

અહીં એક રસિક મહાનુભાવના સૌજન્યથી દિવ્ય–પ્રેમ–રાજયમાં પ્રવેશનો સાધનપ્રકાર પ્રાપ્ત થયો છે તે નીચે મુજબ નિવેદન કરું છું.

મધુરભાવ યા દિવ્યપ્રેમભાવ :

પ્રભુ સાથે દિવ્યપ્રેમનો સંબંધ, પ્રભુ મારા પ્રિયતમ, રમણીય કાન્ત, પરમ પ્રેરક છે; આવા પ્રકારનો દિવ્યપ્રેમ સહિતનો પ્રિયપ્રભુ સાથે સંબંધ તેનું નામ 'મધુરભાવ' છે. અનિર્વચનીય મધુરતા વિશુદ્ધ દિવ્યપ્રેમમાં જ રહેલી છે. આ મધુરભાવ કેવી રીતે પ્રાપ્ત થાય તેની સાધનાનો પ્રકાર નીચે મુજબ છે.

''કામગંધશૂન્ય થયા વિના મધુરભાવ સમજવો સંભવિત નથી (કારણ કે આ દિવ્યપ્રેમતત્વ આત્માના અંતસ્તલમાં ગૂઢ રીતે રહેલું હોય છે. તેથી દેહ–પ્રાણ–ઇન્દ્રિયો અને અન્તઃકરણના પ્રાકૃત અધ્યાસોની હયાતિમાં આ મધુરભાવનું સ્ફૂરણ પણ થઈ શકતું નથી તો પ્રાપ્તિની સંભાવના જ કયાં ?)

સ્વયં સાધક બન્યા વિના દિવ્યપ્રેમ જેણે પ્રાપ્ત કર્યો છે તેવા સાધકના જીવનઇતિહાસને સમજવો કઠીન છે. કારણ કે આ સાધના સૂક્ષ્મભાવ–રાજયની વસ્તુ છે. અહી રૂપ–રસ આદિ પ્રાકૃત વિષયોની સ્થૂલ મોહક મૂર્તિ દષ્ટિગોચર થતી નથી; અથવા ઇન્દ્રિયોથી ગ્રહણ થતાં દશ્ય જગતના પ્રાકૃત વિષયો અને માનવ વ્યકિત સાથેનો સંબંધ આ ભાવરાજયની સાધનામાં રહી શકતો નથી. રાગદ્વેષાદિની પ્રેરણાથી અસ્થિર વિચલિત થઈને મનુષ્યનું મન અનેક પ્રકારના ભોગ–સુખોને પ્રાપ્ત કરવા માટે ખટપટ કરતું રહે છે. આવા પ્રકારની ખટપટ પ્રેમરાજયની સાધનામાં રહી શકતી નથી. આ ભાવરાજયમાં તો સ્વયં સાધકના

અન્તઃકરણના જન્મજન્માંતરના વિજાતીય ભાવસંસ્કારનું નામનિશાન પણ રહી શકતું નથી.

બાહ્ય વસ્તુ અને માનવ–વ્યકિત સાથેનો સંબંધ છોડીને, ઉચ્ચભાવ અને ઉચ્ચ ધ્યેયની તરફ આકૃષ્ટ થઈને, ઉચ્ચ ધ્યેયમાં મનને એકાગ્ર કરીને, ધ્યેય પ્રાપ્ત કરવા માટે, ધ્યેયથી પ્રતિકૂલ સંસ્કારોની વિરુદ્ધ નિરંતર ઘોર સંગ્રામ કરતા રહેવાનો જ પ્રકાર, ભાવરાજ્યની સાધનામાં થતો રહેતો હોય છે. અહી સાધક બહારના વિષયોનો ત્યાગ કરીને પોતાના ઇષ્ટ સ્વરૂપમાં રત થવા માટે લગાતાર પ્રયત્ન કરતો રહે છે. આવા પ્રકારનો પ્રયત્ન નિરંતર રહેવાથી સાધક ક્રમશઃ અન્તઃરાજયનો અધિકાધિક અનુભવ કરે છે. અંતમાં પોતાના અસ્તિત્વના અત્યંત ગહન–આત્મ–પ્રદેશમાં પહોંચીને, પ્રિયા–પ્રીતમના સ્વરૂપનો સાક્ષાત્કાર કરીને, નિત્ય–વિહાર–રસયુકત સેવામાં સ્થિત થઈને પરમાનંદનો અનુભવ કરેછે.''

વિરહાનુભવ જ સાધન :

આ મધુર ભાવરાજયમાં પ્રવેશ કરવાની સાધનામાં વિરહાનુભવ જ સાધન છે. અહી નીચેના શ્લોકની સંગતિથી આ સાધના વિચારવી.

તસ્માત શ્રીકૃષ્ણમાર્ગસ્થો વિમુકતઃ સર્વલોકતઃ ।
આત્માનન્દ સમુદ્રસ્થં કૃષ્ણમેવ વિચિંતયેત ।।
(સિ. મુ.)

દિવ્ય–પ્રેમ–રાજયમાં પ્રવેશનો પ્રકાર ઉપરોકત રસિક મહાનુભાવના કથન મુજબ અને સિદ્ધાંતમુકતાવલીના ઉપરોકત શ્લોક મુજબ સમજીને વીરતાપૂર્વક ધ્યેય સિદ્ધ કરવા પ્રયત્ન કરવો. દશ્ય દુનિયામાં આવા સર્વત્યાગી પ્રેમવીરો લક્ષાવધિમાં કોઈ એક જ હોય છે. તેથી આ પ્રણયસાધકને કોઈ કોઈ સમયે ભ્રમ થાય છે કે હું માર્ગ તો ભૂલ્યો નથી ને ? કારણ કે મારા માર્ગે તો હું એકલો જ દેખાઉં છું, અને કોઈ કોઈ સમયે દૂર દૂર એકાદ પથિક દ્રષ્ટિપથમાં આવે છે. આવો ભ્રમ સાધકને થાય તો તેને દૂર કરવા પ્રેમદેવ શ્રીવલ્લભના

આત્મજ અગ્નિકુમાર આજ્ઞા કરે છે–

ભક્તિમાર્ગે સર્વમાર્ગવૈલક્ષણ્યાનુભૂતિકૃત ।
પૃથકશરણમાર્ગોપદેષ્ટા શ્રીકૃષ્ણહાર્દવિત ।।

'ભક્તિયોગો બહુવિધઃ' શ્રીમદભાગવતના આ વાકય પ્રમાણે ભક્તિ ૮૧ પ્રકારની છે. તેમાં પુષ્ટિ–ભક્તિમાર્ગીય પ્રેમીજનોનો સ્વતંત્ર વિરહાત્મક ભક્તિમાર્ગ વિલક્ષણ અને પૃથક છે. આવો વિરહાત્મક, સ્વતંત્ર પ્રેમભક્તિમાર્ગ રતિપથના આચાર્ય શ્રીવલ્લભપ્રભુએ નિરાળો જ પ્રગટ કર્યો છે. તેથી પ્રારંભથી જ પ્રિયતમના વિયોગની વેદનાથી ભરેલો છે.

શુદ્ધા પ્રેમ્ણાતિદુર્લભા :

પ્રિયપ્રભુની તત્સુખાત્મક નિરવધિ રસસમ્પત્તિયુક્ત સેવા માટે ન્યોછાવર થઈ જવાની જેનામાં તમન્ના નથી અથવા સંયોગ સુધીના સર્વ સુખોનો ત્યાગ કરીને પ્રિયતમને સુખદ બનવા વિરહદુઃખને જે સહન કરી શકતા નથી, તેવા સ્વાર્થભીરુ–કાયર આ માર્ગે ચાલી શકતા નથી. તેથી આ પ્રણયપથિકને કોઈ કોઈ સમયે સંભ્રમ થાય છે, તેને દૂર કરનારો ઉક્ત શ્લોક છે. આ શ્લોકનો આશય એવો પણ થઈ શકે છે કે મોક્ષના માર્ગે ચાલનારા તો તને લક્ષાવધિ દેખાશે, પરન્તુ પ્રિયપ્રભુ માટે સર્વસ્વનો ત્યાગ કરનારા તારા જેવા પ્રેમવીરો તો લક્ષાવધિમાં કોઈ એક જ હોય છે. આ કથનની સંગતિમાં ભા. ૬–૧૪–૫ માં કહ્યું છે કે–'હે મહામુનિ ! કરોડો મુક્તોમાં અને સિદ્ધોમાં પણ નારાયણપરાયણ શાંત અન્તઃકરણવાળો ભક્ત મળવો દુર્લભ છે.' આમ હોવાથી વિશુદ્ધ પ્રેમીજનોની આ જગતમાં દુર્લભતા કહી છે. વળી 'પુ–પ્ર–મ' ગ્રંથમાં પણ આપશ્રી વલ્લભે શ્રીમુખથી જ આજ્ઞા કરી છે–'શુદ્ધાપ્રેમ્ણાતિ–દુર્લભા.' તેમજ શ્રીમત્પ્રભુ ચરણ વિજ્ઞપ્તિમાં આજ્ઞા કરે છે–

કસ્યાગ્રે કથયામ્યાલિ મનો–દુઃખસ્ય સંતતિમ ।
વ્રજાધીશ વિયોગાબ્ધિમગ્નઃ કોપિ ન દશ્યતે ।। (૨–૧૧)

અર્થ : 'હે સખી ! પ્રિયતમના વિયોગનું દુઃખ હું કોની પાસે કહું ? વ્રજાધીશના

વિયોગ–સમુદ્રમાં ડૂબેલો કોઈ દેખાતો નથી.' જેમ સાગરમાં એક પછી એક બીજા તરંગની પરંપરા ચાલતી જ હોય છે તેમ વિયોગસમુદ્રમાં ડૂબેલા વિરહી રસિકના હૃદયમાં ક્ષણે ક્ષણે વિરહભાવના તરંગો પ્રગટ થતા હોય છે. પ્રિયની ક્ષણ–ક્ષણની યાદ તેને મર્મવેધક બનતી હોય છે. આમ જયારે વિરહસમુદ્રમાં મજજન–ઉન્મજજનથી પ્રણયસાધક ડૂબેલો રહે છે ત્યારે વિશુદ્ધ દિવ્યપ્રેમને પ્રાપ્ત કરી શકે છે.

''નેહ નદીમેં ન્હાયકે નિકસનહાર અનેક ।
પરે મરે પણ ના હટે સો લાખનમેં એક ।।
નેહ નદીકો પેરિવો તાકી ટેઢી ધાર ।
પાર ગયો સો ડૂબિયો ડૂબે સોઈ પાર ।।''

દિવ્યપ્રેમને જાણ્યા પછી એકાંગીનિષ્ઠા–સાધનપૂર્વક પ્રિયપ્રભુમાં જ પ્રેમ–આસકિત–વ્યસન અને અંતે તન્મય અવસ્થા પ્રાપ્ત કરી, તેનું નામ 'ડૂબે સોઈ પાર'; અને 'પરે મરે પણ ના હટે.'

''ગૌર–શ્યામ વદનારવિંદ પર જિસકો વીર મચલતે દેખા ।
નેન–બાન મુસ્કાન મંદ પર કભી ન નેક સંભલતે દેખા ।।
'લલિત કિશોરી' જુગલ ઇશ્કમેં બહોતનકે ઘરઘરમેં દેખા ।
ડૂબા પ્રેમ – સિન્ધુમેં કોઈ હમને નહીં ઉછલતે દેખા ।।''

દિવ્યપ્રેમને જાણ્યા પછી પ્રેમપ્રાપ્તિનો ઉપાય–સાધના નહીં કરતાં, પ્રેમતત્વના ઉપદેશક બની પ્રતિષ્ઠામાં જ નિમગ્ન રહેનારા, પ્રતિષ્ઠામાં જ સ્વાદ લેનારાને માટે કહ્યું, 'નેહ નદીમેં ન્હાયકે નિકસનહાર અનેક' । અને 'પાર ગયો સો ડૂબિયો' । આથી નિજજનોને શ્રીવલ્લભપ્રભુએ ચેતવણી આપી છે–

'લાભ–પૂજાર્થ–યત્નેષુ કૃષ્ણ એવ ગતિર્મમ'

આ વિષયમાં એક રસિકની મનોવ્યથા નિમ્ન પ્રકાર છે.

ધિક વો ખાખ ફકીરી દિલસે ચાહ ન છૂટી ।
માન બડાઈ જબતેં પાઈ તબતેં કિસ્મત ફૂટી ।।

પૂરી વિપત્તિ મહંતાઈ આઈ પ્રીત શ્યામસોં ટૂટી ।
મિલે રસિક જબ નંદદુલારો સંજીવન–રસ બૂટી ।।

ઉપરોક્ત કથન મુજબ વિરહી રસિકજનોની ભૂતલમાં દુર્લભતા જાણી લેવી.

''રસિક યુથ બહુ ના મિલે સિંહ ટોલ નહીં હોય ।
વિરહ–વેલ જહાં તહાં નહીં ઘટ ઘટ પ્રેમ ન જોય ।।
હંસ હજારન ના મિલે કૌવા મિલે કરોર ।
તૈસે હરિજન સૂરમા પાવત વિરલા ઠોર ।।''
(પંચામૃત)

સંશય ન કરીશ. જીવન–મરણની, જય–પરાજયની પરવા કર્યા વગર દિવ્યપ્રેમરાજયમાં પ્રવેશની મંજીલ કાપ્યે જ જા. તારી સાથે આત્મરૂપથી તારા નિત્ય સખા પ્રિયપ્રભુ રહેલા છે.

દિવ્યપ્રેમની મંજિલ :

''બાંકી ઘાટી નેહકી ચઢની દુહેલી આહી ।
નેનની મગ ચલિવો તહાં બને તો હિત ધ્રુવ જાહી ।।''

પ્રિયતમના સ્વરૂપનું નેત્રોથી નિરંતર ધ્યાન કરવું. આ પ્રણય–પથિકોને ચાલવાની મંજિલ છે, અને પ્રિયપ્રભુ સહિત દિવ્યલીલાધામનો, દિવ્યલીલા પરિકરનો અને દિવ્યલીલાઓનો સાક્ષાત્કાર થાય તેનું નામ પ્રેમરાજયમાં પ્રવેશે છે.

''પીત્વા મુકુન્દ–મુખ–સારઘમક્ષિ ભૃંગૈઃ''

શ્રીગોપીજનો પ્રિયતમના શ્રીમુખલાવણ્યમધુનું પાન નેત્રોરૂપી ભ્રમરીઓથી સર્વત્ર કરતાં રહેતાં. આ છે પ્રભુપ્રેમીઓને ચાલવાની મંજિલ–માર્ગ.

સાધકતત્વો–કોમલવચન :

દિવ્યપ્રેમપ્રાપ્તિમાં બાધક તત્વો (૧) સ્વાદ (૨) વિવાદ (૩) હર્ષ અને (૪) આતુરતા હતા, તેનું અહીં સુધી વર્ણન કરીને હવે આગળ પ્રેમપ્રાપ્તિમાં

સાધક તત્વોને શ્રીસૂરદાસજી કહે છે–

'' કોમલ વચન દીનતા સબસોં સદા પ્રફુલ્લિત રહિયે '' ॥૧॥

કોમલવચનઃ સત્ય પણ પ્રિય બોલવું. કોઈને દુઃખ થાય તેવું સત્ય વચન હોય તો પણ નહી બોલવું. પહેલા બાધક તત્વોનું વર્ણન કર્યુ. તેની જયારે નિવૃત્તિ થાય છે ત્યારે પ્રેમીજનનું હૃદય મૃદુલ–કોમલ બનેલું હોય છે. આ કોમલતાનું રક્ષણ કરવા માટે સાધનદશાવાળા પ્રેમીજનોએ વ્યવહારમાં વાણીને કોમલ રાખવી. કારણ કે ઇન્દ્રિયો જે જે વિષયની પ્રવૃત્તિ કરે છે તેના કઠોર અને કોમલ ભાવોનો સંબંધ હૃદયમાં થાય છે. તેથી જો વાણીમાં કઠોરતા ઉત્પન્ન થાય તો તેની અસર હૃદયમાં પણ થાય છે અને કોમલતા એ તો મહાકષ્ટે પ્રાપ્ત કરેલી દિલની દિવ્યસંપત્તિ છે. તેથી અનેક જન્મોના સુકૃતોથી અથવા મહાકષ્ટથી પ્રાપ્ત કરેલી કોમલતારૂપી દિવ્યસંપત્તિનું પ્રેમીજનોએ રક્ષણ કરવું. ભગવતી ગીતાજીમાં કહ્યું છે કે સહસ્રો જન્મોના તપ–ધ્યાન–સમાધિથી કૃષ્ણભકિત પ્રાપ્ત થાય છે. 'ભકિત' એટલે પ્રભુ માટેનો પ્રેમ. આ પ્રેમ કોમલ હૃદયમાં જ રહી શકે છે. સહસ્રો જન્મોની કઠીન સાધના–તપ–ધ્યાન–સમાધિથી પ્રાપ્ત થયેલી હૃદયની કોમલતા દિવ્યસંપત્તિરૂપે જ પ્રાપ્ત થઈ છે, તેનું રક્ષણ કરવું જોઈ એ. આ રક્ષણનો સાધનદશાવાળા માટે વજ્ર જેવો દુર્ગ મુકત સંગ છે. એટલે કે પ્રેમીજનોએ પોતાના પ્રિયપ્રભુ સિવાય અન્ય સર્વ સંગો છોડી દેવા. પ્રેમમાર્ગમાં મહાન બાધક દુઃસંગ છે. આ દુઃસંગનું જ્ઞાન પણ પ્રિયપ્રભુમાં પ્રેમ–આસકિત દઢ થઈને વ્યસનભાવમાં પ્રવેશ થાય છે ત્યારે જ થઈ શકે છે. શ્રીગોપીજનો જયારે વેણુનાદથી રાસસ્થલી–વૃન્દાવનમાં પધાર્યા, પછી પ્રિયપ્રભુ તેમની પરીક્ષા કરવા (ધર્મી–પ્રેમ–સ્વરૂપથી નહી પણ ધર્મ–સ્વરૂપથી) આજ્ઞા કરે છે કે હવે તમે વ્રજમાં પાછા જાઓ. ત્યારે શ્રીગોપીજનો કહે છે કે હે પ્રિય ! અમે સર્વ પરિત્યાગ કરીને આપના ચરણમૂળમાં પહોંચ્યાં છીએ. આપના સ્વરૂપનો અનુભવ કર્યો છે તેવા અમને અન્ય મનુષ્ય પાસે ઊભા રહેવાથી મૃત્યુ જેવો ભય થાય છે. મહાન દિવ્યપ્રેમસ્વરૂપનો યતકિંચિત પણ જે પ્રેમીજનને

અનુભવ થયો છે તેને અન્યનો સંગ મૃત્યુસમાન દુઃખદાયી લાગે છે.

ફૂલ બિછાવો નંદન–વનમાં ત્યાં પણ કાંટા લાગે ।
પ્રિયની મધુરી મીટ વિનાની દુનિયા કડવી લાગે ।।

(એક પ્રણયી)

''બિન દેખે મનમોહનકો મુખ મોહિ લગત ત્રિભુવન દુઃખદાઈ''

પ્રેમસ્વરૂપના અનુભવ પછી અન્ય સંબંધ મૃત્યુસમાન દુઃખદાયી લાગે તેમાં તો કેહવું જ શું? પરંતુ પ્રેમસ્વરૂપના અનુભવ વિના પ્રેમસ્વરૂપની મહાનતાનું જેને જ્ઞાન થયું છે, અને આ દિવ્યપ્રેમપ્રાપ્તિની ઇચ્છા કરે છે તેવો સાધક પણ સર્વત્યાગની ભૂમિકાને જ સિદ્ધ કરતો હોય છે.

સબતેં મનજુ નિકાસિકે લિયો અનન્ય વ્રત એક ।
પ્રાણ જાઓ પ્રણ ન જાઓ યહ ચાતકકી ટેક ।।

(પંચામૃત)

દિવ્યપ્રેમને જાણી લીધા પછી પ્રણયસાધક, ચાતકના જીવનનું અનુકરણ કરનારો બને છે. તેમાં પ્રથમ તેને સમજાઈ ગયું હોય છે કે વિશુદ્ધ દિવ્યપ્રેમસ્વરૂપ ની પ્રાપ્તિમાં અને તેના અનુભવમાં પ્રિયસ્વરૂપ સિવાય અન્ય સર્વ બાધક–ઘાતક છે તેથી આવો સાધક મુકત સંગની ચાહના કરે છે.

ચેતવણી :

શ્રીમત્પ્રભુચરણ પ્રણયસાધકોને વિજ્ઞપ્તિમાં ચેતવણી આપે છે–

વરં નેત્રે મુદ્રા ન પુનરિતરા–લોકનમપિ,
વરં શૂન્યારણ્યં સ્થિતિરિહ વરં નાન્ય મિલનમ ।
વરં મૂકી–ભાવો ન પુનરપરા કાંચન કથા,
વરં પ્રાણત્યાગઃ ક્ષણમપિ ન તત્સંગ વિગતમ ।।

(વિ. ૭–૧૧)

વિજાતીય જનાક્રાન્તે નિજધર્મસ્ય ગોપનમ ।
દેશે વિધાય સતતં સ્થેયમિત્યેવ ભાસતે ।। (૯–૧૮)

નિવેદિતાત્મ–ભિન્નેષુ સદૌદાસીન્યમાચરેત ।
પ્રાવાહિકાસ્તેપિ ચેત્સ્યુરુપેક્ષૈવોચિતા તદા ।। (૯–૨)

પૂર્વમાં બાધક તત્વોનું વર્ણન કર્યુ છે તેની નિવૃત્તિ થતાં પ્રણયસાધકના હૃદયમાં દિવ્યપ્રેમ અંકુરિત થયો હોય છે. તેનું રક્ષણ કેવી રીતે કરવું તે શ્રીમત્પ્રભુચરણે ઉપરોક્ત વિજ્ઞપ્તિના શ્લોકમાં જણાવ્યું છે, અને શ્રીહરિરાયપ્રભુએ ''ભાવસાધક–બાધક'' નામના ગ્રંથમાં અને દુ:સંગવિજ્ઞાન ગ્રંથમાં નિરૂપણ કરેલ છે. પ્રણયસાધનાની સફલતામાં આ ગ્રંથો અવલોકનીય છે. પ્રેમમાર્ગમાં 'અનન્યતા' અતિ અનિવાર્ય છે. અનન્યતામાં ચાતકનું દષ્ટાંત અપાય છે. ચાતકના ભજનની રીત કેવી છે? 'અપને–અપને ઈષ્ટકો ભજે કેઉ વિધ રીત । નવ ઘન રટના ચાતકી ગાવત પિયુ પિયુ ગીત ।।૧।। પ્રણયદર્દભર્યું પ્રિયતમના નામનું સ્મરણ. આ સ્મરણમાં પ્રિયતમનો જ, અનન્ય આશ્રય, પ્રિયનો જ સંગ. અન્ય કોઈના સંગની ચાતક અપેક્ષા જ કરતો નથી. પ્રેમીજનોએ આવી આદર્શમય અનન્યતા રાખવી જોઈએ. ચાતકની આ અનન્યતા ભા. ૧૧–૧૨–૧૪×૧૫ માં કહ્યા મુજબની છે. ચાતક 'શુદ્ધાપ્રેમણા' નો અધિકારી છે.

સારસ્વતકલ્પમાં પ્રેમસ્વરૂપ પ્રભુનો જે પ્રાદુર્ભાવ થયો તે, સંપૂર્ણ માયાને દૂર કરીને, અથવા નિત્યલીલાસ્થ સ્વરૂપની આવરણરૂપ બનેલી માયાને સંપૂર્ણ દૂર કરીને, પૂર્ણ પુરુષોત્તમ રૂપે જ પ્રાદુર્ભાવ થયો. આ પ્રાદુર્ભાવ માટે શ્રુતિરૂપા શ્રીગોપીજનોએ કેવા પ્રકારની સાધના કરી છે, તેનું નિરૂપણ શ્રીહરિરાયચરણે સુ. તામસફલ પ્રકરણના સ્વતંત્ર લેખમાં કરેલું છે. શ્રીહરિરાયચરણોક્ત શ્રીમત્પ્રભુ–પ્રાકટય–હેતુ–નિરૂપણ ગ્રંથ પણ અવલોકનીય છે.

કોમલતા શા માટે ?

કોમલતાના સાધક તત્વમાં સૂરદાસજી કોમલતા રાખવાનું જે કહી રહ્યા છે તેનું બીજું કારણ એ છે કે જેમ જળને માટે મનુષ્ય કૂવાનુ ખોદકામ કરાવે છે. તે ખોદતાં કઠીન જગ્યા આવે ત્યાં સુધી જળનું ઝરણું પ્રગટ થતું નથી, પણ જયારે કઠીન જમીનને દૂર કરીને ભીનાશવાળી જમીન સુધી ખોદાણ થાય છે

ત્યારે જળનું ઝરણું પ્રાપ્ત થાય છે. તેનું કારણ આ પૃથ્વી નીચે સર્વત્ર જળ વ્યાપી રહ્યું છે. તેથી કોમલ જમીનમાંથી જલની ધારા બહાર આવે છે. તેવી રીતે આપણી હૃદયભૂમિની પાછળ આત્મા રહેલ છે. આ આત્મારૂપ આપણા પ્રિયતમ પ્રભુ દિવ્યપ્રેમના સાગરરૂપ છે. ('આત્માનંદ સમુદ્રસ્થં કૃષ્ણમેવ વિચિંતયેત' (સિ.મુ.)) તે આપણા હૃદયની પાછળ આત્મપ્રદેશમાં વ્યાપીને વહ્યા કરે છે. આ કથનની પુષ્ટતતામાં શ્રીહરિરાયપ્રભુનું પદ નીચે મુજબ છે.

''બન જા હરિદાસા હરિદાસા રે મન છોડ સબનકી આશા ।
સુધાસિન્ધુકે નિકટ બસત હૈ ક્યોં રહત મૂઢ પ્યાસા ।।''
શ્રીવલ્લભકે પદકમલમેં મહારસકી હૈ રાસા ।
પદકમલકો આશ્રય કર લે કટ જાય ભવકી ફાંસા ।।
'રસિક' જન તૂ પાન કર લે અમૃત–રસકો પ્યાસા ।।

''સુધાસિન્ધુકે નિકટ બસત હૈ''–આ પંકિતની સંગતિથી આપણા હૃદયની પાછળ આત્મપ્રદેશમાં આ દિવ્ય–પ્રેમ–સુધાનો સિન્ધુ વહ્યા કરે છે, તેમાંથી દિવ્યપ્રેમની ધારા કોમલ બનેલા હૃદયમાં પ્રવેશ કરે છે. તેથી આ ધારાને પ્રાપ્ત કરવા પ્રણય–સાધકોએ કોમલતાનું રક્ષણ કરવું. હૃદયની કોમલતાની પ્રાકૃત પ્રેમીઓને પણ કેવી કીમત છે તે ''કલાપી'' ની અભિલાષામાં વ્યકત થાય છે. 'પડયા જખમ સૌ સહ્યા સહીશ હું હજુએ બહુ, ગણ્યા નવ કદી ગણું નવ કદી પડે ભલે હજુ, અપાર પડશે અને જીગર આળું થયું, કઠીન ન બનો છતાં એ જ ઇચ્છું પ્રભુ!'

દિવ્યપ્રેમ, અથવા પ્રેમસ્વરૂપપ્રભુ, તે આપણને બહારથી કે આસમાનમાંથી પ્રાપ્ત થતા નથી, પરંતુ આપણા પોતાના જ આત્મામાંથી પ્રાપ્ત થાય છે. તેનું પ્રમાણ 'નિરોધ લક્ષણ' ગ્રંથમાં આપેલું છે. નીચેના શ્લોક મુજબ–

કિલશ્યમાનાન જનાન દષ્ટ્વા કૃપાયુકતો યદા ભવેત ।
તદા સર્વં સદાનંદ હૃદિસ્થં નિર્ગતં બહિ: ।।૭।।

ઉપરોકત આપશ્રીના શ્રીમુખની વાણીના પ્રમાણથી આપણા જ કોમલ

બનેલા હૃદયમાંથી પ્રેમસ્વરૂપપ્રભુનું પ્રાગટ્ય થાય છે. અથવા સાત્ત્વિક ભાવમાં પ્રિયપ્રભુનો પ્રાદુર્ભાવ થાય છે. આ સાત્વિકભાવની પ્રાપ્તિ, બાધક તત્વોની નિવૃત્તિ થયા પછી થાય છે.

યથા બ્રહ્માંડે તથા પિંડે :

મનુષ્યદેહની ભીતર મૂઠી જેટલું હૃદય અને તેની પાછળ આત્મ–પ્રદેશમાં દિવ્યપ્રેમનો સાગર વહ્યા કરે છે. તેવા પ્રેમસ્વરૂપપ્રભુને મૂઠી જેટલું અલ્પ હૃદય કેમ ધારણ કરી શકે ? આ શંકાના સમાધાનમાં કહેવાનું કે સ્થૂલ પ્રાકૃતધર્મના સંબંધવાળી અલ્પબુદ્ધિથી આવી શંકા થાય તે કંઈ અયુકત નથી. પરંતુ જે પ્રદેશમાં આપણી અલ્પ–સ્થૂલ બુદ્ધિની કલ્પના પણ પહોંચી શકતી નથી તેને જાણવા માટે તો જેણે એ આત્મપ્રદેશમાં પ્રવેશ કરીને જોયું છે, તેમ જ અનુભવ્યું છે તેવી શ્રુતિ જ તેના પ્રમાણભૂત હોઈ શકે. અનુભવ કરનાર શ્રુતિ કથે છે કે 'યથા બ્રહ્માંડે તથા પિંડે' એટલે કે જે સમસ્ત બ્રહ્માંડમાં રહેલું છે, તે દૈવી મનુષ્યના દેહરૂપી પિંડમાં પણ સૂક્ષ્મરૂપે રહેલું છે. અહીં 'બ્રહ્માંડ' શબ્દનો અર્થ પુષ્ટિપ્રભુને બિરાજવાનું રસાત્મક ધામ સમજવું, અને 'આત્મા' શબ્દથી અચિન્ત્ય શકિતવાળા શ્રીપૂર્ણ પુરુષોત્તમ સમજવા. પુષ્ટિપ્રભુ વિરુદ્ધધર્માશ્રય ઐશ્વર્યવાળા છે. દૈવીજિવના હૃદયની પાછળ આત્મપ્રદેશમાં કે સર્વાત્મભાવ સિદ્ધ થતાં પ્રેમીજનના હૃદયમાં, રસાત્મક–સાકાર, બ્રહ્માંડની વ્યાપકતા સહિત, સૂક્ષ્મભાવાત્મક પ્રકારે બિરાજે, તેમાં કંઈ શંકા કરવા જેવું નથી. આ બધો અતીન્દ્રિય વિષય છે. તે શ્રીવ્યાસચરણના તત્ત્વસૂત્રભાષ્યના પહેલા અધ્યાયના 'વૈશ્વાનર' અને 'દહર' અધિકરણમાં શ્રીવલ્લભપ્રભુએ જણાવેલ છે.

પ્રેમસ્વરૂપ પ્રભુનો જયારે પ્રેમીભકતના હૃદયમાં આવિર્ભાવ થાય છે ત્યારે પ્રેમીભકતના હૃદયને પોતાના વ્યાપક ધર્મવાળું બ્રહ્માંડાકાર બનાવે છે. આ પુષ્ટિપ્રભુનું વિરુદ્ધધર્માશ્રય ઐશ્વર્ય છે. જેમ માતૃચરણ શ્રીયશોદાજીને પ્રભુએ પોતાના શ્રીમુખમાં સમસ્ત બ્રહ્માંડ દેખાડયું, તેમ અહીં પણ જાણવું.

'હૃદય' એટલે મન–બુદ્ધિ–ચિત્ત અને અહંકાર. આ ચાર તત્ત્વોને રહેવાનું

સ્થાન તેને હૃદય અથવા અન્તઃકરણ કહેવાય છે. આવા ચાર તત્ત્વવાળા હૃદયમાં પ્રભુ પોતાની વ્યાપક–આત્મ–સત્તાનો જયારે પ્રવેશ કરાવે છે, ત્યારે ચાર તત્વવાળું હૃદય પણ વ્યાપક ધર્મવાળું જ બની જાય છે, અને આવા વ્યાપક ધર્મવાળા પ્રેમીજનના હૃદયમાં રસાત્મક ધામ સ્થાપિત થયેલું હોય છે. આ સર્વોત્કૃષ્ટ કક્ષાએ પહોંચવા વિરહાનુભવ જ સાધન છે તે પણ જાણવા યોગ્ય છે.

સાંખ્ય અને યોગ :

બીજું પ્રમાણ ભા. ૧૧–૭–૨૧ માં ભગવદ્દવાકય છે કે–'સાંખ્ય અને યોગમાં કુશળ એવા બુદ્ધિમાન પુરુષ (મનુષ્ય) શરીરમાં સર્વ શકિતસહિત મને સ્પષ્ટ જુએ છે.' અહીં સાંખ્ય અને યોગ કહ્યા તે સાકાર રસાત્મક બ્રહ્મવાદને અનુકૂલ સમજવા. 'સાંખ્ય' એટલે પ્રિયપ્રભુ રસાત્મક છે, દિવ્યપ્રેમના સિન્ધુ છે, તેવા પ્રકારનું જ્ઞાન તે સાંખ્ય. અથવા આત્મા–અનાત્માનો વિવેક કરી આત્માનું જ્ઞાન પ્રાપ્ત કરવું તે સાંખ્ય. પ્રાકૃત અધ્યાસવાળા દેહ–પ્રાણ–ઈન્દ્રિયો અને અન્તઃકરણથી જીવાત્મા પૃથક છે તેવું જ્ઞાન પ્રાપ્ત કરવું તે સાંખ્ય. અથવા જીવાત્મા અને પરમાત્માનો પતિ–પત્નીરૂપે નિત્યસંબંધ રહેલો છે. 'પુ–પ્ર–મ' ગ્રંથમાં કહ્યા મુજબ પુષ્ટિદૈવીજીવ અને પુષ્ટિપ્રભુ ઉભયની સર્વ પ્રકારે સમાનતા રહેલી છે, તેવું જ્ઞાન પ્રાપ્ત કરી, ભૌતિક દેહના સંબંધથી મુકત થઈ, પોતાના નિત્યસિદ્ધ આધિદૈવિક સ્વરૂપમાં સ્થિત થવું તેને પણ સાંખ્ય કહેવાય છે.

'યોગ' એટલે સાકાર રસાત્મક અગણિતાનંદ પ્રભુના ભાવાત્મક–વિપ્રયોગાત્મક સ્વરૂપ સાથે, પ્રેમીજનનો નિરંતર માનસીસંબંધ જોડાયેલો રહે તેનું નામ યોગ. આ પ્રકારે સાંખ્ય અને યોગમાં કુશળ વિરહી રસિકવિજ્ઞ, પોતાના દેહની ભીતર જ, અચિન્ત્ય–અનંત શકિતઓ સહિત બિરાજતા પોતાના પ્રિયતમ પ્રભુનો અનુભવ કરે છે. આ અનુભવનું શ્રુતિ વર્ણન કરે છે કે – 'ગુહા–હૃદયઆકાશમાં, પ્રગટ થયેલું પરમ વ્યોમ–વ્યાપીવૈકુંઠ, તે શ્રીપુરુષોતમના ગૃહરૂપ હોવાથી તેમાં બિરાજેલા–(જાણે સ્થાપન કર્યું હોય તેવી રીતે રહેલા) પરમાત્માને જે ભકતો જાણે છે તે નિત્ય–અવિકૃત–વિપશ્ચિત

(વિવિધ ભોગમાં– ચતુર) બ્રહ્મની સાથે સર્વ પ્રકારના રસાત્મક આનંદનો ભોગ કરે છે.' (આ કથનના પ્રમાણમાં જુઓ અણુભાષ્ય પ્રથમ અધ્યાયના 'આનંદમય' અધિકરણમાં).

જીવમાં વ્યાપક ધર્મ કયારે આવે !

ત્રીજું પ્રમાણ શાદૃાર્થ નિબંધમાં–

આનંદાંશાભિવ્યકતૌ તુ તત્ર બ્રહ્માંડ કોટય: ।
પ્રતિયેરન પ્રરિચ્છેદો વ્યાપકત્વં ચ તસ્ય તત ।।૫૮।।

અણુજીવમાં પ્રભુનો જયારે આનંદ અંશ પ્રગટ થાય છે ત્યારે દૈવીજીવમાં કોટિ બ્રહ્માંડ રહેલા દેખાય છે. પ્રભુનું આ વિરુદ્ધધર્માશ્રય ઐશ્વર્ય આનંદ અંશમાં રહેલું છે. તે આનંદ અંશ દૈવીજીવનમાં પ્રગટ થતાં અણુજીવમાં પણ વ્યાપકધર્મ પ્રગટ થાય છે. જીવભાવમાં અણુપણું રહેલું હોય છે, અને આનંદઅંશ પ્રગટ થતાં પ્રભુની સમાન જ ઐશ્વર્યવાળો બને છે. વસ્તુતઃ લીલાધામથી વિછુરેલા દૈવીજીવનું આધિદૈવિક નિત્યસિદ્ધસ્વરૂપ પ્રભુની સમાન સર્વ પ્રકારે ઐશ્વર્યવાળું છે. જો પ્રભુની સમાનતા ન હોય તો રસાનુભવમાં રસાભાસ જ થાય. તેથી પ્રભુ પોતાની સમાન બનાવીને જ તેની સાથે લીલા કરે છે. વિશેષ શું ? પ્રભુ પોતાનું ઐશ્વર્ય પ્રેમીભકતોમાં સ્થાપીને, ભકતોને આધીન રહીને, ભકતોની ઇચ્છા મુજબ લીલા કરે છે. કારણ કે પ્રમેયમાર્ગમાં, અથવા દિવ્યપ્રેમમાર્ગમાં ભકતોની જ (શ્રી સ્વામિનીઓની જ) મુખ્યતા છે. આ કથનની સંગતિમાં શ્રીહરિરાયપ્રભુકૃત ''અંતરંગ–બહિઃરંગલીલા–પ્રપંચવિવેક'' । નામનો ગ્રંથ અને શ્રીગોકુલેશપ્રભુકૃત ગાયત્રીભાષ્ય ઉપરની સ્વતંત્ર ટીકા અવલોકવી તેમજ સુ. ૧૦ – ૩૦ ની ટીકા અવલોકવી.

સારસ્વતકલ્પમાં પ્રભુનું જે પ્રાગટય થયું તે શ્રુતિરૂપા અને અગ્નિકુમારિકાના યૂથના ગોપીજનોને પોતાના નિત્યસિદ્ધ આધિદૈવિક સ્વરૂપને પ્રાપ્ત કરાવવા માટે થયું છે. પ્રભુએ અનેક પ્રકારની લીલાઓ કરીને ઉભય યૂથના શ્રીગોપીજનોમાં તેમના નિત્યસિદ્ધસ્વરૂપને પ્રાપ્ત કરાવ્યું છે.

અત્રૈવ લોકે પ્રકટમાધિદૈવિકમુત્તમમ ।
કામાખ્યં સુખમુત્કૃષ્ટં કૃષ્ણો ભુંકતે ન ચાપરઃ ।।

ઉપરોક્ત સુ. ૧૦–૩૦ કારિકા–૫ માં આધિદૈવિકસ્વરૂપ ભક્તોને પ્રાપ્ત કરાવ્યાનું જણાવ્યું છે. આ કથનની વિશેષ પુષ્ટિ માટે શ્રીગોકુલેશપ્રભુકૃત શ્રીસર્વોત્તમસ્તોત્રની 'સ્વતંત્રટીકા' અંતર્ગત શ્રીભાગવતગૂઢાર્થપ્રકાશન–પરાયણઃ । શ્રીભાગવતપિયૂષસમુદ્રમથનક્ષમઃ । તત્સારભૂતરાસદ્રી–ભાવપૂરિતવિગ્રહઃ ।–નામનો ભાવાર્થ અવલોકવો. તેમ અધુના, આધુનિક ભક્તોને પોતાના આધિદૈવિકસ્વરૂપની પ્રાપ્તિ, સેવા સ્મરણ–ગુણગાનાદિથી, પ્રભુ સિદ્ધ કરાવે છે.

આધિદૈવિક દેહની સિદ્ધિ :

તનુજા–વિતજાસેવા સંયોગરૂપ છે, અને પ્રભુની પરોક્ષમાં ગુણગાન થાય છે તે વિપ્રયોગરૂપ છે. વિપ્રયોગમાં તાપાત્મક ગુણગાનથી રસાત્મકસ્વરૂપનો આવિર્ભાવ થતો હોવાથી, આધિદૈવિકદેહને સત્વરે સિદ્ધ કરે છે. વ્રજભક્તોને પણ વિરહનો અનુભવ કરાવવા ગૌચરણ કરવા પધારે છે. તે સમયે વ્રજભક્તો ગુણગાન કરીને કાલનિર્વાહ કરે છે તેમાં પણ આ જ હેતુ રહેલો છે, અને તેથી જ શ્રીમદાચાર્યચરણે 'નિ. લ.' ગ્રંથમાં ગુણગાનની જ આજ્ઞા કરી છે. આપશ્રી સુ. ૧૦–૨૭ ની કારિકામાં આજ્ઞા કરે છે–'હરેર્ગાનંપ્રિયં' હરિને રસભર્યું તાપાત્મક ગુણગાન પ્રિય છે. આ પ્રિયપણામાં પણ એ જ રહસ્ય રહેલું છે કે તાપાત્મક ગુણગાનથી પ્રભુની નિરવધિ રસરૂપસેવાને યોગ્ય આધિદૈવિક દેહ ભક્તોમાં સત્વરે સિધ્ધ થાય છે.

આ પોતાના આધિદૈવિકસ્વરૂપને પ્રાપ્ત કરવું તેમાં જ સર્વ પુરુષાર્થોની સમાપ્તિ થઈ જાય છે. પ્રેમીજનોએ આ ગૂઢ રહસ્યનો ખૂબ ગંભીરતાથી વિચાર કરીને, અથવા પોતાના આધિદૈવિકસ્વરૂપની પ્રાપ્તિ કરવી એ જ ધ્યેય રાખીને, સાધનામાં તત્પર રહેવું. કારણ કે પ્રભુના પણ આત્મારૂપ દિવ્યપ્રેમનો અનુભવ, આધિદૈવિકદેહ પ્રાપ્ત કર્યા વિના થઈ શકતો નથી. આ આધિદૈવિકદેહ તાપાત્મક

ગુણગાનથી સત્વેર સિદ્ધ થાય છે. ''ગોપીગીત'' તેમાં પ્રમાણરૂપ છે. શ્રી હરિરાયચરણ શિ. ૧૮—૮ માં આજ્ઞા કરે છે—'સ્વાર્થત્યકતાખિલસ્વીય પરમાર્તિ મહોત્સવ.' જે સ્વકીયો સર્વસ્વાર્થનો ત્યાગ કરીને વિપ્રયોગનો અનુભવ કરી રહ્યા છે, તેના તાપકલેશથી પ્રિયપ્રભુને મહા ઉત્સવ થાય છે. અહી પ્રશ્ન થાય છે કે સ્નેહમાર્ગની રીત એવી છે કે પોતાના સ્નેહીના સુખમાં જ સુખ માનવું તો પ્રેમીભકતો તો વિયોગમાં તાપકલેશનો અનુભવ કરી રહ્યા છે, અને પ્રિય તેને મહોત્સવ કેમ માને છે ? તેનું કારણ એમ છે કે વિપ્રયોગના તાપકલેશથી પ્રેમીભકતોને તેમનો આધિદૈવિકદેહ સત્વરે સિદ્ધ થશે, અને આ દિવ્યદેહથી મારા અગણિતાનંદનો અનુભવ કરશે. આ અગણિતાનંદનો અનુભવ કરાવવાના ઉત્સાહમાં પ્રિયને મહોત્સવ થાય છે.

દીનતા :

કોમલતારૂપી, હૃદયમાં રહેલી દિવ્યસંપત્તિથી, જે અનુભવ થાય છે તેનું અહી સુધી વર્ણન કરીને, હવે પ્રભુપ્રેમપ્રાપ્તિમાં બીજું સાધક—તત્ત્વ 'દીનતા' છે. તેને કહેવામાં આવે છે.

દીનતા સબસોં-સર્વ સાથે દીનતાભર્યો વ્યવહાર રાખવો. અહી 'સબસોં' શબ્દનો અર્થ હરિ—ગુરુ—વૈષ્ણવ જાણવા. પ્રભુપ્રેમપ્રાપ્તિની ઇચ્છાવાળા સાધકે પોતાની સાધનદશામાં પ્રિયપ્રભુને ભુલાવે તેવા મનુષ્યો સાથે, ન છૂટકે જ વાણીનો વ્યવહાર રાખવો, અથવા ગૃહસ્થી આવશ્યક કાર્યમાં અને વ્યાવૃત્તિના આવશ્યક કાર્યમાં આવશ્યક હોય તેટલો વાણીનો વ્યવહાર રાખવો, અને આવા સમયે પ્રિયપ્રભુના નામનું સ્મરણ કરતા જ રહેવું. પ્રેમભાવરૂપી મહાન નિધિના રક્ષણ માટે સાવધાનતાની આવશ્યકતા જાણવી. વાણીના નિરોધથી જ સર્વ સિદ્ધ થાય છે તેમ શ્રીહરિરાયપ્રભુએ પહેલા શિક્ષાપત્રમાં આજ્ઞા કરી છે.

દૈન્ય રાખવાનું સૂરદાસજી કહી રહ્યા છે, તેનું કારણ પ્રિયપ્રભુને પ્રસન્ન કરવાનું એકમાત્ર સાધન દીનતા જ છે. આ દીનતાની પ્રાપ્તિ માટે જ સેવા—સ્મરણાદિ અલૌકિક સાધનો કરવામાં આવે છે. એટલે કે સેવા—સ્મરણાદિ

સાધનો કરતા રહેવાથી દોષોની જ્યારે નિવૃત્તિ થાય ત્યારે દીનતા પ્રાપ્ત થાય છે, અને દીનતાથી પ્રભુ જ્યારે પ્રસન્ન થાય છે ત્યારે પોતાના સ્વરૂપનો અનુભવ કરાવે છે. અહીં 'પોતાના' શબ્દને દેહલી દીપક ન્યાયમાં યોજવાથી, પ્રભુના સ્વરૂપનો અને ભકતોને પોતાના આધિદૈવિકસ્વરૂપનો એમ ઉભયસ્વરૂપનો સાક્ષાત અનુભવ થાય છે. સેવા–સ્મરણાદિના અલૌકિક સાધનોના પુરુષાર્થરૂપે આ દીનતા પ્રાપ્ત થતી હોવાથી દૈન્ય દુર્લભ અને અનમોલ તત્વ છે. તેથી દૈન્ય સાગર–મર્મજ્ઞશિરોમણિ શ્રીહરિરાયપ્રભુએ આ દૈન્યનું **સ્વમાર્ગસર્વસ્વં** આવું રહસ્યમય સુંદર વિશેષણ આપ્યું છે, અને દીનતાનું મહત્વ જણાવ્યું છે. જેવી રીતે મંત્રોમાં બીજરૂપ અક્ષરો ન હોય તો મંત્ર ફલિત થતા નથી.

અષ્ટાક્ષર મહામંત્રમાં ''શ્રી'' શબ્દ બીજરૂપ છે. આ બીજમાંથી દ્વિધા શૃંગાર–કલ્પવૃક્ષ પ્રગટ થાય છે. અષ્ટાક્ષરમાં શ્રી શબ્દનો આ મહિમા અષ્ટાક્ષરના દાતા શ્રીવલ્લભાગ્નિના અનન્ય આશ્રય વિના–કૃપા વિના સમજી ન શકાય. જ્યારે અષ્ટાક્ષરથી પિયુ–પિયુના આર્ત–સ્મરણમાં જ દ્વિધા શૃંગાર કલ્પવૃક્ષનો અનુભવ થાય છે, ત્યારે મહા–કારુણિકઃ, વિભુઃ, અદેયદાનદક્ષશ્ચ, મહોદારચરિત્રવાન નામવાળા સ્વામીએ અષ્ટાક્ષરના દાનમાં પણ કંઈ બાકી રાખ્યું નથી એ ભાગ્યવાનોને જણાશે. દીનતા વિના પ્રભુપ્રાપ્તિ માટે કરાયેલા સાધનો સફલ થતા નથી; કારણ કે દીનતાથી જ તે તે સાધનોનો પ્રભુ અંગીકાર કરે છે, અને અંગીકારથી જ સેવા–સ્મરણાદિ સાધનોમાં અલૌકિક ભાવો પ્રગટ થાય છે, તેમ જ સાધનોમાં આનંદનો અનુભવ થાય છે. જેમકે શીતકાલમાં પ્રભુને સૌભાગ્યસૂંઠ આરોગાવવા સિદ્ધ કરવામાં આવે છે. તેમાં બદામ–પિસ્તા–કેશર–કસ્તુરી–અંબર વગેરે મૂલ્યવાન દ્રવ્યો પધરાવવામાં આવે છે. પરંતુ તેમાં મિષ્ટ પદાર્થને પધરાવવામાં ન આવે તો મૂલ્યવાન દ્રવ્યોથી સિદ્ધ કરેલી સામગ્રી ફીક્કી–સ્વાદરહિત બને છે. તેવી રીતે દીનતારૂપી મિષ્ટભાવ સેવા–સ્મરણાદિ સાધનોમાં ભળવાથી પ્રભુ તેનો અંગીકાર કરે છે ત્યારે સાધનોમાં આનંદનો અનુભવ થાય છે. પ્રિયપ્રભુએ આપણા સેવા–સ્મરણાદિ

સાધનો અંગીકાર કર્યા તેની નિશાની એ છે કે દિનોદિન તે તે સાધનોમાં ભાવની વૃદ્ધિ થતી જ જાય. જો આવી રીતે સાધનોમાં રુચિ વધતી જાય તો સાધનોની અંગીકૃતિ થઈ જાણવી.

જે જનને પોતાનો માની અંગીકાર કર્યો છે તેના સાધનરૂપ પણ આપ જ થઈ જાય છે. આવા ભાગ્યવાન જનને, આ મહા પદાર્થ દૈન્યભાવની, જેમ વૃદ્ધિ થાય, તેવા જ ઉપાયો પ્રભુ કરતા હોય છે; એમ શ્રીહરિરાયપ્રભુએ શિ. ૩૩ અને ૩૪ માં આજ્ઞા કરી છે.

હૃદયમાં પ્રભુ કયારે પધારે ?

સેવા–સ્મરણાદિ સાધનો દ્વારા ભકતના હૃદયને શુદ્ધ કરીને, દૈન્ય પ્રાપ્ત કરાવીને, તેવા દીનતાવાળા ભકતના હૃદયમાં પ્રભુ પ્રગટ થઈ જાય છે, એમ શ્રીહરિરાયપ્રભુએ શિ. ૧ ના શ્લોક ૧૦–૧૧ માં જતાવેલ છે.

યાવત્સાધન – સમ્પત્તિઃ કારયત્યખિલાન્નિજાન ।
શુદ્ધં વિધાય હૃદયં પશ્ચાદ તત્રાવિશેત્સ્વયમ ।।૧ ।।

અર્થ–સાધનદશામાં ભકતનું હૃદય અતિ અશુદ્ધ હોય છે. તેથી પ્રભુના આવેશનો તેવા હૃદયમાં સંભવ નથી. તેથી સેવા–સ્મરણ વિગેરે અલૌકિક સાધનોથી ભકતના હૃદયને શુદ્ધ કરીને પછી પ્રભુનો હૃદયમાં આવિર્ભાવ થાય છે.

દત્ત્વા દૈન્યેન સન્તુષ્ટો નિત્યં દેહમલૌકિકમ ।
સ્વયં પ્રવિશ્ય ભાવાત્માનુભવં કારયેત્સ્વકમ ।।૧૧।।

અર્થ–દીનતાથી પ્રસન્ન થયેલા પ્રભુ ભકતને તેના પોતાના આધિદૈવિક સાક્ષાત સેવા–ઉપયોગી દેહનું દાન કરી, આપ ભાવાત્મક–રૂપથી ભકતના હૃદયમાં પ્રવેશ કરી પોતાના સ્વરૂપાનંદનો અનુભવ કરાવે છે.

પુષ્ટિસૃષ્ટિ, પ્રભુએ, પોતાના શ્રીઅંગમાંથી પ્રગટ કરી છે. તેથી પુષ્ટિસૃષ્ટિના ભકતોમાં આપનો વિશેષ પક્ષપાત છે, અને આ પક્ષપાતથી પ્રભુ સ્વયં સાધનરૂપ થઈ જાય છે. પ્રભુનું સ્વરૂપ ફલરૂપ કહેવાય છે. તે ફલરૂપ

પ્રભુ જ સેવ્યસ્વરૂપે સાધનરૂપ થઈ ભકતોની સેવાનો અંગીકાર કરી, ભકતોનો નિરોધ પોતાના સ્વરૂપમાં સિદ્ધ કરે છે. સેવાની ફલરૂપતાનો અનુભવ કરવા માટે, સેવ્યમાં સાક્ષાત ભાવના અને સેવ્યસ્વરૂપ મારું સર્વસ્વ છે, આમ ઉભય ભાવનાથી જયારે સેવા થાય છે ત્યારે, સેવ્યસ્વરૂપમાં પ્રેમભાવ અંકુરિત થઈ જાય છે. આ પ્રેમથી થતી સેવામાં પ્રભુના સુખના જ વિચારોની અવલીઓ પ્રગટ થતી હોય છે, અને તત્સુખાત્મક ભાવસહિત સાધનરૂપ સેવાથી પ્રભુની આ ભકત ઉપર પ્રસન્નતા થાય છે, તેમજ પ્રભુ પોતાના નિત્યલીલાસ્વરૂપ મહાન અલૌકિક સ્વરૂપનું જ્ઞાન કરાવે છે ત્યારે માહાત્મ્યપૂર્વક સર્વથી અધિક સુદઢ સ્નેહ સેવ્યસ્વરૂપમાં જ થાય છે. તેની મનોવૃત્તિઓ સર્વમાંથી નિવૃત્ત થઈને સેવ્યસ્વરૂપમાં જ સ્થિર થાય છે. આવી પતિવ્રતભાવી અનન્યતાથી અને પ્રભુની તત્સુખાત્મક સેવા કરવાથી પ્રભુ પ્રસન્ન થઈ ને આ ભકતના નિત્યસિદ્ધ આધિદૈવિકસ્વરૂપનું જ્ઞાન કરાવે છે, અને આ જ્ઞાનથી પોતાના આધિદૈવિક–સ્વરૂપને પ્રાપ્ત કરવાનો તાપકલેશ રહી આવે છે; કારણ કે પ્રિયપ્રભુના મહાન અલૌકિક સ્વરૂપનું જ્ઞાન થયા પછી, અને પોતાની સાધનદશામાં દેહાદિ અધ્યાસોની પૂર્ણપણે નિવૃત્તિ નહી થયેલી હોવાથી, નિરવધિ રસના ભોકતા પ્રિયપ્રભુને હું સુખદ નથી, આવી પોતાની અપૂર્ણતાનું દુઃખ આ તત્સુખી ભકતને રહી આવે છે. પ્રિયપ્રભુએ પ્રસન્ન થઈ ને તેના આધિદૈવિકસ્વરૂપનું જ્ઞાન કરાવેલું છે તેથી, આ ભકતને એમ સમજાય છે કે અગણિતાનંદરૂપ અને અગણિતા–નંદના ભોકતા મારા પ્રિયની સુખદ સેવા તો મારા આધિદૈવિકસ્વરૂપથી જ થઈ શકે. આવું જ્ઞાન થવાથી પોતાના આધિદૈવિકસ્વરૂપની પ્રાપ્તિનો તેને વિરહ રહી આવે છે. જેમકે મહાનુભાવ શ્રીગોપાલદાસજીને શ્રીગુસાંઈજીની કૃપાથી શ્રીગુસાંઈજીના પૂર્ણ પુરુષોત્તમ સ્વરૂપનું અને પોતાના આધિદૈવિક–સ્વરૂપનું જ્ઞાન થયું ત્યારે શ્રીગુસાંઈજીને વિનંતી કરે છે–

‘‘સેવકજન દાસ તિહારો રે તેનો રૂપવિયોગ નિવારો રે’’

ગોપાલદાસજી વિનંતી કરે છે કે મારા આધિદૈવિકસ્વરૂપનો મને વિયોગ

છે. આપ કૃપા કરીને તે સ્વરૂપનું દાન કરીને વિયોગ દૂર કરો. આ પ્રકારે ભકતોને પ્રભુકૃપાથી પોતાના આધિદૈવિકસ્વરૂપને પ્રાપ્ત કરવાનો વિરહતાપ રહી આવે છે ત્યારે પ્રભુ કૃપા કરીને તે સ્વરૂપનું દાન કરે છે.

શ્રુતિરૂપા ગોપીજનોને વેણુનાદ દ્વારા તેમના આધિદૈવિકસ્વરૂપનું દાન થયું, અને અગ્નિકુમારિકાઓને વદૃદાન સમયે તેમના આધિદૈવિકસ્વરૂપનું દાન થયું ત્યારે નિરવધિ રસના ભોકતા પ્રિયપ્રભુની સાક્ષાત સેવાને યોગ્ય બન્યા, તેમ આધુનિક ભકતોની તત્સુખાત્મક સેવાભાવનાથી પ્રસન્ન થયેલા પ્રભુ તેના આધિદૈવિકસ્વરૂપનું દાન કરે છે. નિરવધિ તત્સુખ સેવાની અપૂર્ણતાએ પ્રગટ થતા તાપકલેશથી, ભકતમાં જયારે નિઃસાધનતાથી દૈન્યભાવ સ્ફૂરે છે ત્યારે, પ્રભુ પ્રસન્ન થઈને તે સ્વરૂપનું દાન કરે છે. તેથી શ્રીહરિરાયપ્રભુએ આજ્ઞા કરી, 'દત્વા દૈન્યેન સન્તુષ્ટો નિત્યં દેહમલૌકિકમ'

શ્રીહરિરાયપ્રભુ પુષ્ટિમાર્ગના રહસ્યમય સિદ્ધાંતમર્મને ગ્રહણ કરનારા મર્મજ્ઞશિરોમણિરૂપે પ્રસિદ્ધ છે. આપે જે મર્મને હૃદયસ્થ કર્યો છે તેને 'દૈન્યં સ્વમાર્ગસર્વસ્વં' આ સૂત્રથી ઓળખાવેલ છે.

દૈન્યના પ્રકાર :

આ દૈન્ય ભકતોની અવસ્થાનુસાર ત્રણ પ્રકારનું છે. (૧)ભૌતિક (૨)આધ્યાત્મિક (૩)આધિદૈવિક. તેમાં પહેલું ભૌતિક દૈન્ય દૈવીજીવની સાધનદશાનું છે. સાધનદશામાં દૈવીજીવ ભગવદ્ધર્મનું આચરણ સેવા–સ્મરણાદિ દ્વારા કરતો હોય છે. પરંતુ અનેક જન્મોની વળગેલી અવિદ્યાના કારણે કામ–ક્રોધ–લોભ–મોહ–મદ–માત્સર્ય શોક–ભય આદિ માયાના ગુણોથી પિડાતો હોય છે. આવી સ્થિતિમાં પણ, દૈવીજીવ હોવાથી પ્રભુની સન્મુખતા સાધતો હોવાથી, ઉપર કહેલા માયાના ગુણોનું તેને જ્ઞાન થાય છે. આ જ્ઞાન થવા છતાં તે દોષોને દૂર કરી શકતો નથી. કારણ કે અવિદ્યા એ તો પ્રભુની એક શકિત છે. તેને જયાં સુધી પ્રભુ દૂર ન કરે ત્યાં સુધી જીવથી દૂર થતી નથી, અને પ્રભુ પણ અવિદ્યાને ત્યારે જ દૂર કરે કે દૈવીજીવ પોતાના દોષોનો વિચાર

કરી દીનભાવે પ્રભુ સન્મુખ દૈન્ય કરે. આવા દૈન્યને 'ભૌતિક' કહેવાય છે. જેનું વર્ણન શ્રીહરિરાયપ્રભુએ શિ. ૨૮–૧૨માં કરેલું છે. આ ભૌતિક દૈન્યથી પ્રસન્ન થયેલા પ્રભુ અવિદ્યા–માયાના આવરણને જ્યારે દૂર કરે છે ત્યારે દૈવીજીવમાં બીજી આધ્યાત્મિક દીનતા પ્રગટ થાય છે. આ દીનતા બ્રહ્મભાવરૂપ છે. સુ. તામસ પ્રમેય પ્રકરણના ૧૭માં અધ્યાયમાં જે શરદનું વર્ણન છે તેવો અનુભવ આ બ્રહ્મભાવવાળી દીનતામાં થાય છે. તેનો પ્રકાર નીચે મુજબ છે.

પ્રાકૃત સમસ્ત ભાવોની નિવૃત્તિ થવાથી ભકતને બ્રહ્માનંદનો અનુભવ થાય છે. સર્વત્ર લીલાદષ્ટિ બની રહે છે. પ્રાકૃત દશામાં ભોગવાતા દેહના દુઃખો જનમ–મરણ અને રોગાદિકની સમાપ્તિ થઈ જાય છે, અને ઇન્દ્રિયોની વિમુખતા પ્રાકૃત ભાવોને લીધે થતી, તેનો લય બ્રહ્મભાવમાં થતાં, ઈન્દ્રિયો નિર્મળ બની પ્રભુસ્વરૂપમાં અભિનિ–વેશવાળી બને છે. લિંગદેહ–અંતઃકરણમાં અનેક જન્મોની પ્રાકૃત વાસના એકઠી થઈ હતી તેનો પણ લય બ્રહ્મભાવમાં થઈ જવાથી, ભગવલ્લીલાત્મક–અલૌકિક વાસનાઓનો ઉદભવ થાય છે, અને દૈવી–જીવનું મૂળલીલાસંબંધી અલૌકિક સ્વરૂપ ભૂતલમાં આવવાથી ભુલાઈ ગયું હતું તેનું જ્ઞાન થાય છે. આ જ્ઞાનથી અને પ્રાકૃત પ્રપંચ નિવૃત થવાથી, દૈવીજીવને પ્રિયપ્રભુની પ્રાપ્તિનો પ્રબળ વિરહાગ્નિ પ્રગટ થઈ જાય છે. આવા પ્રિયમિલનના વિરહાગ્નિથી તેનામાં ત્રીજી 'આધિદૈવિક 'દીનતા' પ્રગટ થઈ જાય છે. આ સમયે તેના હૃદયમાં લીલાસહિત રસાત્મક–ભાવાત્મક પ્રભુનો આવિર્ભાવ થાય છે. તેથી તેનો લીલા–પ્રપંચમાંજ પ્રવેશ થયેલો હોવાથી રસાત્મક–ગુણગાનથી અને પ્રિયતમના માનસી–ભાવાત્મકસ્વરૂપના ધ્યાનથી તે પોતાના મનની આ સ્વરૂપમાં સ્થિરતા કરતો હોય છે.

આધિદૈવિક દીનતાનું લીલાલોકમાં પણ ચરમ કોટિનું મહત્ત્વ રહેલું છે. સુ. ૧૦–૨૯–કા. ૨ માં શ્રીવાગધીશચરણ આજ્ઞા કરે છે–

''ભકતાનાં દૈન્યમેવૈક હરિતોષણસાધનમ''।

આપશ્રીના આ વચનામૃતમાં નિગૂઢ–રહસ્ય રહેલું છે. શ્રીહરિરાયપ્રભુએ

આ દીનતાના રહસ્યને પોતાના જીવનમાં ઓતપ્રોત કરેલું છે. શ્રીહરિને પ્રસન્ન કરવામાં સાધનરૂપે દીનતાનું નિરૂપણ કર્યું , તેનું કારણ હરિ અમોઘવીર્ય છે, અચ્યુત છે. એટલે કે નિરવધિ–અગણિત રસનો ભોગ કરવા છતાં અતૃપ્ત, સ્વભાવવાળા છે. આવા હરિને પણ સંતોષ આપનાર દૈન્યભાવી ભકતો છે. દૈન્યભાવી ભકતો હરિને સંતોષ આપી શકે છે તેનું કારણ, આ દીનતા તત્સુખના પ્રચુર તાપભાવવાળી છે. પ્રિયપ્રભુને અગણિત રસનો ભોગ કરાવવા છતાં આ ભકતમાં તત્સુખભાવથી અતૃપ્તતા જ રહે છે. તેને એમ થાય છે કે મારાથી પ્રિયને સુખદ બનાતું નથી. આવા તત્સુખના અતૃપ્તભાવથી આ ભકતમાં તત્સુખભાવનો અગ્નિ પ્રબળ થઈ જાય છે, ત્યારે આ અલૌકિક અગ્નિમાંથી કોટાનકોટિ સ્વસમાન સ્વરૂપોને પ્રકટ કરી પ્રિયતમને વિહારનું સુખ આપે છે.

અહીં એમ પ્રશ્ન થાય કે અલૌકિક અગ્નિમાંથી કોટાનકોટિ સ્વરૂપો પ્રકટ કરી પ્રિયતમને વિહારનું સુખ આપે છે; આ કથન આશ્ચર્યને ઉત્પન્ન કરે છે; તે કેવી રીતે ઘટી શકે ? સમાધાન એ છે કે જેમ આધિભૌતિક આકાશ આદિ મહાભૂતોમાં આકાશનો ગુણ ‘શબ્દ’ છે, વાયુનો ગુણ ‘સ્પર્શ’ છે અને અગ્નિનો ગુણ ‘રૂપ’ છે. અગ્નિમાંથી રૂપ પ્રકટ થાય છે. આ ક્રમ જેમ ભૌતિક સૃષ્ટિસર્જનમાં રહેલો છે તેમ અહીં આધિદૈવિક સૃષ્ટિમાં પણ અલૌકિક અગ્નિમાંથી જ દિવ્યસ્વરૂપો પ્રકટ થાય છે. આ કથનમાં શ્રુતિનું પ્રમાણવાકય નીચે મુજબ છે.

“સ એસોગ્નિ વૈશ્વાનરોયતઃ પુરુષ યોહેનં
પુરુષવિધં પુરુષાન્તરે પ્રતિષ્ઠિતં વેદ”

વૈશ્વાનર અગ્નિમાંથી ‘પુરુષ’ પુષ્ટિપુરુષોત્તમનું પ્રાકટય થાય છે, તેમ રસવિહારને સિદ્ધ કરવા ‘સ્ત્રી’ સ્વામિની–ભાવાત્મક સ્વરૂપો પણ પ્રકટ થાય છે. દૈન્યભાવી ભકતોમાં જે તત્સુખભાવવાળું તાપાત્મક સ્વરૂપ છે તે વૈશ્વાનર–અગ્નિ છે. આ વૈશ્વાનર–અગ્નિ–સ્વરૂપ, દૈન્યભાવી ભકતો–સ્વામિનીઓમાં, અલૌકિક સામર્થ્ય સહિત વિરાજતું હોવાથી, કોટાનકોટિ સ્ત્રી–પું–ભાવાત્મક સ્વરૂપોને પ્રકટ કરી શકે છે.

અથવા અલૌકિક આનંદરૂપ અગ્નિ, તેનું જ નામ વૈશ્વાનર અગ્નિ. આ શ્રીવલ્લભનું દ્વિતીયદલાત્મક સ્વામિનીભાવાત્મક સ્વરૂપ છે. જેનું નિરૂપણ શ્રીહરિરાયચરણે વલ્લભાષ્ટકના બીજા શ્લોકમાં કરેલું છે. આ આપશ્રીના તાપાત્મક સ્વામિની–સ્વરૂપનું દૈન્યભાવી ભકતોને દાન કરેલું હોય છે. તેથી પ્રિયતમને અગણિત રસાનુભવ કરાવવા છતાં અતૃપ્ત રહી આવે છે. જેમ અગ્નિમાં ઘૃતની આહુતિ દેવાથી અગ્નિ શાંત થતો નથી; પણ પ્રજવલિત બનતો જાય છે; તેમ દૈન્યભાવી ભકતોમાં પ્રિયના તત્સુખભાવનો અગ્નિ શાંત થતો નથી. આ તત્સુખાત્મક અગ્નિમાં મધુરતા રહેલી છે, અને મધુરતામાં સદૈવ અતૃપ્તતા રહી આવે છે.

''નવીન મધુર સ્નેહઃ **નવીનઃ સર્વદા નૂતનઃ મધુરશ્ચ સ્નેહો યસ્યેત્યર્થઃ। નૂતનો હિ પ્રચુરો ભવતિ।''**

(પ્રેમામૃત રસાયન)

આપ શ્રીવલ્લભના મૂળ સુધાસ્વરૂપમાં માધુર્ય અને અગ્નિ, ઉભયની અભેદતા છે. એટલે કે માધુર્ય અને અગ્નિ મળેલા જ રહે છે. આ આપશ્રીનું સુધાસ્વરૂપ, શ્રીસ્વામિનીભાવાત્મક છે. તે સ્વરૂપનું દાન દૈન્યભાવી ભકતોને કરેલું હોય છે. તેથી પોતાનામાં રહેલા અલૌકિક (સર્વભવન થવા રૂપ) સામર્થ્યથી દૈન્યભાવીભકત સ્વસમાન કોટાનકોટિ સ્વરૂપો જે પ્રકટ કરે છે તે પણ વિવિધ રસના સાગરરૂપ હોય છે. ('શ્રીવલ્લભાધીશકે રૂપ રસ સિન્ધુમેં બહોતસે સિન્ધુ સ્વાદ ન્યારે ન્યારે') (રામદાસજી) આમ વિવિધ રસના કોટિ સમુદ્રોમાં પોતાના પ્રિયતમને વિહાર કરાવનાર તાપાત્મક–તત્સુખાત્મકભાવવાળા, દૈન્યભાવી ભકતો જ–શ્રીસ્વામિનીજીઓ જ છે. તેથી અચ્યુત હરિને પણ સંતોષ આપી શકે છે.

દીનભકતો શૂર છે :

શ્રીયમુનાષ્ટકમાં આવા દૈન્યભાવી ભકતોને 'શૂર' કહ્યા છે. કોટાનકોટિ સ્વરૂપોને પ્રકટ કરવાનું જે અલૌકિક સામર્થ્ય, તેને પ્રાપ્ત કરવું તેનું નામ 'શૂર'

છે. વિરહના અનુભવ વિના સર્વાત્મભાવ પ્રાપ્ત થતો નથી, અને સર્વાત્મભાવ વિના અલૌકિક (પ્રભુસમાન) સામર્થ્ય પ્રાપ્ત થતું નથી, અને વિરહનો અનુભવ એ અતિ દુઃખદ અવસ્થા છે. આ અતિ દુઃખદ અવસ્થાને સહન કરીને સર્વાત્મભાવ પ્રાપ્ત કરવો એ શૂરથી જ બને છે. વ્યસન અવસ્થામાં પ્રિયતમનો ક્ષણનો વિયોગ શતયુગ જેવો વ્યથાકારી ભોગવાતો હોય છે.

''ગોપીનાં પરમાનન્દ આસીદ્ ગોવિન્દદર્શને ।
ક્ષણં યુગશતમિવ યાસાં યેન વિના ભવત ।।''
'યાસાં ગોપિકાનાં યેન ભગવતા વિના ક્ષણંયુગશતમિવાભવદ્
એકસ્મિન ક્ષણેનન્તવારમુત્પદ્યન્તે મ્રિયન્તે ચેતિ' ।

(સુ.૧૦–૧૯–૧૯)

ઉપરોક્ત પ્રિયવિયોગથી અસહ્ય વ્યથાને સહન કરીને પ્રિયતમને સુખરૂપ થવાની ભાવનાથી પ્રાણને ટકાવી રાખવા અને વિરહનો અનુભવ કરવો તે 'શૂર' હોય તેનાથી જ બની શકે છે. વસ્તુતઃ તો શ્રીવલ્લભાગ્નિની નિર્હેતુક કરુણા જ આ અધિકારમાં કારણરૂપ છે. કવચિત વિરલને પોતાના તાપાત્મક–માધુર્ય–સ્વરૂપનું દાન થતું હોવાથી ''પુ–પ્ર–મ'' ગ્રંથમાં શ્રીમુખથી આજ્ઞા કરી ''શુદ્ધાપ્રેમ્ણાતિદુર્લભા'' ।

દીનતા અને મધુરતા :

તાપાત્મક દૈન્યભાવનું બીજું મહત્ત્વ એ છે કે આ દીનતા માધુર્ય–રસની જનની છે. જેમ સૂર્યના પ્રખર કિરણોની ઉષ્ણતા આમ્રફલની ખટાશને દૂર કરીને તેમાં મધુરતા ઉત્પન્ન કરે છે, તેમ તત્સુખભાવના પ્રબળ અગ્નિવાળા દૈન્યભાવી ભકતોમાં મધુર રસ જ ઉત્પન્ન થાય છે, અને આ ''મધુરતા'' એ દિવ્યપ્રેમનો પણ અસાધારણ ગુણ છે. એટલે કે દિવ્યઆનંદોનો પણ સાર આ મધુરરસ છે. સર્વ પ્રેમભાવોનો સમન્વય મધુર ભાવમાં જ થાય છે. અથવા પ્રેમરસનો સંપૂર્ણ પરિપાક મધુરભાવમાં જ થયેલો છે. આવા મધુરરસના કોટિશઃ સમુદ્રોમાં પોતાના પ્રિયતમને મધુપાન કરાવી ''મધુમત્ત'' બનાવી દેનાર દૈન્યભાવી ભકતો જ છે.

''વલ્લભીવદનામ્ભોજ મધુમત્ત મધુવ્રત :''

(પ્રેમામૃત રસાયન)

આ ભકતો હરિના હરિ છે.

શ્રીમત્પ્રભુચરણે વિજ્ઞપ્તિમાં દૈન્યદાનની પ્રાર્થના કરી છે.

''યદ્ દૈન્યં ત્વત્કૃપાહેતુર્ન તદસ્તિ મમાણ્વપિ''
તાં કૃપા કુરુ રાધેશ ! યયા તદ્દૈન્ય માપ્નુયામ ।। (૩–૧)

''હે રાધિકેશ ! આપને પ્રસન્ન કરવાનું સાધન જે દૈન્ય છે તે મારામાં અણુમાત્ર પણ નથી. આપ કૃપા કરીને દાન કરો.''

અહી 'રાધિકેશ' કહ્યા તેનું સ્વારસ્ય એ છે કે શ્રીપ્રિયાજીના વિરહમાં પ્રિયાજીના ધ્યાનથી, શ્રીપ્રિયાજીરૂપ થઈ ગયેલા પ્રભુને 'રાધિકેશ' કહ્યા છે. આ કથનના પ્રમાણમાં વિજ્ઞપ્તિનો શ્લોક નીચે મુજબ છે.

શશ્વત પ્રિયાસિતાપાંગ ધ્યાનાવસ્થિત ચેતસા ।
પ્રાપ્ત તન્નિજરૂપાય ગોવિન્દાય નમો નમઃ ।। (૯–૨૨)

ઉપરોકત શ્લોકાનુસાર શ્રીપ્રિયાજીરૂપ થયેલ પ્રભુને પ્રાર્થના કરવાનો હેતુ એ છે કે તત્સુખના તાપભાવવાળી દીનતાનું દાન શ્રીપ્રિયાજીથી જ થાય છે. આવી માધુર્યરસભરી અને તત્સુખના તાપભાવવાળી દીનતાના અતિનિગૂઢ રહસ્યને શ્રીપ્રભુચરણ જાણતા હોવાથી તેવી દીનતાના દાનની પ્રાર્થના કરીને સ્વકીયોને પણ બોધ કર્યો છે. મહાન સ્વરૂપોની દૈન્યભાવ–દાનની પ્રાર્થનાનું રહસ્ય પણ, મહાન જ હોય ને?

અથવા આ દીનતા 'શેષ' ભાવવાળી છે.

દુર્લભ શેષભાવ :

''નમામિ હૃદયે–શેષે લીલા–ક્ષીરાબ્ધિ–શાયિનમ ।
લક્ષ્મી–સહદૃ–લીલાભિઃ સેવ્યમાનં કલાનિધિમ ।।''

અનંત આધિદૈવિક લક્ષ્મીઓ (શ્રીસ્વામિનીજીઓ) સાથેનો વિવિધ કેલિ–કલાનિધિ કૃષ્ણનો વિલાસ થઈ રહ્યો છે. તે આવા તત્સુખની તાપાગ્નિવાળા

દૈન્ય અને દાસ્યભાવી ભકતોના હૃદયમાં ઉત્તર દલાત્મક પ્રકારે થતો હોય છે. (આ કથનની પુષ્ટિમાં જુઓ આ કારિકા ઉપરના શ્રીમતી ટિપ્પણીજી) તેમજ રાસાદિ–લીલામૃત–ઉદધિઓ આ ભકતના હૃદયમાં વહન થતા હોય છે.

મહાકારુણિક–મહોદાર ચરિત્રવાન શ્રીવલ્લભાગ્નિ–પ્રકટિત સેવા–માર્ગમાં ઉપર કહેલ શ્લોકવાળું સ્વરૂપ જ સેવકના ગૃહમાં સેવ્યરૂપે પધરાવી અપાયું હોય છે, અને તેનો અનુભવ પણ તે કરાવે છે. તેથી જ સપ્તશ્લોકીના બીજા શ્લોકમાં આ સેવામાર્ગને અદ્દભુત કહેલો છે. વિરહાનુભવથી સર્વાત્મભાવ અથવા ફલાત્મક દાસ્યભાવ પ્રાપ્ત કર્યો છે જેણે, તેવા મહાન અભ્યુદયવાળા સ્વકીયજનને 'નમામિ' શ્લોકમાં કહેલા અનંત લક્ષ્મીઓથી સેવાયેલા પ્રિયપ્રભુના સ્વરૂપનો અનુભવ થાય છે. આ કારિકામાં કહેલા સ્વરૂપના અનુભવનું વર્ણન શ્રીહરિરાયચરણે શિ. ૯–૧૮ માં કરેલું છે.

''વિરહે યુગપત્સર્વ નિજલીલાનુભાવકમ,
સાકારાનન્દરૂપેણ વ્રજભક્ત હૃદિસ્થિતિમ'' ।।૧૮।।

આવા પ્રકારના દાસ્યભાવના દાનમાં શ્રીવલ્લભાગ્નિનું મહા ઉદાર ચરિત્ર નિજજનોએ વિચારવા યોગ્ય છે. શ્રીદ્વારકેશચરણ આજ્ઞા કરે છે કે આ 'શેષભાવ' અર્થાત આ દાસ્યભાવની પ્રાપ્તિ બહુ દુર્લભ છે. શ્રીવલ્લભાગ્નિની અતિ કૃપાથી જ પ્રાપ્ત થાય છે.

જીવનની ન્યોછાવરી પ્રિયપ્રભુના ચરણકમલમાં કરીને પ્રિયતમને સુખરૂપ થવા માટે જ પ્રેમસંગ્રામમાં કૂદી પડયા છે, તેવા પ્રેમવીરોની, પ્રેમદેવપ્રભુ જયારે કદર કરે છે ત્યારે, તેને પુરુષાર્થમાં આ દીનતા અને દાસ્યભાવનું દાન કરવામાં આવે છે.

''હિલગ પૈઠમેં સબૈ બિકાની તબ ત્રિભંગી વર પાયો''
(શ્રીપદ્મનાભદાસજી)

પ્રિયતમમાં ન્યોછાવર થઈ જવું તે વિરહાનુભવમાં જ બને છે. એટલે પોતાનું અસ્તિત્વ (અહં) ભૂલીને પ્રિયસ્વરૂપથી તદાત્મકતા પ્રાપ્ત કરવી તે

વિરહના અનુભવથી થાય છે. પ્રિયસ્વરૂપથી તદાત્મકતા, અને પોતાનું વિસ્મરણ આ દીનતાનું સ્વરૂપ છે.

પ્રફુલ્લિતતા :

પ્રભુપ્રેમપ્રાપ્તિમાં ત્રીજું સાધકતત્વ 'પ્રફુલ્લિતતા' છે તેને કહેવામાં આવે છે.

સદા પ્રફુલ્લિત રહિયે-અહીં પ્રફુલ્લિતતા બે પ્રકારની વિચારણીય છે. એક આધ્યાત્મિક, બીજી આધિદૈવિક. અથવા એક બ્રહ્માનંદરૂપ, બીજી ભજનાનંદરૂપ. તેમાં પહેલી આધ્યાત્મિક દીનતાથી પ્રાપ્ત થતી બ્રહ્મભાવના સંબંધવાળી બ્રહ્માનંદરૂપ છે. બ્રહ્મભાવ પ્રાપ્ત થતાં પ્રાકૃત સમગ્ર દુઃખોની નિવૃત્તિ થઈ જાય છે. તેથી ભકત પ્રફુલ્લિત રહે છે.

'બ્રહ્મભૂતઃ પ્રસન્નાત્મા ન શોચતિ ન કાંક્ષતિ ।
સમ સર્વેષુ ભૂતેષુ મદભકિત લભતે પરામ ।।'

(ગી. ૧૮–૫૪)

ઉપરોકત શ્લોકમાં કહ્યા મુજબ બ્રહ્મભાવ પ્રાપ્ત થતાં ભકતમાં પ્રફુલ્લિતતા રહી આવે છે.

અહીં એવો પ્રશ્ન થાય કે આધિદૈવિક દીનતામાં તો તાપ–કલેશને કહ્યો છે અને અહીં સૂરદાસજી પ્રફુલ્લિત રહેવાનું કહે છે તો આ વિરુદ્ધ વિષયની સંગતિ કેવી રીતે થાય ? સમાધાન એ છે કે બ્રહ્મભાવથી થતી પ્રફુલ્લિતતા પછી, પુષ્ટિ–લીલા–સંબંધી દૈવી–જીવને પ્રિયપ્રભુના સાક્ષાત સંબંધનો જે તાપકલેશ થાય છે, તેમાં રસાત્મક–ભાવોનું વ્યાપ્તપણું હોય છે, અને આ રસાત્મકભાવો આનંદરૂપ હોય છે. તેથી તાપકલેશમાં પણ આનંદ વ્યાપ્ત જ હોય છે. આ રસાત્મક–ભાવાત્મક–તાપકલેશથી મળતો આનંદ વાણીમાં ન આવી શકે તેવો અને અગણિત હોય છે, અને બ્રહ્મભાવથી થતી પ્રફુલ્લિતતા બ્રહ્માનંદરૂપ હોવાથી આ આનંદ ગણત્રીનો હોય છે. આ બ્રહ્માનંદરૂપ ગણત્રીના આનંદમાંથી નિજજનોને નિવૃત્ત કરી, તેમનો ઉદ્ધાર કરી, ભજનાનંદ કે જે તાપાત્મક અને અગણિતાનંદરૂપ છે, તેમાં પ્રવેશ કરાવે છે.

તાપકલેશાનંદ :

પ્રભુ મથુરા પધાર્યા પછી શ્રીગોપીજનો તાપકલેશાનંદનો જે અનુભવ કરી રહ્યાં છે તેનું શ્રીસૂરદાસજીએ એક પદમાં વર્ણન કર્યું છે.

''નાહિન રહ્યો મનમેં ઠૌર''। આ પદની અંતિમ પંકિતઓ નીચે મુજબ છે.

''શ્યામ–ગાત્ર સરોજ–આનન લલિત–ગતિ મૃદુ–હાસ।
સૂર ઐસે દરસકો યહ મરત લોચન પ્યાસ॥''

પ્રિયતમના ભાવાત્મક માનસીસ્વરૂપની લાવણ્ય–માધુર્ય–સુધાનો આ શ્રીગોપીજનો વિરહઅવસ્થામાં અનુભવ કરી રહ્યાં છે. લાવણ્ય–માધુર્ય–સુધાનું પાન તેમનાં નેત્રો અવિરત કરી રહ્યાં છે છતાં તૃપ્તિ થતી નથી. તેથી ઉદ્ધવજીને કહી રહ્યાં છે. 'મરત લોચન પ્યાસ,' અમારાં નેત્રો સદા પ્યાસા જ રહી આવે છે. આનું નામ 'તાપકલેશાનંદ'. આ તાપકલેશાનંદની બહુ જ વિલક્ષણ અનુભૂતિ છે. શ્રીમાન ઉદ્ધવજી બ્રહ્માનંદનો તો અનુભવ કરી રહ્યા હતા. પરંતુ ભજનાનંદ–તાપ–કલેશાનંદનો તેમને અનુભવ નહી હતો. અથવા ઉદ્ધવજી અંતરનિષ્ઠ તો હતા, પરંતુ વિરહનો અનુભવ નહી હતો. શ્રીગોપીજનો વિરહભાવાત્મક, અનિર્વચનીય તાપકલેશાનંદ સ્વરૂપનો અનુભવ કરી રહ્યાં છે. તેનું જ્ઞાન ઉદ્ધવજીને થતાં, પોતાની બ્રહ્માનંદરૂપ અવસ્થાને હીન ગણીને, શ્રીગોપીજનોના ચરણરજની કામના કરવા લાગ્યા, અને શ્રીગોપીજનોની કૃપાથી રજ પ્રાપ્ત કરી.

ચરણરજ પ્રાપ્ત થતાં ઉદ્ધવજી શ્રીગોપીજનોના અનુરાગપ્રવાહમાં નિમગ્ન થઈ ગયા. પ્રશ્ચાદ મથુરામાં જયારે તેઓ પ્રભુ સન્મુખ થયા તે સમયની તેમની અવસ્થાનું ચિત્રણ સૂરદાસજીએ ભ્રમરગીતમાં આલેખ્યું છે.

'ગોપી ગુન ગાવન લગ્યો, મોહન ગુન ગયો ભૂલ।
જીવનકો લે કહા કરે, જો નાહી જીવનમૂલ॥'

મોહનનું પણ જે જીવન છે તે તો દિવ્યપ્રેમ છે. તેનો અનુભવ મોહનને

પણ શ્રીગોપીજનો દ્વારા જ થાય છે. આવું દિવ્યપ્રેમીરૂપ જીવન શ્રીમાન ઉદ્ધવજીને શ્રીગોપીજનોની ચરણરજમાંથી પ્રાપ્ત થયું.

અતિ દુર્લભ ચરણરજ :

વિરહાગ્નિના મધુર—મહા સિન્ધુમાં મજ્જન ઉન્મજ્જન કરનારાં, મહાન અભ્યુદયવાળાં શ્રીગોપીજનોની ચરણરજ અતિ દુર્લભ છે. શ્રીહરિરાય પ્રભુના એક પદમાં તે જતાવેલ છે.

'રસિક ચરણરજ વ્રજયુવતિનકી અતિ દુર્લભ જીય જાન'

આ અતિ દુર્લભ ચરણરજની પ્રાપ્તિ શ્રીમાન ઉદ્ધવજીને કયા હેતુથી થઈ ! તેના નિર્ણયમાં અલ્પ મતિ ગતિ કરી શકતી નથી.

શ્રીવલ્લભાગ્નિનું મહા ઉદાર ચરિત્ર, સ્વયંના આવા—તાપકલેશાનંદ—ભાવવાળા સ્વરૂપના દાનમાં રહેલું છે. આ તાપભાવનું માધુર્ય અનુભવથી જ જાણી શકાય તેવું છે. પ્રિયતમને આવા માધુર્યરસભર્યા અગણિત સુખસમુદ્રમાં વિહાર કરાવીને, આ ભકત પ્રફુલ્લિત રહે છે. આ ભકતો હરિના હરિ છે. આ પ્રકારે આધ્યાત્મિક અને આધિદૈવિક પ્રફુલ્લિતતાનું તારતમ્ય જાણવું.

ચોથું સાધકતત્ત્વ :

હવે પ્રભુપ્રેમપ્રાપ્તિનું ચોથું સાધકતત્ત્વ કહે છે—

''ગયે નહી સોચ આયે નહી આનંદ, ઐસે મારગ વહિયે'' ॥૨॥

લૌકિક જીવનમાં મળતાં સુખો કે આધ્યાત્મિક જીવનમાં મળતાં સુખો, આવે કે જાય તેમાં શોક કે આનંદ નહી માનવો. નાશવંત સુખોની લાલચ બીજો જન્મ તૈયાર કરે છે. દિવ્ય અવિનાશી સુખ તો પ્રિયતમના મકરંદમાદક ચરણકમલમાં જ રહેલું છે. પ્રભુપ્રેમપથિકોએ, ત્રિલોકીનું રાજ્ય, અખૂટ લક્ષ્મી, બ્રહ્માજી જેવું પદ, અને શાસ્ત્રોકત ભકિતથી મળતી ચાર પ્રકારની મુકિત; આ સર્વથી મળતાં સુખોની લાલચ ન રાખતાં, નિત્ય સખા પ્રિયપ્રભુના દારુણ વિયોગ—દુ:ખને મહાન સુખદાતા સમજી, સ્વીકારી લેવાનું હોય છે. પ્રેમદેવપ્રભુના અનિર્વચનીય આનંદને સમજી ગયેલી શ્રુતિઓએ, સાક્ષાત

પ્રિયતમ–પ્રભુથી મળતા સુખ સિવાય અન્ય સર્વ સુખોનો ત્યાગ કર્યો એવું શ્રીભાગવત દશમસ્કંધના 'વેદસ્તુતિ' નામના અધ્યાયમાં કહેલું છે. પ્રેમીજનની આ જ કુશળતા છે કે પોતાના પ્રિયતમના સાક્ષાત ધર્મી–સ્વરૂપથી મળતા સુખ સિવાય અન્ય સુખોની સ્વપ્ને પણ આશા ન કરે.

તીન લોકકી સંપદા ઇન્દ્રભવનકો રાજ ।
પ્રેમી તાહિ તૃણ સમ ગિને, એક પ્રેમકે કાજ ।।
કૃષ્ણ–અમલ માતો રહે ધરે ન કાહુ શંક ।
તીન ગાંઠ કોપીનપૈ ગિને ઇન્દ્રકો રંક ।।
પુર વિચિત્ર હાટક–ભવન લાગત શ્વાન–બિગાર ।
જહાં પિય ઘન વરસત સદા ધન્ય સો વિપિન ઉજાર ।।

પ્રિયતમના રૂપાસવપાનનો જેને અમલ–મદ ચઢી ગયો છે તેવો પ્રેમદીવાનો, સ્વર્ગ–મૃત્યુ–પાતાલ ત્રણે લોકના સુખને તૃણ–ઘાસ સમાન ગણે છે, અને રૂપાસવપાનની મત્ત અવસ્થામાં અન્ય દેવ– દેવતા કે અવતારોની પણ કાનિ કરતો નથી. સ્વર્ગના વૈભવમાં, કમલસમાન જેમના દેહો છે, અને તેમાંથી કમલપુષ્પની સૌરભ પ્રગટ થાય છે, તેવી દેવાંગનાઓથી વિષયાનંદનો અનુભવ કરનાર ઈન્દ્ર, આ પ્રભુપ્રેમદીવાનાને રંક જેવો લાગે છે.

અહો પ્યારે ! તારા અચિન્ત્ય પ્રેમમહિમાનો કયા કવિઓ પાર પામી શકયા છે ? આસમાનમાં ઉડનાર પક્ષી પોતાની શકિત મુજબ નભોમંડળનું માપ કાઢી શકે છે. તેમ કવિઓએ તારી પ્રેમગાથા ગાઈ છે. પ્રતિક્ષણ પલટાતું તારું સૌન્દર્ય નૂતનતા જ ધારણ કરતું હોય છે. તેને કવિઓ કઈ ઉપમા આપીને સમજાવે ! ઉપમાની પરિભાષાઓ, સમુદ્રમાં વિલીન થતાં તરંગોની જેમ, તારા રૂપસમુદ્રમાં જ સમાધિસ્થ થઈ જાય છે, અને અંતે કવિઓને એમ જ વદવું પડે છે કે આ તત્ત્વ અનુપમ છે, અનુભવૈકવેદ્ય છે. ''યતો વાચો નિવર્તન્તે અપ્રાપ્ય મનસાસહ.'' વાણી અને મનની, આ નિરતિશય સૌન્દર્યસ્વરૂપમાં ગતિ થઈ શકતી નથી.

''મુખ શશિ કોટિ વિકટ ગઢ ગાઢે મન નહીં કરત પ્રવેશ''

(મલારના પદની પંક્તિ)

'' પ્રત્યહં નૂતનતર સ્તરુણાનંદ વિગ્રહઃ
પ્રતિક્ષણ અતિ સુખદો મોહનો મધુર દ્યુતિઃ ''

(પ્રેમામૃત રસાયન)

હે મિત્ર ! દિવ્યપ્રેમ એક અનિર્વચનીય–અતિગુહ્ય અનમોલ તત્ત્વ છે. દૈવી મનુષ્યજીવન પ્રાપ્ત કરીને, અને આ દિવ્યપ્રેમને સમજીને પણ તેનું એક બિન્દુ પ્રાપ્ત ન કર્યું, તો દૈવીજીવનની કંઈ જ સાર્થકતા નથી, તેમ નિશ્ચય જાણવું.

''પરમ ચતુર પુનિ રસિકવર કૈસોહુ નર હોય।
વિના પ્રેમ રૂખી લગે વાદિ ચતુરે સોય॥''

દિવ્યપ્રેમનો અખૂટ ખજાનો:

મહાન દિવ્યપુરુષાર્થ મનુષ્યદેહથી જ મેળવી શકાય છે. દૈવી માનવદેહની ભીતર જે આત્મતત્ત્વ છે, તેમાં દિવ્યપ્રેમનો અખૂટ ખજાનો ભરેલો છે. તેમ જ દિવ્યપ્રેમની અચિન્ત્ય અનંત શકિતઓ પણ તેમાં જ નિવાસ કરે છે. પ્રભુપ્રેમસાધકોએ તેની ખોજ કરવી જોઈએ.

''સત્યં જ્ઞાનમનન્તં બ્રહ્મ યો વેદ નિહિતં ગુહાયાં પરમે વ્યોમન્સોશ્નુતે સર્વાન કામાન્સહ બ્રહ્મણા વિપશ્ચિતા।''

આ બ્રહ્મપુરમાં જે દહર (નાનુંસરખું) કમલસ્થાન છે, તેની અંદર દહર (અધિકરણ) આકાશ છે. એ આકાશની અંદર જે રહેલું છે તેની ખોજ કરવી. એને જાણવાની ઇચ્છા કરવી.

અહીં એમ પ્રશ્ન થાય કે, દિવ્યપ્રેમના અખૂટ ખજાનાની ખોજ, તેમાં રહેલી દિવ્ય સંપત્તિ અને દિવ્યપ્રેમની અનંત શકિતઓ, આ સર્વનો અનુભવ કેવી રીતે થાય ? સમાધાનમાં કહેવાનું કે સર્વ તરફથી મનની વૃત્તિઓને સમેટી લઈને, પ્રિયપ્રભુની પ્રાપ્તિ માટે જેના હૃદયમાં પ્રચુર વિરહાગ્નિ ઉત્પન્ન થઈ ગયો છે, તેવા વિરહાગ્નિની પ્રકાશમાન જયોતિ, યુગ યુગના ગાઢ અંધકારને

ભેદીને, દિવ્યપ્રેમ–શકિતઓને જગાડી દે છે, અને આ જાગૃત થયેલી શકિતઓ, દિવ્યપ્રેમરાજયમાં પહોંચાડી દે છે, તથા દિવ્યપ્રેમના અખૂટ ખજાનાને પ્રાપ્ત કરાવે છે. અથવા પ્રિયપ્રભુની પ્રાપ્તિનો પ્રચુર તાપકલેશ દિવ્ય–પ્રેમરાજયમાં પ્રવેશવાના દ્વારને ખોલી નાંખે છે. અથવા લીલાધામથી બિછુરેલા દૈવિજીવના હૃદયમાં દૈવીગુણમય માયાએ અંધકાર રાખ્યો છે તેથી લીલાધામને (દિવ્યપ્રેમ રાજધાનીને) જોઈ શકાતું નથી; આ અંધકાર શ્રીવલ્લભભાનુનો હૃદયમાં ઉદય થવાથી જ દૂર થાય છે. અહીં પ્રિયપ્રભુની પ્રાપ્તિનો પ્રચુર તાપકલેશ તે જ શ્રીવલ્લભભાનુનો હૃદયમાં ઉદય જાણવો. અથવા મનુષ્યદેહની ભીતર રહેલું હૃદય એ જીવાત્મા અને પરમાત્માને રહેવાનું ઘર છે. આ હૃદયરૂપી ઘરનાં બે દ્વાર છે. એક આત્મપ્રદેશ તરફનું, બીજું પ્રાકૃત જગત–પ્રપંચ તરફનું છે. દૈવીજીવ, જયારે પ્રાકૃત જગતમાંથી ઈન્દ્રિયો સહિત–મન–ચિત્તની સંપૂર્ણ વૃત્તિઓને સમેટી લઈ, પ્રિયપ્રભુની પ્રાપ્તિ માટે પ્રચુર તાપકલેશનો અનુભવ કરે છે, ત્યારે આત્મપ્રદેશ તરફનું દ્વાર ખુલી જાય છે. આ આત્મપ્રદેશ તેનું નામ જ દિવ્યપ્રેમરાજય છે. કહેવાનું તાત્પર્ય, દિવ્યપ્રેમરાજય તો દૈવીજીવની ભીતર જ છે. ‘‘યથા બ્રહ્માંડે તથા પિંડે’’, આ શ્રુતિના કથન મુજબ. તેથી માયાનું આવરણ દૂર થતાં પોતાની ભીતર જ તેનો અનુભવ થાય છે. આ કથનના પ્રમાણમાં સુ. ૩–૯–૩ –૩૧–૩૨ શ્લોક અવલોકનીય.

ભાગવતાર્થનિબંધ સ્કંધ ચોથામાં શ્રીમદાચાર્યવર્ય આજ્ઞા કરે છે કે ‘રાજા પૃથુને ભકિતએ જ્ઞાન–વૈરાગ્ય પ્રાપ્ત કરાવ્યા તેથી તેની અવિદ્યાનો પણ નાશ કર્યો. યોગથી તેના લિંગશરીરનો પણ નાશ કર્યો, અને ‘સદ’ એટલે બ્રહ્મરૂપ–વૈકુંઠ અથવા વ્યાપી–વૈકુંઠને ઢાંકી દેનારી માયાને, યોગથી હઠાવીને વ્યાપીવૈકુંઠની પ્રાપ્તિ કરી.’ (કારિકા–૧૫ –૧૫૨). જેમ રાજા પૃથુએ યોગથી માયા હઠાવી વ્યાપીવૈકુંઠ પ્રાપ્ત કર્યું, તેમ પ્રેમી–ભકતો વિપ્રયોગના અનુભવથી હૃદયમાં રહેલા માયાના આવરણને હઠાવી, પોતાના હૃદયમાં જ, વ્યાપીવૈકુંઠનો અથવા લીલાધામનો અનુભવ કરે છે.

પ્રેમીજનનું ભાગ્ય:

પ્રભુપ્રેમપ્રાપ્તિના બાધક–સાધક તત્વોનું અહી સુધી વર્ણન કરીને હવે મહાનુભાવ સૂરદાસજી પ્રેમીજનના ભાગ્યને કહે છે.

'' ઐસે જો બનિ આવે જીય માંહી તાકે ભાગ્યકી કહા કહિયે ।। ''

પ્રભુપ્રેમપ્રાપ્તિના બાધક–સાધક તત્ત્વોને જાણીને જેણે દિવ્ય–પ્રભુપ્રેમ પ્રાપ્ત કર્યો છે તેવા પ્રેમીજનના ભાગ્યનું સૂરદાસજી કહે છે કે હું કઇ વાણીમાં વર્ણન કરું ? કારણ કે પ્રેમીજનના ભાગ્યનો અનુભૂત વિષય જે દિવ્યપ્રેમ છે તે તો પ્રેમીજન જ જાણી શકે છે. કારણ કે પ્રેમીજનનું ભાગ્ય જયારે સિદ્ધ થાય છે ત્યારે તેને દિવ્યદેહ પ્રાપ્ત થયેલો હોય છે, અને આ તેના દિવ્યદેહમાં જ દિવ્યપ્રેમરાજય સ્થાપિત થયેલું હોય છે. તેથી પોતાના ભીતર રહેલી દિવ્યપ્રેમસમ્પત્તિનો પોતે જ અનુભવ કરી શકે છે. જેમકે પોતાના ઘરમાં રહેલો મનુષ્ય ઘરનું દ્વાર બંધ કરીને પોતાના ઘરમાં રહેલો વૈભવને પોતે જ ભોગવતો હોય છે, તેની જાણકારી બહારના મનુષ્યને થતી નથી. તેવી ઉપરની બાબત જાણવી. અહી શ્રીસૂરદાસજી ''યતો વાચો નિવર્તન્તે અપ્રાપ્ય મનસા સહ'' આ શ્રુતિમાં જે દિવ્યપ્રેમાનંદની અગમ્યતા કથી છે તેની સંગતિથી પ્રેમીજનના ભાગ્યનો સંકેત કરી રહ્યા છે.

હવે પ્રેમીજનના ભાગ્યનો પરિચય કરાવતાં અન્તિમ ફલશ્રુતિ સૂરદાસજી કહી રહ્યા છે–

'સૂરદાસ' અષ્ટસિદ્ધિ પૈયે, જો ચહિયે સો લહિયે ।।૩।।

શ્રી યમુનાષ્ટકમાં જેનું વર્ણન કરેલું છે, તેવી રસાત્મક લીલાલોક–સંબંધી અષ્ટિસિદ્ધિ આ પ્રેમીભકતને પ્રાપ્ત થાય છે. આ અષ્ટસિદ્ધિમાં સંયોગાત્મક–વિપ્રયોગાત્મક, ઉભયદલના સમસ્ત લીલાવિહારઆંનદો રહેલા છે, તેનો અનુભવ થાય છે. 'જો ચહિયે સો લહિયે' આ વાકયનો ભાવાર્થ એ છે કે આ પ્રેમીભકત જયારે જેવી ઇચ્છા કરે છે ત્યારે દિવ્યલીલાઓનું સર્જન કરી તે તે લીલાઆનંદનો અનુભવ કરે છે.

ભક્તો લીલાસર્જન કઈ રીતે કરે ?

અહીં એમ પ્રશ્ન થાય કે ભગવાન લીલાનું સર્જન કરી પોતાના પ્રેમીભક્તોને લીલાઆનંદનો અનુભવ કરાવે તે તો યોગ્ય છે, પરંતુ ભક્તો પોતે લીલાનું સર્જન કરી તેના આનંદનો અનુભવ કરે તે કેવી રીતે ઘટી શકે? આ પ્રશ્નના સમાધાનમાં કહેવાનું કે લીલાલોકનો અંતરંગ રસરૂપ લીલાપ્રપંચ શ્રીસર્વાત્મભાવવાળા ભક્તોના હૃદયમાં રહેલો હોય છે, તેથી આ ભક્ત જ્યારે જેવી ભાવના કરે છે ત્યારે તેવા પ્રકારની લીલાનું સર્જન થાય છે. તેનું કારણ આ ભક્તોમાં (શ્રીસ્વામિનીઓમાં) સર્વાત્મભાવ સિદ્ધ થયેલો હોવાથી (સંયોગાત્મક અને વિપ્રયોગાત્મક સમસ્તલીલા સહિત) અથવા લીલાધામ સહિત પ્રિયપ્રભુ, આ ભક્તોના હૃદયમાં ભાવાત્મક પ્રકારથી વિરાજી રહ્યા છે તેથી અથવા સર્વાત્મભાવ સિદ્ધ થવાથી, સૃષ્ટિસર્જનનું અલૌકિક સામર્થ્ય તેમણે પ્રાપ્ત કરેલું હોય છે. તેથી ભગવાનની જેમ આ ભક્તો સૃષ્ટિસર્જન કરી શકે છે. અથવા ભગવાનનું આવા સર્વાત્મ–ભાવી ભક્તોમાં આધીનત્વ રહેલું છે. પ્રભુએ પોતાનું સામર્થ્ય આ ભક્તોમાં સ્થાપેલું છે. તેથી ભક્તો જેવી ભાવના કરે છે તેવી લીલા પ્રગટ થઈ જાય છે. અથવા જેમ શ્રીયમુનાજીને પ્રભુએ અષ્ટવિધ ઐશ્વર્યનું દાન કરેલું છે તેથી પ્રભુના અનેક વિહાર–વિલાસોને સિદ્ધ કરવા અનેક પ્રકારની આલંબન–ઉદ્દીયનરૂપ લીલાઓનું સર્જન કરે છે, તેમ સર્વાત્મભાવપ્રાપ્ત ભક્તોમાં પણ આવા પ્રકારનું ઐશ્વર્ય હોવાથી લીલાનું સર્જન કરી શકે છે.

શંકા–શ્રીયમુનાજી તો પ્રભુની સમાન ઐશ્વર્યવાળાં છે તેવું ઐશ્વર્ય–સામર્થ્ય અન્ય ભક્તોમાં કેમ હોઈ શકે? સમાધાન એ છે કે મહાનુભાવના એક પદમાં કહ્યા મુજબ ‘‘દેત અદ્‌ભૂતરૂપ આપ જૈસી’’ શ્રીયમુનાજીનું અષ્ટવિધ ઐશ્વર્ય–સ્વરૂપ ‘અદ્‌ભૂત’ છે. આ અદ્‌ભૂતતા, પ્રભુને પણ વિસ્મય કરાવનારી છે. તે આ પ્રકારે કે પ્રભુના સ્વરૂપની સમાનતા અન્ય કોઈથી થઈ શકતી નથી. એટલે કે આપની સમાન આપ જ છે. આપની સમાન બીજું કોઈ નહી હોવાથી અને મહારાસ સમયે જેટલાં ગોપીજનો હતાં તેટલાં જ પ્રભુનાં સ્વરૂપો

શ્રીયમુનાજીએ પ્રગટ કર્યા તેથી પોતાની સમાન બીજાં સ્વરૂપોને જોઈને પ્રભુને વિસ્મય થયો કે શ્રીયમુનાજીમાં આ અદ્દભુત સામર્થ્ય છે કે મારા સમાન કોટનકોટિ સ્વરૂપોને પ્રગટ કરી શકી છે ! પ્રમાણ સુ. ૧૦–૨૯–૨૨ ના ટિપ્પણીજીમાં. શ્રીયમુનાજી પોતાના સમાન સ્વરૂપને સર્વાત્મભાવી ભકતોમાં સિદ્ધ કરે છે.

સ્વાધીના પુષ્ટિ:

પુષ્ટિપ્રમેયમાર્ગમાં ભકતોની–શ્રીસ્વામિનીઓની મુખ્યતા અને ભગવાનની ગૌણતા છે. 'ગૌણતા' શબ્દનો અર્થ હીનતા નહી સમજવો, પરંતુ અધીનતા સમજવી. પ્રિયપ્રભુની અધીનતાનું રસભર્યુ મહત્ત્વ આગળ કહેવાશે.

''કૃષ્ણાધીનતા તુ મર્યાદા સ્વાધીના પુષ્ટિરુચ્યતે''

કૃષ્ણમાં ભકતોની અધીનતા રહે તે મર્યાદા, અને ભકતોમાં કૃષ્ણની અધીનતા રહે તેને પુષ્ટિ કહેવાય છે. વસ્તુતઃ પુષ્ટિમાર્ગ એ જ કહેવાય છે જયાં ભકતોની સ્વતંત્રતા અને ભગવાનની ભકતોમાં અધીનતા છે. અથવા પુષ્ટિમાર્ગ એટલે દિવ્યપ્રેમમાર્ગ. આ દિવ્યપ્રેમનો એ સહજ સ્વભાવ છે કે પોતાના પ્રેમીપાત્રોને અધીન રહેવું. રસિક–શેખર પ્રિયપ્રભુ પોતાની પ્રિયતમાઓને અધીન રહીને જ દિવ્યપ્રેમનું આસ્વાદન કરી રહેલ છે.

''માઈરી સ્યામ લગ્યો સંગ ડોલે ।
જિત જાઉ તિત આડોઈ આવે અનબુલાયો બોલે ।।૧।।
કહારી કરોં ઈન નૈના લોભી બસ કીને બિન મોલે ।
'કુંભનદાસ' પ્રભુગોવર્ધનધર હંસકર ઘૂંઘટ ખોલે ।।૨।।''

પ્રિયતમની આ 'અધીનતા' રહસ્ય ભરેલી છે. તેની મૌલિકતાનો યશ રસિકોની સભામાં જ ગવાય છે.

'ભગવતરસિક રસિકકી બાતેં રસિક બિના કોઉ સમજ સકે ના'

દિવ્યપ્રેમની પરાકાષ્ઠા અધીનતામાં જ રહેલી છે. અધીનતાની પરાકાષ્ઠામાં ભકત અને ભગવાનની અભેદતા રહેલી છે. 'મયિ તે તેષુ ચાપ્યહમ' હું ભકતમાં છું અને ભકત મારામાં છે. આવી અભેદતા ઉત્તર–દલાત્મક વિલાસમાં

રહેલી છે. પૂર્વદલમાં દ્વૈતભાવ રહેલો છે તેમાં પણ પ્રિયપ્રભુ નિજ પ્રિયાઓને અધીન રહીને જ, પ્રણયરસનો અનુભવ કરે છે. રસમાર્ગની રીત જ આવા પ્રકારની છે.

'અધીનતા ' એ એક રહસ્યભર્યુ સૂત્ર છે. તેમાં અનેક મૌલિક તથ્યો રહેલાં છે.

રસિકશેખર પ્રિયપ્રભુ તત્સુખી પ્રેમીભકતોમાં અધીન થઈને રહે છે, અને પ્રેમીભકતોને સ્વતંત્રતાનું દાન કરે છે. આ સ્વતંત્રતામાં અલૌકિક સામર્થ્ય રહેલું છે. આ અલૌકિક સામર્થ્ય કેવા પ્રકારનું છે ? શ્રીમદાચાર્યવર્ય–સુ. ૩–૬–૩૫માં આજ્ઞા કરે છે કે–'ભગવાનની અંતરંગ યોગમાયાશકિત એક ક્ષણમાં જ કોટિ બ્રહ્માંડોને ઉત્પન્ન કરે છે,' આપશ્રીનાં આ વચનામૃતના પ્રમાણાનુસાર જેવું અંતરંગ યોગમાયામાં સામર્થ્ય છે તેવું સર્વાત્મભાવ પ્રાપ્ત કરેલાં શ્રીગોપીજનોમાં પણ રહેલું છે. અહી પણ 'દૃત અદભુતરૂપ આપ જૈસી' આ પંકિતની સંગતિ કરવી.

શ્રીગોપીજનોએ આ સામર્થ્ય પ્રાપ્ત કર્યુ છે, તેથી પ્રિયપ્રભુ તેમને અધીન થઈને રહ્યા છે. ભગવાન પણ આ લીલાવૈભવનો પાર પામી શકતા નથી. શ્રીગોપીજનો અલૌકિક સામર્થ્યથી એક ક્ષણમાં જ અનેક લીલાઓનું સર્જન કરી પ્રિયતમને જે સુખ આપી રહેલ છે તેનો અંત પ્રિયતમથી પણ થઈ શકતો નથી. તેથી શ્રીગોપીજનોના 'ઋણી' થઈ ને રહ્યા છે. સુ. ૧૦–૨૯–૨૨ માં 'ન પારયેહં નિરવદ્ય સંયુજામ' શ્લોકનો એ જ ભાવાર્થ છે. આ શ્લોકના રહસ્યને જાણવા માટે શ્રીમતી ટિપ્પણીજી અવલોકવા. તેમ જ આ શ્લોકની સંગતિનું એક પદ મહાનુભાવ શ્રીપરમાનંદદાસજીનું નીચે મુજબ છે.

વ્રજજન સમ ઘર પર કોઉ નાંહી ।
જિન સબ તન મન હરિ અર્પન કર મોહન ઘરે ઉર માંહી ।।૧।।
સદા સંગ ડોલત મનમોહન ગોપી ધરિ ઉર ધ્યાન ।
ગોપી ગોપી રટત નિરંતર ભૂલિ ગયે સબ જ્ઞાન ।।૨।।

જા ગોપીકી પદરજ ઉદ્ધવ બ્રહ્માદિક સબ જાચે ।
તા ગોપીગૃહ માખન કાજે સબ દિન ગિરધર નાચે ॥૩॥
ગોપીજન મૈં કૌન બતાઉં હરિ હું પાર ન પાવે ।
તો હોં મન્દબુદ્ધિ કહા જાનોં પરમાનંદ ગુન ગાવે ॥૪॥

આ પદમાં શ્રીપરમાનંદદાસજી કહે છે કે ક્ષણ–ક્ષણમાં કોટિ–કોટિ લીલાઓને પ્રગટ કરીને શ્રીગોપીજનો પ્રિયતમને જે સુખ આપી રહ્યાં છે, તેનો પાર પ્રિયપ્રભુ પણ પામી શકતા નથી તો હું મંદબુદ્ધિ શ્રીગોપીજનોના મહિમાને શું જાણી શકું?

અંતરંગ લીલાપ્રપંચ ભકતોની ઇચ્છા મુજબ પ્રગટ થાય છે, અને ભકતોને જ અધીન છે. તેનું પ્રમાણ જાણવા માટે જુઓ શ્રીહરિરાયપ્રભુકૃત 'અંતરંગ–બહિ:રંગ–લીલા–પ્રપંચવિવેક' નામનો ગ્રંથ.

પૂર્વોકત અષ્ટપ્રકારની રસાત્મક સિદ્ધિનો પ્રકાર નીચે મુજબ છે. (આ અષ્ટસિદ્ધિનું વર્ણન શ્રીદ્વારકેશચરણની ટીકા અનુસાર કરેલું છે.)

સંયોગાત્મક સિદ્ધિઓ :

(૧) ''પ્રભુની લીલાનાં આ જ ચક્ષુથી દર્શન કરવાં.''

આ જ ચક્ષુથી એટલે ભૌતિક ચક્ષુથી ન સમજવા. કારણ કે ભૌતિક ચક્ષુથી પ્રભુની દિવ્યલીલાઓનાં દર્શન ન થઈ શકે. ભૌતિક ચક્ષુના દેવતા ભૌતિક સૂર્ય છે. તેથી ભૌતિક જગત જોવાય છે. જયારે ભૌતિક સૂર્યની જગ્યાએ ''ભકિતમાર્ગબ્જ માર્તંડ'' આધિદૈવિક સૂર્યરૂપ શ્રીવલ્લભ, ભકતના નેત્રોમાં દેવતા થઈને બિરાજે, ત્યારે પ્રભુની દિવ્યલીલાઓનાં દર્શન થઈ શકે.

અહીં એમ પ્રશ્ન થાય કે શ્રીવલ્લભભાનુ ભકતોનાં નેત્રના દેવતા થઈને નેત્રોમાં કયારે બિરાજે? તેને માટે શું સાધન કરવું? સમાધાન એ છે કે ભકતોને જે સ્વરૂપમાં પ્રેમ આસકિત હોય, અથવા પોતાના સેવ્યસ્વરૂપને જ શ્રીવલ્લભરૂપ સમજી, તે સ્વરૂપનું નિરંતર ધ્યાન કરવું. આ ધ્યાનથી ભૌતિક સૂર્યદેવતાનું તિરોધાન થઈ જાય છે અને જે સ્વરૂપનું ધ્યાન થાય છે તે સ્વરૂપ ભકતોના

નેત્રોમાં બિરાજે છે. ત્યારે લીલાલોકસહિત દિવ્યલીલાઓનાં દર્શન થાય છે. જેમ ભૌતિક સૂર્યથી ભૌતિક જગતનો પ્રકાશ થાય છે તેમ આધિદૈવિક જગતનો પ્રકાશ, આધિદૈવિક જગતના ભાનુ શ્રીવલ્લભથી થાય છે. આ કથનના પ્રમાણમાં જુઓ 'વૈશ્વાનરાષ્ટક' સ્તોત્રનો ૭ મો શ્લોક.

અથવા જેવી રીતે યોગી પુરુષો યોગ સાધતા હોય છે તેને યોગના પ્રભાવે 'દૂરદર્શન' અને 'દૂરશ્રવણ' નામની સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે, જે સિદ્ધિથી યોગીપુરુષ મૃત્યુલોક–ભૂતલમાં રહેવા છતાં સ્વર્ગના કે બીજા બીજા દેવતાઈ લોકના વૈભવોને જોઈ શકે છે; તેવી રીતે પ્રિયપ્રભુના ધ્યાનરૂપી યોગથી પ્રેમીભકતોને રસાત્મક સિદ્ધિ પ્રાપ્ત થાય છે, ત્યારે ભૂતલમાં રહેવા છતાં રસાત્મક–ધામની લીલાનાં દર્શન કરી શકે છે. જેમ અષ્ટસખાદિ મહાનુભાવોને લીલાનાં પ્રત્યક્ષ દર્શન થાય છે તેમ અહી પણ જાણવું. આ સિદ્ધિથી નેત્રોમાં દિવ્યતા પ્રગટ થાય છે ત્યારે નેત્રો પણ વ્યાપકધર્મવાળાં બને છે. આ વ્યાપક બનેલાં નેત્રોથી સર્વત્ર લીલાનાં દર્શન થાય છે. તેનું પ્રમાણ–

'તદવિષ્ણોઃ પરમંપદં સદા પશ્યન્તિ સૂરયઃ દિવીવ–ચક્ષુરાતતમ'

(વિદ્વનમંડન નિત્યલીલાવાદ પ્રકરણ)

પ્રેમીજનોએ પોતાના પ્રિયપ્રભુના સ્વરૂપનું નિરંતર ધ્યાન કરી, લીલાદર્શનની સિદ્ધિ પ્રાપ્ત કરવી જોઈએ. દૈવીજીવનની કૃતાર્થતા પ્રિયપ્રભુના સ્વરૂપનાં, અને દિવ્ય લીલાઓનાં સાક્ષાત દર્શનમાં જ રહેલી છે, તેમ નિશ્ચય જાણવું. દૂરદર્શન–દૂરશ્રવણ સિદ્ધિઓનું વર્ણન સુ. ૧૦– ૩–૨ ના લેખ–પ્રકાશ–યોજનામાં કરેલું છે. વિજ્ઞવૃન્દે ત્યાં અવલોકવું.

(૨) 'લીલાના આનંદનો સાક્ષાત અનુભવ.' આ સિદ્ધિ પ્રાપ્ત થવાથી લીલાઆનંદનો સાક્ષાત અનુભવ થાય છે. કારણ કે પ્રભુની લીલાઓ પ્રભુસ્વરૂપસમાન આનંદરૂપ છે.

(૩) 'સર્વાત્મભાવની પ્રાપ્તિ' તનુજા–વિત્તજા સેવાથી, ગુણગાનથી, અને સર્વત્યાગપૂર્વક વિરહાનુભવમાં નિરંતર પ્રિયપ્રભુના સ્વરૂપનું ધ્યાન, અને

દિવ્યલીલાઓનું ચિંતન કરતા રહેવાથી, સર્વાત્મભાવ સિદ્ધ થાય છે; અને સર્વાત્મભાવ સિદ્ધ થતાં સર્વત્ર પ્રભુના સ્વરૂપનો અને પ્રભુ જે જે લીલાઓ કરે છે તેનો એક જ સમયે અનુભવ થાય છે. એક જ સમયે અનુભવ અલૌકિક સામર્થ્યથી થાય છે. આ અલૌકિક સામર્થ્ય સર્વાત્મભાવમાં સિદ્ધ થાય છે. સર્વાત્મભાવમાં ભકતોનો દેહ–પ્રાણ–ઈન્દ્રિયો–અન્તઃકરણ આ સર્વ આત્મરૂપ થયેલા હોય છે, અને આત્મતત્ત્વમાં વ્યાપકધર્મ રહેલો છે. આ વ્યાપકધર્મથી પ્રભુના સ્વરૂપનો અને લીલાઓનો સર્વત્ર અનુભવ થાય છે. સર્વત્ર થતી પ્રભુની લીલા અને પ્રભુના સ્વરૂપનો, એક સ્થાનમાં રહેલા સર્વાત્મભાવી ભકતોને અનુભવ કેવી રીતે થાય છે ? જેમ સૂર્ય આકાશમાં એક સ્થાનમાં રહેલો છે. તે પોતાની આધ્યાત્મિક, વ્યાપકશકિતથી સમસ્ત જગતને જોઈ શકે છે તેમ અહી પણ જાણવું. આ સર્વાત્મભાવ ધર્મીસંયોગાત્મક છે. સર્વાત્મભાવ બે પ્રકારનો છે. એક ધર્મીસંયોગાત્મક. બીજો ધર્મીવિપ્રયોગાત્મક. ,ધર્મીસંયોગમાં લીલાસહિત પ્રભુસ્વરૂપનો અનુભવ થાય છે. અને ધર્મીવિપ્રયોગાત્મકમાં કેવલ પ્રિયપ્રભુના સ્વરૂપનો જ સર્વત્ર અનુભવ થાય છે.

(૪) 'ભગવદઆવેશવાળા અલૌકિક દેહની પ્રાપ્તિ.' જેમ પ્રભુનું સ્વરૂપ આનંદમાત્રકરપાદમુખોદરાદિ છે. નખથી શિખા સુધી સાકરરસની મૂર્તિની જેમ, સ્વરૂપ, આનંદરૂપ જ છે; તેમ અલૌકિક દેહવાળા ભકતો પણ તેવા જ છે. આનંદરૂપ પ્રભુનો ભકતના સર્વાંગમાં પ્રવેશ થવાથી ભકત પણ સર્વાંગ આનંદરૂપ થઇ જાય છે.

વિપ્રયોગાત્મક સિદ્ધિઓ :

ઉપરની ચાર સિદ્ધિઓ સંયોગાત્મક છે. સંયોગલીલાનો અનુભવ આ સિદ્ધિઓથી થાય છે. હવે વિપ્રયોગાત્મક ચાર સિદ્ધિઓનું વર્ણન કરવામાં આવે છે.

(૫) 'અન્તઃકરણમાં અવિર્ભૂત ભગવદલીલાનાં સાક્ષાત દર્શન કરવાં.' જે ભકતોને પ્રભુએ વિપ્રયોગનું દાન કર્યુ છે તેના હૃદયમાં લીલાલોકની

સમસ્ત લીલાસહિત પ્રભુનો આર્વિભાવ થાય છે, અને ભાવાત્મક–માનસી પ્રકારે લીલાનાં સાક્ષાત દર્શન કરે છે. પ્રભુનું ભાવાત્મક સ્વરૂપ જેમ હૃદયમાં પ્રગટ થાય છે તેમ ભકતનું આધિદૈવિક સ્વરૂપ પણ ભાવાત્મક છે. તે ભૌતિક અને આધ્યાત્મિક અવિદ્યાની નિવૃત્તિ પશ્ચાદ હૃદયમાં જ પ્રગટ થયેલું હોય છે. આ આધિદૈવિક ભાવાત્મક સ્વરૂપથી ભકતને પ્રભુની લીલાનાં સાક્ષાત દર્શન થાય છે. જેમ બહારના નેત્રોથી બહારના પ્રગટ સ્વરૂપનાં દર્શન થાય છે, તેમ હૃદયમાં પ્રગટ થયેલા પ્રિયપ્રભુના ભાવાત્મક સ્વરૂપના અને દિવ્યલીલાનાં ભકત પોતાના ભાવાત્મક સ્વરૂપથી સાક્ષાત દર્શન કરે છે. અથવા માનસીમાં પ્રવેશ થયા પછી ભૌતિક જગતનું વિસ્મરણ અને આધિદૈવિક લીલાજગતમાં આ ભકતનો પ્રવેશ થાય છે. તેથી ભગવલ્લીલાના સાક્ષાત દર્શન કરી શકે છે.

(૬) ''ભાવાત્મક–વિપ્રયોગાત્મક ભગવાનના સ્વરૂપમાં તદાત્મક થવું.'' ભકતહૃદયમાં આવિર્ભૂત સ્વરૂપ ભાવાત્મક છે. વિપ્રયોગમાં પ્રભુના સ્વરૂપનો અને લીલાઓનો ભકતને જે અનુભવ થાય છે તે ભાવાત્મક પ્રકારે અંતઃકરણમાં થાય છે. જેમ વેણુગીતપ્રસંગમાં પ્રિયપ્રભુ વૃન્દાવનમાં ગૌચારણ કરવા પધાર્યા છે, અને ત્યાં જે જે લીલાઓ કરે છે તેનો અનુભવ શ્રીગોપીજનોને શ્રીમદગોકુલમાં રહેલાંને થાય છે. પ્રભુથી દૂર રહ્યાં છતાં લીલાઓનો અને પ્રભુના સ્વરૂપનો જે અનુભવ થાય છે તે ભાવાત્મક માનસી પ્રકારે અંતઃકરણમાં થાય છે. નિરંતર આવા પ્રકારના અનુભવથી શ્રીગોપીજનો પ્રભુના સ્વરૂપથી અને લીલાઓથી તદ્દાત્મક બની જાય છે. અન્ય કંઈ સ્મૃતિ જ રહેતી નથી. સ્વરૂપ અને લીલાઓનો નિરંતર અનુભવ કરે છે. વેણુગીત સુબોધિનીજીના છેલ્લા શ્લોકમાં શ્રીમદાચાર્યવર્યે આ વિષયને જણાવેલો છે.

(૭) 'વિરહના અનુભવ સમયે કૃષ્ણમય થવું.' વિરહનો અનુભવ સર્વત્યાગથી થાય છે. આ અવસ્થામાં કેવલ પ્રિયપ્રભુના સ્વરૂપનું જ અવલંબન રાખી, પ્રભુના માનસી – ભાવાત્મક સ્વરૂપનું નિરંતર ધ્યાન થતું હોય છે. ('નાહિન રહ્યો મનમેં ઠૌર'—આ પદમાં સૂરદાસજીએ ધ્યાનનો પ્રકાર જણાવ્યો

છે.) આવા સતત ધ્યાને કરી, કીટ–ભ્રમરન્યાયે પ્રેમીભકત પ્રિયપ્રભુમય થઈ જાય છે.

''સ્યામ સ્યામ રટત–રટત સ્યામા સ્યામ ભઈ ।
સ્યામા પૂછત અપની સખીસોં સ્યામા કહાં ગઈ ।।''

ઉપરોકત પ્રભુના ધ્યાનથી તદ્રૂપતા થાય છે, ત્યારે પ્રભુ જેમ સદાનંદ કૃષ્ણરૂપ છે, તેમ આ ભકત પણ સદાનંદ કૃષ્ણરૂપ થઈ જાય છે, અને ભગવાનની રસાત્મક સાકારરૂપથી જેમ સર્વત્ર વ્યાપક સત્તા છે, તેમ આ ભકત પણ રસાત્મક સાકાર વ્યાપક સત્તાવાન બને છે. અથવા સર્વપ્રકારથી પ્રભુ સાથે સામ્ય પ્રાપ્ત કરે છે.

સત્તા બે પ્રકારની છે. (૧) જીવસત્તા (૨) ભગવદ્સત્તા. જીવસત્તા પરિચ્છિન્ન છે, એટલે કે વ્યાપકતા નથી. ભગવદ્સત્તા–અપરિચ્છિન્ન–વ્યાપક છે. શ્રીગોપીજનોની ગોપીગીત ગાયા સુધીની પરિચ્છિન્નસત્તા હતી. પછી તેમની દીનતાથી અથવા વિરહાનુભવથી જીવસત્તા તિરોહિત થવાથી 'તાસામાવિરભૂત શૌરિઃ' । આ શ્લોકમાં કહ્યા મુજબ પ્રભુ પ્રગટ થયા ત્યારે પ્રભુએ પોતાની અપરિચ્છિન્ન–વ્યાપક સત્તાનું અને પોતાના સદાનંદ સ્વરૂપનું શ્રીગોપીજનોમાં સ્થાપન કર્યુ. તેથી શ્રીગોપીજનો વ્યાપક સત્તાવાન અને સદાનંદ કૃષ્ણરૂપ થયા. આ કથન પ્રમાણમાં 'તાસામાવિરભૂત શૌરિઃ' શ્લોક ઉપરના શ્રીટિપ્પણીજી અને આ શ્લોક ઉપરનો એક સ્વતંત્ર લેખ તામસફલ પ્રકરણની સંસ્કૃત ટીકાના પરિશિષ્ટ ભાગમાં આપેલો છે તે અવલોકવા.

(૮) 'ભગવાનના બહાર પ્રગટ ઉપાસ્ય સ્વરૂપથી નિરપેક્ષ બની, આંતરમાં, સ્વાધીના, સ્વતંત્ર ભાવનાઓ દ્વારા, ભાવાત્મક પ્રભુસ્વરૂપનો સદા અનુભવ કરવો. સેવા–સ્મરણાદિ સાધન દ્વારા પ્રભુમાં પ્રેમ–આસકિત–વ્યસન ભાવ સુધી ભકત પહોચેં છે, ત્યારે બહાર પ્રગટ સ્વરૂપથી નિરપેક્ષ બને છે. વ્યસનઅવસ્થા વિરહરૂપ છે, અને વિરહમાં બહાર પ્રગટસ્વરૂપનું નહી પણ વિપ્રયોગ–ભાવાત્મક–માનસીસ્વરૂપનું અવલંબન હોય છે. વિરહના અનુભવમાં

ભાવાત્મક પ્રભુનું સ્વરૂપ ભકતહૃદયમાં નિરુદ્ધ થઈ જાય છે, અને સદા તે વિપ્રયોગ–ભાવાત્મક સ્વરૂપનો ભાવના દ્વારા જ અનુભવ કરે છે.

સંયોગ–વિપ્રયોગ :

યુગલગીત–ભ્રમરગીતના શ્રીસુબોધિનીજીમાં આવા પ્રકારના અનુભવનું વર્ણન કરેલું છે. વિરહમાં અથવા વિરહની ફલદશામાં ભાવના દ્વારા ભાવાત્મક સ્વરૂપનો અનુભવ થાય છે અને સંયોગમાં બહાર પ્રગટસ્વરૂપનો ક્રિયા દ્વારા અનુભવ થાય છે. વિપ્રયોગસ્વરૂપના અનુભવમાં અગણિતાનંદનો અનુભવ થાય છે. એટલે કે પ્રિયપ્રભુના અનંત સ્વરૂપનો અને અનંત લીલાઓનો અનુભવ થાય છે. આ અનુભવનો પ્રકાર શ્રીહરિરાયચરણે શિ. ૯–૧૮ માં જણાવ્યો છે–

'' વિરહે યુગપત્સર્વ નિજલીલાનુભાવકમ ।
સાકારાનન્દરૂપેણ વ્રજભકત–હૃદિસ્થિતિમ ।।''

'યુગપત' એટલે એક જ સમયે પ્રભુ અનંત સ્વરૂપોથી, અનંત શ્રીસ્વામિનીજીઓથી, અનંત પ્રકારની જે જે લીલાઓ કરે છે, તેનો એક જ સમયે અનુભવ થાય છે. આવો અનુભવ વિપ્રયોગાવસ્થામાં થાય છે, અને સંયોગમાં એક જ સ્વરૂપથી અનુભવ થાય છે. વિપ્રયોગમાં અનંત પ્રકારે અનુભવ થવાનું કારણ એ છે કે આ ભકતોએ સર્વાત્મભાવ પ્રાપ્ત કરી, પ્રભુની રસાત્મક બ્રહ્માંડાકાર સત્તાને વ્યાપ્ત કરેલી હોય છે. એટલે કે પ્રભુનું સ્વરૂપ જેમ સાકાર વ્યાપક છે, તેમ આ ભકતો પણ સાકાર વ્યાપક છે. તેથી રસાત્મક ગોલોકધામ આ ભકતોની ભીતર જ તેમના સાકાર સ્વરૂપમાં જ હોવાથી ગોલોકધામની અનંતકુંજો–નિકુંજો અનંત શ્રીસ્વામિનીજીઓ, અને અનંત પ્રભુનાં સ્વરૂપો આ સર્વનો એક જ સમયે અનુભવ થાય છે. આ કથનથી સંગતિમાં સુ. ૧૦–૨૯–૧૪ નો શ્લોક નીચે મુજબ છે.

ચરમ પુરુષાર્થ :

''ત્રૈલોકયલક્ષ્મ્યેકપદં વપુર્દધત''

'ત્રૈલોકય' એટલે રાજસ–તામસ–સાત્વિકભાવવાળા, 'લક્ષ્મ્યેક' એટલે

ઉપરોકત ત્રિવિધ ભાવવાળા અનંત શ્રીસ્વામિનીજીઓ, 'પદ' એટલે અનંત સ્વામિનીજીની અનંત કુંજો નિકુંજો, 'વપુર્દધત' એટલે ઉપરોકત અનંત સ્વામિનીજીઓ, તેમની અનંત કુંજો નિકુંજો, અને તેમના અનંત વિહારોને, પોતાના એક જ સ્વરૂપમાં ધારણ કરીને, શ્રીગોપીજનો માટે પ્રભુ પ્રગટ થયા અને આ પ્રગટ થયેલા સ્વરૂપમાં શ્રીગોપીજનો તદાત્મક થઈ ગયાં. તેથી ઉપરોકત અનંત પ્રકારનો વિલાસ શ્રીગોપીજનોએ પોતાના સાકાર–વ્યાપક સ્વરૂપમાં ધારણ કર્યો. તેનો એક જ સમયે અનુભવ કરવા લાગ્યા. સુ. ૧૦–૨૯–૧૩ માં 'મનોરથાંત શ્રુતયો યથા યયુઃ' આ પંકિતના સ્વારસ્ય નિરૂપણમાં 'શ્રીગોપીજનોના અર્થે પ્રભુ અનંત સામગ્રીયુકત પ્રગટ થયા,' તેમ શ્રીમદાચાર્યચરણે આજ્ઞા કરી છે. આ અનંત સામગ્રી તે 'ત્રૈલોકય લક્ષ્મ્યેક પદં વપુર્દધત' શ્લોકમાં કહેલી જાણવી. આવા પ્રકારના અનંત લીલાવિહાર–આનંદોનો અનુભવ શ્રીગોપીજનો પોતાના સાકાર–વ્યાપક સ્વરૂપની ભીતર જ કરવા લાગ્યાં. આવો મહાન અભ્યુદય વિપ્રયોગા–નુભવથી જ પ્રાપ્ત થાય છે. તેથી વિપ્રયોગભાવાત્મક સ્વરૂપનો અનુભવ તે પ્રભુપ્રેમની સર્વોત્કૃષ્ટ અવસ્થા, અને ચરમ પુરુષાર્થરૂપ છે. શિ. ૯–૧૮ માં 'વિરહે યુગપત્સર્વ નિજલીલાનુભાવકમ' તેમાં 'યુગપત' શબ્દ દેહલી દીપક ન્યાયને જતાવનારો છે એટલે કે ધર્મીસંયોગમાં અનંતલીલાઓ સહિત પ્રિયપ્રભુનો એક જ સમયે અનુભવ થાય છે; અને ધર્મીવિપ્રયોગમાં કેવલ પ્રિયપ્રભુના નિરતિશય–સૌન્દર્ય–માધુર્ય–અનંત સ્વરૂપોનો અનુભવ થાય છે. લીલાલોકમાં દિવ્યપ્રભુપ્રેમની આ બંને અવસ્થા ઉત્કૃષ્ટ છે. તેમાં પણ ધર્મી–વિપ્રયોગાત્મક અષ્ટસિદ્ધિ પ્રાપ્ત થતાં; પ્રેમી ભકત ઉભયદલની સમસ્ત લીલા–આનંદનો બહાર–ભીતર નિરંતર અનુભવ કરે છે.

શિખર સિદ્ધાંત :

ભકત અને ભગવાનના નિત્ય સંગમમાં પોતાના દૂતીત્વનો વિનિયોગ થયેલો જોઈ તત્સુખી સૂરદાસજી પણ પરમાનંદનો અનુભવ કરે છે. કારણ કે પુષ્ટિમાર્ગના શિખરસિદ્ધાંતનું આ જ રહસ્ય છે કે ભગવાન–અને ભગવાનના

પરમપ્રિય ભકતોના સુખમાં જ પોતાનું સુખ માનવું. આવું દૂતીત્વ, અથવા આવો દાસ્યભાવ શ્રીવલ્લભપ્રભુની અતિશય કૃપાથી જ પ્રાપ્ત થાય છે. વધારે શું કહેવું? આ દાસ્ય–ભાવ જ પરમ પુરુષાર્થરૂપ છે.

દાસ્યં પ્રયચ્છતાં મહ્યં સમસ્ત ફલ મૂર્ધગમ ।
સ્વામિનૌ વલ્લભાધીશ વિઠ્ઠલેશાભિધૌ સદા ॥
(શ્રીહરિરાયચરણોકત સ્વામિપાણિયુગલાટક)

હે પ્યારે તારી કયાં ખોજ કરું! ન તો તું વેદમાં કે ન તો તું પુરાણમાં. તારા નિરતિશય સૌન્દર્ય–માધુર્ય–સિન્ધુમાં, નિમગ્ન બનેલા પરમ પ્રેમીઓની હૃદયરૂપી નિભૃત નિકુંજમાં, તું છુપાયેલો રહે છે, ''અલક્ષ્ય કુટીરસ્થ રાધા સર્વસ્વ સમ્પુટઃ'' અને તારા પરમપ્રિય પ્રેમીજનો પણ વિશુદ્ધ પ્રેમરાજયના નિયમાનુસાર છુપાયેલા જ રહેતા હોય છે. શ્રીમદાચાર્યવર્ય યુગલગીતના ચોથા શ્લોકમાં આ આજ્ઞા કરે છે કે–''જેનો સ્નેહ કેવલ ધર્મીસ્વરૂપ પ્રભુમાં જ રહેલો છે, તેવા ભકતો અપ્રસિદ્ધ છે.'' તેથી તારાં કે તારા પરમ પ્રેમીઓનાં દર્શન મેળવી શકાતાં નથી.

''બ્રહ્મ મૈં ઢૂંઢયો પુરાનન ગાનન, વેદ–ૠચા પઢી ચૌગુને ચાયન ।
દેખ્યો સુન્યો ન કહું કબહું વહ, કૈસો સ્વરૂપ ઔર કૈસે સુભાયન ॥
ઢૂંઢત ઢૂંઢત થાકિ પર્યો, રસખાનિ બતાયો ન લોગ લુગાયન ।
દેખ્યો દૂર્યો વહ કુંજ કુટીરન, બૈઠયો પલોટત રાધિકા–પાયન ॥''

''ન મંદિરમેં ન મસ્જીદમેં ન ઘંટાકી ઘોરમેં ।
'હરિશ્ચંદ્ર' બંધ્યો એક વિશુદ્ધ પ્રેમકી ડોરમેં ॥''

ઉપસંહાર :

પુષ્ટિપ્રભુ કેવલ પોતાના દિવ્ય ધર્મીરૂપ પ્રેમથી જ પ્રાપ્ત થાય છે.

''કોટિક સાધન કીજિયે હોત નહીં ફલરૂપ ।''
સ્નેહામૃતસોં પાઈયે શ્રીગોકુલકે ભૂપ ॥ (પંચામૃત)

આ દિવ્યપ્રેમની પ્રાપ્તિમાં બાધક શું, સાધક શું, આ વિષયને વિસ્તારપૂર્વક પદલેખનમાં સમજાવ્યો છે.

પ્રભુપ્રેમપ્રાપ્તિમાં બાધક—સાધક તત્ત્વોને સમજીને, આ અનિર્વચનીય મહાન દિવ્યપ્રેમપ્રાપ્તિની સાધનામાં, જે ભાગ્યવાન પ્રેમીજન સંલગ્ન થયેલ છે, તેને અન્તિમ રસાત્મક લીલાલોકની અષ્ટસિદ્ધિ પ્રાપ્ત થાય છે. તેનું પણ રોચક અને રહસ્યમય વર્ણન કર્યું છે. આનું નિરંતર મનન કરતાં તદેકમનસા રહી, જો સાધના કરવામાં આવે તો નિઃસંદેહ દિવ્યપ્રભુપ્રેમ મેળવી શકાય છે. 'હરિરસ તબહી તો જાય પૈયે'– આ પંકિતમાં 'તબહી' શબ્દ સાધનામાં નિષ્ઠા રાખવાનો બોધક છે. પદમાં કહેલા સાધનોમાં જો તત્પરતા થાય તો પ્રભુપ્રેમ નિઃસંદેહ પ્રાપ્ત થશે તેનો બોધક શબ્દ 'પૈયે' છે. 'પૈયે' શબ્દમાં આપણા પૂર્વજ મહાનુભાવ સુરદાસજી આશિષ આપતા હોય તેવો પણ ધ્વનિતાર્થ પ્રાપ્ત થાય છે. દૈવીજીવાત્માઓ માટેનો પ્રેમ એ જ જીવન છે. પ્રેમ વિનાનું જીવન જડવત ગણાય છે. જો દૈવીમાનવદેહ પ્રાપ્ત કરીને દિવ્યપ્રભુપ્રેમ પ્રાપ્ત ન કર્યો તો, પશુપક્ષીમાં પણ ગણત્રી થતી નથી. કારણ કે પશુપક્ષીઓ પણ પ્રેમ કરી જાણે છે. દિવ્યપ્રેમને જાણી લીધા પછી કંઇ જાણવાનું બાકી રહેતું નથી; અને નથી જાણ્યો તો પંડિતાઈ પણ વૃથા જ છે.

અષ્ટસખા શ્રીવલ્લભના લાડીલા છે. તેમની વાણીમાં વિશ્વાસ થતાં કાર્યસિદ્ધિમાં કોઇ સંદેહ કરવા જેવું રહેતું નથી. ભગવાન અને તેમના સિદ્ધભકતોની વાણી 'સત્યપ્રતિજ્ઞ' હોય છે. તેથી તેમની વાણીમાં વિશ્વાસ થતાં કાર્ય સિદ્ધ કરે જ છે. ત્રણ તુંબાવાળા ભગવદીયની વાર્તામાં સાત જન્મ સુધી રાજાને ત્યાં પુત્ર થાય તેમ નહી હતુ છતાં તેને ચાર પુત્રો આપ્યા. પ્રભુ પોતાની પ્રતિજ્ઞાને જતી કરે છે, પરંતુ પોતાના પરમપ્રિય સિદ્ધભકતોની પ્રતિજ્ઞાનું ઉલ્લંઘન કરી શકતા નથી. તેવો, પ્રેમીભકતો પ્રત્યેનો આપનો (વેદવિરુદ્ધ) પક્ષપાત, મર્યાદાભકત ભીષ્મપિતામહમાં પ્રસિદ્ધ કર્યો, તો પુષ્ટિ–ભકતના પક્ષપાતમાં તો કહેવું જ શું? પ્રભુએ મર્યાદા અને પુષ્ટિ જેવા પ્રકારનું, દૈવીજીવોનું, વરણ કર્યુ છે, તેમાં પરિવર્તન થઈ શકતું નથી, પરંતુ તત્સુખી દિવ્યપ્રેમપ્રાપ્ત ભગવદીયો આ વરણને પલટાવી દે તેવો તેમનો પ્રભાવ છે.

(૧) શ્રીમાન ઉદ્ધવજી બ્રહ્માનંદના અધિકારી હતા. તેમને શ્રીગોપીજનોની કૃપાથી ભજનાનંદનો અધિકાર પ્રાપ્ત થયો.

(૨) દહીના પલટે, હીન જાતિ, પ્રવાહસંસારમાં પડેલી, અહીરનીને, મહાનુ–ભાવ શ્રીપ્રભુદાસ જલોટાજીએ મુકિત આપી.

(૩) કૃષ્ણદાસ અધિકારીજીએ દુષ્ટ કૃતિવાળી વેશ્યાની પુત્રીનો, શ્રીજી સન્મુખ એક જ પદ ગવરાવી, તત્કાલ લીલાલોકમાં જ પ્રવેશ કરાવ્યો.

આવા અનેક પ્રસંગો ચોર્યાસી બસો બાવનની વાર્તામાં જોવા મળે છે. આવા સિદ્ધભકતોનો આધુનિક સમયમાં મિલાપ થવો દુર્લભ છે. પરંતુ તેમનાં ચરિત્રોની સિદ્ધવાણી સત્સંગ આપી રહી છે. આ વાણી પ્રત્યક્ષ સત્સંગનું કાર્ય સિદ્ધ કરનારી છે. તેમાં વિશ્વાસની આવશ્યકતા છે. કહેવાનું તાત્પર્ય એ છે કે મહાનુભાવ સૂરદાસજીની સિદ્ધવાણીમાં વિશ્વાસ રાખી, દિવ્યપ્રેમપ્રાપ્તિના સાધનોમાં રહેવું એ આપણું કર્તવ્ય છે. પ્રણયસાધક કર્તવ્યચ્યુત કેમ થઈ શકે? દિવ્યપ્રેમપથ પૂર્ણ સાવધાનતાનો પૂર્ણ જવાબદારીનો અને પ્રચુર પ્રિય–વિયોગવ્યાથી ભરેલો છે. કારણ કે આ મોક્ષમાર્ગ નથી. સ્વસ્થતાને અહી તિલાંજલી આપી દેવાની હોય છે. શ્રીમત્પ્રભુચરણ વિજ્ઞપ્તિમાં આજ્ઞા કરે છે.

અંબુદસ્ય સ્વભાવોઽયં સમયે વારિ મુંચતિ ।
તથાપિ ચાતકઃ ખિન્નો રટત્યેવ ન સંશયઃ ।। (૧–૮)

મેઘનો એવો સ્વભાવ છે કે સમયે સ્વાતિ જલની વર્ષા કરે જ છે. તથાપિ સ્વાતિ–પ્રણય–જલનો પ્યાસો ચાતક, વિલંબે ખિન્ન થઇને પિયુ–પિયુની પુકાર કરતો જ રહે છે. દિવ્યપ્રેમપથિકોનું જીવન પ્રિયવિયોગમાં કેવા દુઃખથી ભરેલું હોવું જોઇએ, તેનું શ્રીમત્પ્રભુચરણે વિજ્ઞપ્તિઓમાં માર્ગદર્શન કરાવ્યું છે. શ્રીપ્રભુચરણ સાક્ષાત પ્રિયના મિલન માટે અને પ્રિયની સાક્ષાત તત્સુખાત્મક સેવા માટે કેવો પરિતાપ કરી રહ્યા છે તે વિજ્ઞપ્તિઓથી જાણવા મળે છે. પ્રેમીજન પ્રિયવિયોગમાં કદાપિ સ્વસ્થ રહી શકતો જ નથી.

શ્રીમત્પ્રભુચરણની આ વિજ્ઞપ્તિઓ રતિપથગામી આધુનિક સાધકોને

બોધ આપે છે કે પ્રિયપ્રભુના વિયોગમાં કેવું વ્યથાભર્યું જીવન હોવું જોઇએ. જીવ વિપ્રયોગના સ્વરૂપને શું જાણી શકે ? શ્રીચંદ્રાવલીજી સ્વરૂપથી આપે વિપ્રયોગનો અનુભવ કરી, વિપ્રયોગના અનેક ભાવોને વિજ્ઞપ્તિમાં પ્રગટ કરી, દૈવીજીવોને જ્ઞાન કરાવ્યું છે. આ વિજ્ઞપ્તિઓ શ્રીમત્પ્રભુચરણના શ્રીમુખની સિદ્ધવાણી રૂપે પ્રગટ થઇ છે. તેનો નિત્ય આદરથી પાઠ કરવાથી વિપ્રયોગભાવ પ્રગટ થાય છે.

'પ્રેમાપિ હરિણાકૃતમ' આત્મસ્વરૂપ પ્રભુથી દાન કરાયેલો પ્રેમ જ નિત્ય છે. ભૌતિક અને આધ્યાત્મિક અવિદ્યા નિવૃત્ત થઇ નથી તેવા અધ્યાસવાળા આધુનિકોમાં જે અરસ–પરસ પ્રેમનો સંબંધ છે, તે આત્મામાંથી પ્રગટ થયેલો નહી હોવાથી નિત્ય નથી, અને તે નિત્ય નહી હોવાથી કૃત્રિમ છે. પ્રેમમાર્ગની ધ્વજારૂપ શ્રીગોપીજનોએ આ નિત્ય–દિવ્ય પ્રેમને પ્રાપ્ત કરવા પ્રથમ વિરહાનુભવ (એક કલ્પ–પર્યંતનો) કર્યો છે. આ વિરહાનુભવમાં પ્રભુના સ્વરૂપનું નિરંતર ધ્યાન કર્યું છે. તે પ્રેમસ્વરૂપ જ તેમના હૃદયમાં પ્રગટ થયું, અને તે પ્રેમસ્વરૂપે જ તેમને પ્રેમનું દાન કર્યું. તેથી કહ્યું–'પ્રેમાપિ હરિણાકૃતમ' । શ્રીગોપીજનોની દિવ્યપ્રેમપ્રાપ્તિની પ્રણાલીની સંગતિમાં નંદદાસજીએ નીચે મુજબનો દોહો કહ્યો છે–

જા ઘટ વિરહ અવા અનલ પરિપક ભયે સુભાય ।
તાહી ઘટ નન્દનંદકો પ્રેમ – અમી ઠહેરાય ।।

(પંચમંજરી)

ઉપરોકત કથન મુજબ દિવ્યપ્રેમની પ્રાપ્તિ પ્રભુના દાનથી જ થાય છે, અને તે પ્રભુસ્વરૂપમાં જ થાય છે.

લીલાધામથી વિછુરેલા દૈવીજીવોને આપસમાં જે પ્રેમ હોય છે તે લીલાધામના સંબંધવાળો, અને આપસમાં સખીભાવનો હોય છે. આવા અરસ–પરસના પ્રેમસંબંધથી પ્રેમસ્વરૂપ પ્રભુને મેળવી લેવાના હોય છે. આવું જ્ઞાન આધુનિકને નહી હોવાથી અરસ–પરસના કૃત્રિમ પ્રેમમાં જ જીવન પૂરું કરે છે. એટલું જ નહી પુષ્ટિફલથી વંચિત થઇ જાય છે.

શ્રીગોપીજનોનો પણ આપસમાં સમાનશીલ–વ્યસન પ્રેમ હતો. આ પ્રેમનો વિનિયોગ તેઓ શેમાં કરતા ? વલ્લભાખ્યાનમાં તેનો સંકેત પ્રાપ્ત થાય છે. 'દિવસે સર્વ શ્યામા મળી રસરૂપ તણાં જસ ગાયેજી.' આપસમાં સ્નેહ–વાળા દિવસે એકઠાં થઈ પ્રિયતમનું સ્વરૂપાત્મક રસરૂપ ગુણગાન કરીને પ્રિયપ્રભુમાં 'પ્રેમ–આસકિત ભાવની વૃદ્ધિ કરતાં હતાં. આધુનિકોના આપસના પ્રેમસંબંધનો વિનિયોગ આ પ્રકારે થવો જોઈએ.

નંદદાસજી અને રૂપમંજરીજીનો આપસમાં જે પ્રેમ છે તે લીલાના સંબંધવાળો, સખીભાવનો પ્રેમ છે. પ્રિયપ્રભુમાં પ્રેમ–આસકિતની વૃદ્ધિ માટે નંદદાસજી રૂપમંજરીજીનું પ્રણયના અનેક ભાવોથી સિંચન કરે છે.

"પ્રીત બઢાવત છિનહી છિન પૂછ પૂછ પ્રિય અનુહાર"

રૂપમંજરીજીને સ્વપ્નમાં પ્રિયતમના સ્વરૂપનો અનુભવ થયો. નંદદાસજી રૂપમંજરીજીને વારંવાર પૂછે છે કે પ્રિયનું સ્વરૂપ કેવું છે ? પ્રિયના સ્વરૂપસૌન્દર્યને જાણીને, નંદદાસજી અનેક પ્રકારે સ્વરૂપનું વર્ણન કરી, રૂપમંજરીજીનો પ્રેમ પ્રભુસ્વરૂપમાં વધારે છે. સખીભાવના આપસના પ્રેમનો, ઉભયમાં પ્રિયપ્રભુની પ્રાપ્તિમાં વિનિયોગ થાય છે. નહી કે આપસના પ્રેમમાં જ સીમિત રહી તેમાં જ પૂર્ણતા માનવામાં.

બસો બાવનની વાર્તામાં પટવારીની બેટી અને પટેલનો બેટો, આ બંનેને આપસમાં પ્રેમ હતો, પરંતુ મધ્યસ્થ પ્રેમસ્વરૂપ પ્રભુનો સંબંધ નહી હતો. તેથી અરસ–પરસના વિયોગમાં બંનેએ પ્રાણ તજયા ત્યારે વાસના રહેવાથી બંને પ્રેત બન્યા. મૂલમાં બંને દૈવી જીવ હોવાથી દયાસાગર શ્રીગુસાંઈજીએ તેમનો ઉદ્ધાર કર્યો છે. આ વાર્તા–પ્રસંગ એટલા માટે લખાયો છે કે આધુનિકોના અરસપરસના પ્રેમમાં મધ્યસ્થ પ્રભુનો જો સંબંધ નહી હોય તો અનિષ્ટ થશે, અને જન્માંતરોનો વિલંબ થશે. દૈવીજીવોને ચેતવણી આપનારો આ પ્રસંગ છે. સમસ્ત વૈષ્ણવસૃષ્ટિના પ્રેમના પાત્ર એક પ્રભુ જ છે. પ્રભુને જ સર્વસ્વનિવેદન, બ્રહ્મ–સંબંધ સમયે થયું છે. તેથી પ્રભુ જ સર્વના પતિ અને પ્રેમના પાત્ર છે.

વૈષ્ણવોને આપસમાં પ્રેમ જે થાય છે તે એટલા માટે કે આપસના પ્રેમના સહકારે પ્રભુની સેવા—સ્મરણ—ગુનગાનથી પ્રભુમાં પ્રેમભાવની વૃદ્ધિ કરી, પ્રભુની પ્રાપ્તિ કરવી. આ જ હેતુ આપસના પ્રેમનો છે, તેમ નંદદાસજી અને રૂપમંજરીજીનો આપસનો પ્રેમસંબંધ જોતાં સિદ્ધ થાય છે.

દેવો અને દાનવોએ સમુદ્રમંથનની સાધના કરી તો સાધ્યપદાર્થ— અમૃત પ્રાપ્ત કર્યું. તેમ આપણું સર્વસ્વ જે પ્રિયપ્રભુ તેનો વિયોગ છે તે સમયે બેફિકર કેમ રહી શકાય ?

''માધોદાસ ચિન્તા કર્યોં વિસરે બિન ચિન્તામણિ પાયે''

પ્રિયપ્રભુની પ્રાપ્તિની સાધનામાં વિરહાનુભવથી હૃદયનું મંથન કરી અતિ ગૂઢ આત્માના અંતઃસ્તલમાં રહેલું દિવ્યપ્રેમરૂપી અમૃત સાધ્યરૂપે પ્રાપ્ત કરવાનું છે. સાધના કર્યા વિના સાધ્યવસ્તુ પ્રાપ્ત થતી નથી, એમ નિશ્ચય જાણવું.

આ પુષ્ટિમાર્ગ નિઃસાધન ફલાત્મક છે, તેનો અર્થ કંઈ સાધન ન કરવું એવો થતો નથી. પરંતુ વિરહાનુભવની કાષ્ઠાપન્ન—દુઃખદ અવસ્થાને ભોગવી લીધા પછી આ દિવ્યપ્રેમની પ્રાપ્તિ થાય છે. વિરહનો અનુભવ દુઃસહ છે, તેમ સમજીને પ્રેમવીરો ભીરુ—કાયર બનતા નથી. પ્રેમસંગ્રામમાં કૂદી પડેલાઓને વિજય પ્રાપ્ત કરાવનાર વીર રસની પ્રેરણા, પ્રભુ કરતા જ રહે છે. પ્રભુની પ્રતિજ્ઞા છે કે જે ભકત મારું જેવા ભાવથી ભજન કરશે તેનું તેવા ભાવથી હું ભજન કરીશ. પ્રભુનું ભજન ભકતોનો જેવો ભાવ છે તેવા ભાવનું પોષણ કરવું, વૃદ્ધિ કરવી તે છે. આથી સાચા પ્રેમવીરો વિરહના દુઃખનું શ્રવણ કરી કાયર બનતા નથી. શ્રીગોપીજનોની એક કલ્પ પર્યતની સાધના તેમાં પ્રમાણરૂપ છે. વાસ્તવિક નિઃસાધનતાનો અર્થ, પ્રિયપ્રભુ વિના ક્ષણ પણ જીવી ન શકાય તેવો થાય છે. અથવા પ્રિયપ્રભુની પ્રાપ્તિમાં, આપનું સ્વરૂપ જ સાધન છે (જેમ એક કલ્પપર્યંત શ્રુતિરૂપા શ્રીગોપીજનોએ પ્રભુના સ્વરૂપનું ધ્યાન કર્યું.) તેમ સમજી, અન્ય સર્વ સાધનો છોડી, નિરંતર પ્રિયપ્રભુના સ્વરૂપધ્યાનને, જીવનનું અવલંબન બનાવવાનું હોય છે. શ્રીગોપીજનોનું જીવન પ્રિયતમનું સ્વરૂપ જ

હતું. તેમના સાધનરૂપ પ્રભુ જ હતા. ક્ષણ પણ પ્રભુસંબંધ વિના જીવન નભાવી ન શકતાં. પ્રત્યક્ષમાં પ્રગટસ્વરૂપથી અને પરોક્ષમાં પ્રિયના ભાવાત્મક સ્વરૂપનો તેમને સંબંધ રહી જ આવતો. તેમનું શાસ્ત્ર પણ પ્રિયપ્રભુનું સ્વરૂપ જ હતું. પ્રિયસ્વરૂપથી જ, વેણુનાદ દ્વારા દિવ્યપ્રેમ–સુધા મેળવી, શ્રીગોપીજનો પોષાતાં હતાં. આનું નામ જ નિઃસાધનતા છે.

દિવ્યપ્રેમના શિખરે પહોંચવાનું જેના જીવનનું ધ્યેય છે, પ્રિયતમના ચરણકમળમાં જીવનને ન્યોછાવર કરી દેવાની જે તમન્ના રાખે છે, ગમે તેવા સંકટોથી પણ ભીરુતા–કાયરતાને જે પ્રાપ્ત થતા નથી, તેવા ધીર–વીર પ્રણયસાધકોને આ પદ માર્ગદર્શક બની રહે એવી મંગળમય કામના.

દિવ્યપ્રેમનું મહત્ત્વ

પ્રેમ હૃદયની વસ્તુ છે પરમ ગુહ્ય અનમોલ,
કથનીમાં આવે નહીં કરિ ન શકે કોઈ તોલ.
રસમય આનંદમય વિમલ દુર્લભ એ ઉન્માદ,
અકથનીય પણ અતિ મધુર ગૂંગા કેરો સ્વાદ.
પ્રેમ અગમ અનુપમ અમિત સાગર સરિસ બખાન,
જો આવત ઇહિ ઢિગ બહુરી જાત નહિ રસખાન.
કમલતંતુસોં છીન અરુ કઠિન ખડગકી ધાર,
અતિ સૂધો ટેઢો બહુરિ પ્રેમ–પંથ અનિવાર.
કબહુ ન જા પથ ભ્રમ–તિમિર રહે સદા સુખચંદ,
દિન દિન બાઢત હી રહે હોત કબહું નહિ મંદ.
જગમેં સબ જાન્યો પરે અરુ સબ કહે કહાય,
યે જગદીશ અરુ પ્રેમ યહ દોઉ અકથ લખાય.
ધરા ધામ ધન ધાન્ય ધી ધીરજ ધર્મ વિવેક,
પ્રેમરાજ્યમાં સૌ છૂટે રહે અટલ એક ટેક.
પ્રેમ સદૈવ વધ્યા કરે જેમ કલા સસિ સાર,
પણ તેમાં પૂનમ નહીં ક્ષીણ ન થાય લગાર.
પ્રેમ–નિયમ એક પાળતાં સકલ નિયમ ટળી જાય,
પણ જો છાંડે જાણીને ત્યાં નહિં પ્રેમ સુહાય.
રાગ શોક ભય કામના માન મોહ મદ ક્રોધ,
પ્રેમરાજ્ય ચાલે ન જ્યાં અરિ આઠો નિર્બોધ.
પ્રેમ–દેવ–દર્શન થતાં સૌ બંધન કટી જાય,
મમતા માન સકલ ટળે ઉર અતિ આનંદ છાય.

પ્રેમ–પ્રાપ્તિનું સાધન

પ્રેમ–પંથ અતિહી વિકટ દેખત ભાગે લોગ,

કછુક વિરલા ચલ સકે જિન ત્યાગે સબ ભોગ.
ભોગ વાસના સૌ તજે તજે માન અપમાન,
પ્રેમ–પંથ પર જે વહે સહે હૃદય પર બાણ.
પ્રેમ–પંથ પર ચાલતાં જેણે છોડી ચાહ,
બળ્યા કરે વિરહાગ્નિમાં મુખ નહિ નીકળે આહ.
પ્રેમ–માર્ગમાં ચાલતા જે મન નિશ્ચલ હોય,
વિષય–રાગ રાખે નહીં જાતા સૌ દે ખોય.
સંત વૈદ્ય સેવન કરે કડવી ઔષધ ખાય,
ભોગ રાગ રાખે નહીં પછી પ્રેમ પ્રગટાય.
જો તું ચાહે પ્રેમ–ધન વિષય થકી મન મોડ,
શ્રદ્ધા–તત્પરતા સહિત ચિત્ત ભજનમાં જોડ.
વિદ્યા બુદ્ધિ વિવેક ને તજે સર્વ અભિમાન,
તે પાવે પ્રભુપ્રેમને જેના તુલ્ય ન જ્ઞાન.
પ્રેમ–પંથ કંટક–ભર્યો ચાલે વિરલા કોય,
વિધાતા હુલસે હૃદય અનત ન જીવન જોય.
શૂરા જન કૂદી પડે પ્રેમ–સિન્ધુ કે માંહી,
હરિ હીરા નિશ્ચે પાવહી યામેં સંશય નાહી.
પૂરા પ્રેમ–અનલ કૂદે જે મન બેપરવાહ,
જીવન–મરણ રુચે નહિ નહિ સ્વર્ગકી ચાહ.
પ્રેમાગ્નિના સ્પર્શથી વિરહાગ્નિ વધી જાય,
ભસ્મ થાય સૌ કર્મદલ કેવલ હરિ રહી જાય.
હરિ છબિ હવિ આહુતિ હૃદય જેમ જેમ લાગત જાય,
તેમ તેમ પ્રેમાનલ અધિક અધિકાધિક પ્રગટાય.
પ્રેમાગ્નિ અંતર જલે બળે ત્રિવિધ તન તાપ,
શુદ્ધ સુવર્ણસમ હૃદય પર પછી બિરાજે આપ.

પ્રેમ–પ્રાપ્તિમાં વિઘ્ન

પ્રેમામૃત પીવા ચહે કરે વિષયથી નેહ,
વિષ વ્યાપે બાળે હૃદય કરે જર્જરિત દેહ.
મન વિષયોમાં રમી રહે કરે પ્રેમની વાત,
એ મિથ્યાવાદી સદા કરે જીવનની ઘાત.
ભવસાગર તરવા ચહે ચઢે વિષયની નાવ,
સહસા ડૂબે મધ્યમાં લેશ ન લાગે દાવ.
પ્રેમ–પંથ પર પગ ધરે કરે જગતનો સોચ,
તેનું મન અતિ મલીન છે રાગ દ્વેષ સંકોચ.
પ્રેમસિન્ધુ કૂદતા ડરે કરે જગતની યાદ,
તે ડૂબે ભવસિન્ધુમાં જીવન કરી બરબાદ.
દંભી દ્રોહી સ્વારથી વાદી માની પાંચ,
એ ખલ કદી ન સહી શકે પ્રેમ–અનલની આંચ.

પ્રેમની સ્થિતિ

જે નયને હેરે સદા હરિમૂરતિ સૌ ઠોર,
તેને ચિત્ત કદી ના વસે કામ મોહ મદ ચોર.
જે હૈડું નિત હસી રહ્યું હેરી હેરી હરિ–રૂપ,
કદિ ન તે પલટી પડે શોક–રૂપ ભવ–કૂપ.
જે ચિત નિત ચિંતન રમે નયન રમે છબિ શ્યામ,
વાણી ગુણ વર્ણન રમે શ્યામ સદા તે ઠામ.
જે મતવાલા થઈ રહે કરી પ્રેમરસ–પાન,
તેને કંઈ ન કરી શકે વેદ પુરાન કુરાન.
અમર બન્યો જે નર સુઘડ પ્રેમ–સુધા કરી પાન,
તેનું હૃદય ન તપી શકે ભલે કામ બળવાન.
ચિત્ત શીતલ જે થઈ ચૂક્યું પ્રેમ–વારિ ભરપૂર,

જગની સૌ જવાલા રહે તેનાથી અતિ દૂર.
પ્રેમ–સુધા સિંચન થતાં અમર બન્યું વિજ્ઞાન,
સકલ વિશ્વ હરિમય બન્યું મટયું જ્ઞાન અજ્ઞાન.
પ્રેમજવાલ ઊઠત જલ્યું જગનું જાહિર રૂપ,
થયા તિરોહિત રૂપ ત્રય રહ્યું એક હરિ રૂપ.
પ્રેમપયોદધિ જે ડૂબ્યો બન્યો પ્રેમનું રૂપ,
રસાદ્વૈત તેને કહે રહે ન ભિન્ન સ્વરૂપ.
જે પાગલ હરિ–પ્રેમના તેનાં દિલ ભગવાન,
પાપ–તાપ કંઈ ના રહે નાશે ભરમ તમામ.
મોહનના મૃદુ હાસ્યને નિરખ્યું જેણે નેન,
તે પ્રેમી સદ્ભાગીજન છકયો રહે દિન–રેન.
પ્રેમ–રસાયન–પાનથી પ્રગટી શકિત અપાર,
કામ ક્રોધ મદ લોભ અરિ ભાગ્યા સરહદ પાર.
જેને મન મોહન વસ્યો સર્વાંગે શોભાય,
તે મન સ્થાન ન અન્યને આવે તો ફરી જાય.
પ્રેમ પ્રગટ જવ થાય છે ભુલાય જગનું ભાન,
તું તું તું રહી જાય છે હુંનું મિટે નિશાન.
પ્રેમ–ધામ પ્રીતમ વસે પ્રીતમમાં રહે પ્રેમ,
બન્ને એક સ્વરૂપ છે તહાં નહીં કોઈ નેમ.
હરિ કે સબ આધિન પૈ હરિજૂ પ્રેમ–આધિન,
તાહિતેં હરિ આપુહી યાહી બડપન્ન દીન.

પ્રેમીજનનાં લક્ષણ

મુકિત ચહે ન પ્રેમીજન તજી પ્રેમ હરિરૂપ,
શ્યામ–વદન નિરખે સદા પરમ સુખી તદ્રૂપ.
સન્મુખ માંડે મોરચો ધરી બરછી હથિયાર,

પ્રેમી પણ છાંડે નહિ સીસ દેવા તૈયાર.
પ્રેમી પરિચય ના કરે એક શ્યામ વિન અન્ય,
જગમાં સૂતા જાગતા પ્રભુમાં પ્રેમ અનન્ય.
જીવે તો હરિ કારણે મરે હરિ–હિત–કાજ,
દહ્યા કરે વિરહઆગમાં ત્યાગે સો સુખ સાજ.
લોક–વેદ સઘળા તજે ભજે રાત–દિન શ્યામ,
સીસ સમર્પે મુદિત મન એક પ્રેમકે નામ.
ત્યાગે તન મન ધન સકલ હરિ રુચિ અનુકૂલ,
પ્રભુ પ્રીત્યર્થ ક્રિયા કરે ભલે જગત પ્રતિકૂલ.
વિંધાયું જેનું હૃદય લાગી પ્રેમનું બાણ,
તે ભૂલ્યો સુધ દેહની પ્રેમી ચતુર સુજાન.
તન મન ધન સૌ તમતણા સર્વ તમારે કાજ,
ચાહો તેમ રાખો પ્રભુ પ્રેમ–સિન્ધુ વ્રજરાજ.
ભોગ–મોક્ષમાં રતિ નહીં સૌમાં સદા વિરાગ,
પણ પ્રીતમ–છબિમાં સતત વધ્યો જાય અનુરાગ.
જો રુચિ દેખે શ્યામની અલગ થાય તત્કાલ,
નરકે પડે કાં દુઃખ સહે પણ સુખમાં સહુકાલ.
પડે કદી નરકાગ્નિ પણ પલ પલ વાધે પ્રેમ,
પ્રીતમના સુખમાં સુખી એ જ પ્રેમીનો નેમ.
દિવ્યપ્રેમનું રાજય તજી મૃત્યુલોક–વસવાટ,
છે નરકાગ્નિ તુલ્ય એ પ્રેમીભકતને માટ.
અન્ય મુગ્ધપ્રેમીજનો દિવ્યપ્રેમની વાટ,
પામી શકે પ્રિયતમ ચહે રાખે ભૂતલપાટ.
નરકાગ્નિવાસો છતાં સદાકાળ તલ્લીન,
પ્રિયમાં દઢ આસકિતથી વધે પ્રેમ પ્રતિદિન.
પ્રિયતમ વિરહ–વ્યથા સહી અતિ અસહ્ય દુર્ઘર્ષ,

અન્ય મુગ્ધજન–પોષણે તત્પર રહે સહર્ષ.
લીલાધામસમું નથી પ્રેમીને કોઈ સુખ,
ભૂતલવાસસમું નથી એને કો અતિ દુઃખ.
પ્રેમ–અનલમાં જલી મરે અહં–ભાવને ખોય,
તે તો જીવ્યા જગતમાં મરજીવા જન સોય.
જેનું ચિત્ત ચાતક બન્યું લઈ નિયમ એક પ્રેમ,
નિરખે નિત ઘનશ્યામ છબિ પાર ન ઉતરે કેમ ?
સહે વિપત્તિ તરસે મરે જલે વિરહની આગ,
અન્ય દિશા ચિતવે નહીં તે પ્રેમી મહાભાગ.
શ્યામ–સુધાકરમાં રમ્યું જેનું ચિત્ત ચકોર,
તે પ્રેમી દઢ–નિશ્ચયી તન–મન પ્રેમ–વિભોર.
દઢ આલિંગન કરી ઉભય લહે સદા સુખ ભોગ,
એક રૂપ નિત થઈ રહે તદપિ ન અંગ–સંયોગ.
સદા રહે સંયોગ ધ્રુવ છતાં વિયોગ જણાય,
સંયોગ, વિપ્રયોગસ્વરૂપ ધરી વિરહાગ્નિમાં તપાય.
છે દગ હરિરંગ રંગિયા હિરદે છે હરિ આપ,
નભ–જલ–અવનિ–અનિલ–અનલ સૌમાં શ્યામની છાપ.

સાખીઓ

બ્રહ્માદિકકે ભોગ સબ વિષ સમ લાગત તાય,
નારાયણ વ્રજચંદ્રકી લગન લગી હૈ જાય.
જાકે મનમેં બસ રહી મોહનકી મુસકાન,
નારાયણ તાકે હિયે ઔર ન લાગત જ્ઞાન.
જે ઘાયલ હરિ દગનકે પરે પ્રેમકે ખેત,
નારાયણ સુન શ્યામ–ગુન એક સંગ રોય દેત.
નારાયણ જાકો હિયો વિંધ્યો શ્યામ–દગ–બાન,
જગ માને હૈ જીવતો હવૈ ગયો મૃતક સમાન.

નારાયણ જિનકે હિયે પ્રીત લગી ઘનશ્યામ,
જાતિ પાતિ કુલસોં ગયો રહે ન કાહુ કામ.
નારાયણ તબ જાનિયે લગન લગી યા કાલ,
જિત તિત તેં દષ્ટિ પરૈ સ્યામ સુંદર નંદલાલ.
નારાયણ વ્રજચંદ્રકે રૂપ–પયોનિધિ માંહી,
ડૂબત બહુ પૈ કોઈ એક ઉછલ છકે હૈ નાહી.
મૃદુ મુસ્કાન નિહારકે ધીર ધરત હૈ કૌન,
નારાયણ કે તન તજે કે બૌરે કે મૌન.
નારાયણ જાકે હિયે ઉપજત પ્રેમ પ્રધાન,
પ્રથમહી વાકી હરત હૈ લોક–લાજ કુલ–કાન.
નારાયણ જપ યોગ તપ સબસૂં પ્રેમ પ્રવીન,
પ્રેમ હરિ કો, કરત હૈ પ્રેમી કે આધીન.
નારાયણ વહ પ્રેમ–રસ–સુખકો કહ્યો ન જાય,
જયોં ગૂંગો ગૂડ ખાત હૈ સેનન સ્વાદ લખાય.
નેમ ધરમ ધીરજ સમજ સોચ વિચાર અનેક,
નારાયણ પ્રેમી નિકટ ઇનમેં રહે ન એક.
મનમેં લાગી ચટપટી કબ નિરખૂં ઘનશ્યામ,
નારાયણ ભૂલ્યો સબૈ ખાન પાન વિશ્રામ.
સુનત ન કાહુકી કહી કહે ન આપની બાત,
નારાયણ વા રૂપમેં રહત મગન દિન–રાત.
દેહ ગેહ કી સુધિ નહિ છૂટ ગઈ જગ–પ્રીત,
નારાયણ ગાવત ફિરે પ્રેમ–ભરે રસ–ગીત.
ધરત કહું પગ પરત કિત સુરત નહીં ઇક ઠૌર,
નારાયણ પ્રીતમ બિના દિખત નહીં કછુ ઔર.
નેહ–ડગરમેં પગ ધરૈ ફેરિ વિચારૈ લાજ,
નારાયણ નેહી નહીં બાતનકો શિરતાજ.

લગન લગન સબહી કહે લગન કહાવે સોય,
નારાયણ જો લગનમેં તન મન દીજે ખોય.
નારાયણ ઘાટી કઠીન જહાં નેહકો ધામ,
વિકલ મૂર્છા સસકકો યા મગમેં વિશ્રામ.
નારાયણ યા ડગરમેં કોઉ ચલત હૈ વીર,
પગ–પગમેં બરછી લગે શ્વાસ–શ્વાસમેં તીર.

પ્રિય મિલનકી તડપન

રે મન ! સમજ સમજ તૂ મેરા, તોડ દે નાતા તૂ માનવસે,
કોઈ યહાં નહીં તેરા.
દુનિયા એક પથિકગૃહ હૈ જુ, ડારે કહાં હમ ડેરા,
જહઁ જહઁ પાઁવ રખે તહઁ તહઁ રી હોત કંટકકા ઢેરા.
જગત સબૈ અપને મતલબકા, લેગા લૂંટ ધન તેરા,
જનમ – જનમકા સચ્ચા સાથી, કરત હૈ હૃદય બસેરા.
બન કર યોગી પૈઠ જા ભીતર, ખોજ લે પ્રીતમ પ્યારા,
પ્રણયદર્દ ભર પિયુ–પિયુ–પિયુકી કર તૂ અખંડ પુકારા.
બન ચકોર પ્રિય વદનચંદનકા પી લે અમૃત અનેરા,
વિટપ વિટપ પૈ દિવ્ય દ્વિજોકી સુન લે કલરવ ધારા.
સુમન સુવાસી દિવ્ય કુંજોમેં, ફિર લે સાંઝ – સબેરા,
સુન્દર પ્રાન વલ્લભાઓંકા, જહઁ હૈ જૂથ અપારા.
કોષ મધુરતાકા જો પ્યારા, વતન હૈ મૂલ તિહારા,
તડપન પ્રિયતમ મિલન 'માધુરી', કરના નહીં અવેરા.

પુષ્ટિભકિતમાર્ગની સર્વોત્કૃષ્ટતા

(''કૃષ્ણાધીના તુ મર્યાદા સ્વાધીના પુષ્ટિરુચ્યતે'' – આ અવસ્થા સંપૂર્ણ વિયોગાદિ દુઃખરહિત આંતરે આત્મીય સંયોગસુખની પૂર્ણ અવસ્થા છે. આની ઉપર કોઈ અવસ્થા નથી. અન્ય (રસિક) ભકિતસંપ્રદાયોમાં ભકિતની કેવલ

ધર્મસંયોગ (સ્વરૂપસંબંધી) અને ધર્મવિયોગ અવસ્થા જ પ્રાપ્ત છે. તેમાં પણ વિયોગાનુભવ તો કવચિત જ છે. શ્રીમદવલ્લભાગ્નિ પ્રકટિત પુષ્ટિમાર્ગમાં ધર્મીસંયોગ (અંતઃકરણમાં સર્વ ભીતરી ઈન્દ્રિયોની સાથે સાક્ષાત સ્પર્શ આદિકના અનુભવવાળો સંયોગ) અને ધર્મીવિયોગ (સ્વાધીના–સ્વતંત્ર બહિઃ સ્વરૂપનિરપેક્ષ કેવલ ભાવભાવના દ્વારા સર્વાંગ રોમ–રોમથી આત્મીય–રમણનું અનુભવ–સુખ) આ બે પ્રેમની સર્વોચ્ચ અવસ્થાઓનો અનુભવ આજ દેહથી થાય છે. આ કારણે પુષ્ટિમાર્ગીય ભકિતની અન્ય (રસિક) ભકિતસંપ્રદાયોથી વિશેષતા છે, અને આ પુષ્ટિમાર્ગ દ્વારા પ્રાપ્ત ઉદ્ધારનું સ્વરૂપ પણ ભિન્ન છે.)

આ કૌંસમાં દર્શાવેલ વિષય ગો. વા. પ. ભ. શ્રીદ્વારકાદાસજી પરીખના સૌજન્યથી પ્રાપ્ત થયો તેનું અવતરણ કરેલું છે.

શ્રીમદ્દહરિરાય પ્રભુએ અંતિમ શિક્ષાપત્ર 'રસાત્મકભાવસ્વરૂપ નિ.' માં ધર્મીસંયોગ–ધર્મીવિપ્રયોગનો પ્રકાર જણાવેલો છે. આ ઉભય અવસ્થાનું માર્મિક શોધન મર્મજ્ઞશિરોમણિ શ્રીહરિરાયચરણની વાણીમાં જ પ્રાપ્ત થાય છે.

શ્રીમદવલ્લભાગ્નિપ્રકટિત ભકિતમાર્ગને 'પુષ્ટિ–ભકિતમાર્ગ' કહેવાય છે. તેમાં જે 'પુષ્ટિ' શબ્દ પ્રથમ રાખવામાં આવ્યો છે તેનું જે ગૂઢ રહસ્ય અને અત્યંત મહત્વ રહેલું છે તે પ્રભુપ્રેમની સર્વોચ્ચ બંને અવસ્થાના અનુભવરૂપ છે. આ બંને પ્રેમની અવસ્થા અન્ય ભકિતમાર્ગમાં પ્રાપ્ત થતી નથી. યુગલ લીલાવિહારનું વિપુલ સાહિત્ય અન્ય ભકિતમાર્ગીય અનુયાયીઓએ પ્રકટ કર્યું છે. પરંતુ તેમાં ઉપરોકત પ્રેમની બંને અવસ્થાના શબ્દો ખોજવા છતાં પણ પ્રાપ્ત થતા નથી તો અનુભવની સંભાવના જ કયાં ? તેથી જ શ્રીમત્પ્રભુચરણ સપ્તશ્લોકીમાં આજ્ઞા કરે છે–

'શ્રીમદવલ્લભનામધેય સદશો ભાવી ન ભૂતોસ્ત્યપિ'

શ્રી વલ્લભ નામની સમાનતા પણ ત્રણે કાળમાં અન્ય આચાર્યોથી થઈ શકતી નથી તો સ્વરૂપની સમાનતાની વાત જ શી કરવી ?

'પુષ્ટિ' શબ્દ અનુગ્રહ – કૃપાવાચક છે. કોઈપણ ભકિત – સંપ્રદાયમાં

ભગવદ્દભકિત અનુગ્રહ વિના થઈ શકતી નથી. તેથી સર્વ ભકિતમાર્ગમાં ભગવદ્દઅનુગ્રહ તો રહેલો જ છે. તદપિ શ્રીવલ્લભાગ્નિપ્રકટિત પુષ્ટિભકિતમાર્ગમાં અનુગ્રહની અતિશયતા છે. આ અતિશયતાનો બોધક 'પુષ્ટિ' શબ્દ પ્રથમ રાખ્યો છે અને આ અતિશય અનુગ્રહમાં પ્રેમની સર્વોચ્ચ બંને અવસ્થાનો પુષ્ટિમાર્ગીય ભકતોને અનુભવ થાય છે. તેથી અન્ય ભકિતમાર્ગથી પુષ્ટિ–ભકિતમાર્ગની સર્વોત્કર્ષતા રહેલી છે.

વ્રજ લીલા કોઉ પાર ન પાયો ।
બ્રહ્મા શેષ અરુ મહેસ નારાયણ મતિ હી ભુલાઓ ॥૧॥
વેદ સ્મૃતિ સુનિ હરિહી મિલનકો બહુ મારગ બતલાયો ।
ગોપીજનન નિજ મારગ ''સૂર'' ન્યારો દિખરાયો ॥૨॥

સારસ્વતકલ્પમાં શ્રીગોપીજનોને પૂર્વોકતપ્રેમની બંને અવસ્થાનો જે અનુભવ થયો છે, તે શ્રીવલ્લભાગ્નિની કૃપાથી, શ્રીવલ્લભના તાપાત્મક સ્વરૂપના દાનથી જ થયો છે. તેથી સૂરદાસજી કહી રહ્યા છે–

''ગોપીજનન નિજ મારગ સૂર ન્યારો દિખરાયો''

પ્રશ્ન થાય કે સારસ્વતકલ્પમાં શ્રીગોપીજનોએ પૂર્વોકતપ્રેમની બંને અવસ્થાનો અનુભવ શ્રીવલ્લભાગ્નિની કૃપાથી જ કર્યો છે તે કેવી રીતે ઘટે ? એનું સમાધાન એ છે કે સૂરદાસજીએ સવા લાખ પદમાં સારસ્વતકલ્પની લીલાનું જ ગાન કર્યુ છે. તેની ઉપર મહોરછાપ લગાડતાં સૂરદાસજી કહી રહ્યા છે–

''શ્રીવલ્લભનખચંદ્રછટા બિન સબ જુગમેં જુ અંધેરો''

'સબજુગ' કથનથી સારસ્વતકલ્પનો પણ સમાવેશ થાય છે. તેથી શ્રીગોપીજનોએ પૂર્વોકત પ્રેમની બંને અવસ્થાનો અનુભવ શ્રીવલ્લભનખચંદ્રની ચાંદનીના પ્રકાશથી જ કર્યો છે. આ નખચંદ્રો સુધાધિપતિ છે. સ્વરૂપલાવણ્યામૃત– સુધાને ધારણ કરનારા છે, અને સુધાની વર્ષા કરનારા છે. સુધા એ મધુર તાપાત્મક છે, તેથી શ્રીવલ્લભાગ્નિની કૃપાથી જ શ્રીગોપીજનોને અનુભવ થયો છે. તેથી સૂરદાસજી કહી રહ્યા છે–

''ગોપીજનન નિજમારગ સૂર ન્યારો દિખરાયો''

'નિજમારગ' પદ સૂરદાસજીએ રાખ્યું છે તે શ્રીવલ્લભાગ્નિ પરત્વે છે. શ્રીવલ્લભાગ્નિએ પ્રગટ કરેલો અને ગોપીજનોએ અનુભવેલો વિયોગાગ્નિ–માર્ગ, અન્ય સર્વ ભકિતમાર્ગથી ન્યારો છે.

અન્ય ભકિતસંપ્રદાયમાં શ્રીરાધાની જ મુખ્યતા છે, અને તેના સેવકોમાં સખી, સહચારી, મંજરી, વિગેરે પ્રકારના અધિકારો પ્રાપ્ત થાય છે, નહી કે મુખ્ય સ્વામિની શ્રીરાધિકાજી જેવો અધિકાર. શ્રીગોપીજનોમાં શ્રુતિરૂપા અને ઋષિરૂપા બંને યૂથમાં મુખ્ય શ્રીસ્વામિનીભાવનો અધિકાર, સુધાસ્વરૂપ શ્રીવલ્લભાગ્નિની કૃપાથી સિદ્ધ થયો છે. શ્રુતિરૂપાઓમાં વેણુનાદની સુધા દ્વારા દાન થયું છે; અને ઋષિરૂપાઓમાં વસ્ત્રદાનસમયે દાન થયું છે; તેમ જ આપશ્રીના પ્રાગટય સમયે અંતરંગજનોમાં મુખ્ય શ્રીસ્વામિનીભાવનું દાન થયું છે. તેથી જ શ્રીસર્વોત્તમજીમાં ''અદેયદાનદક્ષશ્ચ'' અને ''મહોદારચરિત્રવાન'' આપશ્રીનાં નામો છે. અહી જે ''અદેય'' છે તે મુખ્ય શ્રીસ્વામિનીભાવનો અધિકાર છે. આ ભાવનું દાન ''અદેય'' છે. તેનું દાન કરવું, એ આપશ્રીનું 'મહોદારચરિત્ર' છે. આવું દાન કરવાનું સામર્થ્ય અન્ય ભકિતસંપ્રદાયના આચાર્યોમાં નથી. તેથી જ તેના સેવકોને સખી–સહચરી આદિ અધિકારો પ્રાપ્ત થાય છે.

ભકિતમાર્ગસ્યકથનાત પુષ્ટિરસ્તીતિ નિશ્ચયઃ ।।૨।।
સર્વત્રોત્કર્ષકથનાત પુષ્ટિરસ્તીતિ નિશ્ચયઃ ।।૪।।
(પુ–પ્ર–મ)

''સર્વત્રોત્કર્ષકથનાત''–સર્વ ભકિતમાર્ગોમાં પણ પુષ્ટિભકિતમાર્ગની ઉત્કર્ષતા છે. આ 'ઉત્કર્ષતા' પૂર્વોકત ધર્મીસંયોગ–ધર્મીવિપ્રયોગ અવસ્થામાં સ્વાધીના–સ્વતંત્રભકિતરૂપથી અનુભવાતા નિરવધિ–અગણિત સુખાનુભવરૂપ છે. તેથી જ પુષ્ટિમાર્ગની સર્વોત્કર્ષતા આપશ્રીએ શ્રીમુખથી જ કહી છે.

અન્ય ભકિતમાર્ગમાં ધર્મસંયોગ–અને ધર્મવિયોગ આ બે અવસ્થા સ્વાધીના ભકિતરૂપ નથી. કારણ કે ધર્મસંયોગમાં બહાર સ્વરૂપની અપેક્ષા

રહે છે. બહાર પ્રગટ સ્વરૂપના સંગમથી સંગમ–સુખ અનુભવાય છે, અને તેનો ધર્મવિયોગ પણ બહાર સ્વરૂપની અપેક્ષાવાળો છે. તેથી આ બંને અવસ્થા પરતંત્રતાવાળી છે. 'કૃષ્ણાધીના તુ મર્યાદા' બહાર સંગમસુખ કૃષ્ણને આધીન હોવાથી અન્ય ભકિતમાર્ગનો સમાવેશ 'મર્યાદા'માં થાય છે. કૃષ્ણની ભકતોમાં આધીનતા એવી સ્વાધીના–સ્વતંત્રભકિતનો અધિકાર જે પૂર્વોકત ધર્મીસંયોગ–ધર્મીવિપ્રયોગ અવસ્થારૂપ છે તે તો પુષ્ટિમાર્ગમાં જ પ્રાપ્ત થાય છે તેથી આ પુષ્ટિમાર્ગની સર્વોત્કર્ષતા રહેલી છે.

'પુષ્ટિ' શબ્દ અનુગ્રહવાચક છે. 'અનુગ્રહ' નો પર્યાયવાચક શબ્દ 'કૃપા' છે.

''સર્વાનન્દમયસ્યાપિ કૃપાનન્દઃસુદુર્લભઃ''

સર્વાત્મભાવથી પ્રાપ્ત થતા 'દાસ્ય' ભાવને દુર્લભ કહ્યો છે. આવો દાસ્યભાવ શ્રીવલ્લભાગ્નિની પૂર્ણ કૃપાથી જ પ્રાપ્ત થાય છે, અને આ દાસ્યભાવ સ્વતંત્રભકિતરૂપ છે, તેમજ આ દાસ્યભાવમાં જ ધર્મીસંયોગ–ધર્મીવિપ્રયોગની સર્વોચ્ચ અવસ્થાનો અનુભવ થાય છે. આવા પ્રકારના દાસ્યભાવનું દાન અન્ય ભકિતમાર્ગમાં નહી હોવાથી અને પુષ્ટિમાર્ગમાં જ તેનું દાન થતું હોવાથી 'સર્વત્રોત્કર્ષકથનાત પુષ્ટિરસ્તીતિનિશ્ચયઃ' પુષ્ટિભકિતમાર્ગની સર્વોત્કર્ષતા રહેલી છે.

વિરહે યુગપત્સર્વ નિજલીલાનુભાવકમ ।
સાકારાનન્દરૂપેણ વ્રજભકત હૃદિસ્થિતમ ।। (શિ. ૯–૧૮)

ઉપરોકત શ્લોકમાં દાસ્યભાવમાં અનુભવાતા નિરવધિ–અગણિત આનંદાનુભવનું જ કથન છે. જે અન્ય ભકિતમાર્ગીઓને દુરાપ છે.

શ્રી વાગધીશચરણની નિગૂઢ વાણી

સુ. ૨–૨–૧ માં આપશ્રી મહાપ્રભુજીએ આજ્ઞા કરી કે–બ્રહ્માજીએ ધારણા કરવાથી ભગવાન પ્રસન્ન થયા. સૃષ્ટિની પૂર્વે બ્રહ્મા ભગવાન પાસે હતા. તે ભૂમિના ભોગને માટે પૃથ્વીમાં આવ્યા. એટલે સૃષ્ટિસર્જનનું જ્ઞાન નષ્ટ થયું.

તેમણે ધારણારૂપ ઉપાયથી જ્ઞાન સંપાદન કર્યું. તેથી ભગવાન સંતુષ્ટ થઈ તેમના મિત્ર થયા. તેમ સ્વરૂપનું દાન કરે તેમાં મુખ્ય સાધન પ્રથમ કહેલી ધારણા જ છે. ધારણાથી સૃષ્ટિસર્જનનું જ્ઞાન પ્રભુ પાસેથી પ્રાપ્ત કર્યું, અને પૂર્વે જેમ સૃષ્ટિસર્જન કર્યુ હતું તેમ બ્રહ્માજી સૃષ્ટિ કરવા લાગ્યા. સૃષ્ટિસર્જનનું પોતાનું કર્તવ્ય કર્યું.

ઉપરોક્ત વિષય આપશ્રી વાગધીશચરણે પરોક્ષવાદી કહેલો છે. તે વિષય પુષ્ટિલીલામાં કેવી રીતે ઘટે છે, તેમ અહીં મારી અલ્પમતિએ નિવેદન કરું છું.

ભૂતલસ્થ દૈવીજીવ લીલાધામમાં હતો ત્યારે તેનામાં આધિદૈવિક નામાત્મક–સ્વરૂપાત્મક સૃષ્ટિરચનાનું સામર્થ્ય હતું. કારણ કે અંતરંગ–લીલાપ્રપંચ લીલાસ્થભકતો–સ્વામિનીજીઓની ભીતર રહે છે, તે જેવી ઇચ્છા કરે છે તેવી લીલા પ્રકટ કરે છે. આ દૈવીજીવો ભૂતલમાં આવ્યા. ભૂતલમાં આવવાનું કારણ પ્રભુને પોતાની પુષ્ટિલીલા ભૂતલ ઉપર પ્રકટ કરવી હતી. તેથી લીલાસ્થ દૈવીજીવોનું ભૂતલમાં પ્રાકટય કર્યું. ભૂતલમાં આવવાથી તેમનું સૃષ્ટિસર્જનનું સામર્થ્ય પ્રભુસ્વરૂપમાં તિરોહિત થયું. હવે આ સામર્થ્ય પુનઃ પ્રાપ્ત કરવા માટે દૈવીજીવો ધારણા કરે તો તેઓ પોતાના મૂળ આધિદૈવિક લીલાસ્થસ્વરૂપને અને સૃષ્ટિસર્જનના સામર્થ્યને પુનઃ પ્રાપ્ત કરે. આ ધારણા કેવી રીતે કરવી? શ્રીમદાચાર્યવર્યે સિદ્ધાંતમુકતાવલીમાં તે પ્રકાર જતાવ્યો છે.

''તસ્માત શ્રીકૃષ્ણમાર્ગસ્થો વિમુકતઃ સર્વલોકતઃ।
આત્માનન્દ–સમુદ્રસ્થં કૃષ્ણમેવ વિચિન્તયેત ।।''

ઉપરોકત શ્લોકની સંગતિનો શ્લોક–

''નમામિ હૃદયેશેષે લીલાક્ષીરાબ્ધિશાયિનામ।
લક્ષ્મીસહદૃલીલાભિઃ સેવ્યમાનં કલાનિધિમ ।।''

અપરિમિત લક્ષ્મીઓથી (શ્રીસ્વામિનીઓથી) લીલાલોકમાં, રાસાદિલીલાઓ થઈ રહી છે, તેનું ચિંતન કરવું. લીલાધામ સહિત હૃદયમાં ધારણ કરવું. આ ચિંતનમાં શ્રીસ્વામિનીજીઓનાં ભાવાત્મકસ્વરૂપો, પ્રભુનાં

ભાવાત્મક સ્વરૂપો, લીલાધામની કુંજ–નિકુંજો, લીલા ઉદ્દીપક સામગ્રીઓ અને ચિંતન કરનારા ભકતે પોતાના લીલામધ્યપાતિ આધિદૈવિક સ્વરૂપનું, ભાવાત્મક પ્રકારે ભાવન કરી, પોતાના હૃદયમાં ધારણા કરવી. આવા પ્રકારની ભાવાત્મક ભાવના દ્વારા ધારણા કરવાથી, ધારણા કરનાર ભકતને પોતાના લીલામધ્યપાતિ આધિદૈવિક સ્વરૂપની પ્રાપ્તિ થાય છે. આ સ્વરૂપની પ્રાપ્તિ થતાં અથવા આ પોતાના આધિદૈવિક સ્વરૂપમાં સ્થિત થતાં, આધિદૈવિક પ્રકારે નામાત્મક– રૂપાત્મક સૃષ્ટિસર્જનનું સામર્થ્ય તે પુનઃ પ્રાપ્ત કરી લે છે; કારણ કે લીલાલોકમાં અંતરંગલીલાપ્રપંચ, સર્વાત્મભાવવતી શ્રીસ્વામિનીજીઓમાં જ રહેલો છે, અને આ શ્રીસ્વામિનીજીઓ પોતાની ઇચ્છા મુજબ લીલાઓને પ્રગટ કરે છે. આ કથનનું પ્રમાણ શ્રીહરિરાયચરણોકત ''અંતરંગ–બહિઃરંગ–લીલા–પ્રપંચ–વિવેક'' નામના ગ્રંથમાં જાણવા મળે છે.

લીલાલોકની સૃષ્ટિ આત્મારૂપ છે. આત્મારૂપ હોવાથી પ્રભુસમાન સામર્થ્યવાન છે, અથવા સર્વ ભગવદ્રૂપ છે. આત્મારૂપ હોવાથી પ્રત્યેક શ્રીસ્વામિનીજીનું સ્વરૂપ સાકાર વ્યાપક છે, રસાત્મક–સાકાર બ્રહ્માંડાકાર છે, અને સૃષ્ટિસર્જનના સામર્થ્યવાળું છે. બ્રહ્માજીએ જેમ તપની આરાધનામાં સૃષ્ટિ–સર્જનનું સામર્થ્ય મેળવ્યું, તેમ ભૂતલસ્થ દૈવીજીવ વિપ્રયોગના અનુભવમાં રહી પૂર્વોકત ધારણા દ્વારા ચિંતન કરવાથી પોતાના લીલામધ્યપતિ આધિદૈવિક સ્વરૂપને પ્રાપ્ત કરી, લીલાપ્રપંચનું સર્જન કરવાનું સામર્થ્ય પુનઃ પ્રાપ્ત કરી લે છે. વિપ્રયોગના અનુભવમાં સર્વાત્મભાવ સિદ્ધ થતાં આધિદૈવિક સૃષ્ટિસર્જનનું અલૌકિક સામર્થ્ય પ્રાપ્ત થાય છે.

ઉપરોકત ચિંતનનો એક પ્રકાર મહાનુભાવ શ્રીપદ્મનાભદાસજીના પદમાં છે.

૫૬

નિકુંજવૈભવ દામોદરદાસ દેખિ ચાહત હૈ મિલ્યો સખિયનમેં ટહલ હિત,
કનકભૂમિ પર કદંબ સઘનવિપિન ઠૌર ઠૌર લતા લૂમિ – લૂમિ રહી;

જગમગાત રવનભવન રાવટી જિત તિત.
નિજસ્વરૂપ નિકટ યમુનાકુલ દોઉ રત્નખચિત છતરિનકી પંકિત
જહાં કેલિ અખંડ નિત,
પુલિન નલિન નિકર શિખર શોભા કછુ કહી ન જાત;
સારસ હંસ મોર કીર કોકિલ કૂજત હૈ ગાન કરત મધુવ્રત.
નિરખ ગૌર સ્યામ અંગ લોભિત ચિત કરે પ્રશંસ
લછમન–ભટ–સુત ઉદાર વચન દિયો દમલા–પ્રીત,
પદ્મનાભ કૃતકૃત્ય ભયે દૌર ચરનકમલ ગહે પુષ્ટિપથ–બેન કહે;
એક જનમ રાજ યહ કીજે મત.

આ પદ મુજબ ચિંતનથી ધારણા કરી શકાય છે. આ પદમાં યુગલસ્વરૂપ, સખીજનો, લીલાસ્થાન, લીલાઉદ્દીપક સામગ્રી અને શ્રીદામોદરદાસજીના લીલામધ્યપાતિ શ્રીલલિતાજીના સ્વરૂપનાં, શ્રીમહાપ્રભુજીએ શ્રીદામોદરદાસજીને દર્શન કરાવ્યાં. આ પ્રકારે ધારણા કરી સાક્ષાત અનુભવના તાપભાવપૂર્વક ચિંતન કરવાથી મહાકારુણિક શ્રીમહાપ્રભુજીની કૃપાએ, જેમ શ્રીદામોદરદાસજીને અનુભવ કરાવ્યો, તેમ આધુનિક ભકતોને પણ કરાવે છે.

શ્રીગુસાંઈજી કૃત : દ્વાદશ કુંજકી વાર્તા

(શ્રીદામોદરદાસ હરસાની દ્વારા શ્રીગુસાંઈજી સમક્ષ કથિત)

: પ્રાકકથન :

સો કૃષ્ણદાસ અધિકારીને શ્રીગુસાંઈજીકો શ્રીનાથજીકે મંદિરમેં જાયવેકો બરજે. કહ્યો, જો તુમ શ્રીનાથજીકે મંદિરમેં મતિ આવો. શ્રીનાથજીકી સેવાકો અધિકાર શ્રીઆચાર્યજીને મોંકોં સોંપ્યો હૈ. સો હૌં અધિકારી હૂં. શ્રીગોપીનાથજી શ્રીઆચાર્યજીકે બડે પુત્ર હૈં. ટીકૈટ તો વેહી હૈં. સો શ્રીગોપીનાથજીકે પુત્ર શ્રીપુરુષોત્તમજી હૈં. સો શ્રીનાથજીકી સેવા–સિંગાર શ્રીપુરુષોત્તમજી કરેંગે. યાતેં તુમ મંદિરમેં મતિ આવો. ઐસે શ્રીકૃષ્ણદાસ અધિકારીને શ્રીગુસાંઈજીકો બરજે.

તબ શ્રીગુસાંઈજી, શ્રીઆચાર્યજીકો સેવક જાનિ ઔર શ્રીનાથજીકે અધિકારી જાનિકે આજ્ઞા પ્રમાણ માનત ભયે. સો છઃ માસ પર્યંત શ્રીગુસાંઈજી, શ્રીનાથજી નાહી પધારે. સો તા સમે પરાસોલીમેં એકાંત સ્થલમેં શ્રીગુસાંઈજી બિરાજે. સો યહાં, શ્રીમહાપ્રભુજીકી બૈઠક હૈ. સો શ્રીઆચાર્યજીકે દર્શન કરિ પાછે બૈઠકકે સાન્નિધ્ય બૈઠિકે શ્રીભાગવતજીકો પારાયણ કરે.

તા સમે તહાં દામોદરદાસ હરસાની આયે. તબ દામોદરદાસ બૈઠકજીકું દંડવત કરિકે બૈઠે. શ્રીભાગવતજીકો પારાયણ સમાપ્ત ભયો, તા પાછે શ્રીગુસાંઈજીને દામોદરદાસસૂં કહ્યો–જો દામોદરદાસ, તુમ હમકું શ્રીઆચાર્યજીકો પ્રાગટ્યકો ઔર દૈવી જીવ વિછુરે તાકો ઔર જીવનકે અંગીકારકો પ્રસંગ યહ સબ વિસ્તારિકે કહો. કાહેતેં જો તુમ્હારે હૃદયમેં શ્રીઆચાર્યજી બિરાજત હૈં; ઔર યહ પ્રસંગ શ્રીઆચાર્યજી બિના કૌન કહે, ઔર કૈસે જાનિ પરે. યાતેં હમ તુમકું પૂછત હૈં, સો કહો.

તબ દામોદરદાસજીને કહ્યો, જો, સો તો સાંચી બાત હૈ. જો શ્રીઆચાર્યજીકી લીલાકી બાત તો શ્રીઆચાર્યજી હી જાને, ઔર જીવકો તો

ગમ્ય નાંહી; જો શ્રીઆચાર્યજીકી બાત કહે. પરિ મોસોંહી શ્રીઆચાર્યજી મહાપ્રભુને કૃપા કરિકે કહી હૈ. સો પ્રસંગ, મૈં હુ શ્રીઆચાર્યજી મહાપ્રભુસોં સબ બાત પૂછી તબ આપને કૃપા કરિકે કહ્યો હૈ, સો પ્રસંગ આપકું કહત હોં, સો આપ સુનિયે.

એક સમય દૈવી સૃષ્ટિવારે જીવનેં કછુ પ્રાકૃત અનુકૃત માયાકો દેખિકે શ્રીઠાકોરજીસોં પ્રાકૃત રમણકી વાંછના કીની. ઇનકે અંતઃકરણકી વાંછના શ્રીસ્વામિનીજીને જાની. તા સમે શ્રીસ્વામિનીજીકો ઇન ભકતન વિષે કોપ ભયો. તબ શ્રીસ્વામિનીજીને અપની સખીસોં કહ્યો જો ઇન પાપિન વાસનાવારે જીવનકો ભૂતલમેં ડાર દીજેં. સો નિજધામતેં દૈવીજીવ વા દિનતેં બિછુરે સો તાકો અનેક અગનિત કાલ ભયો.

ત્યારે શ્રીઠાકોરજીએ કૃપા કરી આજ્ઞા કરી કે ચત્રભુજદાસ, સાંભળ. એક તો મારું મૂર્તિસ્વરૂપ પુષ્ટિ છે. બીજું શ્રીઆચાર્યજીનું કુળ. ત્રીજું શ્રીયમુનાજી. ચોથું શ્રીગિરિરાજજી. પાંચમું શ્રીભાગવત અને છઠ્ઠું વ્રજમંડળ. આ છયે નિધિસ્વરૂપને મારું સ્વરૂપ જાણવું.

આટલી આજ્ઞા સાંભળીને ચત્રભુજદાસે ફરી વિનંતિ કરી કે કૃપાનાથ, આપની આજ્ઞા હોય તો હું નિત્યલીલા–કીર્તન–વાર્તા ભૂતળના દૈવીજીવોને સંભળાવું. ત્યારે શ્રીગોવર્ધનનાથજીએ મંદ હાસ્ય કરી આજ્ઞા કરી કે દૈવી જીવો પર તારો આવો સ્નેહ છે તો સુખેથી વર્ણન કર. તને સર્વલીલાની સ્ફૂર્તિ થશે.

એ પછી શ્રીઠાકોરજી, શ્રીસ્વામિનીજી, વ્રજભકતો સહિત કંદરામાંથી પર્વત પર નિજમંદિરમાં પધાર્યા. તે વેળાની શોભા જોઈ ચત્રભુજદાસે એક કીર્તન ગાયું–

''શ્રીગોવર્દ્ધન ગિરિ સઘન કંદરા,
રૈન નિવાસ કિયો પિયપ્યારી.''

એ પછી ચત્રભુજદાસ ફૂલ લઈ શ્રીજીના મંદિરે આવ્યા. આવીને ફૂલઘરમાં ફૂલ પહોંચાડયા. પછી શ્રીગુસાંઈજી મંગળભોગ ધરી બહાર પધાર્યા ત્યારે ચત્રભુજદાસે સાષ્ટાંગ દંડવત કર્યા. શ્રીગુસાંઈજીએ આજ્ઞા કરી કે ચત્રભુજદાસ, આટલી બધી વાર તને કયાં લાગી? ત્યારે ચત્રભુજદાસે બધી વાત માંડીને

કહી. એ સાંભળીને, શ્રીગુસાંઈજીએ ખૂબ પ્રસન્ન થઈ આજ્ઞા કરી કે તું ધન્ય છે, તારે માથે શ્રીનાથજીની કૃપા છે.

એ પછી ચત્રભુજદાસ નિત્યલીલા–વાર્તા–વર્ણન શ્રીગુસાંઈજીના ચરણારવિન્દનું ધ્યાન કરી કરવા લાગ્યા.

એક વેળા શ્રીઠાકુરજી, શ્રીસ્વામિનીજી, શ્રીયમુનાજી, શ્રીચન્દ્રાવલીજી તથા અષ્ટસખી વગેરે અનેક વ્રજભકતો સાથે, શ્યામઢાકથી બિલછુકુંડ પધાર્યા. ત્યાં શ્યામતમાલ નીચે બિરાજયા. બિલછુકુંડની શોભા જોઈ શ્રીઠાકુરજી ખૂબ પ્રસન્ન થયા. પોતે આજ્ઞા કરી કે આ વેળા કંઈક ગાવ. ત્યારે શ્રીસ્વામિનીજીએ કહ્યું કે પહેલાં આપ કંઈક ગાવ. આથી શ્રીઠાકુરજીએ વેણુગીતનો એક શ્લોક અદ્‌ભુત રીતે મુરલીમાં ગાયો.

બર્હાપીડં નટવરવપુઃ કર્ણયોઃ કર્ણિકાર
બિભ્રદ્વાસઃ કનકકપિશં વૈજયન્તી ચ માલાં
રંધ્રાન વેણોરધરસુધયા પૂરયન ગોપવૃંદૈઃ
વૃન્દારણ્યં સ્વપદરમણં પ્રાવિશદ્ ગીતકીર્તિઃ

ત્યારબાદ શ્રીઠાકુરજીએ શ્રીસ્વામિનીજીને આજ્ઞા કરી કે હવે આપ પણ કંઈક ગાવ. ત્યારે શ્રીસ્વામિનીજીએ શ્રીયમુનાજીને પાસે બોલાવી કહ્યુ કે આપણે બે સાથે મળીને ગાઇએ. પછી બંને સ્વરૂપે યુગલગીતના બે શ્લોકોનું અદ્‌ભુત અલૌકિક ગાન કર્યું.

વામબાહુકૃતવામકપોલો વલ્ગિતભ્રુરધરાર્પિતવેણું
કોમલાંગુલિભિરાશ્રિતમાર્ગં ગોપ્ય ઈરયતિ યત્ર મુકુંદઃ
વ્યોમયાનવનિતાઃ સહ સિધ્ધૈર્વિસ્મિતાસ્તદુપધાર્ય સલજજાઃ
કામમાર્ગણસમર્પિતચિત્તાઃ કશ્મલં યયુરપસ્મૃતનીવ્યઃ

આ વેળા એવી શોભા થઈ કે જેટલાં વ્રજભકતો હતાં એ બધાં ગાન સાંભળી ચિત્રમાં દોર્યા હોય એમ સ્થિર થઈ ગયાં. એ પછી શ્રીઠાકુરજીએ વેણુનાદ કરી બધાંની મૂર્છા દૂર કરી. એ વેળા શ્રીસ્વામિનીજીનું મન અતિ

આનંદથી ઉભરાવા લાગ્યું. પછી શ્રીસ્વામિનીજીએ શ્રીઠાકુરજીને વિનંતિ કરી કે વ્હાલા, મારો એક મનોરથ છે. છ ૠતુના વિભાગ સહિત એક નવીન નિકુંજ રત્નજટિત અદ્દભુત અલૌકિક બનાવો. એમાં આઠે પ્રહરની નિત્યનૂતન લીલા કરીએ. એક દિન અને એક રાતમાં છ ૠતુની છ નિકુંજમાં પધારીએ અને આપણા છયે સ્વરૂપના મનોરથ સહિત વસ્તુભાવ સિદ્ધ થાય.

આ છ સ્વરૂપ છે શ્રીઠાકુરજી, શ્રીસ્વામિનીજી, શ્રીયમુનાજી, શ્રીચંદ્રાવલીજી, શ્રીલલિતાજી, શ્રીવિશાખાજી.

આટલું સાંભળી, શ્રીઠાકુરજીએ કહ્યું કે વ્હાલી, જેવી આજ્ઞા. પછી શ્રીઠાકુરજીએ આઠ સખીઓને બોલાવી. પોતાની બે પ્રિય સખીઓ શ્રીલલિતાજી અને શ્રીવિશાખાજીને શ્રીહસ્ત પકડી પાસે બોલાવ્યાં. ત્યારે બાકીની છ સખીઓ ખૂબ ઉદાસ થઈ ગઈ કે આજના શ્રીસ્વામિનીજીના મનોરથમાં આપણે જ રહી ગયા. લલિતા–વિશાખા ખૂબ ભાગ્યશાળી છે; એમને પાસે બોલાવ્યાં.

શ્રીઠાકુરજી આ છયે સખીઓના મનની વાત પામી ગયા અને એમને આજ્ઞા કરી કે તમે શ્રીગિરિરાજજીની ભીતર જઈને, છ ૠતુ અનુસાર, એક રત્નમય તથા એક પુષ્પલતામય, એમ યુગલ છ નિકુંજ, અમારા છ સ્વરૂપોના મનોરથ સહિત બધા વસ્તુભાવયુકત અદ્દભુત અલૌકિક રચો. આથી છયે સખીઓ પ્રસન્ન થઈ, શ્રીઠાકુરજીની આજ્ઞા લઈ, શ્રીગિરિરાજજીની ભીતર પધાર્યા. ત્યાં શ્રીગિરિરાજજીને દંડવત કરી, વિનંતી કરી કે શ્રીઠાકુરજી તથા શ્રીસ્વામિનીજીની યુગલ છ નિકુંજોની રચના કરવા માટે આજ્ઞા થઈ છે. આ સાંભળી શ્રીગિરિરાજજીએ પ્રગટ થઈ છયે સખીઓને દર્શન આપ્યાં.

શ્રીગિરિરાજજીનું સ્વરૂપ કેવું છે ? બાર વર્ષના બાળક જેવું. લાલ વસ્ત્ર પહેર્યા છે. શ્રીહસ્તમાં લાલ છડી છે. શ્યામ સ્વરૂપ છે. મન્દ મન્દ હાસ્ય કરતાં શ્રીગિરિરાજજીએ સખીઓને પૂછ્યું કે શી આજ્ઞા છે ? ત્યારે છયે સખીઓએ વિસ્તારથી બધો મનોરથ કહ્યો. રત્નજડિત છ નિકુંજ, છ ૠતુના વિભાગ સહિત કરવાનો શ્રીસ્વામિનીજીનો મનોરથ છે. સ્વામિનીજીની નિકુંજોની લગોલગ

પુષ્પલતામય છ નિકુંજ, છ ઋતુ અનુસાર કરવાનો શ્રીઠાકોરજીનો મનોરથ છે. જેમ એક ઋતુના બે માસ હોય છે તેમ એક ઋતુની બે નિકુંજ એક રત્નમય, એક પુષ્પલતામય.

છયે સખીઓની વાત સાંભળી શ્રીગિરિરાજજી ખૂબ પ્રસન્ન થયા. પછી છયે સખીઓને સાથે લઈ નિકુંજરચના કરવા માટે પોતે પધાર્યા.

: નિકુંજ રચના :

ત્યાં પહેલાં તો શ્રીસ્વામિનીજીના મનોરથની પોખરાજ જડેલી વસંતઋતુની નિકુંજ કરી. આ નિકુંજ ચરણઘાટીથી શરૂ થઈ દંડૌતી શિલા સુધી પહોંચી. બીજી નિકુંજ પુષ્પલતામય (ફૂલ–વેલવાળી) કરી, શ્રીઠાકુરજીના મનોરથની. સૂર્ય ઊગે ત્યારથી દશ ઘડી દિવસ ચઢે ત્યાં સુધી (સવારે ૬ થી ૧૦) સદા વસંતઋતુ રહે.

બીજી નિકુંજ શ્રીલલિતાજીના મનોરથની સોનામાં જડેલા પન્નાની ગ્રીષ્મ– ઋતુની કરી. એ સાથે ફૂલ–વેલની નિકુંજ શ્રીઠાકુરજીના મનોરથની પણ રચી. એ દંડૌતી શિલાથી માંડી માનસીગંગા સુધી બનાવી. દશ ઘડી દિવસ ચઢે ત્યારથી બીજી દશ ઘડી દિવસ વધે ત્યાં સુધી (સવારે ૧૦ થી બપોરે ૨) ગ્રીષ્મઋતુ સદા રહે.

ત્રીજી નિકુંજ શ્રીવિશાખાજીના મનોરથની સોનામાં જડેલા માણેકની વર્ષાઋતુની કરી. માનસીગંગાથી શ્રીકુંડ સુધીની સાથે–સાથે શ્રીઠાકુરજીના મનોરથની ફૂલ–વેલની નિકુંજ પણ રચી. દશ ઘડી દિવસ બાકી રહે ત્યારથી સંધ્યાકાળ સુધી (બપોરે ૨ થી સાંજે ૬) વર્ષાઋતુ સદા રહે.

ચોથી નિકુંજ શ્રીચંદ્રાવલીજીના મનોરથની સોનામાં જડેલ હીરાની શરદ– ઋતુની કરી. એ સાથે બીજી ફૂલ–વેલની, શ્રીઠાકુરજીના મનોરથની નિકુંજ પણ રચી. શ્રીકુંડથી લઈ ચંદ્રસરોવર સુધીની, પરમ રાસસ્થળી સુધીની. સંધ્યા–કાળથી લઈ દશ ઘડી રાત ચઢે ત્યાં સુધી (સાંજે ૬ થી રાતે ૧૦) સદા શરદઋતુ રહે.

પાંચમી નિકુંજ શ્રીયમુનાજીના મનોરથની લહેરિયાદાર મીનાની, હેમંતઋતુની કરી. સાથે શ્રીઠાકુરજીના મનોરથની પુષ્પ–લતાવાળી નિકુંજ પણ રચી. ચંદ્રસરોવરથી આન્યોર સુધીની દશ ઘડી રાત ચઢે ત્યારથી દશ ઘડી રાત બાકી રહે ત્યાં સુધી (રાતે ૧૦ થી મધરાત પછી ૨ સુધી) સદા હેમંત ઋતુ રહે.

છઠ્ઠી નિકુંજ શ્રીઠાકુરજીના મનોરથની જડાઉ નીલમણિની શિશિર ઋતુની કરી. સાથે–સાથે શ્રીઠાકુરજીના મનોરથની ફૂલવેલમય નિકુંજ પણ રચી. આન્યોરથી લઈને ગોવિંદકુંડની સઘન કંદરા સુધીની. દશ ઘડી રાત બાકી રહે ત્યારથી સૂર્ય ઊગે ત્યાં સુધી, પરોઢ સુધી (મધરાત પછી ૨ થી સવારે ૬ સુધી) શિશિર ઋતુ સદા વિરાજે.

આ રીતે શ્રીગિરિરાજજીએ દિવસ–રાતની ૬ ઘડીમાં છયે ઋતુ પ્રગટ કરી, શ્રીઠાકુરજી, શ્રીસ્વામિનીજીની આજ્ઞાથી સ્થાપિત કરી. એ પછી શ્રીગિરિરાજજી ગિરિરાજમાં અદશ્ય થયા.

પછી છયે સખીઓ, શ્રીઠાકુરજી, શ્રીસ્વામિનીજી, શ્રીયમુનાજી, શ્રીચંદ્રાવલીજી, શ્રીલલિતાજી, શ્રીવિશાખાજી છયે સ્વરૂપ જયાં બિરાજયા હતાં ત્યાં આવ્યાં અને વિનંતી કરી કે કૃપાનાથ, બાર નિકુંજ, છ તો રત્નોથી મઢેલી અને છ ફૂલવેલવાળી, છ ઋતુના સંયોગવાળી સિદ્ધ થઈ ગઈ છે, તૈયાર છે. કૃપા કરી એકવાર આપ નિહાળી લો.

તે જ વેળા છયે સ્વરૂપ પ્રસન્ન થઈને શ્રીગિરિરાજજીની કંદરામાં પધાર્યા. ત્યાં પ્રથમ શ્રીયમુનાજીના તીરે પધારી શ્રીયમુનાજીને આજ્ઞા કરી કે હવે તમે બે સ્વરૂપથી શ્રીગિરિરાજજીની ભીતર નિકુંજમાં બિરાજો.

એ પછી પોતે સઘન કંદરામાં થઈને ભીતર પધાર્યા. ત્યાં શ્રીગિરિરાજજીનું રત્નમય સ્વરૂપ જોયું અને શ્રીયમુનાજીની સીઢી પણ રત્નજડિત જોઇ.

એ પછી વસંત ઋતુની નિકુંજમાં પધાર્યા. ત્યાં શ્રીસ્વામિનીજીના મનોરથની પોખરાજ જડેલી નિકુંજ જોઈ, એમાં સ્નાન, શૃંગાર, ગોપીવલ્લભ–ભોગની સજાવટ હતી. બીજી પુષ્પની નિકુંજ ઠાકુરજીના મનોરથની, એમાં

ડોલ ઉત્સવની સજાવટ હતી. એનું બીજું નામ વસંતી સખી પાડયું.

એ પછી ગ્રીષ્મઋતુની નિકુંજમાં પધાર્યા. ત્યાં એક નિકુંજ પન્નાથી જડેલી શ્રીલલિતાજીના મનોરથની હતી, એમાં રાજભોગની સજાવટ હતી. બીજી પુષ્પની નિકુંજ ઠાકુરજીના મનોરથની હતી, એમાં ફૂલમંડળીના ઉત્સવની સજાવટ હતી. એનું બીજું નામ ગ્રીષ્મ સખી રાખ્યું.

પછી વર્ષાઋતુની નિકુંજમાં પધાર્યા. ત્યાં માણેકથી જડેલી નિકુંજ શ્રીવિશાખાજીના મનોરથની હતી. એમાં ઉત્થાપન ભોગની સજાવટ હતી. બીજી પુષ્પની નિકુંજ શ્રીઠાકુરજીના મનોરથની હતી, એમાં હિંડોરે ઝૂલવાના ઉત્સવની સજાવટ હતી. એનું નામ વર્ષાસખી પાડયું.

એ પછી શરદઋતુની નિકુંજમાં પધાર્યા. ત્યાં હીરાથી જડેલી નિકુંજ શ્રીચંદ્રાવલીજી શ્રીપ્રાણેશ્વરીજીના મનોરથની હતી; એમાં સેનભોગની સજાવટ હતી. બીજી પુષ્પની નિકુંજ શ્રીઠાકુરજીના મનોરથની હતી, એમાં રાસોત્સવની સજાવટ હતી. એનું બીજું નામ શ્રીઠાકુરજીએ શરદ સખી રાખ્યું.

પછી હેમંત ઋતુની નિકુંજમાં પધાર્યા. ત્યાં એક નિકુંજ લહેરિયાદાર સોનાની મીનાજડિત શ્રીયમુનામહારાણીજીના મનોરથની હતી, એમાં અનોસરમાં કુનવારો આરોગાવવાના મનોરથની સજાવટ હતી. બીજી પુષ્પની નિકુંજ શ્રીઠાકુરજીના મનોરથની હતી, એમાં જાગરણ મનોરથના ઉત્સવની સજાવટ હતી. એનું બીજું નામ હેમન્ત સખી રાખ્યું.

એ પછી શિશિર ઋતુની નિકુંજમાં પધાર્યા. ત્યાં નિલમણિ જડેલી નિકુંજ શ્રીઠાકુરજીના મનોરથની હતી, ત્યાં મંગળભોગની સજાવટ હતી. બીજી પુષ્પની નિકુંજ શ્રીઠાકુરજીના મનોરથની હતી, એમાં હોળી ખેલાવવાના મનોરથની સજાવટ હતી, એનું બીજું નામ શિશિર સખી રાખ્યું.

આ રીતે શ્રીઠાકુરજીએ છ નિકુંજોના નામ પાડયાં; અને છ સખીઓ હતી તેમનાં નામ છ ઋતુનાં છે તે જ રાખ્યાં.

એ પછી શિશિર સખીએ સામગ્રીના બે થાળ ભોગ ધર્યા.

: છ ઋતુઓના માસ :

(વ્રજમાસ) ચૈત્ર–વૈશાખ વસન્તઋતુ; જેઠ–અષાડ ગ્રીષ્મઋતુ; શ્રાવણ–ભાદરવો વર્ષાઋતુ; આસો–કારતક શરદઋતુ; માગશર–પોષ હેમંતઋતુ; મહા–ફાગણ શિશિરઋતુ.

આ રીતે છ ઋતુઓના બાર માસ કહ્યા છે. શ્રીઠાકુરજીએ આ રીતે શ્રીસ્વામિનીજીની આજ્ઞાથી એક એક દિવસ–રાતમાં, છ ઋતુઓને, છ નિકુંજોમાં સ્થાપી.

એ પછી શ્રીઠાકુરજીએ છત્રીસ રાગ–રાગિણીઓને બોલાવી આજ્ઞા કરી કે તમે છ–છ સખીઓ રૂપ થઈ, છત્રીસ વાજિંત્ર સહિતં, એક–એક ઋતુની નિકુંજમાં છ–છ સમય પ્રમાણે, શ્રીસ્વામિનીજીની આજ્ઞાથી સાવધાની સાથે નૃત્ય–ગાયન કરો તથા વાજિંત્ર વગાડો. પછી ૩૬ રાગ–રાગણી શ્રીઠાકુરજીને દંડવત કરી છયે ઋતુની છયે નિકુંજમાં, છ–છ વાજિંત્ર સાથે છ–છના જૂથમાં પધાર્યા.

: છત્રીસ રાગ–રાગણીનાં નામ :

મલાર, લલિત, પંચમ, આશાવરી, ભૈરવ, માલવ, ટોડી, કલ્યાણ, ગુર્જરી, માલવ, ગોડી, બિલાવલ, ધનાશ્રી, રંગીલી, ખમાચ, દેસાખ, કાન્હરો, ગોડમલ્હાર, કેદારો, ષટમંજરી, રામકલી, ગંધાર, વરાડી, કકુભ, કામોદ, નટ, ગુનકલી, માધવી, દેસ, બિભાસ, હાસ, કાફી, સોરઠ, ઇમન, જેજેવંતી, સારંગ.

: છત્રીસ વાજિંત્રના નામ :

બીનાચીન, મુરલી, અમૃતકુંડલી, જલતરંગ, મદનભેરી, ધોસા, દુંદુભી, નિસાન, નગાડા, શંખ, ઘંટા, મોહોચંગ, સીગી, ખંજરી, તાલ, ષટતાલ, મંજીરા, મહવરી, થારી, ઝાલર, ઢોલ, ડફ, ડિમડિમ, ઝાંઝ, મૃદંગ, ગિડગિડ, પિનાક, રબાબ, જંત્ર, શહનાઈ, શ્રીમંડલ, સારંગી, દૂધારી, કરતાલ, તુરઈ, કિન્નરી.

એ પછી શ્રીઠાકુરજીએ શ્રીસ્વામિનીજીને આજ્ઞા કરી કે પ્રિય, હવે આ

નિકુંજોમાં તમે આઠે પ્રહરની લીલા સારી પેઠે રોજ રોજ નવી નવી કરો. ત્યારે શ્રીસ્વામિનીજીએ ખૂબ પ્રસન્ન થઈ કહ્યું કે વહાલા આજથી જ શરૂઆત કરીએ.

ત્યારબાદ શ્રીઠાકુરજી, શ્રીસ્વામિનીજી, શ્રીયમુનાજી, શ્રીચંદ્રાવલીજી, શ્રીવિશાખાજી, શ્રીલલિતાજી વગેરે, તમામ વ્રજભકતો સાથે, સાંજના સમયે, શિશિરૠતુની નિકુંજમાં નીલમણિની જડાઉ ચિત્ર સારીમાં પધાર્યા. ત્યાં જડાઉ શય્યા પર શ્રીઠાકુરજી તથા શ્રીસ્વામિનીજી બંને સ્વરૂપ બિરાજયાં. શ્રીયમુનાજી, શ્રીચંદ્રાવલીજી, શ્રીલલિતાજી, શ્રીવિશાખાજી, ચારે સ્વરૂપ, શય્યાની પાસે, શ્રીસ્વામિનીજીની આજ્ઞાથી, ચોકીઓ પર બિરાજયાં. તમામ વ્રજભકત શય્યાની ચારે બાજુ ઊભા રહ્યાં.

ત્યાં શય્યા પર બિરાજી, શ્રીઠાકુરજી, શ્રીસ્વામિનીજીએ આજ્ઞા કરી કે પરોઢથી આઠ પ્રહરની લીલાનો પ્રારંભ થશે. તમે છયે સખીઓ, તમારી–તમારી નિકુંજમાં પરચારગીમાં સાવધાન થઈ તમામ તૈયારી સારી પેઠે કરો. પછી શ્રીઠાકુરજીએ બધાંને પોતપોતાની નિકુંજમાં જઈ સૂઈ જવા આજ્ઞા કરી. પછી શ્રીઠાકુરજી, શ્રીસ્વામિનીજી બીડી આરોગી, નીલમણિની કુંજમાં પોઢયાં.

: શિશિર નિકુંજ :

રાત છ ઘડી બાકી રહી એટલે શિશિર સખીએ આવીને મંગળભોગની સામગ્રી સિદ્ધ કરી, પછી રાગિણીઓને જગાડી આજ્ઞા કરી કે શ્રીઠાકુરજીની ચિત્રસારી સામે જઈને તમે વીણા વગાડો. ત્યારે લલિત રાગિણી વીણા વગાડવા લાગી અને મન્દ મન્દ સ્વરે ગાવા લાગી. વીણા સાંભળીને શ્રીજમનાજી, શ્રીચન્દ્રાવલીજી વગેરે બધાં વ્રજભકતો પોતપોતાની નિકુંજમાંથી શણગાર સજી જલદી જયાં શ્રીઠાકુરજી, શ્રીસ્વામિનીજી પોઢયાં હતાં ત્યાં પધારી શૈયાની આડમાં બિરાજયાં. એ પછી શિશિર સખીએ યુગલચરણો ચાંપીને પ્રભુને જગાડયા.

એ પછી શય્યામાં બંને સ્વરૂપ ગાદી–તકિયા પર બિરાજયા. આ નીલમણિની ચિત્રસારીની શોભા કેવી છે ? તો કહે છે કે મણિનાં દીપકો ચોમેર પ્રકાશ રેલાવી રહ્યાં છે. કારચોબીના મખમલના ખૂબ ઊંચા ગાદી તકિયા

બિછાવેલાં છે. એની ઉપર બંને સ્વરૂપ બિરાજ્યાં છે. શ્રીઠાકુરજીની જમણી બાજુએ શ્રીચંદ્રાવલીજી અને શ્રીવિશાખાજી બિરાજ્યાં છે. શ્રીસ્વામિનીજીની ડાબી બાજુ શ્રીજમનાજી અને શ્રીલલિતાજી બિરાજ્યાં છે. આમ છયે સ્વરૂપ ગાદી–તકિયા પર સાથે બિરાજમાન થયાં છે.

શ્રીજમુનાજી બધી નિકુંજોમાં બે સ્વરૂપે બિરાજે છે. આધિદૈવિક સ્વરૂપે શ્રીઠાકુરજીની સાથે અને આધિભૌતિક સ્વરૂપે–અદ્ભુત મન્દ મન્દ શીતળ પ્રવાહ રૂપે છયે નિકુંજોમાં શ્રીઠાકુરજીએ એમને સ્થાપિત કર્યા છે.

શ્રીઠાકુરજીએ ડાબો શ્રીહસ્ત શ્રીસ્વામિનીજીના ખભા પર ધર્યો છે, જમણો શ્રીહસ્ત શ્રીચંદ્રાવલીજીના ખભા પર ધર્યો છે. શ્રીસ્વામિનીજીએ જમણો હાથ શ્રીઠાકુરજીના ખભા પર ધર્યો છે અને ડાબો શ્રીહસ્ત શ્રીજમનાજીના ખભા પર ધર્યો છે. સખીજનોનો સમુદાય સાથે–સાથે પાછળ છે. બધાં રાગરાગીણી નૃત્યગાન કરી રહ્યાં છે અને જાતજાતનાં વાજિંત્રો સન્મુખ વાગી રહ્યાં છે. શ્રીમસ્તક પર શ્યામ પાગ ખૂબ સરસ શોભી રહી છે. જાણે રાતે કોઈ રતિરણ જીતીને પધારતા ન હોય ! આ પ્રકારે હસતા–હસાવતા વસંતનિકુંજમાં પધાર્યા. વસંત સખીએ સોનાની ચોકી પર બિરાજમાન કર્યા.

એ પછી વસંતી સખીએ, શ્રીઠાકુરજી અને શ્રીસ્વામિનીજીએ રાતે જે નીલમના જડાઉ આભરણ ધર્યા હતાં એ બધાં વડાં કર્યાં. પછી વસંતી સખીએ બે પીઢા પર સામસામે શ્રીઠાકુરજી અને શ્રીસ્વામિનીજીને પધરાવ્યા. પછી બન્ને સ્વરૂપને અભ્યંગ કરાવ્યું. શ્રીઠાકુરજીને શ્રીચંદ્રાવલીજી અને શ્રીવિશાખાજી બન્નેએ મળી અભ્યંગ કરાવ્યું અને શ્રીસ્વામિનીજીને શ્રીજમુનાજી અને શ્રીલલિતાજી બન્નેએ મળી અભ્યંગ કરાવ્યું. વસંતી સખીએ કેશરી ઉષ્ણજળ સોનાની ગાગરમાં ભરી સ્નાન કરાવ્યું. પછી શ્રીઠાકુરજી અને શ્રીસ્વામિનીજીને કોમળ વદૃથી અંગવદૃ કરાવ્યું. પછી વસંતી સખીએ કેશરી પીતાંબર બન્ને સ્વરૂપને અંગીકાર કરાવ્યાં. પછી પોખરાજથી જડેલી ચિત્રસારીમાં, કેશરી રેશમી મખમલ કારચોબીના મોટા–મોટા ગાદી– તકિયા પર બિરાજમાન કર્યા. વળી જાત–જાતનાં અત્તર, ફુલેલ, અરગજા વગેરે, કુંકુમ, કેશર, કાજળ, કાંસકી, આરસી સર્વ સામે ધર્યુ. કેશરી ગોટાકિનારી નાં વસ્ત્ર, નખથી શિખા પર્યન્તનાં, પોખરાજની જોડ અને જડાઉ આભરણનાં સોનાના થાળ ભરી બંને ઠેકાણે ધર્યા. શ્રીચંદ્રાવલીજી અને શ્રીવિશાખાજીએ શ્રીઠાકુરજીને શણગાર ધર્યા. શ્રીજમુનાજી અને શ્રીલલિતાજી શ્રીસ્વામિનીજીને શણગાર ધર્યા. ત્યાં પ્રથમ તો બંને ઠેકાણે શ્રીમસ્તકના કેશ એક–એક, મોતીઓથી ગૂંથ્યા. નખથી શિખા સુધી જાતજાતના શણગાર કર્યા. ત્યાં પ્રથમ શ્રીઠાકુરજીનો શણગાર કહે છે.

વસ્ત્ર કેશરી ગોટાકિનારીના રુચિ અનુસાર ધર્યાં. પોખરાજની જોડ ધરી. શ્રીમસ્તક પર જડાઉ મુગટ જમણી તરફ ઢળેલો ધર્યો. ડાબી તરફ સીસફૂલ, ચંદ્રમા, તુર્રા, ઝોરા, દુહરી લર ધરી. આમ શ્રીમસ્તક પર છ આભૂષણો ધર્યાં. કપાળ પર સુંદર જડાઉ કેશરી ખોર કરી કુંકુમનું તિલક કર્યું. નેત્રકમળમાં આરક્ત ડોરા કાજળથી મિશ્રિત કર્યાં. ભ્રમરો ધનુષવત કરી. નાસિકા પોપટ જેવી એમાં જડાઉ વેસર ધરાવ્યું. બંને કાનોમાં મકરાકૃત કુંડળ ધર્યાં. શ્રીમુખમાં બીડાનો રંગ. દંતપંકિતમાં મન્દમન્દ હાસ્ય. બંને ગાલો પર શ્યામ અલકની શોભા. ડાઢી પર ચિબકનું આભરણ. શ્રીકંઠમાળા, ગોપમાળા, છ મોતીઓની માળા, માળા પોખરાજના મણિઓની, સતલરાનો ચંદનહાર, ટિકડા જાડા મોતીઓના મિશ્રિત, ગૂંજાનો હાર. બે ભુજામાં, બે બાજુ, બે જોડી નવરતનની, બે શ્રીહસ્તમાં બે પોંચી, બે સાંકળા, બે ખડુલા, આંગળીઓમાં વીટીઓ ધારણ કરાવી. નખપંકિત ખૂબ શોભી રહી છે. ઊંચું વક્ષસ્થળ. પાતળી કમર, તેના પર ઝીણી છ લડની સોનાની કોંધની જેમાં ઘુઘરીઓ વાગે, ધરાવી. લાલ સૂથન પર કેશરી કાછની અત્તરથી સુંગધિત ધરાવી. ચરણોમાં બે નૂપુર, બે પાયલ, બે સાંકળા ધરાવ્યાં. આભરણ એટલાં બધાં ધરાવ્યાં કે એનું કયાં સુધી વર્ણન કરાય ? નખ ચંદ્રો ખૂબ શોભે છે. ત્યાં કમળ જેવા ચરણારવિંદ અનવટના અષ્ટ પલ્લવવાળા, તળિયામાં સોળ ચરણચિહ્ન શોભે છે. જમણા ચરણારવિન્દમાં ધ્વજા, અંકુશ, વજ્ર, કમળ, સ્વસ્તિક, અષ્ટકોણ, ઉર્ધ્વરેખ, જવ, કળશ અને ડાબા ચરણારવિન્દમાં ગોપદ, જાંબુ, ધનુષ, મીન, ત્રિકોણ, અર્ધચન્દ્ર, વ્યોમ– આમ કુલ સોળ ચિહ્ન શોભે છે.

આજ પ્રકારે શ્રીસ્વામિનીજીનો શણગાર શ્રીજમનાજી અને શ્રીલલિતાજી એ મળીને કર્યો, શ્રીમસ્તકથી ચરણારવિન્દ સુધી, મોતીથી શોભિત પોખરાજની જોડ ધરાવી. એ પછી બંને સ્વરૂપ ગાદી–તકિયા પર સાથે બિરાજયાં. વસંતી સખીએ જડાઉ આરસી સન્મુખ ધરી. પરસ્પર હાસ્ય–વિનોદ જાતજાતના થવા લાગ્યા.

પછી શ્રીસ્વામિનીજીએ વસંતી સખીને આજ્ઞા કરી કે શ્રીયમુનાજી, શ્રીચંદ્રાવલીજી, શ્રીલલિતાજી, શ્રીવિશાખાજી આ ચારેને જલદી શૃંગાર કરી મારી પાસે પધરાવો. છયે સખીઓએ ચારે સ્વરૂપને જલદી શણગારની શ્રીઠાકુરજી પાસે પધરાવ્યાં. વસંતી સખીએ અત્તર સમર્પી, રૂપાની ચોકી–પાટ પર સોનાના મોટા છ ડબરા ગોપીવલ્લભભોગ ધર્યા. એની વિગત :–

એક ડબરામાં કેશરી મલાઈના લાડુ, શ્રીઠાકુરજીના મનોરથના. બીજા ડબરામાં કેશરી બરફી, શ્રીસ્વામિનીજીના મનોરથની. ત્રીજા ડબરામાં કેશરી પેંડા, શ્રીચંદ્રાવલીજીના મનોરથના. ચોથા ડબરામાં કેશરી ખુરચન, શ્રીયમુનાજીના મનોરથનું. પાંચમાં ડબરામાં કેશરી ગુંજા, શ્રીલલિતાજીના મનોરથના. છઠ્ઠા ડબરામાં કેશરી સકરપારા, શ્રીવિશાખાજીના મનોરથના.

આ છ સામગ્રી દૂધઘરની ગોપીવલ્લભભોગમાં બધી સખીઓએ સમર્પી વિનંતિ કરી કે કૃપાસિંધુ આરોગો. ત્યારે ભાત–ભાતના હાસ્યવિનોદ સાથે પોતે આરોગવા લાગ્યા. આરોગતાં–આરોગતાં બંને સ્વરૂપે પોતાના શ્રીહસ્તથી, જેટલાં વ્રજભકતો સામે હતાં તે બધાંને પોતાના થાળમાંથી મહાપ્રસાદ આપ્યો.

પછી વસંતી સખીએ બીડા આરોગાવી વિનંતી કરી કે મહારાજ, આ મનોરથ તો શ્રીસ્વામિનીજીનો પૂર્ણ કર્યો. હવે રાજ, મારા મનોરથની લતાનિકુંજ માં પધારી મારો મનોરથ પૂર્ણ કરો. વસંતી સખીની આ વિનંતી સાંભળી છયે સ્વરૂપ લતાનિકુંજમાં પધાર્યા. ત્યાં વસંતી સખીએ જડાઉ પોખરાજનો એક વિશાળ ડોલ અતિ સુગંધિત પુષ્પ–લતાની રચનાથી સિદ્ધ કર્યો હતો. છયે સ્વરૂપ એને જોઈ ખૂબ પ્રસન્ન થયાં. યુગલસ્વરૂપને ડોલમાં પધરાવી, એક બાજુ શ્રીચંદ્રાવલીજી અને શ્રીવિશાખાજી તથા બીજી બાજુ શ્રીજમનાજી અને શ્રીલલિતાજી ઝૂલાવવા લાગ્યાં. બધી રાગિણીઓ નૃત્યગાન કરવા લાગી.

પછી વસંતી સખીએ ખેલનો બધો સાજ સામે ધર્યો. અબીલ, ગુલાલ, રંગ, ચોવા, ચંદન, અત્તર, અરગજા, અનેક કુમકુમા પિચકારી, બધું ડોલ સન્મુખ ધર્યું. નાની–મોટી પિચકારી શ્રીહસ્તમાં આપી. પ્રથમ ખેલ

શ્રીયમુનાજીએ પોતાના શ્રીહસ્તે કર્યો. રંગ ગુલાલ ખૂબ ઉડાડયો. પછી ભાત–ભાતની સામગ્રી ડોલમાં વસંતી સખીએ આરોગાવી, સોનાના થાળમાં આરતી કરી. બીજો ખેલ શ્રીચંદ્રાવલીજીના મનોરથનો થયો. શ્રીચંદ્રાવલીજીએ ભોગ ધર્યો અને મોતીની આરતી કરી. ત્રીજો ખેલ શ્રીલલિતાજીના મનોરથનો થયો. શ્રીલલિતાજીએ ભોગ ધરી મોતીની આરતી કરી. ચોથો ખેલ શ્રીવિશાખાજીના મનોરથનો થયો. આ ખેલમાં અનસખડી, દૂધઘર, નાગરી બધું આરોગ્યા.

મનોરથની છયે સામગ્રીની વિગત :–

શ્રીઠાકુરજીના મનોરથનો મોહનથાળ. શ્રીસ્વામિનીજીના મનોરથના મેવાતી–ગુંજા. શ્રીયમુનાજીના મનોરથનું દૂધનું અધરામૃત. શ્રીચંદ્રાવલીજીના મનોરથના ઘેબર. શ્રીલલિતાજીના મનોરથના મુખવિલાસ. શ્રીવિશાખાજીના મનોરથના ખરમંડા.

આમ છયે સામગ્રી આરોગાવી પછી હોળી ખેલાવી. પછી વસંતી સખીએ રંગ, ગુલાલ, ચોવા, ખૂબ છિરકી એક ડોલનું કીર્તન નવી રચના કરી ગાયું. આ પ્રકારે યુગલસ્વરૂપ ડોલ ઝૂલ્યા.

:ગ્રીષ્મ નિકુંજ :

તે વેળા ગ્રીષ્મ સખીએ આવી, દંડવત કરી, વિનંતિ કરી કે કૃપાનાથ મારી ગ્રીષ્મ નિકુંજમાં પધારો. છયે સ્વરૂપ ડોલ વિજય કરી ગ્રીષ્મનિકુંજમાં પધાર્યા. ગ્રીષ્મ નિકુંજની શોભા એવી હતી જાણે શીતળ સુવાસ છવાઈ રહી છે. પન્નાની જડાઉ ચિત્રસારી અતિ અદ્દભુત બની છે. ત્યાં શ્રીજમુનાજીની રત્નજટિત સીઢીઓ પર જમનાજળની લહેરોને ભાળી, છયે સ્વરૂપ શ્રીજમુનાજી માં પધારી, વિહાર કરવા લાગ્યાં.

પછી ગ્રીષ્મ સખીએ, ડોલના રંગાયલાં વસ્ત્રો વડાં કરાવી (વિજય કરાવી) બીજાં નવા લીલા રંગનાં કોમળ વસ્ત્રો, માટીના અત્તરથી લસિત, છયે સ્વરૂપને અંગીકાર કરાવ્યાં. (ધરાવ્યાં) પન્ના–મોતીના આભરણના જોડ રુચિ અનુસાર ધરાવ્યાં. પછી ગ્રીષ્મ સખીએ છયે સ્વરૂપને ભોજનઘરમાં પધરાવી, રાજભોગ

સમર્પ્યા. રાજભોગની તૈયારી પણ કેવી ! સામગ્રીનો પાર નહી ! સખડી, અનસખડી, દૂધઘર, નાગરી વગેરે જેટલી સામગ્રીઓ કરવાની રીતિ છે એ બધી શ્રીલલિતાજીની આજ્ઞાથી, ગ્રીષ્મ સખીએ, બધાં વ્રજભકતોના સાથથી કરી. ગ્રીષ્મ સખીએ મનોરથની સખડી સામગ્રી સન્મુખ ભોગ ધરી એની વિગત :–

શ્રીઠાકુરજીના મનોરથનો મેવાભાત કેશરી. શ્રીસ્વામિનીજીના મનોરથનો બાસોંદીભાત. શ્રીજમુનાજીના મનોરથનો શિખરનભાત. શ્રીચંદ્રાવલીજીના મનોરથનો સફેદ ભાત. શ્રીલલિતાજીના મનોરથનો દહીંભાત અને શ્રીવિશાખાજીના મનોરથનો ખટ્ટોભાત.

આ પ્રકારે છયે ભાત ગ્રીષ્મ સખીએ સોનાના થાળમાં સાજી સામે ધર્યા. બીજી સામગ્રીઓનો તો પાર નથી. છપ્પનભોગથી પણ અધિક સામગ્રી રાજભોગમાં ગ્રીષ્મ સખીએ આરોગાવી.

શ્રીભાગવતમાં ચાર પ્રકારની સામગ્રી કહી છે. ભક્ષ્ય, ભોજય, ચોષ્ય, લેહ્ય આ ચારે પ્રકારની બધી સામગ્રી શ્રીલલિતાજીના મનોરથમાં શ્રીઠાકુરજી આરોગ્યા. ગ્રીષ્મ સખીએ સોનાની છ ઝારીઓ જમનાજળથી ભરી પધરાવી. જાતજાતના હાસ્યવિનોદ કરતાં શ્રીઠાકુરજી આરોગ્યા. શ્રીઠાકુરજીએ પોતાના શ્રીહસ્તે બધાં વ્રજભકતોને મહા–પ્રસાદ લેવડાવ્યો.

પછી ગ્રીષ્મ સખીએ વિનંતિ કરી કે મહારાજ મારી પુષ્પનિકુંજમાં પધારો. ફૂલમંડળીનો મારો મનોરથ છે. ગ્રીષ્મ સખીની વિનંતિ સાંભળી છયે સ્વરૂપ પુષ્પનિકુંજમાં પધાર્યા. પુષ્પનિકુંજની ચિત્રસારીની શોભા જોઈ છયે સ્વરૂપ ફૂલોનાં ગાદી–તકિયા પર બિરાજ્યાં. ચિત્રસારીની ચારે તરફ ગુલાબજળના ફુવારા ઊડી રહ્યા છે. જાત–જાતનાં પુષ્પોની સુવાસ પમરી રહી છે.

પછી ગ્રીષ્મ સખીએ સોનાની ચોકી પર સોનાના થાળમાં છ ડબરામાં દૂધઘરની શીતલ સામગ્રી ભોગ ધરી તેની વિગત :–

એક ડબરામાં મિશ્રીનો પનો, શ્રીઠાકુરજીના મનોરથનો એક ડબરામાં

બાસોંદી, શ્રીસ્વામિનીજીના મનોરથની. એક ડબરામાં મલાઈ, શ્રીજમુનાજીના મનોરથની. એક ડબરામાં શિખરન શ્રીચંદ્રાવલીજીના મનોરથનો. એક ડબરામાં દૂધ શ્રીલલિતાજીના મનોરથનું અને એક ડબરામાં સલોની છાશ શ્રીવિશાખાજીના મનોરથની.

આ પ્રકારે છયેના મનોરથના છ ડબરામાંથી સોનાના ચમચા વડે પ્રભુ રંચ–રંચ આરોગ્યા. ગ્રીષ્મ સખીએ છયે સ્વરૂપોને બીડી આરોગાવી. શ્રીઠાકુરજી, શ્રીસ્વામિનીજીના મુખારવિન્દનાં દર્શન કરી ગ્રીષ્મ સખીએ શ્રીઠાકુરજીના મનની વાત જાણી લીધી કે આપને પોઢવાની ઇચ્છા છે. એ વેળા ગ્રીષ્મ સખીએ ત્યાં ફૂલની ચિત્રસારીની ભીતર ફૂલની એક અદ્દભુત તિવારી રચી, ફૂલની શૈયા, તકિયા, ગેંદુઆ વગેરે બધું સિદ્ધ કર્યુ. પછી ગ્રીષ્મ સખીએ અત્તર સમર્પી, ચૌપટ બિછાવી, અનોસર કર્યા.

: વર્ષા નિકુંજ :

દશ ઘડી (ચાર કલાક) દિવસ બાકી રહ્યો એટલે વર્ષા સખીએ ફૂલની ચિત્રસારી સામે આવી, અદ્દભુત બીન બજાવી વિનંતિ કરી કે રાજ, મારી વર્ષાનિકુંજમાં પધારો. એ વેળા ગ્રીષ્મ સખીએ ચિત્રસારીનાં દ્વાર ખોલ્યાં. જોયું તો છયે સ્વરૂપ ચોપટ ખેલી રહ્યાં છે. શ્રીસ્વામિનીજીની બાજુમાં શ્રીજમુનાજી, શ્રીલલિતાજી અને શ્રીઠાકુરજીની બાજુમાં શ્રીચન્દ્રાવલીજી, શ્રીવિશાખાજી. શ્રીઠાકુરજી, શ્રીસ્વામિનીજી બન્ને શ્રીહસ્તથી જડાઉ પાસા ફેંકી રહ્યા છે. ત્યારે વર્ષા સખીએ ફરી વિનંતિ કરી કે રાજ, મારી વર્ષાનિકુંજમાં પધારો.

આ વિનંતિ સાંભળી છયે સ્વરૂપ પ્રસન્ન થઈ વર્ષાનિકુંજમાં પધાર્યા. વર્ષાનિકુંજની અદ્દભુત અલૌકિક શોભા ભાળી પ્રસન્ન થયાં. જડાઉ માણેકની ચિત્રસારી છે. એમાં રેશમના ગાદીતકિયા બિછાવેલા છે. એના પર છયે સ્વરૂપ બિરાજ્યાં.

પછી વર્ષા સખીએ સારી પેઠે ઉત્થાપન ભોગ સમર્પ્યો. જાતજાતનાં ફળ અને ફળોની સામગ્રી આરોગાવી. મનોરથની છ સામગ્રીની વિગત–

એક થાળમાં મધુરાફળ શ્રીઠાકુરજીના મનોરથના. એક થાળમાં કેરીની બરફી શ્રીસ્વામિનીજીના મનોરથની. એક થાળમાં ફાલસાની બરફી શ્રીજમુનાજીના મનોરથની. એક થાળમાં કોપરાની બરફી શ્રીચંદ્રાવલીજીના મનોરથની. એક થાળમાં ખરબૂચાનો મગજ શ્રીલલિતાજીના મનોરથનો. એક થાળમાં સુરણના લાડુ શ્રીવિશાખાજીના મનોરથના.

આ પ્રકારે અનેક સામગ્રી આરોગ્યા. પછી વર્ષા સખીએ બીડી આરોગાવી. શ્રીઠાકુરજી શ્રીસ્વામિનીજીને બીજો શૃંગાર ધરાવ્યો. કસૂમલ ચૂનરીના ગોટા કિનારીના વસ્ત્ર ધરાવ્યાં. નખથી શિખા પર્યન્ત માણેકની જોડ સારી પેઠે ધરાવી. પછી વર્ષા સખીએ વિનંતિ કરે કે કૃપાનાથ, મારો મનોરથ હિંડોળે ઝુલાવવાનો છે માટે મારી પુષ્પલતા નિકુંજની ચિત્રસારીમાં પધારો. હિંડોળાનો મનોરથ સાંભળી છયે સ્વરૂપ ઘણા પ્રેમથી પધાર્યા.

ત્યાં ચિત્રસારીમાં માણેકનો હિંડોળો છે. એના પર ફૂલોની અદ્દભુત રચના કરાઈ છે. જાતજાતનાં ફૂલો છવાયેલાં છે. હિંડોળાની સામે શ્રીજમુનાજી લહેરાઈ રહ્યાં છે. ચારે બાજુ વાદળો ઝૂકી રહ્યાં છે. આકાશમાં ઘનઘોર વિજળી ચમકી રહી છે. ધીમીધીમી ઝરમર વરસી રહી છે.

શ્રીઠાકુરજી, શ્રીસ્વામિનીજી, બંને સ્વરૂપને વર્ષા સખીએ હિંડોળામાં પધરાવ્યાં. હિંડોળાની એક બાજુ શ્રીજમુનાજી, શ્રીલલિતાજી ઝુલાવે છે. બીજી બાજુ શ્રીચંદ્રાવલીજી, શ્રીવિશાખાજી ઝુલાવે છે. રાગ—રાગિણીઓ તમામ સ્વરથી સમયાનુકૂળ ગાઈ રહી છે. વર્ષા સખી તેમજ અન્ય સખીઓ પંખા ઢાળી રહી છે. પછી વર્ષા સખીએ જાત—જાતની સામગ્રી હિંડોળામાં આરોગાવી. મનોરથની છ સામગ્રીની વિગત—

બદામપાક શ્રીઠાકુરજીના મનોરથનો. પિસ્તાપાક શ્રીસ્વામિનીજીના મનોરથનો. ચિરૌંજીપાક (ચારોલીપાક) શ્રીજમુનાજીના મનોરથનો. કોપરાપાક શ્રીચન્દ્રાવલીજીના મનોરથનો. બીજપાક શ્રીલલિતાજીના મનોરથનો. મખાણાપાક શ્રીવિશાખાજીના મનોરથનો.

આ પ્રકારે સામગ્રી આરોગાવી, જાત–જાતનાં હિંડોળે ઝુલાવી વર્ષા સખીએ હિંડોળાનાં જાત–જાતનાં કીર્તન ગાયાં.

: શરદ નિકુંજ :

પછી સંધ્યાકાળનો સમય થતાં શરદ સખીએ આવીને વિનંતિ કરી કે રાજ, મારી શરદનિકુંજમાં પધારો. એટલે શ્રીઠાકુરજી હિંડોળા વિજય કરી બધાં વ્રજભકતો સાથે શરદનિકુંજમાં પધાર્યા. શરદનિકુંજમાં હીરાજડિત ચિત્રસારી છે, એમાં રત્નમય દીપક ઝળહળી રહ્યાં છે. હજારો ચંન્દ્રના પ્રકાશ જેવો ચન્દ્રકાન્તમણિ શ્રીઠાકુરજીએ ધારણ કર્યો છે. શરદ સખીએ છયે સ્વરૂપોને ચિત્રસારીની ભીતર ગાદીતકિયા પર બિરાજમાન કર્યા. સોનાના થાળમાં મોતીની સંધ્યાઆરતી ઉતારી. સેનભોગમાં જાતજાતની સામગ્રી, સખડી–અનસખડી તમામ તેમજ શરદના ઉત્સવની મનોરથની સુદ્ધાં શરદ સખીએ ધરી. તેની વિગત–

મોહનથાળ શ્રીઠાકુરજીના મનોરથનો. મગજના લાડુ શ્રીસ્વામિનીજીના મનોરથના. બાસોંદી શ્રીયમુનાજીના મનોરથની. ચંદ્રકળા શ્રીચન્દ્રાવલીજીના મનોરથની. દૂધપાક શ્રલલિતાજીના મનોરથનો. ફેની (સુતરફેણી) શ્રીવિશાખાજીના મનોરથની.

આ છયે સામગ્રી મનોરથની સફેદ રૂપાના થાળોમાં સાજી, સામે પધરાવી. સોનાની છ ઝારીઓ જમુનાજળથી ભરી પધરાવી.

પછી શરદસખીએ અનેક પ્રકારે મનુહાર કરી સેનભોગ આરોગાવ્યો. આચમન કરાવી, સુગંધી સહિત બીડી આરોગાવી. આ વેળા શરદ સખીએ કહ્યું કે મારી રાસ માટે વિનંતિ છે. આપ બન્ને સ્વરૂપે અગાઉ આજ્ઞા કરી હતી કે તારી ચિત્રસારીમાં અમે રાસ કરીશું, એની આપને યાદ કરાવી છે.

શરદસખીની આ વિનંતી સાંભળી શ્રીસ્વામિનીજીએ ધીમું હાસ્ય કરી આજ્ઞા કરી કે હા, સખી, તૈયારી કર. શરદસખી પ્રસન્ન થઈને પોતાની નિકુંજમાંથી મોટી મોટી વસ્ત્રની ગાંસડીઓ સખીઓ દ્વારા ઉંચકાવી લાવી.

આભરણની પેટી, બંટા વ્રજભકતોના હાથે પધરાવી લાવી. આરસી, કાંસકી, અત્તર, ફુલેલ, ચોવા, ચંદન, કાજળ, કુંકુમ, ટીકી વગેરે જેટલી રાસને ઉપયોગી વસ્તુઓ છે તે બધી શરદસખીએ ભેગી કરી. પછી બંને સ્વરૂપને વિનંતી કરી કે બધું સિદ્ધ છે.

પછી શ્રીસ્વામિનીજીએ શ્રીઠાકુરજીને કહ્યું કે પ્રાણપ્યારે, હવે રાસનો પોષાક પહેરો. એ વેળા છયે સ્વરૂપે ગાદીતકિયા પરથી ઊઠીને શૃંગારભવનમાં પધાર્યા, સોનાની ચોકી પર બિરાજયાં.

શરદસખીએ કહ્યું કે મહારાજ, હિંડોરાનો પોષાક વડો કરો. (ઉતારો). શ્રીલલિતાજી અને વસંતી સખી બંને, શ્રીસ્વામિનીજીની એક—એક બાજુ ઊભાં રહી જાતજાતના શૃંગાર કરવા લાગ્યાં. શ્રીવિશાખાજી અને શરદસખી બંને શ્રીઠાકોરજીની એક—એક બાજુ ઊભા રહી શૃંગાર સેવા કરવા લાગ્યાં. શ્રીચંદ્રાવલીજી પાસે શિશિરસખી અને વર્ષાસખી બંને શૃંગારની સેવા કરવા લાગ્યાં. શ્રીયમુનાજીની પાસે ગ્રીષ્મ તથા હેમન્ત સખી બંને શૃંગારની સેવા કરવા લાગ્યાં.

આ પ્રકારે આઠે સખીઓએ મળી ચારે સ્વરૂપોનો નખથી શિખા સુધીનો શૃંગાર સારી પેઠે કર્યો. એની શોભા શી કહીએ ! શ્રીઠાકુરજી અને શ્રીસ્વામિનીજી બંને સ્વરૂપ જડાઉ ચોકી પર ભેગાં બિરાજયાં. શ્રીઠાકુરજીની જમણી બાજુએ શ્રીયમુનાજી શૃંગાર ધરી બિરાજયાં છે. અને શ્રીસ્વામિનીજીની પાસે શ્રીચંદ્રાવલીજી શૃંગાર ધરી બિરાજયાં છે. ચારે સ્વરૂપનો એકસરખો શૃંગાર છે. સફેદ જરીનાં કોમળ વસ્ત્રો ધર્યા છે. વળી હીરાની જડાઉ જોડ મોતી મિશ્રિત, નખથી શિખા સુધી ધારણ કરી છે. આજનો આ શૃંગાર ભાળી દામિની (વીજળી) લજ્જિત થઈ રહી છે. શ્રીઠાકુરજીએ મુકુટ કાછનીનો શૃંગાર ધર્યો છે.

પછી શ્રીઠાકુરજીએ શરદસખીને આજ્ઞા કરી કે તમે આઠે સખીઓ તેમજ તમામ વ્રજભકતો તથા છત્રીસે રાગિણીઓ બધાં જલદી જલદી શૃંગાર કરો. જરીનાં વસ્ત્રો તથા હીરા—મોતીનાં આભરણ નખથી શિખા સુધી ધારણ કરો.

આજ્ઞા સાંભળી, મન્દ હસી, શરદસખીએ કહ્યું કે જેવી આજ્ઞા. એ પછી શરદસખીએ બધી સખીઓને કહ્યું કે તમે બધાં કૃપા કરી જલદી જલદી તમારો શૃંગાર કરો. બધાં ગોપીજનો પ્રસન્ન થઈ પોતપોતાના શૃંગાર કરવા લાગ્યાં.

આ ગોપીજનો કેવાં છે ? તો કહે છે કે એમના શ્રીઅંગમાંથી ગુલાબના ફૂલની સુગંધ આવે છે. શરદસખીએ પોતાનો તથાં બધાં વ્રજભકતોનો શૃંગાર કરી, સન્મુખ પધારી દંડવત કર્યા. તે વેળા શ્રીઠાકુરજીએ શરદસખીને આજ્ઞા કરી કે તારો હવે શો મનોરથ છે ? શરદસખીએ પ્રસન્ન થઈ કહ્યું કે મારી પુષ્પલતા નિકુંજમાં રાસસ્થળીની ભીતર પધારો.

ત્યારે શ્રીઠાકુરજી, શ્રીસ્વામિનીજીનો શ્રીહસ્ત પકડી પ્રથમ પધાર્યા. પછી શ્રીજમુનાજી, શ્રીચંદ્રાવલીજી વગેરે સૌને શરદસખી પધરાવી લાવી. પછી શ્રીઠાકુરજીએ શ્રીસ્વામિનીજીને પુષ્પલતા નિકુંજની શોભા બતાવી. કેવી અલૌકિક શોભા છે ? તો કહે છે કે ચારે બાજુ જાત–જાતનાં વૃક્ષો અને લતાઓની હરિયાળીની સુવાસ ફેલાઈ રહી છે. રાસોત્સવ જાણીને છયે ઋતુનાં પુષ્પો લતાઓની મધ્યમાં ખીલ્યાં છે. પુષ્પલતા નિકુંજની આવી શોભા જોઈ પોતે રાસસ્થળી ભીતર પધાર્યા. રાસસ્થળી કેવી અદ્દભુત અલૌકિક બની છે ? તો કહે છે કે એની શોભા તમામ કહી ન શકાય એવી છે. શરદસખીએ, વિશાળ વિસ્તારમાં ગોળ ચંદ્રાકાર, હીરાના જડાઉ બંગલો તૈયાર કર્યો છે. તેમાં વચ્ચે વચ્ચે ચન્દ્રકાન્તમણિ ટાંગ્યા છે. એક–એક મણિનો પ્રકાશ એકહજાર ચંદ્રના પ્રકાશની જેમ પડી રહ્યો છે.

રાસમંડળમાં જરીનો ચંદરવો બાંધ્યો છે. એમાં મોતીની ઝાલર ખૂબ શોભી રહી છે. મખતૂલની ગાદીઓની બિછાવત બિછાવાઈ છે. તેના પર કારચોબીના ગાદીતકિયા પર છયે સ્વરૂપ બિરાજ્યાં. શરદસખીએ એક અત્તરની જડાઉ પેટી ખોલી સન્મુખ ધરી. એમાં છયે સ્વરૂપનાં મનોરથની છ અત્તરની શીશીઓ હતી. એની વિગત–

શ્રીઠાકુરજીના મનોરથનું કેવડાનું અત્તર, શ્રીસ્વામિનીજીના મનોરથનું

કેસરી ગુલાબનું અત્તર, શ્રીજમુનાજીના મનોરથનું કેતકીનું અત્તર, શ્રીચંદ્રાવલીજીના મનોરથનું સફેદ ગુલાબનું અત્તર, શ્રીલલિતાજીના મનોરથનું અંબરનું અત્તર, શ્રીવિશાખાજીના મનોરથનું મોતિયાનું અત્તર.

શ્રીઠાકુરજીએ પોતાના શ્રીહસ્તથી આ છએ શીશીમાંથી શ્રીઅંગમાં અત્તર સમર્પ્યું. પછી શ્રીસ્વામિનીજીએ શ્રીજમુનાજી, શ્રીચંદ્રાવલીજીના શ્રીઅંગમાં અત્તર સમર્પ્યું, પછી શ્રીજમુનાજી, શ્રીચંદ્રાવલીજીએ, શ્રીઠાકુરજીના શ્રીહસ્તમાંથી અત્તર લઈ શ્રીઠાકુરજીના કપોલ પર સમર્પ્યું. પછી શ્રીઠાકુરજીએ શ્રીલલિતાજી, શ્રીવિશાખાજી આદિ તમામ વ્રજભકતોને એક–એક બોલાવી–બોલાવી, પોતાના શ્રીહસ્તે ,ચોળીઓ તથા કપોલો પર અત્તર સમર્પ્યું. શરદસખીએ ચારે સ્વરૂપોને સોનાના જડાઉ નૂપુર પહેરાવ્યાં. વળી સોનાના ઘૂંઘરું સખીઓને પહેરાવ્યાં.

પછી શ્રીઠાકુરજીએ શ્રીસ્વામિનીજીને કહ્યું કે હે રાસેશ્વરી હવે રાસ પ્રગટ કરો. તે વેળા શ્રીસ્વામિનીજીએ શ્રીયમુનાજી અને શ્રીચંદ્રાવલીજીને કહ્યું કે હવે કઈ રીતે રાસ પ્રગટ કરીએ? બંને સ્વરૂપે ઉત્તર આપ્યો કે હે પ્રાણપ્યારી, અમે તો આપનાં આજ્ઞાકારી છીએ. વળી આજનો મનોરથ તો આપનો જ છે. આપની આજ્ઞા હોય એ પ્રકારે મંડળ કરીએ.

ત્યારે શ્રીસ્વામિનીજીએ શ્રીયમુનાજીને આજ્ઞા કરી કે મેં એક વાત સાંભળી છે. આપણે એક વેળા રાધા સહચરીના સંગમાં પ્રથમ રાસ કર્યો હતો. ત્યાં ગોપીઓને છોડી, અંતરધાન થઈ, પછી રાધા સહચરીને વનમાં એકલી છોડી ગયા. આ સાંભળી શ્રીજમુનાજીએ કહ્યું કે પ્યારી, મેં પણ સાંભળ્યું છે. પછી શ્રીસ્વામિનીજીએ બધાં વ્રજભતોને બોલાવી કહ્યું કે હું કહું તેમ તમે કરો. હું રાસમંડળની રચના કરું છું. એમાં બધી મંડળીઓમાં તમે બબ્બે ગોપી એક–એક કૃષ્ણની બંને બાજુ રહી શ્રીહસ્તથી મજબૂત સાંકળી, છોડશો નહી.

હવે શ્રીઠાકુરજી અને શ્રીસ્વામિનીજી બંને સ્વરૂપની દૃષ્ટિ ફૂલો તરફ ગઈ. તે વેળા જાતજાતનાં પુષ્પો ઝાડ પરથી આપની સામે પડવા લાગ્યાં.

શ્રીઠાકુરજીએ શરદસખીને આજ્ઞા કરી કે લતા–મિશ્રિત ફૂલની માળાં તું જલદી અંગીકાર કરાવ. શરદસખીએ માળા અંગીકાર કરાવી, બીડી આરોગાવી, વિનંતી કરી કે હવે રાસ પ્રગટ કરો. ત્યારે શ્રીઠાકુરજીએ છત્રીસે રાગિણીઓને બોલાવી આજ્ઞા કરી કે રાસ ઉપયોગી છત્રીસે વાજિંત્રો મધુર સ્વરે તમે વગાડો. વળી આ સમયની જે છ રાગિણીઓ છે તેઓ નૃત્યગાન કરે. શ્રીઠાકુરજીની આ આજ્ઞા સાંભળી રાગિણીઓ નૃત્યગાન કરવા લાગી. શ્રીઠાકુરજીએ ગાન સાંભળી બધાના વખાણ કર્યા. થોડીવાર નૃત્ય થયું. પછી શ્રીસ્વામિનીજીએ શ્રીઠાકુરજીને કહ્યું કે હે પ્રિય, પ્રાણપ્યારે, હવે આપ નૃત્ય કરો. ત્યારે શ્રીસ્વામિનીજીની આજ્ઞા લઈ શ્રીઠાકુરજીએ એકલા જાતજાતનાં સંગીત આદિથી નૃત્ય કર્યું. તે વેળા શ્રીસ્વામિનીજીએ ખૂબ પ્રશંસા કરી બધાં વ્રજભકતોએ શ્રીઠાકુરજી પર પુષ્પવર્ષા કરી.

પછી શ્રીઠાકુરજીએ શ્રીસ્વામિનીજીને કહ્યું કે હે પ્યારી, હવે આપ પણ પધારો. ત્યારે શ્રીજમુનાજી અને શ્રીચંદ્રાવલીજી, બંનેને સાથે લઈ શ્રીરાસેશ્વરી રાસમાં પધાર્યા. શ્રી સ્વામિનીજીએ કહ્યું કે પ્યારે હવે મંડળી કઈ રીતે પ્રગટ કરીએ ? શ્રીઠાકુરજીએ કહ્યું કે હે પ્યારી, ઇચ્છા હોય તો અષ્ટદળ–કમળની રચના કરીએ અને ષટદલકમળની ઇચ્છા હોય તો તેવી રચના કરીએ. ત્યારે શ્રીકિશોરીજીએ કહ્યું કે પ્યારે મારો મનોરથ તો ખટઋતુનો છે. માટે ષટદલ–ખટદલ કમળની રચના જલદી કરો. તેજ વેળા શ્રીઠાકુરજી અને શ્રીસ્વામિનીજી બંને સ્વરૂપે ભેગાં મળી ખટદલ–કમળની રચના કરી. તેની વિગત–

પ્રથમ દલમાં આઠ કૃષ્ણ, સોળ સ્વામિની. બીજા દલમાં સોળ કૃષ્ણ, બત્રીસ ગોપી. ત્રીજા દલમાં સો કૃષ્ણ, બસો ગોપી. ચોથા દલમાં હજાર કૃષ્ણ, બે હજાર ગોપી. પાચમાં દલમાં લાખ કૃષ્ણ, બે લાખ ગોપી. છઠ્ઠા દલમાં કરોડ કૃષ્ણ, બે કરોડ ગોપી.

આમ ખટદલની–છ દલની રચના કરી. ત્યાં દલમાં બબ્બે ગોપી વચ્ચે

એક–એક કૃષ્ણ હાથથી હાથ સાંકળી બિરાજ્યા. એની ભીતર નિજમંડળીમાં આઠ કૃષ્ણ સોળ સ્વામિની. આ છઠ્ઠા દલની વિગત આ પ્રમાણે છે–

આઠ સ્વરૂપ શ્રીકૃષ્ણનાં તેની દરેકની બન્ને બાજુએ બબ્બે સ્વરૂપ શ્રીસ્વામિનીજીનાં હાથથી હાથ સાંકળી બિરાજ્યાં. વચમાં કરણિકાની ઉપર શ્રીગોવર્ધનધર નંદકિશોર બિરાજ્યા. એમની ડાબી બાજુએ શ્રીસ્વામિનીજી અને જમણી બાજુએ શ્રીજમુનાજી શ્રીહસ્ત સાથે શ્રીહસ્ત સાંકળી બિરાજ્યાં. આ પ્રકારે કરણિકા સહિત ખટદલકમળ રાસમંડળની રચના કરી.

આ વેળા રાસમંડળની જે અદ્દભુત અલૌકિક રચના થઈ તેનું કથન કરીએ તો પાર ન આવે.

શરદરાત્રિની ચાંદની અત્યંત શોભા આપી રહી છે. વ્રજનારીઓની મધ્યમાં શ્રીસ્વામિનીજી ખૂબ ખૂબ શોભી રહ્યાં છે.

શ્રીસ્વામિનીજી, શ્રીઠાકુરજી, બધાં સ્વરૂપો મળી નૃત્ય,કરવા લાગ્યાં. જાત–જાતનાં નૃત્યોની રમઝટ જામી. એક અદ્દભુત શોભા પ્રગટ થઈ.

શ્રીઠાકુરજી–શ્રીસ્વામિનીજીના રાસમંડળમાં, શ્રીસ્વામિનીજીના મુખારવિન્દનું પ્રતિબિંબ, શ્રીઠાકુરજીના મુખારવિન્દમાં પડે છે. ત્યારે શ્રીઠાકુરજીનું મુખારવિન્દ હરિત બને છે. જેમ નીલકાન્ત મણિનો પ્રકાશ સુવર્ણ સામે પડે તો મરકતમણિ જેવું દર્શન થાય. અહીં નીલકાન્ત–મણિસમ શ્રીઠાકુરજીનું શ્રીઅંગ અને સુવર્ણસમ શ્રીસ્વામિનીજીનું શ્રીઅંગ બંનેનાં પરસ્પર પ્રતિબિંબ પડે છે. ત્યારે શ્રીઠાકુરજીનું મુખારવિન્દ હરિત થાય છે. તે વેળા વ્રજભકતોએ એક નવું નામ પ્રગટ કર્યુ. 'હરિ કૃષ્ણ'.

: હેમન્ત નિકુંજ :

પછી હેમન્ત સખીએ દંડવત કરી વિનંતિ કરી કે રાજ મારી હેમન્ત નિકુંજમાં પધારો. તે વેળા શરદસખીએ આજ્ઞા લઈ રાસની આરતી કરી.

પછી છયે સ્વરૂપ વ્રજભકતો સહિત હેમન્ત નિકુંજમાં પધાર્યા. હેમન્ત નિકુંજ શ્રીજમુનાજીના મનોરથની છે. ત્યાં કેવી અદ્દભુત શોભા હતી તો કહે છે

કે મીનાની લહેરિયાની અદ્દભુત રચના ચિત્રસારીમાં થઈ છે. ત્યાં કારચોબીના ગાદીતકિયા પર છયે સ્વરૂપ બિરાજ્યાં.

હેમન્ત સખીએ છયે સ્વરૂપનાં રાસનાં વસ્ત્રો, આભરણ બધાં વડાં કર્યાં. (વિજય કર્યાં) અને અતલસના પચરંગી ધરાવ્યાં. મીનાનાં આભરણનાં જોડ રુચિ અનુસાર અંગીકાર કરાવ્યાં.

શ્રીયમુનાજીએ ગુપ્ત ઉત્સવ માની કુનવારામાં જાતજાતની પુષ્ટ અને મિષ્ટ સામગ્રી આરોગાવી. ત્યારે શ્રીઠાકુરજીએ હેમન્ત સખીને આજ્ઞા કરી કે કોઈક સલોની સામગ્રી પીરસો. તે વેળા હેમન્ત સખીએ છ પ્રકારના ફડફડિયા ઘીમાં તળીને પીરસ્યા; છયે સ્વરૂપના મનોરથના. એની વિગત—

શ્રીઠાકુરજીના મનોરથના બદામના ફડફડિયા. શ્રીસ્વામિનીજીના મનોરથના પિસ્તાના ફડફડિયા. શ્રીજમુનાજીના મનોરથના મગની દાળના ફડફડિયા. શ્રીચંદ્રાવલીજીના મનોરથના મખાણાના ફડફડિયા. શ્રીલલિતાજીના મનોરથના ચણાની દાળના ફડફડિયા. શ્રીવિશાખાજીના મનોરથના આખા ચણાના ફડફડિયા.

આ પ્રકારે છયે સલોની સામગ્રી આરોગ્યા. પછી આચમન કરાવી, બીડી આરોગાવી. આ શ્રીયમુનાજીનો ગુપ્ત મનોરથ છે. ત્યાં શ્રીયમુનાજીએ ગુપ્ત શૃંગાર કર્યો છે.

શ્રીઠાકુરજીને શ્રીસ્વામિનીજીનાં વસ્ત્ર—આભરણ ધરાવ્યાં, નખથી શિખા સુધી. શ્રીસ્વામિનીજીને શ્રીઠાકુરજીનાં વસ્ત્ર—આભરણ નખથી શિખા સુધી ધરાવ્યાં. એ સમયની શોભા—ઉપમા કશી જ કહી ન શકાય એવી છે. વચમાં શ્રીસ્વામિનીજી મુકુટ—કાછની ધારણ કરી મુરલી વગાડે છે. ડાબી બાજુ શ્રીઠાકુરજી નવવધુ બની બિરાજ્યા છે, મરકી રહ્યા છે. જમણી બાજુએ શ્રીજમુનાજી શણગાર સજી બિરાજ્યાં છે. આ શ્યામા શ્યામનાં દર્શન કરી બધી સખીઓ મરક—મરક હસતાં ઓવારી જાય છે. તે વેળા હેમંત સખીએ દંડવત કરી વિનંતી કરી કે રાજ મારી પુષ્પલતા નિકુંજમાં પધારો. મારો જાગરણનો મનોરથ સિદ્ધ કરો.

બધાં સ્વરૂપો પુષ્પલતા નિકુંજમાં પધાર્યા. પુષ્પલતા નિકુંજમાં મીનાના જડાઉ રંગમહેલની અદભૂત રચના કરાઈ છે. એમાં મીનાનો જડાઉ પલંગ છે. એના પર ગાદી–તકિયા ગેંદુઆ સહિત બિછાવાયા છે. તેના પર શ્રીઠાકુરજી, શ્રીસ્વામિનીજી બંને સ્વરૂપ બિરાજયાં. પલંગ પાસે સોનાની ચોકીઓ પર ચારે સ્વરૂપ બિરાજયાં, શ્રીજમુનાજી, શ્રીચંદ્રાવલીજી, શ્રીલલિતાજી, શ્રીવિશાખાજી. બધાં વ્રજભકતો સામે ઊભાં છે. તે વેળા શ્રીઠાકુરજીએ આજ્ઞા કરી કે પ્યારી ! હવે શી આજ્ઞા છે ? તે સમયે હેમંત સખીએ એક સોનાના થાળમાં સુગંધિત બીડી, બધાના મનોરથની સામે ધરી. તેની વિગત :–

પાન શ્રીઠાકુરજીના મનોરથના, એલચી શ્રીસ્વામિનીજીના મનોરથની, કાથો સુગંધી શ્રીજમનાજીના મનોરથનો, મોતીનો ચુનો શ્રીચંદ્રાવલીજીના મનોરથનો, લવેંગ શ્રીલલિતાજીના મનોરથના, સોપારી શ્રીવિશાખાજીના મનોરથનું.

આ પ્રકારની બીડી બંને સ્વરૂપે આરોગી. પછી શ્રીઠાકુરજીએ પોતાના શ્રીહસ્તે શ્રીજમુનાજી, શ્રીચંદ્રાવલીજી વગેરે તમામ વ્રજભકતોને બીડી આપી. શ્રીજમુનાજીને આજ્ઞા કરી કે મહારાણીજી તમે સૌ તમારી–તમારી નિકુંજમાં તમારા–તમારા પલંગ પર થોડો સમય સૂઈ જાવ. પછી શિશિર નિકુંજમાં હોળી રમશું. ત્યારે તમે જલદી આવી રહેજો. શ્રીજમુનાજી, શ્રીચંદ્રાવલીજી, શ્રીલલિતાજી વગેરે તમામ જૂથો જે રાસમાં હતા એ સૌ પોતપોતાની નિકુંજમાં પોતપોતાના પલંગ પર શૃંગાર કરી–કરી સોંધો લગાવી પોઢયા. તે વેળા શ્રીઠાકુરજીએ જેટલાં વ્રજભકત હતાં તેટલાં સ્વરૂપ ધારણ કરી, સૌના પલંગો પર પધારી, સૌના મનોરથ સિદ્ધ કર્યા.

શ્રીસ્વામિનીજીના રંગમહલમાં પલંગ પર બંને સ્વરૂપ શ્યામા–શ્યામ બિરાજયાં છે. શ્રીઠાકુરજીએ શ્રીસ્વામિનીજીને કહ્યું કે અહો પ્યારી, તારું મુખ જોતાં ચંદ્રમાની કાન્તિ પણ ફીકી લાગે છે. હે પ્યારી, તારા ગળામાં મીનાની ચૌકી રહે છે તે સ્થળે મને વાસ આપ. આ વચનામૃત શ્રીઠાકુરજીએ કર્યા એટલે

શ્રીરાધા કિશોરીજી કંઠે વળગી પડયાં. બંને સ્વરૂપે રસબસ થયાં. શ્રીમદનમોહનજીને શ્રીસ્વામિનીજીએ વશ કર્યા.

શ્રીસ્વામિનીજીએ શ્રીઠાકુરજીને કહ્યું કે તમે જલદી જલદી મારો શૃંગાર કરો. મારી બધી સખીઓ આવી પહોંચશે. એટલે જેવો શૃંગાર થાય એવો જલદી કરો. શ્રીઠાકુરજીએ ચોટી ગુંથી તેવો જ શૃંગાર કર્યો. પલંગ પરથી ઊતરી રંગમહેલનાં દ્વાર ખોલી દીધાં. તે જ વેળા શ્રીજમુનાજી, શ્રીચંદ્રાવલીજી વગેરે તમામના પલંગો પરથી ઊતરી શ્રીઠાકુરજી પધાર્યા. બધા સ્વરૂપોનું એકસ્વરૂપ કરી શ્રીસ્વામિનીજી પાસે બિરાજ્યા.

[આ શ્રીઠાકુરજીનો નિત્યનો ક્રમ જાણવો. પ્રાતઃકાલથી સેન સુધી શ્રીઠાકુરજી શ્રીસ્વામિનીજી પાસે એક જ સ્વરૂપે બિરાજે છે. પછી રાતે પોઢતી વેળા બધા ગોપીજનોની ભેળાં બિરાજે છે. શ્રીસ્વામિનીજીથી શ્રીઠાકુરજી આ બાબત ગુપ્ત રાખે છે.]

: શિશિર નિકુંજ :

શ્રીજમુનાજી, શ્રીચંદ્રાવલીજી, શ્રીલલિતાજી વગેરે બધાં વ્રજભક્તો પોતપોતાની નિકુંજોમાંથી હેમન્ત નિકુંજમાં રંગમહેલની ભીતર આવી બિરાજ્યાં. તે વેળા શિશિર સખીએ દંડવત કરી વિનંતિ કરી કે રાજ, મારી શિશિર–નિકુંજમાં પધારો. ત્યારે શ્રીઠાકુરજીએ શિશિર સખીને આજ્ઞા કરી કે મારો મુકુટ–કાછનીનો શૃંગાર તું જલદી કર. પછી શિશિર સખીએ શ્રીસ્વામિનીજીને વિનંતિ કરી કે હે લાડીલીજી, બીજો શૃંગાર કરવાની આપની ઇચ્છા છે? ત્યારે શ્રીસ્વામિનીજીએ હસીને શિશિર સખીને આજ્ઞા કરી કે હે સખી, આજે તો હું આજ મુકુટ–કાછનીનો શૃંગાર ધરી રાખીશ.

શિશિર સખીએ શ્રીઠાકુરજીનો રાત્રિનો સ્વામિની શૃંગાર વડો કરી, બીજો શૃંગાર મુકુટ–કાછનીનો કર્યો. મીનાની જોડ તથા વાંસળી–લાકડી બંને સ્વરૂપને મીનાનાં ધરાવ્યાં. પછી છયે સ્વરૂપ બધાં વ્રજભક્તો સાથે હેમંત નિકુંજમાંથી શિશિર નિકુંજમાં પધાર્યા.

શિશિરનિકુંજની બે ચિત્રસારી પ્રથમ કહી છે. તેમાં પહેલી પુષ્પલતામય

ચિત્રસારીના સોનાના બંગલામાં સૌ ગાદીતકિયા પર બિરાજ્યાં. તે વેળાની શોભાનું શું વર્ણન કરીએ ! વચમાં યુગલકૃષ્ણ મુકુટ ધારણ કરી બિરાજ્યા છે. એક બાજુ શ્રીજમુનાજી, શ્રીલલિતાજી અને બીજી બાજુ શ્રીચંદ્રાવલીજી, શ્રીવિશાખાજી બિરાજ્યાં છે.

પછી શિશિર સખીએ વિનંતિ કરી કે રાજ મારો હોરી ખેલાવવાનો મનોરથ છે. આ વિનંતિ સાંભળી બન્ને સ્વરૂપે પ્રસન્ન થઈ આજ્ઞા કરી કે તું જલદી હોળી ખેલાવ. તે વેળા શિશિરસખીએ બંગલાની સામે બીજા ગાદી–તકિયા બિછાવ્યા. ખેલનો બધો સાજ બન્ને તરફ ગાદી–તકિયાની સામે માંડ્યો.

ત્યાં બે ડબરા સોનાના, લાલ ગુલાલના બંને તરફ ભરીને ધર્યા, એ શ્રીઠાકુરજીના મનોરથના અને કેશરી ગુલાલના શ્રીસ્વામિનીજીના મનોરથના. બન્ને તરફ ચોવાના બે ડબરા શ્રીજમુનાજીના મનોરથના ધર્યા. બંને તરફ અબીરના બે ડબરા શ્રીચંદ્રાવલીજીના મનોરથના ધર્યા. બન્ને તરફ હરિત ગુલાલના બે ડબરા શ્રીલલિતાજીના મનોરથના ધર્યા. બન્ને તરફ શ્યામ ગુલાલના બે ડબરા શ્રીવિશાખાજીના મનોરથના ધર્યા. અન્ય સખીઓના મનોરથના રંગ, ગુલાલ, અત્તર, અરગજા, કુમકુમ, વગેરે બધું ધર્યુ.

એ પછી શિશિરસખીએ બે થાળ સામગ્રીના ભોગ ધર્યા. એકમાં મેવા–મિશ્રીના ટૂક અને બીજામાં માખણ–મિશ્રી. છયે સ્વરૂપ એ આરોગ્યા. શ્રીઠાકુરજીએ પોતાના શ્રીહસ્તે બધાં વ્રજભકતોને મહાપ્રસાદ આપ્યો. પછી બન્ને સ્વરૂપો શ્રીઠાકુરજી અને શ્રીસ્વામિનીજી ગાદી–તકિયા પરથી પધારી હોરીનો રાસ કરવા લાગ્યા. બધાં રાગ–રાગિણી ગાવા–વગાડવા લાગ્યાં. ત્યાં જાતજાતનાં રાસ કર્યા. ત્યાં એક અદ્‌ભુત શોભા પ્રગટ થઈ. શ્રીસ્વામિનીજીએ, શ્રીઠાકુરજીનો શૃંગાર ધર્યો છે. બંને સ્વરૂપ રાસમાં બાંહજોટી કરી નૃત્ય કરે છે. ત્યારે સૌ સખીઓ ભ્રમિત થઈ જાય છે. કોઈ સખી કહે છે કે આ શ્રીસ્વામિનીજી છે, કોઈ કહે છે કે ના, ના, આ શ્રીઠાકુરજી છે. શ્રીસ્વામિનીજીએ એક સરખાં રંગ– રૂપ– મુદ્રા– વેષ પ્રગટ કર્યા છે. શ્રીગોપીજનોના હૃદયના

ભ્રમને જોઈ શ્રીઠાકુરજી–શ્રીસ્વામિનીજી ગાન કરવા લાગ્યાં.

આ પ્રકારે રાસ કર્યો. પછી બંને સ્વરૂપ સામસામે ગાદી–તકિયા પર બિરાજયાં. શ્રીસ્વામિનીજી પાસે શ્રીજમુનાજી–શ્રીલલિતાજી બંને બાજુ બિરાજયાં. બીજી ગાદી પર શ્રીઠાકુરજીની પાસે શ્રીચંદ્રાવલીજી–શ્રીવિશાખાજી બંને બાજુ બિરાજયાં. એ પછી શિશિર સખીએ ગુલાલ–કુમકુમના થાળ ભરી–ભરી સામે ધર્યા. વિનંતી કરી કે રાજ, આજે હોરી ખેલો. તરત જ શ્રીઠાકુરજીએ સોનાની પિચકારી શ્રીહસ્તમાં લઈ શ્રીસ્વામિનીજી પર રંગની વર્ષા વરસાવી. બીજી બાજુથી શ્રીસ્વામિનીજીએ પિચકારી લઈ શ્રીઠાકુરજી પર રંગની ધારા છોડી. પછી શ્રીજમુનાજીએ બધી સખીઓને આજ્ઞા કરી કે તમે બધાં પિચકારી ચલાઓ–છોડો. બીજી બાજુથી શ્રીચંદ્રાવલીજીએ આજ્ઞા કરી કે તમે બધાં પિચકારી છોડો. તે વેળાં બંને બાજુએથી પિચકારીઓનો વરસાદ વરસવા લાગ્યો. એ પછી બધાં રંગના ગુલાલની પોટલીઓ છૂટવા લાગી; અને પરસ્પર ચોવાની અંજલી ભરી–ભરી સૌ છાંટવા લાગ્યાં.

આ પ્રકારે હોરીની શોભા નિરખી શિશિરસખીએ શ્રીઠાકુરજી–શ્રીસ્વામિનીજીને વિનંતી કરી કે હવે આપ બીજા વસ્ત્ર ધારણ કરો. આ વસ્ત્રોં બધાં રંગથી ભિંજાઈ ગયાં છે. પછી શિશિરસખીએ બીજાં વસ્ત્ર શ્યામ અતલસનાં રૂઈદાર બધાં સ્વરૂપોને ધરાવ્યા. નીલમનાં જડાઉ ઘરેણાં રુચિ અનુસાર ધરાવ્યાં. પછી બધી સખીઓએ સાથે જઈ શ્રીઠાકુરજી–શ્રીસ્વામિનીજીને જડાઉ ચિત્રસારીમાં પલંગ પર પધરાવ્યા. ત્યારબાદ શ્રીઠાકુરજીએ બધાં ગોપીજનોને આજ્ઞા કરી કે તમે તમારી નિકુંજોમાં જઈ સૂઈ જાવ. સવારે મંગળા સમયે જલદી આવજો. એ પછી શ્રીઠાકુરજી શ્રીસ્વામિનીજી બીડાં આરોગી બંને ભેળાં પોઢયાં.

આમ આ પ્રકારે નિત્ય નૂતન રાસાદિલીલા નાના પ્રકારે છયે નિકુંજોમાં શ્રીગોવર્ધનધર સદા સર્વદા કરે છે.

શ્રીવલ્લભના પદ

શ્રીવલ્લભ શ્રીવલ્લભ શ્રીવલ્લભ યહ નામ
રસના તૂં આઠો યામ અન્તરમેંહી રટરે ાા ૧ ાા
પર હુતે પર પટન્તર આન નાહી કોઉ
ન જાને કોન કૃપા હુતે આયો તેરે બટરે ાા ૨ ાા
સ્વરૂપ સહિત તુ ઉચ્ચાર યાહી ભાંતિ કરી
શ્વાસ આવા ગમનમેં ઐસે દિન કટરે ાા ૩ ાા
સમય વિચાર સાવધાન હોય સુરત કર
મન કે સ્વભાવકી તૂં છાંડ ખટપટ રેં ાા ૪ ાા

યેહી નામ નિર્ભય અભય દાન દાયક હૈં
યેહી નામ ધામ ધામ રટો આઠો યામ હૈં ાા ૧ ાા
યેહી નામ ઉદિત સુધાકર પ્રભાકર
સો સાગર ઉજાગર યે જગત અભિરામ હૈં ાા ૨ ાા
યેહી નામ ભવતિ રસ બોધક નિરોધક જાનો
પ્રબોધક પ્રણય રસ પુષ્ટિરસ ધામ હૈં ાા ૩ ાા
અખિલ અલૌકિક કો અસિમ સુખ જીવન હૈં
શ્રીવલ્લભ શ્રીવલ્લભ ભજની કો નામ હૈં ાા ૪ ાા

ઉપરના બન્ને પદો વ્યારાવાળા શ્રીગોપાલદાસજી કૃત છે.

રાગ બિહાગ

અરે મન શ્રીવલ્લભ ગુણ ગાય
વૃથા કાલ કાહેકો ખોવત વેદ પુરાન પઢાય ાા ૧ ાા
શ્રીગિરિરાજ ધરણ પૈવેકો નાહીન, ઔર ઉપાય
''રસિક'' સદા અનન્ય હોય કે ચિત્ત ઇત ઉત ન ડુલાય ાા ૨ ાા

રાગ સારંગ

શ્રીવલ્લભ શ્રીવલ્લભ પ્રભુ મેરે સ્વામી ।
ભૂલિ અબ ન કરહુ કોઉ મન હી અન્ય ગામી ।।
શરન પરિ કૃતારથ ભયે કામ રહિત કામી ।
સબહીન કે અંતરકી જાને અંતર જામી ।।
અતિ ઉદાર દેત ભકિત મુકિત હુ અભિરામી ।
'રસિક' રસ તિન્હકે શ્રીવલ્લભ પર નામી ।।

શ્રીવલ્લભ દમલા કે ઉરવાસી ।
ઉનહી સો કાજ હમારો વસત અડેલ સુખ રાસી ।।
વિનકે મુખ આભા સમ નાહી કોટિક ચંદ્ર પ્રકાશી ।
'રામદાસ' યહી પ્રભુ મેરે મેં હૂ ઉનકી દાસી ।।

શ્રીવલ્લભ પ્રભુ અપુનો દાસ જાનિ ન વિસારો ।
કરૂના કરિ કબહુ એક મેરી ઓર નિહારો ।।
હમ તો અપરાધ ભરે દાસ જાનિ વિચારો ।
ચરન કમલ બાંધે હમ છાંડિ જીન બિડારો ।।
કહવાયે તેરે અબ કોન સો પુકારો ।

જીન નહી પ્રેમ તત્વ કો જાન્યો ।
લૌકિક અલૌકિક માયામેં અતિ આનંદ કરિ માન્યો ।।
પ્રેમ પ્રેમ કરિ સબ ફિરત હેં બહુત હી ભાવ જનાયો ।
જાચત કૃપા નિજ સ્વારથ હિત પિય પરિશ્રમ ના પહેચાન્યો ।।
નિસ્વારથ સેવા વલ્લભીયન કી પ્રેમ દેવ તતસુખ કરી માન્યો ।
શ્રીવલ્લભ દમલા સરસ વિલાસ તિનકે ઉર કર આન્યો ।।